ISSN-0971-8397

# યોજના

મે-૨૦૧૭ વિકાસને સમર્પિત માસિક ₹ ૨૨

# ભારતની કાયાપલટ

નવા ભારતની વાત - વૈંકયા નાયડુ

જીવન નિર્વાહ દ્વારા પરિવર્તન - અમરજીત સિંહા

સરકારી નાણાકીય વ્યવસ્થામાં ડિજિટલ નવીનતા - લેખા ચક્રવર્તી, સમીક્ષા અગ્રવાલ

સ્કિલ ડેવલપમેન્ટ મારફત યુવાઓનું સશક્તિકરણ - ડો. જતિન્દર સિંહ

**ખાસ લેખ**

**સ્વચ્છ ભારત મિશનઃ દરેકની ફરજ**

પરમેશ્વરન ઐયર

**ફોક્સ લેખ**

**સ્વચ્છ અને પારદર્શક અર્થતંત્ર તરફ આગેકૂચ**

એમ. એસ. ભાનુમથી, રોહિત દેવ જહા

# પ્રધાનમંત્રીશ્રી દ્વારા ભારતની સૌથી લાંબી ટનલ રાષ્ટ્રને સમર્પિત



પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી દ્વારા તાજેતરમાં જમ્મુ અને કાશ્મીરમાં ભારતની સૌથી લાંબી હાઈવેઝ ટનલ (ભૂગર્ભ માર્ગ) ચેનાની-નૌશરી રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવી છે.

આ ટનલ સરકારની 'મેક ઈન ઈન્ડિયા' અને 'સ્કીલ ઈન્ડિયા' પહેલનું આદર્શ ઉદાહરણ છે. જમ્મુ અને કાશ્મીરમાં આવેલી ૯ કિ.મી. લાંબી આ ટ્વીન ટ્યુબ, બારમાસી ટનલ ભારતની સૌથી લાંબી હાઈવે ટનલ તો છે જ, પરંતુ સાથે સાથે એશિયાની સૌથી લાંબી બાય- ડિરેક્શનલ હાઈવેઝ ટનલ છે. હિમાલયના અત્યંત કપરા વિસ્તારમાં ૧૨૦૦ મીટરનું એલિવેશન ધરાવતી આ ટનલ ચાલુ થવાની જમ્મુ અને શ્રીનગર વચ્ચેના મુસાફરીના સમયમાં બે કલાકની બચત થશે અને ૪૧ કિ.મી. રોડની લંબાઈ બાયપાસ કરી શકાશે. અગાઉ આ માર્ગો પર ભારે ટ્રાફિક જામ થઈ જતો હતો અને ભૂસ્ખલન, સ્નો અને તીવ્ર વળાંકો તેમજ વાહનોના બ્રેકડાઉન અને અકસ્માતોને કારણે અગવડો વેઠવી પડતી હતી.

આ ટનલ ૨૮૬ કિ.મી. લાંબા ૪ લેનના જમ્મુ- શ્રીનગર હાઈવેનો હિસ્સો છે. આ ટનલના માળખામાં ૯ કિ.મી. લાંબી બે લેનની મુખ્ય ટનલ અને સાથે એટલી જ લંબાઈના સમાંતર એસ્કેપનો સમાવેશ થાય છે. આ બંને ટનલ્સની સંપૂર્ણ લંબાઈને નિયમિત અંતરે ૨૯ ક્રોસ પેસેજ મારફતે જોડવામાં આવી છે. આ ક્રોસ પેસેજીસનો ઉપયોગ તાકીદના સંજોગોમાં અથવા તો કોઈ બ્રેકડાઉનની સ્થિતિ ઉભી થાય ત્યારે વાહનો અને પ્રવાસીઓને ખસેડવા માટે થઈ શકે છે. ઉત્તર અને દક્ષિણ બાજુએ બે ગૌણ બ્રીજ અને ૪- લેન એપ્રોચ રોડ સાથેના ટોલ પ્લાઝા ટનલના બંને છેડે ઉભા કરવામાં આવ્યા છે. આ ટનલમાં પ્રવેશપાત્ર મહત્તમ ઉંચાઈ ૫ મીટર રાખવામાં આવી છે અને ચેકીંગ માટે ટોલ પોઈન્ટસ પૂરા થાય કે તુરત જ સ્પેશ્યલ સેન્સર્સ ગોઠવવામાં આવ્યા છે.



આ ટનલમાં એક કાર્યક્ષમ વાંકીચૂંકી વેન્ટીલેશન સિસ્ટમ છે. દર ૮ મીટરના અંતરે તાજી હવા અંદર દાખલ થઈ શકે તે માટે છીદ્રોની વ્યવસ્થા કરવામાં આવી છે અને દર ૧૦૦ મીટરના અંતરે હવા બહાર જવા માટેની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. વેન્ટીલેશન, સંદેશાવ્યવહાર, વીજ પુરવઠા, ઘટના શોધવા માટે અને એસઓએસ કોલ બોક્સ તેમજ ફાયર ફાઈટીંગને નિયંત્રિત કરતી કન્ટ્રોલ સિસ્ટમ ઉભી કરવામાં આવી છે. ઈન્ટીલિજન્ટ ટ્રાફિક મિકેનિઝમ બેસાડેલી આ ટનલ સંપૂર્ણપણે ઓટોમેટિક સ્માર્ટ કન્ટ્રોલ ધરાવે છે અને તેના સંચાલન માટે માનવ મદદની જરૂર પડતી નથી. આ ટનલ એડવાન્સ્ડ સ્કેનરથી સજ્જ હોવાથી સલામતિને લગતું કોઈપણ જોખમ પારખી શકાય છે. વિશ્વની ખૂબ ઓછી ટનલ્સમાં આ પ્રકારનો સંપૂર્ણ સુસંકલિત ટનલ કન્ટ્રોલ જોવા મળે છે.

આ પ્રોજેક્ટ પર્યાવરણલક્ષી પણ છે. જમ્મુ-કાશ્મીર રૂટ વચ્ચે સમયની બચત થતાં દરરોજ અંદાજે રૂ.૨૭ લાખના બળતણની બચત થશે. આ ટનલના બાંધકામમાં મોટા પાયે વૃક્ષો કાપવાનું ટાળવામાં આવ્યું છે. તેનાની- નશરી ટનલને કારણે રાજ્યના અર્થતંત્રને ખૂબ જ હકારાત્મક અસર થશે. સ્થાનિક લોકોને વિવિધ પ્રકારના કૌશલ્યોની તાલીમ આપવામાં આવી છે અને તેમાં સુધારો કરાયા પછી આ લોકોને ટનલના બાંધકામ સાથે જોડવામાં આવ્યા હતા. આ પ્રોજેક્ટથી જમ્મુ અને કાશ્મીરમાં ૨૦૦૦ થી વધુ બિનકુશળ તથા કુશળ યુવાનોને રોજગારી મળી છે. રોજગારી મેળવનાર સમુદાયમાં રાજ્યના ૯૪ ટકા યુવાનોનો સમાવેશ થાય છે. દેશભરમાંથી ૬૦૦ થી ૯૦૦ લોકો આ પ્રોજેક્ટ ઉપર ૪ વર્ષના ગાળા દરમ્યાન ૩ શિફ્ટમાં કામ કરી રહ્યા હતા.

આ પ્રસંગે વાત કરતાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે આ ટનલથી જમ્મુ અને શ્રીનગર વચ્ચેનું અંતર તો ઘટશે જ, પણ સાથે સાથે ખીણમાં પ્રવાસન પ્રવૃત્તિને પણ પ્રોત્સાહન મળશે. યુવાનો માટે રોજગારીની તકો ખૂલશે અને રાજ્યના વિકાસને વેગ મળશે. પ્રધાનમંત્રીશ્રીએ ટનલની સમગ્ર લંબાઈ સુધીનો પ્રવાસ કર્યો હતો અને તેમને કેટલાંક મહત્વના પાસાં સમજાવવામાં આવ્યા હતા. માર્ગ પરિવહન અને હાઈવેઝ વિભાગના મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે આગામી બે વર્ષમાં જમ્મુ અને કાશ્મીરમાં હાઈવેઝ પ્રોજેક્ટમાં રૂ.૭,૦૦૦ કરોડનું રોકાણ કરવામાં આવશે, જેમાં રૂ.૨૧૦૦ કરોડના ખર્ચે જમ્મુની આસપાસ રીંગ રોડ તથા રૂ.૨૨૦૦ કરોડના ખર્ચે શ્રીનગરમાં બીજા એક રોડનો સમાવેશ થાય છે. લેહ અને લદાખ વચ્ચે રૂ.૬,૦૦૦ કરોડના ખર્ચે વર્ષ ૨૦૧૬-૧૭માં ઝોઝીલા ટનલ બાંધવામાં આવી હતી. જમ્મુ અને કાશ્મીરમાં ૭૨ પ્રોજેક્ટસ માટે રૂ.૧,૦૧૯ કરોડ મંજૂર કરવામાં આવ્યા છે.

આયોજન અને વિકાસને સમર્પિત

મે-૨૦૧૭

વર્ષ : ૪૫ અંક : ૦૨ સળંગ અંક : ૭૯૭

# યોજના

મુખ્ય તંત્રી : દીપિકા કચ્છલ
આસિ. ડાયરેક્ટર : અજય ઈન્દ્રેકર

**યોજના કાર્યાલય**
લોંગ લાઈફ હૉસ્પિટલ બિલ્ડિંગ, યુ.કો. બૅંક ઉપર,
પાલડી ચાર રસ્તા પાસે, અમદાવાદ-૩૮૦ ૦૦૭
ફોન : ૨૬૫૮ ૮૬૬૯, ૨૬૫૮ ૧૪૫૦
E-mail Address : yojanagujarati@gmail.com
Website : www.yojana.gov.in

## વિષયસૂચિ

**નવા ભારતની વાત**
**વૈંકયા નાયડુ ..... ૫**

**જીવન નિર્વાહ દ્વારા પરિવર્તન**
**અમરજીત સિંહા ..... ૯**

**સરકારી નાણાકીય વ્યવસ્થામાં ડિજિટલ નવીનતાઃ સંસાધનોનો અસરકારક ઉપયોગ**
**લેખા ચક્રવર્તી, સમીક્ષા અગ્રવાલ ..... ૧૪**

**સ્કિલ ડેવલપમેન્ટ અને ઈનોવેશન દ્વારા યુવાઓનું સશક્તિકરણ**
**ડૉ. જતિન્દર સિંહ ..... ૧૭**

**સ્વચ્છ ભારત મિશનઃ દરેકની ફરજ**
**પરમેશ્વરન ઐયર ..... ૨૦**

**સ્વચ્છ અને પારદર્શક અર્થતંત્ર તરફ આગેકૂચ**
**એમ. એસ. ભાનુમથી અને રોહિત દેવ જ્હા ..... ૨૨**

**મજબૂત નાણાં વ્યવસ્થા માટેનાં વિવિધ પગલાં**
**શિશિર સિંહા ..... ૨૭**

**સરકાર દ્વારા માળખાગત સુવિધાઓના ક્ષેત્રને ગતિશીલતા મળી**
**કે.આર સુધામન ..... ૩૨**

**ડિજિટલ ઇન્ડિયા કાર્યક્રમઃ ભારતની ડિજિટલ સક્ષમ સમાજ અને નૉલેજ આધારિત અર્થતંત્રમાં કાયાપલટ કરવી**
**ડૉ. ઓમકાર રાય ..... ૩૭**

**ભારતઃ વૈશ્વિક અર્થતંત્રમાં ઘટાડાનાં સંદર્ભમાં મુખ્ય દેશો વચ્ચે આશાનું કિરણ; ૨૦૧૬-૧૭માં ભારત ૭.૧ ટકાની ઊંચી વૃદ્ધિ નોંધાવે તેવો અંદાજ**
**ડી.એસ.મલિક ..... ૪૧**

**સામાજિક પ્રગતિ : આર્થિક વૃદ્ધિ ઉપરાંતનો વિકાસ**
**નટાશા ઝા ભાસ્કર ..... ૪૫**

**ગ્રામીણ વિકાસ અને મનરેગા : ગુજરાતના સંદર્ભમાં**
**પ્રો. હસ્તીમલ જી. સાગરા ..... ૫૧**

### ટાઈટલ


- આવરણ ડિઝાઇન : — ૧
- પ્રધાનમંત્રીશ્રી દ્વારા ભારતની સૌથી લાંબી ટનલ રાષ્ટ્રને સમર્પિત : — ૨
- ચંપારણ સત્યાગ્રહની શતાબ્દી ઉજવણી : — ૩
- પ્રકાશન વિભાગનાં પુસ્તકો : — ૪

**છૂટક નકલ : રૂ. ૨૨-૦૦, વાર્ષિક લવાજમ : રૂ. ૨૩૦-૦૦, બે વર્ષ : રૂ. ૪૩૦-૦૦, ત્રણ વર્ષ : રૂ. ૬૧૦-૦૦**
**લવાજમની રકમ "S.B.I. A/c. No. ૫૧૫-૦૮-૧૦, Yojana (Guj.)"ના નામે મનીઑર્ડર/ચૅક/બૅંક ડ્રાફ્ટથી મોકલી શકાશે.**
**યોજના તથા કુરુક્ષેત્રનું લવાજમ હવે ઑનલાઇન ભરી શકાશે. www.yojana.gov.in**

આયોજન અને વિકાસને વાચા આપતું આ માસિક ગુજરાતી, અંગ્રેજી, મરાઠી, આસામી, તામિલ, તેલુગુ, બંગાળી, મલયાલમ, ઉર્દૂ, હિંદી, કન્નડ, પંજાબી અને ઉડિયા ભાષામાં પ્રકાશિત થાય છે.
યોજનામાં પ્રગટ થતા લેખોમાંના મંતવ્યો લેખકોના પોતાનાં છે. તેની સાથે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં.

# તંત્રીલેખ

## ભારતની વિકાસગાથા




સુશાસન માટેનાં નીતિનિયમો પરંપરાગત ભારતીય પુસ્તકોમાં જણાવવામાં આવ્યા છે. પછી તે વેદિક ગ્રંથો હોય કે કૌટિલ્યનું અર્થશાસ્ત્ર હોય. આપણાં પ્રાચીન ગ્રંથોએ રાષ્ટ્રનાં વિકાસ માટે સરકાર માટે આવશ્યક કલ્યાણકારક પગલાંઓનાં મહત્ત્વ પર હંમેશા ભાર મૂક્યો છે.

તાજેતરનાં વર્ષો દરમિયાન ભારતની વિકાસગાથાએ રાજકોષીય મજબૂતી, નાણાકીય સર્વસમાવેશકતા, માળખું, કૃષિ વગેરે વિવિધ ક્ષેત્રોમાં અભૂતપૂર્વ સફળતા મેળવી છે. સરકારે સંપૂર્ણ વિકાસ પર ભાર મૂકતાં વિકાસનાં દરેક ક્ષેત્રોની કામગીરીને વેગ મળ્યો છે. મજબૂત આર્થિક નીતિઓ અને જીએસટી જેવા રાજકોષીય સંગઠિતતાનાં પગલાંથી સુનિશ્ચિત થયું છે કે આર્થિક સ્થિતિ મજબૂત વૃદ્ધિ માટે યોગ્ય છે. 'એક કરવેરો, એક રાષ્ટ્ર'ની વિભાવનાનો આશય કરવેરાનું માળખું સરળ બનાવવાનો છે, ચીજવસ્તુઓ અને સેવાઓ માટે રાષ્ટ્રવ્યાપી બજાર ઊભું કરવાનો છે અને ઉત્પાદનને વધારે સ્પર્ધાત્મક બનાવવાનો છે.

ઐતિહાસિક વિમુદ્રીકરણ અભિયાન અને આવકવેરાની જાહેરાત યોજના, એસઆઇટીની રચના વગેરે જેવા ભ્રષ્ટાચાર વિરોધી અન્ય પગલાં ભ્રષ્ટાચાર અને કાળું નાણું નાબૂદ કરવાની દિશામાં અસરકારક પગલાં છે. આ પગલાંનો આશય અર્થતંત્રમાંથી કાળું નાણું અને ભ્રષ્ટાચાર દૂર કરવાનો હતો, જેથી રોકાણને વેગ મળે અને અર્થતંત્રની ગાડી પાટા પર ચઢે. વિમુદ્રીકરણ ડિજિટલ પેમેન્ટ ઇકોસિસ્ટમને પ્રોત્સાહન આપવાનો, કેશ લેસ અર્થતંત્ર ઊભું કરવાનો અને નાણાકીય વ્યવહારોમાં પારદર્શકતા લાવવાનો પણ પ્રયાસ હતો. લોકોને રોકડમાં ઓછા વ્યવહારો તરફ વાળવા ભીમ એપ, રુપે ડેબિટ કાર્ડ્સ જેવાં ડિજિટલ પેમેન્ટનાં વિવિધ માધ્યમો પણ પ્રસ્તુત કરવામાં આવ્યાં હતાં.

કોઈ પણ નીતિ અસરકારક બને એ માટે તમામ કુટુંબોની સુખાકારી, નાગરિકોની લઘુતમ જરૂરિયાતો પૂર્ણ કરવી માર્ગદર્શક સિદ્ધાંતો છે. જન ધન યોજના, ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર, ઉજ્જવલા, પહલ વગેરે જેવાં નાણાકીય સર્વસમાવેશકતાનાં પગલાંથી છેવાડાનાં નાગરિકને વિકાસનાં લાભ મળ્યાં છે.

'મેક ઇન ઇન્ડિયા' કાર્યક્રમ અંતર્ગત ભારતને ઉત્પાદન કેન્દ્ર બનાવવા વિવિધ પગલાં લેવામાં આવ્યાં છે, જેનો ઉદ્દેશ ભારતની પ્રચંડ વસતિનો લાભ લેવાનો અને યુવાનો માટે રોજગારીની તકોનું સર્જન કરવાનો છે. આ સ્વપ્ન સાકાર કરવા સરકારે 'કૌશલ ભારત, કુશળ ભારત' સૂત્ર હેઠળ કૌશલ્ય વિકાસની પહેલો હાથ ધરી હતી. સ્ટાર્ટ અપ ઇન્ડિયા પ્રોગ્રામ, સ્ટેન્ડ અપ ઇન્ડિયા જેવા કાર્યક્રમો ભારતની અંદર વિકાસ કરવા યુવા પેઢીને પ્રોત્સાહન આપે છે. સરકારની ડિજિટલ શાસન અને વેપારવાણિજ્યને સરળ કરવાની નીતિથી ભારતમાં રોકાણ સુનિશ્ચિત થયું છે.

સરકારનો અન્ય એક મુખ્ય કાર્યક્રમ સ્વચ્છ ભારત મિશન છે, જેની પ્રશંસા વિપક્ષોએ પણ કરી છે. સ્વચ્છ ભારત અભિયાન લોકોને સ્વચ્છતાં અને શૌચાલયની સારી આદતો પ્રત્યે, ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં, લોકોને સ્વચ્છતા જાળવવા પ્રોત્સાહન આપે છે.

ખેડૂતોનું કલ્યાણ, કૃષિ અને ગ્રામીણ વિકાસ ટોચની પ્રાથમિકતા છે. પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના, કૃષિ સિંચાઈ યોજનાએ આપણાં ખેડૂતોનું જીવન બદલવામાં મદદ કરી છે. સુકન્યા સમૃદ્ધિ અને બેટી બચાવો, બેટી પઢાઓ એ બે કન્યાઓનાં કલ્યાણ માટે અતિ મહત્ત્વપૂર્ણ કાર્યક્રમો છે, જેઓ અત્યાર સુધી વિકાસનાં પરિઘની બહાર હતી. અટલ પેન્શન યોજના, જીવન જ્યોતિ યોજના જેવી સામાજિક સુરક્ષા યોજનાઓએ આપણાં વયોવૃદ્ધ લોકોને સુરક્ષા પ્રદાન કરવામાં મદદ કરી છે.

એક પછી એક બજેટમાં માળખાગત ક્ષેત્રને વધુને વધુ ફાળવણી થઈ છે, જેના પગલે વૈશ્વિક કક્ષાનું માળખું અને ભારતને વૈશ્વિક ઉત્પાદન કેન્દ્ર બનાવવાની સુવિધા સુનિશ્ચિત થઈ છે. સ્માર્ટ સિટીઝ પ્રોજેક્ટ, પ્રધાનમંત્રી આવાસ યોજના, પ્રધાનમંત્રી ગ્રામ્ય સડક યોજના માળખાગત ક્ષેત્રને વેગ આપશે એ નક્કી છે.

આખી દુનિયા ભારત પ્રત્યે આશાસ્પદ છે. અગાઉ આપણી ફિલોસોફી, સાહિત્ય અને કળાની પ્રશંસા થઈ હતી. પણ અત્યારે ભારતની પ્રશંસા તેની કુશળ યુવા પેઢી, રોકાણની તકો, આંતરરાષ્ટ્રીય સંબંધો, શાંતિપૂર્ણ વ્યૂહરચનાઓ માટે થઈ રહી છે તથા તેની નીતિઓનો વ્યાપકપણે સ્વીકાર થઈ રહ્યો છે. એક સમયે 'સાપ અને મદારીઓની ભૂમિ' તરીકે જાણીતો ભારત અત્યારે અમેરિકા અને ચીન પછી વિશ્વનું ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર ધરાવે છે. ભવિષ્યમાં ભારતની વિકાસગાથા જળવાઈ રહેશે.

# નવા ભારતની વાત

શ્રી વૈંકયા નાયડુ



*છેલ્લાં ૩ વર્ષમાં સરકારની કામગીરીએ આગામી વર્ષો માટે દેશની પ્રગતિનો પાયો નાંખ્યો છે. તેમાંથી મોટા ભાગનાં પ્રયાસોને વિવિધ સંચાર માધ્યમો – પ્રેસ કોન્ફરન્સ, ટેલીવિઝન, રેડિયો, પ્રિન્ટ અને સોશિયલ મીડિયામાં આક્રમક પ્રચાર દ્વારા બળ મળ્યું છે. પ્રધાનમંત્રીએ પોતે ઓલ ઇન્ડિયા રેડિયો પર માસિક કાર્યક્રમ 'મન કી બાત' મારફતે લોકો સુધી પહોંચવાનો માર્ગ અપનાવ્યો છે. સરકાર, વિપક્ષ, વહીવટીતંત્ર, કોર્પોરેટ અને નાગરિકોનાં સહિયારા પ્રયાસો થકી જ વૈશ્વિક સુપર પાવર તરીકે વિકસિત રાષ્ટ્ર તરીકે ભારતનું નિર્માણ કરવાનું સ્વપ્ન સાકાર કરવામાં મદદ મળી શકે છે. આ સંચારમાં અગ્રણી ભારતની વાત છે.*

*આપણાં દેશને નવેસરથી રજૂ કરવાની જરૂર છે અને પશ્ચિમનાં દેશોએ સમાજવાદનાં દિવસોનાં ભારતને ભૂલીને આર્થિક ઉદારીકરણનાં યુગમાં વિકાસ અને પ્રગતિનાં માર્ગે હરણફાળ ભરતાં દેશ તરીકે જોવાની જરૂર છે. ઉપરોક્ત બાબતો નવા ભારતની કેટલીક વિકાસગાથા રજૂ કરે છે.*

વૈશ્વિક ભૂરાજકીય આર્થિક સ્થિતિમાં ભારત તેની વિકાસગાથા નવેસરથી લખી રહ્યો છે, શાસનની નવી વ્યવસ્થા આકાર લઈ રહી છે તથા જૂની છાપ તોડવા અને 'ન્યૂ ઇન્ડિયા' વિશે દુનિયાને જણાવવા આતુર છે.

દુનિયાએ અત્યારે એ જાણવાની જરૂર છે કે, અમેરિકા અને ચીન સિવાય ભારત દુનિયાનું ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર છે, જે ચીજવસ્તુઓ અને સેવાઓ માટે સૌથી વધુ ઝડપથી વિકસતું બજાર છે. સરકારની વિવિધ પહેલોએ લોકોની માનસિકતા અને વર્તણૂક બદલવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. અત્યારે ભારતની પરંપરાગત છાપ બદલવાનો અને 'ન્યૂ ઇન્ડિયા' આકાર લઈ રહ્યું છે, એ પ્રદર્શિત કરવાનો સમય પાકી ગયો છે. આ નવું ભારત મજબૂત, વિકસિત હશે તથા વૈશ્વિક જોખમો અને કટોકટીઓનો સામનો કરવા સજ્જ હશે.

ચાલો, આપણે શરૂઆત રૂ. ૫૦૦ અને રૂ. ૧૦૦૦નાં ઊંચા મૂલ્યની ચલણી નોટો પરત ખેંચવાની જાહેરાતથી કરીએ, જેનો ઉદ્દેશ કાળું નાણું, બનાવટી ચલણ અને ભ્રષ્ટાચાર એમ ત્રણ પ્રકારનાં વિષચક્રમાંથી મુક્તિ મેળવવાનો હતો. આ પગલું સૌથી વધુ અસરકારક બની રહ્યું છે. સરકારે તેનાં કાર્યકાળનાં પ્રથમ અઢી વર્ષમાં લીધેલા શ્રેણીબદ્ધ પગલાંની તાર્કિક પરાકાષ્ઠા વિમુદ્રીકરણ સ્વરૂપે આવી હતી, જેમાં સ્વિસ બૅન્કનાં અધિકારીઓ સાથે જોડાણ, કરચોરીનાં વ્યક્તિગત કેસોમાં તપાસ કરવા એસઆઇટીની રચના અને આવક જાહેર યોજના સામેલ હતી, જેનાથી સરકારને કરવેરા સ્વરૂપે આશરે રૂ. ૬૫,૦૦૦ કરોડની આવક થઈ હતી. અર્થતંત્રમાં કાળાં નાણાનાં દૂષણને ડામવાનું પગલું કાર્યદક્ષતા વધારશે અને ભ્રષ્ટાચાર ઘટાડશે, સાથે સાથે સરકાર અને આરબીઆઈને કરવેરા અને વ્યાજનાં દરમાં ઘટાડો કરવાની તક આપશે, જેના પગલે રાજકોષીય ખાધ અને વૃદ્ધિનાં લક્ષ્યાંકો નિયંત્રણમાં રહેવાની સાથે રોકાણમાં વધારો થશે. આ ભારતનાં પુનરોદ્ધારની વાત છે.

વિમુદ્રીકરણ પછી ડિજિટલ પેમેન્ટ ઈકોસિસ્ટમને જરૂરી પ્રોત્સાહન મળ્યું છે અને ભારતનું ડિજિટલ નેતૃત્વ સ્પષ્ટપણે જોવા મળ્યું છે. તેનો ઉદ્દેશ કેશલેસ વ્યવહારોને પ્રોત્સાહન આપવાનો અને ભારતને લેસ-કેશ સોસાયટીમાં પરિવર્તિત કરવાનો છે, જેથી પારદર્શકતા અને જવાબદારીમાં વધારો થયો છે. ભીમ એપ લોંચ થયાનાં ૨ મહિનામાં આશરે ૧.૫ કરોડ લોકોએ તેનો સ્વીકાર કર્યો છે એ સારી બાબત છે. ડિજિટલ વ્યવહારો સુલભ બનાવવા ૩૦ કરોડથી વધારે રુપે ડૅબિટ કાર્ડ્સ સરકારે ઇશ્યૂ કર્યાં છે, જેમાં જન ધન ખાતાધારકોને ઇશ્યૂ થયેલાં કાર્ડ સામેલ છે. લકી ગ્રાહક યોજના હેઠળ આશરે ૧૨.૫ લાખ લોકોએ ઇનામ જીત્યાં છે અને ડિજિધન વ્યાપાર યોજના અંતર્ગત

૭૦,૦૦૦ વેપારીઓને ઇનામ મળ્યાં છે. પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજનાએ કરચોરોને તેમની આવક જાહેર કરવાની છેલ્લી તક પ્રદાન કરી હતી. આ ભંડોળનો ઉપયોગ ગરીબોનાં લાભ માટે થશે. વિમુદ્રીકરણથી આપણને આ ડિજિટલ ક્રાંતિનો લાભ લેવાની વિશિષ્ટ તક આપી છે, જેથી ભ્રષ્ટાચાર અને કાળાં નાણાંને નૈતિક ફટકો પડ્યો છે. ઓનલાઇન ચૅનલ્સ મારફતે પેમેન્ટથી રોકડ માટેની જરૂરિયાતમાં નોંધપાત્ર ઘટાડો થયો છે અને નાણાકીય વ્યવહારોમાં પારદર્શકતા આવી છે. પેમેન્ટ્સ માટે ડિજિટલ ચેનલ્સનાં ઉપયોગથી વાકેફ લોકો માટે આ ચેનલનો ઉપયોગ ન જાણતા લોકોને શીખવવાની જવાબદારી છે. લોકોનું જીવનધોરણ સુધારવા, ભ્રષ્ટાચાર દૂર કરવા અને કાળાં નાણાંનાં વિષચક્રમાંથી છૂટકારો મેળવવા માટેની લડાઈ સહિયારો સામાજિક પ્રયાસ છે. આ ડિજિટલ ઇન્ડિયાની વાત છે.

પીએમજેડીવાય હેઠળ ખોલવામાં આવેલા ખાતાંથી પહેલ કે ડાયરેક્ટ બેનિફિટ્સ ટ્રાન્સફર (ડીબીટી) હેઠળ લક્ષિત લાભાર્થીઓને લિક્વિફાઇડ પેટ્રોલિયમ ગેસ (એલપીજી) સબસિડી ચેનલાઇઝ કરવાની સુવિધા મળી છે. આ સુધારાલક્ષી પહેલ છે, જે ગરીબ કુટુંબોને લાભનાં હસ્તાંતરણમાં વૈશ્વિક શ્રેષ્ઠ પદ્ધતિ તરીકે વિકસાવવાની સારી સંભવિતતા ધરાવે છે. ૧૬૦ મિલિયનથી વધારે રજિસ્ટર્ડ લાભાર્થીઓ સાથે તે વિશ્વનો સૌથી મોટો ડીબીટી પ્રોગ્રામ છે. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ સબસિડીમાં સુધારો કરવાનો છે, જેમાં સબસિડી દૂર કરવામાં આવી નથી, પણ લાભાર્થીઓને અસરકારક રીતે લક્ષ્યાંક બનાવવામાં આવ્યાં છે, જેથી સબસિડી સાચાં લાભાર્થીઓને જ મળે. તેના પરિણામે પારદર્શકતા આવી છે અને વેલ્યુ ચેઇનમાં ભ્રષ્ટાચાર દૂર થયો છે. આ યોજના શરૂ થઈ ત્યારથી અત્યાર સુધી સરકારને એલપીજી સબસિડી પર રૂ. ૨૨,૦૦૦ કરોડની બચત થઈ છે.

આર્થિક ક્ષેત્રે વિમુદ્રીકરણ અને અન્ય નિર્ણયો લેવામાં આવ્યાં છે, જેના પગલે સાર્વત્રિક નાણાકીય સર્વસમાવેશકતા ઊભી થઈ છે અને દરેક નાગરિક ઔપચારિક બૅન્કિંગ જાળમાં આવ્યો છે. પ્રધાનમંત્રી જન ધન યોજના (પીએમજેડીવાય) અંતર્ગત અત્યાર સુધી આશરે ૨૮.૧૩ કરોડ ખાતાં ખુલ્યાં છે, જેના પરિણામે કેશલેસ અર્થતંત્રને જરૂરી પ્રોત્સાહન મળ્યું છે અને 'નાણાકીય અસ્પૃશ્યતા' દૂર કરવાનું સ્વપ્ન સાકાર થયું છે. ભારતને આઝાદી મળી એ પછી ઓગસ્ટ, ૨૦૧૪ સુધી ખોલવામાં આવેલા ખાતાંની સરખામણીમાં છેલ્લાં બે વર્ષમાં આ યોજના અંતર્ગત વધારે બૅન્ક ખાતાઓ ખુલ્યાં છે. આ સર્વસમાવેશક ભારતની વાત છે.

પહલ યોજનાની ખાસિયત 'ગિવ ઇટ અપ' અભિયાન છે. આ યોજના વર્ષે રૂ. ૧૦ લાખથી વધારે કમાણી કરતાં ગ્રાહકોને સ્વૈચ્છિક રીતે એલપીજી સબસિડી છોડવા પ્રોત્સાહન આપે છે. બચત થતી રકમનો ઉપયોગ રાંધવા માટે હજુ લાકડાં કે કેરોસીનનાં સ્ટવનો ઉપયોગ કરતાં લોકોને ૬૫ લાખથી વધારે નવા એલપીજી જોડાણ આપવા માટે થયો હતો. ૧ કરોડથી વધારે વપરાશકર્તાઓએ સ્વૈચ્છિક રીતે સબસિડીનો લાભ જતો કર્યો છે અને સરકારી તિજોરીને આશરે રૂ. ૫,૦૦૦ કરોડની બચત થઈ છે. આ પ્રામાણિક ભારતની વાત છે.

મેક ઇન ઇન્ડિયા અભિયાન સરકારની મુખ્ય યોજનાઓ પૈકીની એક છે, જેનો ઉદ્દેશ ભારતને વૈશ્વિક ઉત્પાદન કેન્દ્ર બનાવવાનો તથા શ્રેષ્ઠ માળખું, રોજગારીની શ્રેષ્ઠ તકો અને ભારતની પ્રચંડ વસતિનાં લાભનો ઉપયોગ કરવાની દ્રષ્ટિએ આર્થિક મીઠાં ફળ ચાખવાનો છે. વર્ષ ૨૦૧૭ની શરૂઆતમાં ભારતનો પ્રત્યક્ષ વિદેશી રોકાણ (એફડીઆઇ)નો ચોખ્ખો પ્રવાહ અત્યાર સુધીની સર્વોચ્ચ સપાટી ૩.૩૫ અબજ ડૉલર પર છે અને ચાલુ ખાતાની ખાધને વધારે પૂરે છે. મેક ઇન ઇન્ડિયા અભિયાનની શરૂઆત થયા પછી અત્યાર સુધી વિદેશી રોકાણમાં આશરે ૪૬ ટકાનો વધારો થયો છે. આ રોકાણકારને અનુકૂળ ભારતની વાત છે.

ઐતિહાસિક જીએસટી કાયદો પસાર થયો છે અને તેનો અમલ ટૂંક સમયમાં થશે, જેના પગલે કરવેરાનું માળખું વધારે સરળ બનશે, ચીજવસ્તુઓ અને સેવાઓ માટે રાષ્ટ્રવ્યાપી એકીકૃત બજાર ઊભું થશે તથા આર્થિક વૃદ્ધિને વેગ આપવા કરવેરાના આધારો વધારે વ્યાપક બનશે. વળી સરકારની મહેસૂલી આવકમાં વધારો થશે, લોજિસ્ટિક્સ, ઇન્વેન્ટરી ખર્ચાઓ, કરવેરાની ચોરી ઘટશે અને ઉત્પાદિત ચીજવસ્તુઓની કિંમત ઘટશે. એક રાષ્ટ્ર, એક કરવેરાનું સ્વપ્ન સાકાર થશે. આ રીતે સરકારની નિર્ણાયકતા વિશેની શંકા દૂર થશે. ઉત્પાદન કામગીરી વધારે સ્પર્ધાત્મક બનશે, કારણ કે જીએસટી કરવેરા, આંતર-રાજ્ય વેરા, લોજિસ્ટિક્સનાં ઊંચા ખર્ચ અને વિખંડિત બજાર જેવી સમસ્યાઓનું સમાધાન કરશે. આયાતથી સંરક્ષણ વધશે, કારણ કે જીએસટી યોગ્ય કાઉન્ટરવેલિંગ ડ્યુટી માટેનો માર્ગ મોકળો કરશે. આ પરિવર્તનનાં માર્ગે અગ્રેસર ભારતની વાત છે.

વધારે કાર્યદક્ષ અર્થતંત્રનું સ્વપ્ન સાકાર કરવા ડિજિટલ ઇન્ડિયા અભિયાન ડિજિટલ માળખું વધારવા અને ડિજિટલ સાક્ષરતાને પ્રોત્સાહન આપવા લૉંચ કરવામાં આવ્યું હતું. ઇ-ગવર્નન્સ સાથે કાર્યદક્ષતા અને પારદર્શકતા સુનિશ્ચિત થાય છે, જેના પગલે પ્રક્રિયાગત બાબતો પર ઘણો સમય બચે છે. જ્યારે આ પ્રક્રિયાઓ પ્રાથમિક તબક્કાઓમાં છે, ત્યારે આ

યોજનાનાં પ્રસાર એકથી વધારે મંચો પર થયો છે અને ગ્રામીણ વિસ્તારોમાં ઇન્ટરનેટ કનેક્ટિવિટીમાં સુધારો કરવાથી આ પહેલનો વ્યાપ વધારવામાં મદદ મળી શકે છે. સરકારને પર્યાપ્ત માળખાગત સુવિધાનાં મહત્ત્વનો અહેસાસ છે. આ કારણે અમે ભારત બ્રોડબેન્ડ સ્થાપિત કરવા પ્રતિબદ્ધ છીએ, જે ઇન્ટરનેટ સાથે ૨.૫ લાખ પંચાયતોને જોડે છે. ૨૯ જાન્યુઆરી, ૨૦૧૭નાં રોજ કુલ ૧,૭૨,૨૫૭ કિલોમીટરની લંબાઈ સાથે ૭૬,૦૮૯ ગ્રામ્ય પંચાયતોમાં ઓપ્ટિકલ ફાઇબર કેબલ પાથરવામાં આવ્યાં છે. ૧૬,૩૫૫ ગ્રામ્ય પંચાયતોને બ્રોડબેન્ડ જોડાણ પ્રદાન કરવામાં આવ્યું છે. આ ડિજિટલ ઇન્ડિયાની વાત છે.

સરકારની ઓળખ બની ગયેલ એક પહેલ સ્વચ્છ ભારત અભિયાન છે, જેની ક્રાંતિકારી પગલાં તરીકે પ્રશંસા કરી શકાશે, જે અંતર્ગત ભારતને વર્ષ ૨૦૧૯ સુધીમાં ઓડીએફ (ઓપન ડિફેકેશન ફ્રી) કરવાનો લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવ્યો છે. આ યોજના હેઠળ નિર્માણ પામેલા શૌચાલયોની સંખ્યાની દ્રષ્ટિએ માળખાગત સુવિધામાં અનેકગણો વધારો થયો છે. અત્યારે સરકાર વર્ષો જૂની સાંસ્કૃતિક, સામાજિક અને ધાર્મિક પરંપરાઓમાં ફેરફારો કરીને વર્તણૂંકમાં પરિવર્તન લાવવા પ્રયાસરત છે, જે લોકોને શૌચાલયનો ઉપયોગ કરતાં અટકાવે છે. આ યોજના શરૂ થયા પછી અત્યાર સુધી ૪ કરોડથી વધારે શૌચાલયોનું નિર્માણ થયું છે તથા ૫૭૩ શહેરો, ૧,૮૮,૦૦૮ ગામડાં અને ૧૩૦ જિલ્લાઓને ઓડીએફ જાહેર કરવામાં આવ્યાં છે. આ સ્વચ્છ ભારતની વાત છે.

કૌશલ્ય વિકાસનાં મોરચે પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના (પીએમકેવીવાય) સરકારની મુખ્ય યોજના છે, જેનો ઉદ્દેશ ઉદ્યોગમાં પ્રસ્તુત કૌશલ્ય તાલીમ આપવા મોટી સંખ્યામાં ભારતીય યુવાનોને સક્ષમ બનાવવાનો છે, જે તેમને સારી આજીવિકા મેળવવા સક્ષમ બનાવશે. "કૌશલ ભારત, કુશળ ભારત"નાં સૂત્ર સાથે નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬માં કુલ ૧૯.૮૫ લાખ યુવાનોને તાલીમ આપવામાં આવી છે. અને ૨.૪૯ લાખ યુવાનોને નોકરી આપવામાં આવી છે, ત્યારે ૫૯૬ જિલ્લાઓમાં ૮૪૭૯ તાલીમ કેન્દ્રો ખુલ્યાં છે. આ કુશળ ભારતની વાત છે.

સરકાર 'લઘુતમ સરકાર, મહત્તમ શાસન'માં માને છે અને આ સરકારનાં બદલાતાં નીતિમત્તાનાં ધોરણોમાં જોઈ શકાશે. વર્તમાન નેતૃત્વ વ્યાવસાયિક કાર્યશૈલી ધરાવે છે અને સરકારમાં નવી કાર્યસંસ્કૃતિ લાવવા શાસનનું 'કોર્પોરેટાઇઝેશન' કરી રહ્યું છે. મંત્રીઓ અને ટોચનાં સનદી અધિકારીઓની નિયમિત સમીક્ષા બેઠકો તથા વીડિયો કોન્ફરન્સ મારફતે સમગ્ર દેશમાં અધિકારીઓ સાથે નિયમિત સમયાંતરે આદાનપ્રદાન થઈ રહ્યું છે. આ સરકારની સૌથી મોટી સિદ્ધિ વ્યવસાયમાં મોટા પાયે ફેલાયેલા ભ્રષ્ટાચારને અંકુશમાં રાખવાની તથા કોલસાનાં બ્લોકની ફાળવણી જેવા નિર્ણયોમાં વિલંબ અને વહીવટી નિષ્ક્રિયતા દૂર કરવાની છે. આ પારદર્શક ભારતની વાત છે.

પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના, પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના, સોઇલ હેલ્થ કાર્ડ સ્કીમ, નીમ કોટેડ યુરિયા, લઘુતમ ટેકાનાં ભાવમાં વધારો જેવી કૃષિ ક્ષેત્રની યોજનાઓએ ચોમાસાની અનિયમિતતાઓ વચ્ચે પણ આપણાં દેશનાં ખેડૂતોને લાભ આપ્યો છે. સૂક્ષ્મ સિંચાઈ માટે 'ટીપા દીઠ વધારે પાક' હેઠળ ૨૦૧૪-૧૭ સુધી સૂક્ષ્મ સિંચાઈ હેઠળ આશરે ૧૫.૮૬ લાખ હેક્ટર જમીનને લાવવામાં આવી છે, ત્યારે અત્યાર સુધી ૬.૨૦ કરોડ સોઇલ હેલ્થ કાર્ડ્સનું વિતરણ થયું છે. વીમા કવચનાં મોરચે ખરીફ ૨૦૧૬ દરમિયાન ૨૩ રાજ્યોમાં ૩૯૦ લાખ ખેડૂતોને આવરી લેવામાં આવ્યાં છે અને ૩૮૬.૭૫ લાખ હેક્ટર વિસ્તારને રૂ. ૧,૪૧,૮૮૩.૩૦ કરોડનો વીમો પ્રદાન કરવામાં આવ્યો છે. રવી પાકમાં ૨૦૧૬-૧૭ દરમિયાન અત્યાર સુધી ૧૬૭ લાખ ખેડૂતોને આવરી લેવામાં આવ્યાં છે અને આશરે ૧૯૩.૩૫ લાખ હેક્ટર વિસ્તારને રૂ. ૭૧,૭૨૮.૫૯ કરોડની વીમાકૃત રકમ સાથે વીમો પ્રદાન કરવામાં આવ્યો છે. આ આંકડા સરકારની દેશનાં 'અન્નદાતાઓ'નાં કલ્યાણ પ્રત્યેની પ્રતિબદ્ધતા વ્યક્ત કરે છે.

માળખાગત સુવિધાનાં મોરચે સ્માર્ટ સિટીઝ પ્રોજેક્ટ, અમૃત મિશન, પ્રધાનમંત્રી આવાસ યોજના, ક્રેડિટ લિન્ક સબસિડી સ્કીમ, પ્રધાનમંત્રી સાંસદ આદર્શ ગ્રામ્ય યોજના, પ્રધાનમંત્રી ગ્રામ્ય સડક યોજના, આરઇઆરએનું પસાર થવું વગેરે પહેલોએ આ ક્ષેત્રની કામગીરી વધારી છે.

બેટી બચાવો, બેટી પઢાઓ, અટલ પેન્શન યોજના, જીવન જ્યોતિ બીમા યોજના (પીએમજેજેબીવાય), કૃષિ સિંચાઈ યોજના, મુદ્રા બૅન્ક યોજના, સુકન્યા સમૃદ્ધિ યોજના, નયી મંઝિલ યોજના વગેરે સમાજનાં તમામ તબક્કાનાં સુસંતુલિત વિકાસને સુનિશ્ચિત કરે છે, પછી તે કન્યા હોય, વરિષ્ઠ નાગરિકો હોય, ખેડૂતો હોય, લઘુમતી સમુદાય હોય, શહેરી મકાનમાલિકો હોય કે ગ્રામીણ નાગરિકો હોય. સરકારની યોજનાઓ સમાજનાં તમામ વર્ગોને સ્પર્શે છે અને તેમનું જીવન સરળ બનાવે છે. ગરીબ, કિસાન અને મહિલાઓનાં વિકાસની આ ગાથા છે, જેઓ ભારતની કાયાપલટનાં મીઠાં ફળ ચાખી રહ્યાં છે.

ભારતની વિદેશી નીતિ પર નજર નાંખીએ, તો સરકારનાં પ્રયાસો અતિ સક્રિય છે. પ્રધાનમંત્રીએ બેથી અઢી વર્ષનાં ગાળામાં ૬ ખંડોનાં ૫૦થી વધારે દેશોની

મુલાકાત લીધી છે. તેમણે તેમનાં શપથગ્રહણ સમારંભમાં સાર્કનાં નેતાઓને આમંત્રણ આપ્યું હતું, જેની માસ્ટરસ્ટ્રોક તરીકે પ્રશંસા કરી શકાશે. આ રીતે તેમણે રાજદ્વારી વર્તુળોને વર્તમાન રાજકીય સ્થિતિમાં ભારત તેનાં પડોશી દેશો સાથે સારાં સંબંધો ઇચ્છે છે તેવો મજબૂત સંદેશ આપ્યો હતો. વળી તેમણે દ્વિપક્ષીય મુલાકાત માટે સૌપ્રથમ ભૂટાનની પસંદગી કરી હતી અને અત્યાર સુધી પ્રધાનમંત્રીએ તમામ પડોશી દેશોની ઓછામાં ઓછી એક મુલાકાત લીધી છે.

ભારતે પાકિસ્તાન સાથેનાં અભિગમમાં સંપૂર્ણ પરિવર્તન કર્યું છે. પાકિસ્તાન આતંકવાદને પાલનપોષણ આપવાનું સંપૂર્ણપણે બંધ કરે એ બાબત પર ભાર મૂક્યો છે. ભારત સંપૂર્ણપણે દ્વિપક્ષીય સંબંધ ઇચ્છે છે અને પાકિસ્તાનની ભાગલાવાદી પરિબળો સાથે વાતચીત સ્વીકાર્ય નથી એવો સ્પષ્ટ સંદેશ વર્તમાન સરકારે આપ્યો છે. આ માટે ભારતે વિદેશ સચિવ સ્તરીય વાટાઘાટો બંધ કરી દીધી છે અને પાકિસ્તાનમાં આયોજિત પ્રાદેશિક બેઠકોમાં સામેલ થવાનો ઇનકાર કરી દીધો હતો (પાકિસ્તાનમાં સાર્ક સમિટ). વળી ભારતીય સૈન્ય પર હુમલાનો જવાબ સર્જિકલ સ્ટ્રાઇક મારફતે આપીને ભારતની સ્થિતિને મજબૂત કરવામાં આવી છે. ઉપરાંત સાર્ક સમિટનો બહિષ્કાર કરીને ભારતે દુનિયાની મહાસત્તાઓને પાકિસ્તાનને આતંકવાદી રાષ્ટ્ર જાહેર કરવા વિચારણા હાથ ધરવાનો કડક સંદેશ પણ આપ્યો છે.

ભારતે બહુપક્ષીય સમજૂતીઓ કરીને સંયુક્ત રાષ્ટ્રની સુરક્ષા પરિષદમાં કાયમી સભ્ય બનવા માટે અનેક દેશોનો ટેકો મેળવ્યો છે અને ન્યૂક્લીઅર સપ્લાયર્સ ગ્રૂપમાં પ્રવેશ મેળવવા નોંધપાત્ર પ્રગતિ કરી છે. બ્રિક્સ, સાર્ક, બિમ્સ્ટેક જેવા પ્રાદેશિક સંગઠનોમાં ભારતની ભાગીદારી ફળદાયક રહી છે. ભારત આબોહવામાં ફેરફાર (પેરિસ સમિટ) પર બહુપક્ષીય વાટાઘાટો અને ડબલ્યુટીઓમાં વેપારી વાટાઘાટોમાં વિકાસશીલ રાષ્ટ્રોનું હિત સાધવા સક્ષમ બન્યો છે.

વર્તમાન નેતૃત્વ હેઠળ ભારત-અમેરિકાનાં સંબંધોમાં મૂળભૂત પરિવર્તન જોવા મળ્યું હતું. પ્રધાનમંત્રીએ અમેરિકાનાં મહત્ત્વપૂર્ણ રાજકીય નેતાઓ સાથે સંવાદિતા સ્થાપિત કરવા સક્રિય પગલાં લીધા છે. તેઓ પ્રધાનમંત્રી બન્યાં પછી પ્રથમ ૨૪ મહિનામાં જ અમેરિકાનાં ભૂતપૂર્વ રાષ્ટ્રપ્રમુખ ઓબામાને છ વખત મળ્યાં હતાં તથા અમેરિકાની ત્રણ વખત મુલાકાત લીધી હતી. બંને દેશો વચ્ચે સંરક્ષણ ક્ષેત્રનાં સંબંધો વૃદ્ધિનાં માર્ગે અગ્રેસર છે. જાપાન અને રશિયા જેવા પરંપરાગત સાથી રાષ્ટ્રો સાથે પણ ભારતે સંબંધોમાં વધારે સક્રિયતા દાખવી છે, જેથી દક્ષિણ એશિયાનાં વિસ્તારમાં ચીનની વધતી મહત્ત્વાકાંક્ષાને અસરકારક રીતે નિયંત્રણમાં રાખવામાં સારી એવી સફળતા મળી છે. તાપી અને ચાબહાર પોર્ટ સમજૂતી જેવા પ્રોજેક્ટ આ વિસ્તારમાં ચીનનાં વધતાં વર્ચસ્વને અસરકારક રીતે કાબૂમાં રાખવા ઉપયોગી નીવડ્યાં છે.

પરંપરાગત સાથી રાષ્ટ્રો સાથે સંબંધોને મજબૂત કરવાની ઉપરાંત આ સરકારે મધ્ય એશિયા અને આફ્રિકામાં નવા વિકાસશીલ દેશો સાથે વ્યૂહાત્મક સંબંધોનું નિર્માણ કરવા ભાર મૂક્યો છે, જેઓ પ્રચૂર કુદરતી સંસાધનો ધરાવે છે અને વ્યૂહાત્મક રીતે મહત્ત્વપૂર્ણ છે. ભારતે સ્વાભાવિક લીડર બનવાની દિશામાં પગલું લીધું છે. આ વિકાસશીલ ભારતની ગાથા છે.

નેપાળમાં ધરતીકંપ, યેમેનમાં નિરાશ્રિત ભારતીયોની મદદ, કાશ્મીરમાં પૂર કે કેરળનાં મંદિરમાં આગ લાગવી, કોઈ પણ ઘટનામાં સરકારે હંમેશા લોકો સુધી પહોંચી રાહત અને બચાવનાં પગલાં સત્વરે લીધાં છે. વળી આંતરરાષ્ટ્રીય યોગ દિવસ જેવાં કાર્યક્રમો દ્વારા ભારતની ક્ષમતાનો વૈશ્વિક સ્તરે સ્વીકાર થયો છે. આ સંવેદનશીલ ભારતની ગાથા છે.

છેલ્લાં ૩ વર્ષમાં સરકારની કામગીરીએ આગામી વર્ષો માટે દેશની પ્રગતિનો પાયો નાંખ્યો છે. તેમાંથી મોટા ભાગનાં પ્રયાસોને વિવિધ સંચાર માધ્યમો – પ્રેસ કોન્ફરન્સ, ટેલીવિઝન, રેડિયો, પ્રિન્ટ અને સોશિયલ મીડિયામાં આક્રમક પ્રચાર દ્વારા બળ મળ્યું છે. પ્રધાનમંત્રીએ પોતે ઓલ ઇન્ડિયા રેડિયો પર માસિક કાર્યક્રમ 'મન કી બાત' મારફતે લોકો સુધી પહોંચવાનો માર્ગ અપનાવ્યો છે. સરકાર, વિપક્ષ, વહીવટીતંત્ર, કોર્પોરેટ અને નાગરિકોનાં સહિયારા પ્રયાસો થકી જ વૈશ્વિક સુપર પાવર તરીકે વિકસિત રાષ્ટ્ર તરીકે ભારતનું નિર્માણ કરવાનું સ્વપ્ન સાકાર કરવામાં મદદ મળી શકે છે. આ સંચારમાં અગ્રણી ભારતની વાત છે.

આપણાં દેશને નવેસરથી રજૂ કરવાની જરૂર છે અને પશ્ચિમનાં દેશોએ સમાજવાદનાં દિવસોનાં ભારતને ભૂલીને આર્થિક ઉદારીકરણનાં યુગમાં વિકાસ અને પ્રગતિનાં માર્ગે હરણફાળ ભરતાં દેશ તરીકે જોવાની જરૂર છે. ઉપરોક્ત બાબતો નવા ભારતની કેટલીક વિકાસગાથા રજૂ કરે છે, જેનું નિર્માણ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નવી ઊર્જા અને પ્રતિબદ્ધતા સાથે કર્યું છે. આ વાત મિશન મોદી એટલે કે વિકસિત ભારતનાં નિર્માણની છે.

**લેખક હાઉસિંગ અને શહેરી ગરીબી નાબૂદી મંત્રી, શહેરી વિકાસ મંત્રી અને માહિતી અને પ્રસારણ મંત્રી છે.**

# જીવન નિર્વાહ દ્વારા પરિવર્તન

અમરજીત સિંહા

*સાતત્યપૂર્ણ આર્થિક વિકાસ અને માનવવિકાસમાં ગ્રામ્ય વિકાસ મહત્ત્વની ભૂમિકા ધરાવે છે. ગ્રામ્ય અર્થતંત્રોનુ પુનર્વસન થાય ત્યારે ગરીબી નિવારણ અત્યંત ઝડપી બને છે તથા ખેતીલક્ષી તથા બિન ખેતીલક્ષી ક્ષેત્રોમાં જીવનનિર્વાહના વિવિધીકરણની તકો મળી રહે છે. ભારતને વૈશ્વિક શક્તિ તરીકે ઊભરવાનો આધાર ગ્રામ્ય ગરીબી તથા અસરકારક વિકાસના પડકાર ઉપાડી લેવા ઉપર નિર્ભર રહે છે. આ કારણથી જ જીવન નિર્વાહ તથા પરિવારોનું જીવનધોરણ સુધરે તે રીતે સરકાર માળખાગત સુવિધાઓ સુધારવાના પ્રયાસો દ્વારા ગ્રામ્ય વસ્તીના જીવન પરિવર્તનને સર્વોચ્ચ અગ્રતા બક્ષે છે. ગ્રામ્યવિકાસના સમાવેશી એજન્ડા મારફતે જ માનવ વિકાસની સંભાવના રહે છે.*

૧. સાતત્યપૂર્ણ આર્થિક વિકાસ અને માનવવિકાસમાં ગ્રામ્ય વિકાસ મહત્ત્વની ભૂમિકા ધરાવે છે. ગ્રામ્ય અર્થતંત્રોનું પુનર્વસન થાય ત્યારે ગરીબી નિવારણ અત્યંત ઝડપી બને છે તથા ખેતીલક્ષી તથા બિન ખેતીલક્ષી ક્ષેત્રોમાં જીવનનિર્વાહના વિવિધીકરણની તકો મળી રહે છે. ભારતને વૈશ્વિક શક્તિ તરીકે ઊભરવાનો આધાર ગ્રામ્ય ગરીબી તથા અસરકારક વિકાસના પડકાર ઉપાડી લેવા ઉપર નિર્ભર રહે છે. આ કારણથી જ જીવન નિર્વાહ તથા પરિવારોનું જીવનધોરણ સુધરે તે રીતે સરકાર માળખાગત સુવિધાઓ સુધારવાના પ્રયાસો દ્વારા ગ્રામ્ય વસ્તીના જીવન પરિવર્તનને સર્વોચ્ચ અગ્રતા બક્ષે છે. ગ્રામ્યવિકાસના સમાવેશી એજન્ડા મારફતે જ માનવ વિકાસની સંભાવના રહે છે.

૨. ગ્રામ્ય ગરીબીનાં અનેક પાસાં છે. આવા કારણથી જ ગરીબીને સમાંતરપણે અસરકારક રીતે હલ કરવાની આવશ્યકતા ઊભી થાય છે. કોઈ પરિવાર મકાન વગરનો હોય તો તે ગરીબ ગણાય છે. તે અશિક્ષિત અને કૌશલ્ય વગરનો હોય તો તે ગરીબ હોઈ શકે છે. વ્યક્તિ અસ્કયામતો વગરનો હોય તો ગરીબ હોઈ શકે છે અને નબળા આરોગ્યને કારણે પણ ગરીબ હોઈ શકે છે. વ્યક્તિ પોતાની માનવ ક્ષમતા પૂર્ણ સ્તરે વિકસાવી શકે, તેમાં વિવિધ કારણો અને અનેક પ્રકારનાં પાસાં અસરકારક બનતાં હોય છે. ગ્રામ્ય વિકાસનો સાચો પડકાર દરેક ગ્રામ્ય પરિવારને તેની સર્વોચ્ચ માનવ ક્ષમતાથી કામ કરી શકે તેવી તકો પૂરી પાડવામાં તથા તેને વિવિધ સેવાઓ મેળવવા અને માનવ વિકાસ તથા આર્થિક વૃદ્ધિ માટે સક્ષમ બનાવવામાં છે.

૩. ગ્રામ્ય વિકાસ વિભાગ વાર્ષિક રૂ.૧ લાખ કરોડના બજેટ દ્વારા ગરીબીના વિવિધ પાસાં હલ કરવા પ્રયાસ કરે છે અને અન્ય વિભાગો સાથે સંકલન કરીને ગ્રામ્ય વિસ્તારોમાં બહેતર જીવન નિર્વાહ મળી રહે તથા ગરીબ પરિવારોનું કલ્યાણ થાય તેવા પ્રયાસો કરે છે. આપણે જો અન્ય વિભાગો અને રાજ્ય સરકારો દ્વારા આ ક્ષેત્રે ગ્રામ્ય વિસ્તારો માટે ખર્ચાતી રકમને ધ્યાનમાં લઈએ તો રૂ.૩ થી રૂ.૪ લાખ કરોડ વાર્ષિક ધોરણે ખર્ચાતા હોય છે.

૪. દુષ્કાળની પરિસ્થિતિના સંદર્ભમાં એક સુસંકલિત ખેત પદ્ધતિ તરફ ધ્યાન અપાય તે હેતુથી જળ સંરક્ષણ તરફ ઝોક અપાઈ રહ્યો છે. એમાં પાક, બાગાયત અને પશુપાલન ઉપરાંત બિન ખેતી ક્ષેત્રોમાં રોજગારીનો સમાવેશ થાય છે. મહાત્મા ગાંધી નૅશનલ રૂરલ ઍમ્પલોયમેન્ટ ગૅરંટી સ્કીમ (મનરેગા) ને રોજગારીના સ્રોત તરીકે ગણતરીમાં લેવાય છે અને આ પ્રવૃત્તિનો પરિવારોના

વિવિધ પ્રકારે રોજગારી આપવામાં ઉપયોગ થાય તેવા પ્રયાસો હાથ ધરાયા છે. તાજેતરમાં મનરેગા યોજના હેઠળ ભંડોળનો ઉપયોગ વિવિધ પ્રકારે રોજગારી મળી રહે તેવા સ્રોતો માટે ખર્ચવાના પ્રયાસો થઈ રહ્યા છે. મિશન કન્વર્ઝન હેઠળની માર્ગરેખાઓ તાજેતરમાં મનરેગા યોજનાના સ્રોતો માટે પણ ઉપયોગમાં લેવાશે અને પૂરતા વૈજ્ઞાનિક અને ટૅકનોલૉજિકલ ધોરણે દુષ્કાળની અસર થાય નહીં તે રીતે વૉટરશેડ રિજિયન્સ રીજ ટુ વેલી સિદ્ધાંતને આધારે ઉપયોગમાં લેવાશે.

૫. દિન દયાળ અંત્યોદય યોજના- નૅશનલ રૂરલ લાઈવલી હૂડ મિશન (DAY-NRLM) મહિલાઓના સ્વ-સહાય જૂથો (SHGs) મારફતે પરિવારોને આર્થિક પ્રવૃત્તિઓ માટે સંસ્થાકીય ધિરાણ પૂરું પાડીને ૩૧ લાખથી વધુ મહિલા સ્વ-સહાય જૂથો અને અંદાજે ૩.૬ કરોડ મહિલાઓને આ મિશનનો હિસ્સો બનાવાઈ છે. સ્વ-સહાય જૂથો (SHGs), ગ્રામ્ય સંગઠનો (VOs), સામુદાયિક સ્રોત બની રહે તેવી વ્યક્તિઓ (CRPs) દ્વારા આ જૂથોને આર્થિક પ્રવૃત્તિઓ માટે યોગ્ય બૅન્ક જોડાણ દ્વારા સક્રિય બનાવવાના પ્રયાસો થઈ રહ્યા છે. મહિલા સ્વ-સહાય જૂથોના સભ્યોએ છેલ્લા ૩ વર્ષના ગાળામાં રૂ.૮૫,૦૦૦ કરોડથી વધુ રકમ ધિરાણ તરીકે મેળવી છે. આમાંના ઘણાં બધા સ્રોતોને વિવિધ પ્રકારે જીવનનિર્વાહ પ્રાપ્ત કરવા અને ગરીબ પરિવારોની આવકોમાં સુધારો થાય તે રીતે ઉપયોગમાં લેવાઈ રહ્યા છે. મનરેગા યોજનાના સ્રોતોનો ઉપયોગ બકરાંઓ માટે શેડ બાંધવામાં, મરઘા ઉછેર (poultry) માટે શેડ બાંધવામાં, ડેરી માટે શેડ બાંધવામાં, ખેતી માટે તળાવો ઊભા કરવામાં અને વ્યક્તિગત લાભાર્થીઓને કૂવો ખોદવામાં સહાય કરી, તેમની આજીવિકામાં વિવિધિકરણ કરીને તેમને ઉચ્ચ આવકો તરફ વાળવામાં આવે છે.

## ૬. વર્ષ ૨૦૧૬-૧૭માં ગ્રામ્ય વિકાસ કાર્યક્રમોનો દેખાવ

વર્ષ ૨૦૧૬-૨૦૧૭માં ગ્રામ્ય વિકાસ વિભાગના મોટા ભાગના કાર્યક્રમોમાં જે સિદ્ધિઓ હાંસલ થઈ છે તે નોંધપાત્ર છે. પ્રધાનમંત્રી ગ્રામ્ય સડક યોજના (PMAY-G) હેઠળના બાંધકામોમાં વર્ષ ૨૦૧૧-૨૦૧૪ દરમિયાન દૈનિક ૭૩.૫ કિ.મી.ના માર્ગો બાંધવાની પ્રવૃત્તિ થતી હતી તે વર્ષ ૨૦૧૪થી ૨૦૧૬ સુધીમાં દૈનિક ૧૩૦ કિ.મી.ના દરે હાથ ધરવામાં આવી છે. ૨૦૧૬ થી ૨૦૧૭ દરમિયાન જે પ્રયાસો થયા તેનું પ્રતિબિંબ આ પ્રયાસોમાં દેખાઈ આવે છે. સમાન પ્રકારે ગ્રામ્ય આવાસ (RH) કાર્યક્રમ હેઠળ ઈંદિરા આવાસ યોજના (IAY) હેઠળ અધૂરા રહેલા મકાનો પૂરા કરવાની કામગીરી હાથ ધરાઈ હતી અને પ્રધાનમંત્રી આવાસ યોજના- ગ્રામીણ (PMAY-G) હેઠળ બાંધકામો શરૂ થયાં હતાં. પ્રધાનમંત્રીશ્રીએ તા.૨૦ નવેમ્બર, ૨૦૧૬ના રોજ આ યોજનાનો પ્રારંભ કર્યો તે પછી રાજ્યોએ ૩૨.૧૪ લાખ આવાસો પૂરા થયા હોવાનો અહેવાલ આપ્યો છે. વર્ષ ૨૦૧૧થી ૨૦૧૪ દરમિયાન જે સરેરાશ કામગીરી થઈ તેની તુલનામાં આ સિદ્ધિ બે થી ત્રણ ગણી વધારે છે. સમાન પ્રકારે મહાત્મા ગાંધી નૅશનલ રૂરલ ઍમ્પલૉયમેન્ટ ગૅરંટી સ્કીમ (મનરેગા યોજના) હેઠળ સામાન્યપણે ૨૫ લાખથી ૩૦ લાખ કામ હાથ ધરાતા હતા તેના બદલે વર્ષ ૨૦૧૬-૨૦૧૭માં ૫૨ લાખ કામો પૂરા કરવામાં આવ્યા છે. મનરેગા હેઠળ ૮૮ લાખ અસ્કયામતોને સૌ પ્રથમવાર જીયો ટેગ કરવામાં આવી છે. વર્ષ ૨૦૧૬-૨૦૧૭માં જે સિદ્ધિઓ હાંસલ થઈ તેનો સારાંશ અહી નીચે દર્શાવવાનો પ્રયાસ કરાયો છે.

### પ્રધાનમંત્રી ગ્રામ્ય સડક યોજના (PMGSY)-

● વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન પ્રધાનમંત્રી ગ્રામ્ય સડક યોજના માર્ગોની કામગીરીમાં ૪૭,૩૫૦ કિ.મી.ની વિક્રમ કામગીરી થઈ છે. પ્રધાનમંત્રી ગ્રામ્ય સડક યોજનામાં માર્ગ બાંધકામ છેલ્લા ૭ વર્ષમાં પહેલીવાર એક જ વર્ષમાં આટલું વિપુલ પ્રમાણમાં થયું છે..

● ૧૧,૬૧૪ આવાસોને કનેક્ટીવિટી મળી રહે તે માટે પ્રધાનમંત્રી ગ્રામ્ય સડક યોજના હેઠળ ૪૭,૩૫૦ કિ.મી.ના માર્ગોનું બાંધકામ વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન કરવામાં આવ્યું હતું. (દરરોજ સરેરાશ ૩૨ આવાસોને કનેક્ટીવિટી પૂરી પાડવામાં આવતી હતી) પ્રધાનમંત્રી ગ્રામ્ય સડક યોજનાના માર્ગો સાથે જોડાયેલા આવાસોની સંખ્યા છેલ્લા ૭ વર્ષમાં સૌથી વધુ ૧૧,૬૦૬ થઈ છે.

● ગ્રામ્ય માર્ગો પર પર્યાવરણલક્ષી પ્રદૂષણ ઘટાડવાના તથા કાર્બન ફૂટ પ્રિન્ટ ઘટાડવાના ભાગ તરીકે વર્કિંગ સિઝનમાં વધારો કરવામાં આવ્યો હતો અને કરકસર કરવામાં આવી હતી. પ્રધાનમંત્રી ગ્રામ્ય સડક યોજના આક્રમકતાપૂર્વક 'ગ્રીન ટૅકનોલૉજિસ' નો ઉપયોગ કરે છે અને વેસ્ટ પ્લાસ્ટીક, કોલ્ડ મિક્સ, જીયો ટૅક્સટાઈલ્સ, ફ્લાય એશ, આયર્ન અને કોપર સ્લેગ વગેરેનો ગ્રામ્ય માર્ગોની બાંધકામ સામગ્રી તરીકે ઉપયોગ કરે છે.

● 'ગ્રીન ટૅકનોલૉજીસ' નો ઉપયોગ કરીને વર્ષ ૨૦૧૬-૧૭માં ૪,૧૧૩.૧૩

કિ.મી.ના પ્રધાનમંત્રી ગ્રામ્ય સડક યોજનાના માર્ગો બાંધવામાં આવ્યા હતા.

પ્રધાનમંત્રી ગ્રામ્ય સડક યોજના ૨૦૧૬-૧૭માં વહીવટી પરિવર્તન અને જળ સંગ્રહ તરફ ઝોક અપાયો હતો.

વર્ષ ૨૦૧૬-૧૭માં મહાત્મા ગાંધી નૅશનલ રૂરલ ઍમ્પલૉયમેન્ટ ગૅરંટી સ્કીમ (મનરેગા યોજના) ની વહીવટી વ્યવસ્થામાં અભૂતપૂર્વ ફેરફારો કરીને જળ સંરક્ષણ તરફ ઝોક દર્શાવવામાં આવ્યો હતો. ૮૨ ટકા સક્રિય કાર્યકરો (૯.૧ કરોડ) દ્વારા NRGAS of નું આધાર સીડીગ કરાયું હતું, ૪.૬ કરોડ કામદારોને આધાર આધારિત ચૂકવણી પદ્ધતિમાં, તથા ૯૬ ટકા વેતનોની ચૂકવણી ઈલેક્ટ્રોનિક્સ પેમેન્ટ દ્વારા બૅન્ક/ પોસ્ટના ખાતાઓ મારફતે કરવામાં આવી હતી. ૮૯ લાખથી વધુ અસ્કયામતોને અત્યાર સુધીમાં જીયો ટેગ કરાઈ છે. અત્યાર સુધીમાં ચકાસણી પછી કાગળો તપાસીને ૯૩ લાખ કાર્ડ રદ કરવામાં આવ્યા છે. દુષ્કાળ સામે પ્રતિરોધ કરી શકે તેવા મજબૂત જળ સંગ્રહના કામો વરસાદની તંગી ધરાવતા પ્રદેશોમાં હાથ ધરવામાં આવ્યા છે. મહાત્મા ગાંધી નૅશનલ રૂરલ ઍમ્પલૉયમેન્ટ ગૅરંટી સ્કીમ (MGNREGS) ને એ એક સારી રીતે સંચાલન થતી પ્રવૃત્તિનું સ્થાન પ્રાપ્ત થયું છે અને જીવનનિર્વાહ માટે ગરીબ વિસ્તારોમાં મજબૂત સાધનો પ્રાપ્ત કર્યા છે અને સાથે સાથે જ્યાં માંગ હોય ત્યાં રોજગારી પણ આપી છે.

પ્રધાનમંત્રીશ્રીએ જળ સંરક્ષણ અંગે દુષ્કાળની અસર ધરાવતા રાજ્યોના મુખ્ય મંત્રીઓ સાથે બેઠકો યોજીને જળ સંરક્ષણની પ્રવૃત્તિને વેગ આપ્યો હતો. દરેક રાજ્યોએ તેમના વિસ્તારો મુજબ મહાત્મા ગાંધી નૅશનલ રૂરલ ઍમ્પલૉયમેન્ટ ગૅરંટી સ્કીમ (MGNREGS) ના સ્રોતોનો ઉપયોગ કરીને ચોક્કસ અને અનોખા જળ સંગ્રહના પ્રયાસો હાથ ધર્યા હતા. ૩૨૦૦ ગામોમાં ૯૨,૦૦૦ જેટલા જળ સંરક્ષણ માટે માળખાંઓની રચના કરીને દુષ્કાળ મુક્ત કરાયા હતા. ડોભાસ કે ખેત તલાવડી તરીકે ઓળખાતા ક્લસ્ટર ઝારખંડના દરેક મહેસૂલી ગામમાં ઊભા કરાયાં હતાં. ખેત તલાવડી ઉપર ઝોક રાખીને આંધ્ર પ્રદેશમાં નીરુ ચેટ્ટુ ઊભા કરાયા હતા, જ્યારે તેલંગણામાં મિશન કાકટિયા, મધ્ય પ્રદેશમાં કપિલધારા કૂવા ખોદવામાં આવ્યા હતા. મહારાષ્ટ્રમાં જલયુક્ત શિવર અને અન્ય જળસંગ્રહના કામો હાથ ધરાયા હતા. આ બધામાં મહાત્મા ગાંધી નૅશનલ રૂરલ ઍમ્પલૉયમેન્ટ ગૅરંટી સ્કીમ (મનરેગા)ના સ્રોતોનો ઉપયોગ કરીને જીવન નિર્વાહની સુરક્ષા માટે દુષ્કાળ પ્રૂફ કામગીરી હાથ ધરાઈ હતી. નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭માં ૧૫.૪૭ લાખ જેટલા કામો પૂર્ણ કર્યા હતા, જેમાં ૫.૬૬ લાખ ખેત તલાવડીઓનો સમાવેશ થાય છે. મનરેગા દ્વારા વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭માં અંદાજે ૯૦ લાખ હેક્ટર વિસ્તારમાં સિંચાઈ ક્ષમતા ઊભી કરવામાં આવી હતી. આ બધી વિગતો MGNREGS ના વાર્ષિક પર્ફોર્મન્સ આઉટકમ રિપોર્ટમાં દર્શાવવામાં આવી છે.

- મહાત્મા ગાંધી નૅશનલ રૂરલ ઍમ્પલૉયમેન્ટ ગૅરંટી સ્કીમ (મનરેગા) દ્વારા મોટાપાયે જીવન નિર્વાહની સલામતિ માટેની વ્યક્તિગત લાભાર્થીઓની યોજનાઓ હાથ ધરવામાં આવી (૧૪.૬૧ લાખથી વધુ લાભાર્થીઓ) રહી છે, જેમાં પોલ્ટ્રી, બકરાં અને ડેરી માટે શેડઝ, તળાવોથી માંડીને કૂવા ખોદવા, આવાસોમાં તથા વ્યક્તિગત શૌચાલયોના બાંધકામમાં સહાય (IHHLs) વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન આપવામાં આવી છે. આ યોજનામાં નવતર પ્રકારના રૂપાંતરણ પ્રયાસો હાથ ધરાયા છે, જેમાં તામિલનાડુમાં ૧૧,૦૦૦ ગામોમાં ઘન કચરાના નિકાલની કામગીરી હાથ ધરાઈ છે. આંધ્ર, મહારાષ્ટ્ર અને અન્ય ઘણા રાજ્યોમાંના પ્રવાહી કચરાના નિકાલ માટે 'મેજીક પીટસ' ખોદવામાં આવ્યા છે. MGNREGS હેઠળ કામ કરતા કમદારોને કૌશલ્ય પૂરું પાડવાની કામગીરી માટે રૂરલ સેલ્ફ ઍમ્પલૉયમેન્ટ ટ્રેઈનિંગ સેન્ટરોમાં ૨૯૭૦૪ વ્યક્તિને તાલીમ આપવામાં આવી છે. ૩૮૧૨ વ્યક્તિ બેરફૂટ ટેકનિશ્યન્સ બન્યા છે.આ ઉપરાંત DDUKGY હેઠળ તથા PMY ગ્રામીણ ૩૦૦૦થી વધુ કામદારોને ગ્રામ્ય વિસ્તારોમાં સુથારી કામ વગેરે જેવી તાલીમ પૂરી પાડવામાં આવી છે.

**પ્રધાનમંત્રી આવાસ યોજના -ગ્રામ્ય**

પ્રધાનમંત્રી દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના -ગ્રામીણનો ૨૦ નવેમ્બર ૨૦૧૬ના રોજ પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ નવી ગ્રામ્ય આવાસ યોજના એ રીતે ડિઝાઈન કરવામાં આવી છે કે ઘરની અપેક્ષા રાખનાર પરિવારની અપેક્ષા પૂરી થાય. એમાં થોડો વધુ યુનિટ ખર્ચ રાખીને તેમાં સ્થાનિક સામગ્રી અને મકાનોની સ્થાનિક ડિઝાઈનનો ઉપયોગ કરાય છે. તેમાં રસોઈ કરવા માટેનો વિસ્તાર, ટોયલેટ, એલપીજીનું જોડાણ, વીજળીનું જોડાણ અને પાણી પુરવઠાની સગવડને આવરી લેવાય છે અને લાભાર્થીઓ પોતાની જરૂરિયાત મુજબ ઘર બનાવવાનું આયોજન કરી શકે છે. ગ્રામ્ય વિસ્તારોમાં સારી ગુણવત્તા ધરાવતા આવાસોનાં બાંધકામ માટે કડિયાઓ માટેના તાલીમ કાર્યક્રમો પણ હાથ ધરવામાં આવ્યા છે.

૨૦૧૬-૧૭માં પ્રધાનમંત્રી આવાસ યોજના -ગ્રામ્ય અમલી બનાવવા તરફનો ઝોક દાખવી લાભાર્થીઓ પસંદ કરવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી હતી. આઈટી/ડીબીટી પ્લેટફોર્મનો તથા સ્પેસ ટૅકનોલૉજીના ઉપયોગ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં કડિયાઓને તાલીમના કાર્યક્રમો તથા મકાન ડિઝાઈનને આખરી પસંદગી વગેરેની કામગીરી પૂરી કરવામાં આવી હતી. બીજો ઝોક એ પ્રકારનો દાખવવામાં આવ્યો હતો કે ઈન્દિરા આવાસ યોજના હેઠળના ૩૬ લાખ આવાસોમાંથી મોટા ભાગના આવાસ બાંધકામની કામગીરી

પૂર્ણ થઈ જાય. આ મકાનો ૧ થી માંડીને ૪ વર્ષથી અધૂરા બંધાયેલાં પડ્યાં હતાં.

આગાઉ ઈન્દિરા ગાંધી આવાસ યોજના હેઠળ દરેક જિલ્લામાં ર થી માંડીને ૨૦ જેટલાં બૅન્કનાં ખાતાં ખોલવામાં આવ્યાં હતાં. શાસનમાં સુધારાના કાર્યક્રમ તરીકે હવે માત્ર રાજયના સ્તરે માત્ર એક જ નોડલ ખાતુ રાખવામાં આવ્યું છે અને ત્યાંથી સીધું ઈલેક્ટ્રોનિક પદ્ધતિથી AwasSOFT-PFMS પ્લૅટફૉર્મ દ્વારા લાભાર્થીઓને સીધું ભંડોળ ફાળવવામાં આવે છે.

પ્રધાનમંત્રી આવાસ યોજના -ગ્રામ્ય યોજનામાં ૨૦૨૨ જેટલા લાભાર્થીઓ અગ્રતાને ધોરણે પારદર્શક પદ્ધતિથી પસંદ કરવામાં આવ્યા હતા. ત્રણ ફીલ્ટર દ્વારા એ પ્રકારની ખાત્રી રાખવામાં આવી હતી કે ઘર વગરના હોય અને અત્યંત ખખડધજ મકાનોમાં રહેતા હોય તેમને પસંદ કરવામાં આવ્યા હતા. એમાં મોટાભાગનાં મકાનો ભારે દારૂણ હાલતમાં જીવતા લોકોને મળ્યાં હતાં. રાજ્ય સરકારો દ્વારા આ કાર્યક્રમ હેઠળ ઘરની ડિઝાઈનો એ પ્રકારે પસંદ કરવામાં આવી છે કે જેથી તે કુદરતી આફત સામે ટકી રહે. મોટા ભાગના આવાસો દારુણ હાલતમાં જીવતા લોકોને મળ્યા છે અને લાભાર્થી તરીકે મોટી સંખ્યામાં મહિલાઓની પસંદગી કરવામાં આવી છે.

મધ્ય પ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્ર, છત્તીસગઢ, કર્ણાટક અને આસામ જેવાં રાજયોએ પ્રધાનમંત્રી ગ્રામ્ય આવાસ યોજનામાં આગેવાની લીધી છે. ઈંદીરા આવાસ યોજના હેઠળનાં અધૂરાં રહી ગયેલાં મકાનોનું બાંધકામ પૂરું કરવામાં બિહાર, પશ્ચિમ બંગાળ ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ આસામ, ઝારખંડ રાજસ્થાન અને મહારાષ્ટ્ર જેવાં રાજ્યોએ સારી કામગીરી કરી છે.

ગ્રામ્ય વિકાસ વિભાગ વર્ષ ૨૦૧૭-૧૮માં ૫૧ લાખ આવાસ બાંધકામની કામગીરી પૂર્ણ કરવાની અપેક્ષા રાખે છે. ટૂંક સમયમાં વર્ષ ૨૦૧૭-૧૮ માટે વધારાનાં ૩૩ લાખ મકાનોના બાંધકામને મંજૂરી આપવામાં આવશે. એટલી જ સંખ્યાનાં મકાનો વર્ષ ૨૦૧૮-૧૯માં બાંધવાની દરખાસ્ત છે. આથી વર્ષ ૨૦૧૬-થી ૧૯ સુધીમાં ૧.૩૫ કરોડ આવાસોનું બાંધકામ પૂર્ણ થઈ જશે અને એ દ્વારા વર્ષ ૨૦૨૨ સુધીમાં તમામને માટે આવાસનો માર્ગ મોકળો થશે.

## DAY NRLM દ્વારા જીવન નિર્વાહ તરફ ઝોક આપીને પરિવર્તન માટેનું વલણ

દીન દયાળ અંત્યોદય યોજના - નૅશનલ રૂરલ લાઇવલીહૂડ મિશન (DAY NRLM) દ્વારા મહિલાઓને સેલ્ફ હેલ્પ જૂથો(SHGs) હેઠળ આવરી લઈને ૩.૬ કરોડ પરિવારોના જીવનમાં પરિવર્તન લાવીને તફાવત ઉભો કરવામાં આવ્યો છે. સેલ્ફ હેલ્પ જૂથો(SHGs) હેઠળની મંડળીઓ, વિલેજ લેવલનાં સંગઠનો (VOs) અને કલ્સ્ટર લેવલનાં ફેડરેશનો (CLFs) દ્વારા પરિવર્તનકારી સામાજિક મૂડીનું સર્જન કરવામાં આવ્યું છે અને તે દ્વારા પુરુષ-સ્ત્રી વચ્ચેનાં સંબંધો બદલાયા છે. ગ્રામ્ય સભાઓમાં જવાનું વલણ તથા પંચાયતી રાજ યોજનાઓ (PRIs) માં સામેલગીરી સેવાઓ મેળવવા તરફનો ઝોક વધ્યો છે. આ યોજનાઓ દ્વારા કૌશલ્ય વિકાસ હાંસલ કર્યા પછી આર્થિક પ્રવૃત્તિઓ માટે મહિલાઓનો કોમ્યુનિટી રિસોર્સ પર્સન્સ(CRP) મારફતે બૅન્કોમાંથી ધિરાણ મેળવવાનો આત્મવિશ્વાસ વધ્યો છે આ રીતે સહાયક બનીને પરિવારોને જીવન નિર્વાહ તરફ વાળવામાં આવ્યાં છે. ૧.૫૦ લાખ કૉમ્યુનિટી રિસોર્સ પર્સન્સ (CRPs) કે જે ખુદ ગરીબીમાંથી બહાર આવ્યા છે તે હાલમાં મહિલા જૂથોને સાતત્ય ધરાવતી ખેત પ્રવૃત્તિઓને પ્રોત્સાહન, બૅન્કીગ સર્વિસીસ પૂરી પાડવામાં, તથા પશુઓની કાળજી માટે પેરા-વેટસની કેડર વિકસાવવામાં તથા હિસાબો રાખવામાં તથા હિસાબનીશનું કામ કરીને સહાયક બની રહ્યાં છે. અત્યંત મહત્ત્વની બાબત છે કે આ સમુદાય હાલમાં સામાજિક પરિવર્તનના એજન્ટ બની રહ્યા છે.

૨૦૧૧માં આ કાર્યક્રમ શરૂ થયો ત્યારથી સ્વ સહાય જૂથો (SHGs) ની મહિલા સભ્યોએ વર્ષ ૨૦૧૫-૧૬ સુધીમાં રૂ. ૩૦,૦૦૦ કરોડ સુધીનું ધિરાણ મેળવ્યું છે. ફેબ્રુઆરી ૨૦૧૭ સુધીમાં રૂ, ૨૯,૦૦૦ કરોડથી વધુ રકમ ચૂકવી દેવામાં આવી છે અને એવી અપેક્ષા રાખવામાં આવે છે કે રૂ. ૩૫,૦૦૦ કરોડથી ૩૮,૦૦૦ કરોડ જેટલી રકમ નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭માં ધિરાણ તરીકે મેળવવામાં આવશે. ૨૦૧૬-૧૭માં બૅન્કો સાથેના જોડાણનું વિશ્લેષણ કરીએ તો કરતાં જણાય છે કે આસામ, બિહાર, ઓડિશા,રાજસ્થાન, અને પશ્ચિમ બંગાળ જેવાં રાજ્યોમાં લોકોને ધિરાણ સાથે જોડવામાં નોંધપાત્ર કામગીરી થઈ છે. ઘણાં ઉત્તર પૂર્વનાં રાજ્યોમાં પણ મહિલા સ્વ સહાય જૂથો (SHGs) ગરીબો માટે સતત કાર્યરત અને મજબૂત સંસ્થાઓ બની રહી છે. દક્ષિણ ભારતમાં પણ આ પ્રવૃત્તિઓનો ધબકાર અને મજબૂતી વર્તાઈ રહી છે.

DAY NRLM હેઠળ ૩૦ લાખથી વધુ મહિલા ખેડૂતોને મહિલા કિસાન સશક્તિકરણ પરિયોજના હેઠળ આવરી લેવામાં આવી છે અને તે સતત કૃષિ પ્રવૃત્તિ કરી રહી છે. કેટલાંક રાજ્યોમાં મહિલા સ્વ સહાય જૂથો (SHGs) ખેતીનાં સાધનો ખોદકામનાં સાધનો વગેરે ભાડે આપવાની કામગીરી કરી રહ્યાં છે. પેસ્ટીસાઈડ મુક્ત ખેતીને પ્રોત્સાહન અને વરસાદી ખેતી ધરાવતા પ્રદેશોમાં એકથી વધુ પાક લેવાનાં આયોજનો ઉપરાંત આ મહિલા સ્વ સહાય જૂથો (SHGs) દ્વારા ઘાસચારા, અને વન્ય પેદાશો, ફળ અને ફાઈબરની ખેતીના પ્રયાસો થયા છે અને વર્મી કમ્પોસ્ટ/NADEP માટે ખાડા ખોદવાની કામગીરી પણ કરવામાં આવી છે.

DAY NRLM પ્રોગ્રામ લગભગ દેશની એક તૃતિયાંશ ગ્રામ્ય પંચાયતો સુધી પહોંચ્યો છે. આ પ્રોગ્રામનો વ્યાપ વધારવાનો તથા તેને ઘનિષ્ઠ બનાવવાના પ્રયાસો સતત ચાલી રહ્યા છે. DAY NRLM પ્રોગ્રામ હેઠળ વર્ષ ૨૦૧૬-૧૮ દરમિયાન ૪.૫ લાખ નવાં સ્વ સહાય જૂથો દ્વારા ૫૨ લાખ પરિવારોને આવરી લેવામાં આવ્યાં છે. સ્ટાર્ટઅપ વિલેજ આંત્રપ્રિન્યોરશિપ પ્રોગ્રામ (SVAP) હેઠળ ૧૭ રાજ્યોના ૪૭ બ્લૉક્સમાં ૮૪,૦૦૦ માઈક્રો એકમો શરૂ કરવામાં આવ્યાં છે. તામિલનાડુનાં મહિલા સ્વ સહાય જૂથો (SHGs) દ્વારા લગભગ ૧૧,૦૦૦ (આશરે ૯૦ ટકા) ઘન કચરાના નિકાલની કામગીરી હાથ ધરવામાં આવી છે. ૬ અન્ય રાજ્યોમાં પણ આ પ્રવૃત્તિ સફળતાપૂર્વક ચાલી રહી છે. નૅશનલ એવોર્ડ્ઝ તથા વર્ષ દરમિયાન સ્વ સહાય જૂથોને મળેલા બહુમાનને આધારે DAY NRLM પ્રોગ્રામ હેઠળ જીવન નિર્વાહની ઉત્તમ પ્રણાલીઓ અંગે દળદાર પુસ્તક તેયાર કરીને રચાયેલાં સફળ મોડેલ અંગે પુસ્તિકા બહાર પાડવામાં આવી છે.

જીવનનિર્વાહ બાબતે વિવિધિકરણ કરવા માટે દીન દયાળ ગ્રામીણ કલ્યાણ યોજના (DDUGKY) હેઠળ રૂરલ એમ્પ્લોયમેન્ટ અને ટ્રેઇનિંગ ઇન્સ્ટિટ્યૂટ દ્વારા કૌશલ્ય વિકાસ તથા યોગ્ય સ્થાનોએ પ્લેસમેન્ટ દ્વારા વેતન તથા સ્વરોજગારને મોટા પાયે પ્રોત્સાહન આપાઈ રહ્યું છે. ચાર લાખ યુવાનોને ૫૮૫ RSETI માં DAY NRLM પ્રોગ્રામ હેઠળ તાલીમ આપવામાં આવી છે અને DDUGKY યોજના હેઠળ મુકવામાં આવ્યા છે. આ ઉપરાંત ૨૦૧૬-૧૭માં ૧.૬૦ લાખ યુવાનોને તાલીમ આપવામાં આવી છે તથા ૭૯,૪૦૦ યુવાનોને DDUGKY યોજના હેઠળ પ્લેસમેન્ટ આપવામાં આવેલ છે. DDUGKY યોજના હેઠળ ઉચ્ચ ગુણવત્તા ધરાવતી તાલીમ તથા નિષ્ઠાવાન પ્લેસમેન્ટ માટે ૧૨ નવા ચેમ્પિયન રોજગાર દાતા પસંદ કરવામાં આવ્યા છે.આ પ્રકારના ચેમ્પિયન રોજગાર દાતામાં કાફે કોફી ડે, એપોલો મેડિસ્કીલ્સ, ટીમ લીઝ વગેરેનો સમાવેશ થાય છે. મોટા ભાગના RSETI માં વ્યાપકપણે ડ્રાઈવરોને તાલીમ પણ આપવાની શરૂઆત કરી દેવામાં આવી છે.

તાજેતરમાં ઈન્સ્ટિટ્યૂટ ઓફ રૂરલ મેનેજમેન્ટ (ઇરમા) આણંદ, દ્વારા DAY NRLM નું પ્રથમ નૅશનલ મૂલ્યાંકન કરવાની કામગીરી પૂરી થઈ ગઈ છે. એના અહેવાલના મુસદ્દામાં ગ્રામ્ય સ્તરે મહિલાઓની સામૂહિક સામેલગીરીથી જે સામાજિક મૂડીનું નિર્માણ થયું છે તેની સરાહના કરવામાં આવી છે. મૂલ્યાંકનના તારણોમાં જણાયું છે કે ગામડાંના ગરીબોમાં માત્ર સાપ્તાહિક મિટિંગોમાં જ નહી પણ તેમના ઉત્પાદનમાં સામૂહિક સહયોગ દ્વારા સામાજિક મુદ્દાઓ બાબતે વ્યાપક માંગ ઊભી થઈ છે.

જીવન નિર્વાહના મોટા પાયે વિવિધીકરણ અને વિકાસ દ્વારા જણાયુ છે કે તે વંચિત પરિવારો માટે તે મિશન અંત્યોદયની ગરીબી મુક્ત ગ્રામ્ય પંચાયતોની સિદ્ધિ હાંસલ કરવામાં તે એક આગેકૂચ ગણાશે.

ગરીબી નિવારણનાં વિવિધ પાસાં હલ કરવામાં સુધરેલો વહીવટ ખૂબ જ મહત્ત્વનો છે અને તે વંચિત પરિવારની પ્રગતિમાં પણ એટલું જ મહત્ત્વ ધરાવે છે અને તેની સમસ્યાઓ સોશિયો ઈકોનોમિક કાસ્ટ સેન્સસ(SECC) ની બેઝ લાઈનના આધારે સૂચિત સોશિયલ રજીસ્ટ્રી મારફતે હલ કરવામાં આવશે. આ ઉપરાંત પંચાયત દર્પણ હેઠળ ગરીબી પરિવારોની ગરીબીના નિવારણ અંગેનાં વિવિધ પાસાં અંગે ૩૫ નિર્દેશકોનો ઉપયોગ કરીને વિભાગ ગામ પંચાયતોની પ્રગતિનું મોનીટરિંગ કરશે. આ માટેના એકંદર ગુડ ગવર્નન્સ માળખામાં વિભાગ દ્વારા આધાર કાર્ડનો ઉપયોગ માટેની સંમતિ મેળવીને ઓળખ ઊભી કરે છે.

સંતૃપ્તિના નિગમની ખાત્રી મળી રહે તે માટે મંત્રાલય ૫,૦૦૦ ગરીબી મુક્ત ગ્રામ્ય પંચાયતો/ ૫૦૦૦ રૂરલ ક્લસ્ટર્સ પસંદ કરીને વિભાગ ગરીબીનાં વિવિધ પાસાં હલ કરવા માટે પ્રયત્નશીલ છે. સાંસદ આદર્શ ગ્રામ્ય યોજના (SAGY) ના અભિગમને અનુસરીને મંત્રાલયે વિકાસની સ્થિતિ પારખવા માટે ૩૬ નિર્દેશકો પસંદ કર્યા છે. આ નિર્દેશકોમાં માળખાગત સુવિધાઓ, કનેકટીવીટી, સામાજિક વિકાસ, બૅન્ક અને સર્વિસીસની ઉપલબ્ધી, પ્રવાહી અને ઘન કચરાનું વ્યવસ્થાપન, આરોગ્ય, શિક્ષણ, દુષ્કાળ પ્રતિરોધ (draught proofing), પોષણ વગેરે નિર્દેશકો પસંદ કરવામાં આવ્યા છે. મંત્રાલય ગરીબી નિવારણ માટે બેઝ લાઈનથી પ્રગતિનું આકલન કરવા માટે એક મિશ્ર પ્રકારનો નિર્દેશક પસંદ કરવાની દરખાસ્ત ધરાવે છે. આ પ્રક્રિયા દ્વારા ગ્રામ્ય વિકાસ મંત્રાલય ૫૦,૦૦૦ ગ્રામ્ય પંચાયતો/ ૫,૦૦૦ રૂરલ ક્લસ્ટર્સમાં તમામ પરિવારોને સાતત્ય પૂર્વક જીવન નિર્વાહ અને સુવિધાઓ ઉપલબ્ધ થાય તેવી દરખાસ્ત ધરાવે છે. જિલ્લા સ્તરે DISHA કમિટી પણ ગરીબી મુક્ત થવા અંગે ગ્રામ્ય પંચાયતોની પ્રગતિનું મોનિટરિંગ કરી રહી છે.

**લેખક ૧૯૮૩ની બેચનાં ભારતીય વહીવટી સેવા (આઈએએસ) અધિકારી છે અને અત્યારે ભારત સરકારનાં ગ્રામીણ વિકાસ વિભાગનાં સેક્રેટરી છે. તેમણે સર્વ શિક્ષા અભિયાન અને રાષ્ટ્રીય ગ્રામીણ સ્વાસ્થ્ય મિશનની ડિઝાઇન તૈયાર કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી છે.**

**(ઇ-મેલઃ secyrd@nic.in)**

# સરકારી નાણાકીય વ્યવસ્થામાં ડિજિટલ નવીનતાઃ સંસાધનોનો અસરકારક ઉપયોગ

લેખા ચક્રવર્તી, સમીક્ષા અગ્રવાલ




*દેશમાં આર્થિક નીતિનિર્માણ કરવામાં સંકળાયેલા અર્થશાસ્ત્રીઓ અને નિષ્ણાતો માટે ડિજિટલ નવીનતાનો મુદ્દો અત્યારે ચર્ચાસ્પદ બન્યો છે, ખાસ કરીને વિમુદ્રીકરણ પછી. ભારતે સરકારી નાણાકીય વ્યવસ્થામાં ડિજિટાઈઝેશનના અગાઉ ત્રણ અનુભવો કર્યા છે – ખાસ કરીને ડિજિટલ નાણાકીય સેવાઓ મારફતે નાણાકીય સર્વસમાવેશકતામાં. તે સૂચવે છે કે સરકારી નાણાકીય બાબતોમાં ડિજિટાઈઝેશન સરકારને લાભાર્થીઓની ઓળખ કરવામાં મદદરૂપ થઈ છે, જેમાં ટેકનોલૉજીએ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. ટેકનોલૉજીની મદદથી બનાવટી લાભાર્થીઓ દૂર કરવામાં પણ મદદ મળી હતી એટલે ભ્રષ્ટાચારમાં ઘટાડો થયો છે અને ઓળખની ખામીઓ દૂર થઈ છે. પ્રારંભિક આંકડા સૂચવે છે કે ભારતમાં સરકારી નાણાકીય બાબતોમાં ડિજિટાઈઝેશનથી કલ્યાણકારક કાર્યક્રમોના લાભનું હસ્તાંતરણ કરવામાં મદદ મળી છે, જેમાં મનરેગામાં ૪૧ ટકા, પહેલમાં ૩૭ ટકા (એલપીજી સબસિડી સ્કીમ), નેશનલ સોશિયલ આસિસ્ટન્સ પ્રોગ્રામ (એનએસએપી) અને રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ યોજનાઓમાં ૭ ટકા ડિજિટાઈઝેશન થયું છે.*

દેશમાં આર્થિક નીતિનિર્માણ કરવામાં સંકળાયેલા અર્થશાસ્ત્રીઓ અને નિષ્ણાતો માટે ડિજિટલ નવીનતાનો મુદ્દો અત્યારે ચર્ચાસ્પદ બન્યો છે, ખાસ કરીને વિમુદ્રીકરણ પછી. ભારતે સરકારી નાણાકીય વ્યવસ્થામાં ડિજિટાઈઝેશનના અગાઉ ત્રણ અનુભવો કર્યા છે – ખાસ કરીને ડિજિટલ નાણાકીય સેવાઓ મારફતે નાણાકીય સર્વસમાવેશકતામાં. તે સૂચવે છે કે સરકારી નાણાકીય બાબતોમાં ડિજિટાઈઝેશન સરકારને લાભાર્થીઓની ઓળખ કરવામાં મદદરૂપ થઈ છે, જેમાં ટેકનોલૉજીએ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. ટેકનોલૉજીની મદદથી બનાવટી લાભાર્થીઓ દૂર કરવામાં પણ મદદ મળી હતી એટલે ભ્રષ્ટાચારમાં ઘટાડો થયો છે અને ઓળખની ખામીઓ દૂર થઈ છે. પ્રારંભિક આંકડા સૂચવે છે કે ભારતમાં સરકારી નાણાકીય બાબતોમાં ડિજિટાઈઝેશનથી કલ્યાણકારક કાર્યક્રમોના લાભનું હસ્તાંતરણ કરવામાં મદદ મળી છે, જેમાં મનરેગામાં ૪૧ ટકા, પહેલમાં ૩૭ ટકા (એલપીજી સબસિડી સ્કીમ), નેશનલ સોશિયલ આસિસ્ટન્સ પ્રોગ્રામ (એનએસએપી) અને રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ યોજનાઓમાં ૭ ટકા ડિજિટાઈઝેશન થયું છે. (ભારતનો આર્થિક સર્વે, ૨૦૧૫-૧૬).

રાજકોષીય નીતિનાં ડિજિટાઈઝેશનમાં અન્ય એક સફળ પ્રયોગ પ્રધાનમંત્રી જન ધન યોજના સ્વરૂપે થયો છે. તે જનતાને બચત ખાતાં ખોલાવી નાણાકીય સેવાઓમાં નાણાકીય સર્વસમાવેશકતા સુનિશ્ચિત કરે છે. આવો જ અન્ય એક પ્રયોગ આધાર કાર્ડ સ્વરૂપે થયો છે, જે દેશમાં દરેક વ્યક્તિને વિશિષ્ટ ઓનલાઈન ઓળખ પૂરી પાડે છે તથા વ્યવહારોને સરળ બનાવવા બૅન્ક ખાતાઓ અને મોબાઈલ નંબરોને જોડવામાં આવે છે. ભંડોળનું હસ્તાંતરણ ઝડપી કરવા અને અંતરિયાળ વિસ્તારોની બૅન્કિંગ સમસ્યાઓનું સમાધાન કરવા મોબાઈલ બૅન્કિંગનાં વિસ્તૃત ઉપયોગને પણ પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. જન ધન ખાતાઓ, આધાર કાર્ડ અને મોબાઈલ બૅન્કિંગનો ઉપયોગ ભારતને ડિજિટલ ક્રાંતિની નજીક લઈ ગયો છે.

ફાઈનાન્સમાં ડિજિટાઈઝેશનના આ પ્રકારના વૈશ્વિક પ્રયોગો કેન્યામાં થયાં છે, જ્યાં નાણાકીય સંસ્થાઓ વધતાં ડિજિટલ વાતાવરણમાં કેવી રીતે કામગીરી કરે છે એનો અંદાજ મેળવવા અવકાશી સર્વેનો ઉપયોગ થયો હતો. કેન્યામાં વસતિનાં નોંધપાત્ર હિસ્સાને ૫ કિલોમીટરની અંદર નાણાકીય સુવિધા સુલભ કરાવતાં ટચ પૉઈન્ટ ઉપલબ્ધ છે અને કેન્યાએ તેના લોકોને મોબાઈલ ફોન આધારિત નાણાનાં ઉપયોગની અસરકારક સુવિધા પૂરી પાડી છે. ૧૦ વર્ષથી ઓછા ગાળામાં ૭૫ ટકા વસતિને આ સુવિધા સુલભ થઈ છે

વૈશ્વિક અનુભવોમાંથી શીખીને ભારતે સંસાધનોનાં અસરકારક ઉપયોગ માટે

જેએએમ ત્રિપુટી (જન ધન, આધાર અને મોબાઇલ) સાથે પ્રયોગ કર્યો છે. ભારતમાં સબસિડી હસ્તાંતરણ વ્યવસ્થામાં મુખ્યત્વે કેટલીક નબળાઈઓ છે, જેમ કે ભ્રષ્ટાચાર અને ખોટા કે બનાવટી લાભાર્થીઓ. ઉદાહરણ તરીકે, ભારતમાં પીડીએસ વ્યવસ્થામાં લાભાર્થીઓની સાચી ઓળખ કરવાની જ મોટી ખામી છે, જે મુખ્યત્વે બનાવટી લાભાર્થીઓને કારણે છે. તે જ રીતે ગ્રામીણ ભારત માટે મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી સુરક્ષા યોજના (મનરેગા)માં અમલીકરણ અને મોટા પાયે લીકેજની સમસ્યા છે. એલપીજી સબસિડીનાં કેસમાં ખામીઓ એ હતી કે વસતિના ૨૦ ટકાને કુલ સીધી સબસિડીનો ૬૦ ટકાથી વધારે હિસ્સો મળે છે, ત્યારે વસતિના નીચલા અડધોઅડધ હિસ્સાને કુલ સબસિડી હસ્તાંતરણનો દસમો (૮મો ભાગ) ભાગ મળે છે (આઇઆઇએસડી, ૨૦૧૪). આ સમસ્યાઓના સમાધાન સ્વરૂપે સિસ્ટમનું ડિજિટાઇઝેશન ઉપયોગી સમાધાન જણાયું હતું.

નીલેકાણી ટાસ્ક ફોર્સની રચના ૨૦૧૧માં આધાર-અને બલ્ડ યુનિફાઇડ પેમેન્ટ માળખું ઊભું કરવા માટે થઈ હતી. આ માળખું સ્થાપિત કરવાનો ઉદ્દેશ ગરીબોને સબસિડીઓના હસ્તાંતરણ માટે વધારે કાર્યદક્ષ અને ખર્ચ અસરકારક વ્યવસ્થા સ્થાપિત કરવાનો છે. ટાસ્ક ફોર્સએ સબસિડીઓના રોકડ હસ્તાંતરણની અને હસ્તાંતરણની પદ્ધતિઓ ઊભી કરવાની જવાબદારી સુપરત કરવાની ભલામણ કરી હતી. વર્ષ ૨૦૧૨માં નૅશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક ફાઇનાન્સ એન્ડ પોલિસી (એનઆઇપીએફપી) દ્વારા હાથ ધરાયેલા અભ્યાસમાં નોંધવામાં આવ્યું હતું કે, પીડીએસના કેસમાં એક વખત આધાર મારફતે લાભાર્થીની નોંધણી થયા પછી લાભનો દાવો કરવામાં સરળતા રહેશે, કારણ કે તેઓ અધિકૃત રહેશે. મનરેગાના કેસમાં જો વેતનનું વિતરણ આધાર ચુકવણી વ્યવસ્થા મારફતે કરવામાં આવે, તો તે ૫ ટકા લીકેજને ટાળી શકશે (એનઆઇપીએફપી, ૨૦૧૨). જોકે સરાફ વગેરે (૨૦૧૬)એ નોંધ્યું હતું કે, જ્યારે ઓળખના દસ્તાવેજો ફરજિયાત તાર્કિક માળખા પર આધારિત હોય, તો સંગઠિત અપરાધો અને ઓળખના ગોટાળાની સમસ્યાનું સમાધાન થઈ શકશે.

તાજેતરમાં આર્થિક સર્વેમાં નોંધવામાં આવ્યું હતું કે, ૨૦૧૫માં દર અઠવાડિયે ૪ મિલિયન કાર્ડના દરે ૨૧૦ મિલિયન આધાર કાર્ડ બનાવવામાં આવ્યાં હતાં. ઉપરાંત ૯૭૫ મિલિયન લોકો આધાર કાર્ડ ધરાવે છે, જે વસતિનો આશરે ૭૫ ટકા અને પુખ્ત વસતિનો ૯૫ ટકા હિસ્સો છે. આધારની પહોંચ રાજ્યોમાં વધારે છે, જેમાં તમામ રાજ્યોમાંથી ૩૩ ટકા રાજ્યો ૯૦ ટકાથી વધારે કવરેજ રેટ ધરાવે છે (આર્થિક સર્વે, ભારત સરકાર, ૨૦૧૫-૧૬).

ટેબલ ૧ ભારતમાં જન ધન યોજનાની પહોંચ જણાવે છે. પ્રધાનમંત્રી જન ધન યોજના સુનિશ્ચિત કરે છે કે, જનતાએ બચત ખાતા ખોલાવ્યાં છે, જેથી સબસિડીનાં નાણાં સાચાં લાભાર્થીઓના બૅન્ક ખાતાઓમાં સીધા હસ્તાંતરિત થાય.

એલપીજીનું ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (ડીબીટીએલ) સ્કીમ પહલ વર્ષ ૨૦૧૪માં ફરી લોંચ થઈ હતી અને તેનો આશય એલપીજી સિલિન્ડરના ઉપભોક્તાઓને લાભ સીધો આપવાનો હતો. આ યોજના ઊર્જાના માળખામાં જાતિ આધારિત બજેટને સંકલિત કરવાનો પ્રયાસ કરે છે, જે માટે બીપીએલ પરિવારની મહિલાઓને રાંધવા માટે સ્વચ્છ ઈંધણ મળે. આ પ્રયાસ પ્રસ્તુત છે, કારણ કે અંદાજોમાં દર્શાવવામાં આવ્યું હતું કે, મહિલાઓ અને બાળકો મેલેરિયા કરતાં ઘરની અંદર નુકસાનકારક ઈંધણનો ઉપયોગ કરવાથી હવામાં ફેલાતા પ્રદૂષણથી વધારે મૃત્યુ પામે છે. આ કાર્યક્રમ મહિલાઓ દ્વારા સારસંભાળના અર્થતંત્રમાં પ્રયાસોની તીવ્રતાને ધ્યાનમાં લે છે અને ઈંધણ માટે લાકડું ભેગું કરવા માટે ફાળવવામાં આવેલા કુલ સમયનાં આ પ્રકારના આંકડાનો ઉપયોગ સેન્ટર ફોર સ્ટેટિસ્ટિકલ ઓર્ગેનાઇઝેશન ફોર ઇન્ડિયા (ચક્રવર્તી ૨૦૧૬ અને ૨૦૧૪) દ્વારા હાથ ધરવામાં આવેલા અભ્યાસોમાં થાય છે. લાહોટી વગેરે (૨૦૧૨)એ નોંધ્યું હતું કે, પહલ અગાઉ શહેરી વિસ્તારોમાં સામાજિક-આર્થિક સ્થિતિ સારી ધરાવતાં કુટુંબોમાં વધારે હતો. અભ્યાસમાં નોંધવામાં આવ્યું હતું કે, જ્યારે એલપીજી સ્વચ્છ અને સ્વસ્થ ઈંધણ છે, ત્યારે દેશમાં મોટા ભાગનાં કુટુંબો હજુ પણ રાંધવા માટે ઘન ઈંધણનો ઉપયોગ કરે છે, જે સ્વાસ્થ્યને નુકસાન કરે છે. એલપીજી સબસિડીઓનો ઉદ્દેશ ગરીબ કુટુંબો સુધી પહોંચ વધારવાનો અને ઘન ઈંધણનો ઉપયોગ ઘટાડી એલપીજીનો વપરાશ વધારી પ્રદૂષણનો ઘટાડવાનો છે, જે હજુ સુધી સંપૂર્ણપણે હાંસલ થયો નથી (લાહોટી વગેરે ૨૦૧૨).

**ટેબલ ૧: સરકારી ધિરાણનું ડિજિટાઇઝેશનઃ નાણાકીય સેવાઓ મારફતે નાણાકીય સર્વસમાવેશકતા (કરોડમાં)**

| બૅન્કનું નામ | ગ્રામીણ | શહેરી | કુલ | રુપે કાર્ડની સંખ્યા | આધાર સાથે સંલગ્ન | ખાતાઓમાં બેલેન્સ |
|---|---|---|---|---|---|---|
| સરકારી ક્ષેત્રની બૅન્ક | ૧૨.૩૨ | ૧૦.૨૨ | ૨૨.૫૪ | ૧૭.૫૮ | ૧૪.૯૩ | ૪૯૨૬૬.૦૪ |
| પ્રાદેશિક ગ્રામીણ બૅન્ક | ૩.૯૭ | ૦.૬૬ | ૪.૬૩ | ૩.૫૩ | ૨.૭૬ | ૧૧૭૦૮.૦૫ |
| ખાનગી બૅન્કો | ૦.૫૫ | ૦.૩૭ | ૦.૯૧ | ૦.૮૪ | ૦.૪૪ | ૨૧૨૭.૪૦ |
| કુલ | ૧૬.૮૪ | ૧૧.૨૪ | ૨૮.૦૮ | ૨૧.૯૫ | ૧૮.૧૩ | ૬૩૧૦૧.૪૯ |

**નોંધઃ** આ આંકડા ૨૨ માર્ચ, ૨૦૧૭ સુધી પ્રધાનમંત્રી જન ધન યોજના હેઠળ ખોલવામાં આવેલા ખાતાઓની સંખ્યાનાં છે. તમામ આંકડા કરોડમાં છે. ડેટા ૨ એપ્રિલ, ૨૦૧૭ના રોજ અપડેટ કરવામાં આવ્યો છે.

**સ્ત્રોતઃ ભારત સરકાર (૨૦૧૭), પીએમજેડીવાય.**

આધારની ચૂકવણીની વ્યવસ્થા પહલ યોજનાને સફળ બનાવવામાં અભૂતપૂર્વ ભૂમિકા ભજવે છે. આ યોજના હેઠળ ઉપભોક્તાઓને બજારકિંમતે સિલિન્ડર્સ મળે છે અને બીપીએલ ઉપભોક્તાઓને તેમના બૅન્ક ખાતાઓમાં એલપીજી સબસિડી સીધી મળે છે. આ સબસિડીનો લાભ લેવા ઉપભોક્તાઓને તેમનો આધાર નંબર તેમના બૅન્ક ખાતા સાથે જોડવાની જરૂર છે અથવા આધાર નંબર ઉપલબ્ધ ન હોય તેવા કેસમાં તેમનો ૧૭ આંકડાનો એલપીજી આઈડી તેમના બૅન્ક ખાતા સાથે જોડવાની જરૂર છે. યોજનાનો ઉદ્દેશ દેશના ૬૭૬ જિલ્લાઓના ૧૫.૩ કરોડ ઉપભોક્તાઓને આવરી લેવાનો અને સમગ્ર દેશમાં તેનો તબક્કાવાર અમલ કરવાનો હતો (ભારત સરકાર, ૨૦૧૪). પહલ યોજનાને અતિ સફળતા મળી છે તેવું ભારત સરકારે જાહેર કર્યું હતું. ભારતનાં વર્ષ ૨૦૧૫-૧૬ માટેનાં આર્થિક સર્વેમાં દાવો કરવામાં આવ્યો હતો કે, ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર્સથી સબસિડાઇઝ એલપીજી સિલિન્ડર્સના વપરાશમાં ઘટાડો થયો હતો, જેના પગલે સાચાં લાભાર્થીઓને મર્યાદિત રીતે બાકાત કરવાની સાથે એલપીજી લીકેજમાં ૨૪ ટકા સુધીનો ઘટાડો થયો છે (ભારતનો આર્થિક સર્વે, ૨૦૧૫-૧૬). આ ઉપરાંત એલપીજી સિલિન્ડર્સનું કાળાં બજારમાં વેચાણ મુશ્કેલ બની ગયું છે. અત્યાર સુધી પહલ હેઠળ કુલ રોકડ હસ્તાંતરણની રકમ રૂ. ૪૫૪૧૨ કરોડ છે અને ૧૦૫૪૬૩૮૮ લોકોએ તેમની એલપીજી સબસિડી છોડી છે. (ભારત સરકાર, પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય, ૨૦૧૪).

કેન્દ્ર સરકાર નોંધપાત્ર નિયંત્રણ ધરાવે છે અને લીકેજ વધારે છે એવા ક્ષેત્રોમાં જેએએમ ત્રિપુટીના ઉપયોગનો વધારે અવકાશ છે, જેથી જેએએમમાંથી રાજકોષીય ખાધની બચત પણ ઊંચી થઈ શકે છે. ખાતરનું જ ઉદાહરણ લઈએ. આ ક્ષેત્રમાં કેન્દ્ર સરકારનું નિયંત્રણ વધારે છે અને લીકેજ આશરે ૪૦ ટકા છે, જે ખાતરની સબસિડીઓ માટે જેએએમના પર્યાપ્ત ઉપયોગનો અવકાશ પૂરો પાડે છે. ઉપરાંત રાજ્ય અને સ્થાનિક સરકારો તેમજ કેન્દ્ર સરકાર સાથે વ્યવહાર ધરાવતાં વ્યવસાયો કેન્દ્ર સરકારનાં હસ્તાંતરણો/પેમેન્ટ પર વધારે નિર્ભર છે, જેને સરકારી સબસિડીની જેમ આપવામાં આવે છે.

જેએએમએ ભ્રષ્ટાચારમાં ઘટાડો કરી, વિલંબમાં ઘટાડો કરી અને વહીવટી ભારણ ઘટાડીને હસ્તાંતરણની કાર્યદક્ષતામાં સુધારો કર્યો છે. એટલે જેએએમ ત્રિપુટીનો ઉપયોગ સરકારની અંદર ખર્ચ ઘટાડી અને ઊંચી કાર્યદક્ષતા મેળવી હસ્તાંતરણ માટે થઈ શકશે. જોકે આ પ્રકારના અસરકારક સુધારાઓ થવાં છતાં આ કલ્યાણકારક કાર્યક્રમોની અસરકારકતામાં હજુ કેટલીક સમસ્યાઓ જોવા મળે છે. આ યોજનાઓ હેઠળ નાણાનાં હસ્તાંતરણમાં લાભાર્થીઓને સમાવવાની અને લાભાર્થી ન હોય તેવા લોકોને બાકાત રાખવામાં કેટલીક સમસ્યાઓને લઘુતમ કરવામાં આવી છે તથા લીકેજ, બગાડની સમસ્યા અને ડિલિવરીની પ્રક્રિયામાં ભ્રષ્ટાચારને કેટલીક હદે ઘટાડવામાં આવ્યો હોવા છતાં આ કાર્યક્રમોના વહીવટમાં નોંધપાત્ર માનવઊર્જા અને સંસાધનોનો ઉપયોગ થાય છે.

આર્થિક સર્વે ૨૦૧૫-૧૬માં નોંધવામાં આવ્યું છે કે, ભારતમાં ગરીબ ન હોય તેવા લોકો સબસિડીનો લાભ લેવાનું વલણ વધુને વધુ ધરાવી રહ્યાં છે, ખાસ કરીને વીજ સબસિડીના કેસમાં. તે જ રીતે એલપીજી ઉપભોક્તાઓ સબસિડી રેટનો આશરે ૩૬ ટકા લાભ મેળવે છે (સબસિડીની રકમ અને બજાર કિંમતનો રેશિયો). ઉપરાંત એલપીજી વપરાશમાં ગરીબોનો હિસ્સો ફક્ત ૯ ટકા છે. તેના પરથી પુરવાર થાય છે, ૯૧ ટકા સબસિડીનો લાભ સુખીસંપન્ન પરિવારો મેળવે છે. એટલે વર્તમાન વ્યવસ્થામાં સુધારો કરવાની દિશામાં પગલું યુનિવર્સલ બેઝિક ઇન્કમ (યુબીઆઇ) નીતિનો અમલ છે, જેની અર્થશાસ્ત્રીઓ ચર્ચા કરે છે. યુબીઆઇ સરકાર પાસેથી લોકોને, ગરીબ કે ધનિક, બિનશરતી, સંપૂર્ણ રોકડ હસ્તાંતરણનો લાભ આપશે. ભારતનાં વર્ષ ૨૦૧૬-૧૭નાં આર્થિક સર્વેમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે યુબીઆઈના અમલીકરણ સાથે ખોટી ફાળવણી અને લીકેજની સમસ્યા વધારે ઘટશે, કારણ કે નાણાં સીધા લાભાર્થીનાં બૅન્ક ખાતામાં જમા થશે અને નોકરશાહીની ભૂમિકા ઘટશે.

બર્ધન (૨૦૧૬) મૂળભૂત રેખાને ગરીબી રેખાને આશરે ૭૫ ટકા પર નક્કી કરવા વિચારે છે, જે કેટલાંક, નહીં કે તમામ કલ્યાણકારક કાર્યક્રમોનું સ્થાન લેશે. તેમનાં જણાવ્યા મુજબ, સરકારી શિક્ષણ, હેલ્થકેર, બાળકોને પોષણના કાર્યક્રમો તથા સરકારી રોજગારી સુરક્ષા કાર્યક્રમો જાળવી રાખવા મહત્ત્વપૂર્ણ છે. રાજકોષીય શક્યતા વિશે વાત કરીએ. જો યુબીઆઈ રકમ ૨૦૧૪-૧૫ની કિંમતો પર દર વર્ષે વ્યક્તિદીઠ રૂ. ૧૦,૦૦૦ નક્કી કરીએ, તો એ વર્ષ માટે તે રકમ જીડીપીનાં ૧૦ ટકા થશે. આ રકમનું સંચાલન દેશમાં બિનઅસરકારક કાર્યક્રમોને ધ્યાનમાં રાખીને થઈ શકશે.

બેનર્જી (૨૦૧૬) અને ઘાતક (૨૦૧૬)માં નોંધવામાં આવ્યું છે કે મનરેગા અને પીડીએસ જેવી યોજનાઓમાં હજુ પણ લક્ષ્યાંક પૂર્ણ થયો નથી અને ભારત સબસિડીમાં કાપ મૂકી, નકામો ખર્ચ ઘટાડી અને કરવેરાની આચારસંહિતા સુધારી મૂળભૂત આવકની ગુંજાઇશ વધારી શકે છે. રે (૨૦૧૬)એ જણાવ્યું હતું કે, નાગરિકોને પ્રદાન કરવામાં આવેલ યુબીઆઈને ચુકવણીનાં આધુનિક ઈલેક્ટ્રોનિક માળખા સાથે જોડીને દેશની જીડીપીનાં ટકાવારી તરીકે નક્કી કરી શકાશે. આ માળખું ભારતમાં ધીમે ધીમે વિકસી રહ્યું છે અને આધાર બાયોમેટ્રિક ઓળખ પ્રોગ્રામ યુબીઆઈ ભારતને નોકરશાહીના સ્તરો ઘટાડીને ગરીબીને નિયંત્રણમાં લાવવામાં મદદરૂપ થઈ શકે છે. યુબીઆઈનો મુખ્ય ફાયદો એ છે કે, હસ્તાંતરણ સાર્વત્રિક હોવાથી લક્ષિત સમસ્યાનું સમાધાન થઈ જાય છે. તે આર્થિક વૃદ્ધિની પ્રક્રિયામાં વધતી અસમાનતાને ઘટાડવામાં પણ મદદરૂપ થાય છે.

રાજકોષીય સંગઠિતતા અને રાજકોષીય નિયમોની પૃષ્ઠભૂમિ સામે ભારતને રાજકોષીય ખાધ જીડીપીનાં ૩ ટકાથી નીચે જાળવવાની જરૂર છે (ચક્રવર્તી, ૨૦૧૬બી). ડિજિટાઇઝેશનની ભૂમિકા સબસિડી મેનેજમેન્ટ સિસ્ટમને સરળ બનાવવાની છે અને નાણાકીય સર્વસમાવેશકતાને પ્રોત્સાહનમાં સંસાધનોની કાર્યદક્ષ ઉપયોગીતા તરફ દોરી જાય છે.

**લેખા ચક્રવર્તી ફાઇનાન્સ મંત્રાલયની સ્વાયત્ત સંશોધન સંસ્થા નૅશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક ફાઇનાન્સ એન્ડ પોલીસીમાં એસોસિએટ પ્રોફેસર છે.**
**ઈ-મેલ:lekhachakrabroty@gmail.com**
**સમીક્ષા અગ્રવાલ એનઆઈપીએફપીમાં ઈન્ટર્ન છે.**
**ઈ-મેલ:samiksha.agarwal94@gmail.com**

# સ્કિલ ડેવલપમેન્ટ અને ઈનોવેશન દ્વારા યુવાઓનું સશક્તિકરણ

ડૉ. જતિન્દર સિંહ

*ભારત એવા ચાર રસ્તા પર છે જ્યાં તેણે યુવાનોની મહેચ્છાઓને પોષણ આપવું પડશે. ઉત્સાહિત યુવાનોની ઊર્જા અને ગુણવત્તાપૂર્ણ જીવન માટેની ભૂખ વિકસિત ભારત માટેની આશા પ્રબળ બનાવે છે. વિકસિત અર્થતંત્રોમાં આગામી ૨૦ વર્ષમાં કાર્યબળમાં ચાર ટકા જેટલો ઘટાડો આવશે, જ્યારે ભારતમાં તેમાં ૩૨ ટકાનો વધારો થશે. યુવાનોના સશક્તિકરણ અને ક્ષમતા વિસ્તરણ ભારત સરકારની પ્રેરણાદાયી પહેલોમાં સહાયક બને છે, જે વૈશ્વિક સ્તરે ઉત્પાદન હબ અને વિશ્વની સ્કિલ મૂડી બનવામાં ભારતની સ્થિતિ મજબૂત કરશે. સ્કિલ ઈન્ડિયા અને સ્ટાર્ટઅપ ઈન્ડિયા મિશન યુવાનો માટે શિક્ષણમાંથી રોજગારીનું પરિવર્તન સરળ બનાવશે જ્યારે તેમની ઈનોવેટીવ માનસિક્તાને પણ પોષણ આપશે. નોકરી માગનારના બદલે નોકરી પૂરી પાડનાર તરીકેની યુવાનોની માનસિક્તામાં પરિવર્તન ટકાઉ વૃદ્ધિ માટે સૌથી મહત્ત્વપૂર્ણ છે. યુવાનોમાં ઉદ્યોગસાહસિક્તા સમાવેશ વૃદ્ધિનો પાયો છે. તેના માટે સંયુક્ત પ્રયાસો અને દૂરંદેશી નેતૃત્વ જરૂરી છે. માત્ર સરકાર જ નહીં, પરંતુ ખાનગી ક્ષેત્ર અને શૈક્ષણિક સંસ્થાઓએ પણ આ દિશામાં કામ કરવું જોઈએ અને 'નવા ભારત'ના સર્જનના પ્રવાસમાં પડકારોને હળવા બનાવવા આગળ આવવું જોઈએ, જેથી નવું ભારત આત્મવિશ્વાસથી સભર, વૈશ્વિક પડકારોનો સામનો કરવાની ક્ષમતા સાથે પ્રતિભાશાળી બનશે.*

યુવાનો પરિવર્તનશીલ, પ્રયોગો કરવા માટે તૈયાર, નવા વિચારોના જનક અને વૃદ્ધિનું બળ છે. ભારતીય યુવાનો માત્ર રાષ્ટ્રનું ભવિષ્ય જ નથી, પરંતુ દેશની વૃદ્ધિના ભાગીદાર પણ છે, તેથી તેમનો અવાજ સાંભળવામાં આવે તેવી તેમણે ખાતરી કરવી જોઈએ. આપણા દેશને વૃદ્ધિના પથ પર આગળ લઈ જવા માટે દેશના યુવાનોને જરૂરી સ્કિલ્સ અને નોલેજથી અસરકારક રીતે સશક્ત બનાવવા ખૂબ જ આવશ્યક છે. હાલમાં ભારત ઈતિહાસના સૌથી શ્રેષ્ઠ સમયમાં છે, જ્યાં દેશની ૫૦ ટકાથી વધુ વસતી ૨૫ વર્ષથી ઓછી વયની છે. વર્ષ ૨૦૨૦ સુધીમાં દેશમાં સરેરાશ વય ૨૯ થઈ જશે, પરિણામે દેશમાં અંદાજે ૪.૭૦ કરોડથી વધુની કામ કરતી યુવાન વસતી હશે. આ ઐતિહાસિક આંકડો છે. સ્કિલ ડેવલપમેન્ટ અને ઉદ્યોગસાહસિક્તા પર ધ્યાન કેન્દ્રીત કરીને યુવાનોને ચૅનેલાઈઝ કરવાની તાત્કાલિક જરૂરિયાત છે. વર્લ્ડ બેન્કનો અહેવાલ કહે છે કે ભારતમાં વર્ષ ૨૦૪૦ સુધી કામ કરતી વસતીમાં સતત વધારો થશે, જે દેશને 'વિકાસશીલ રાષ્ટ્ર'ની શ્રેણીમાંથી 'વિકસિત રાષ્ટ્ર'ની શ્રેણીમાં લઈ જઈ શકે છે.

આર્થિક વૃદ્ધિ સાથે યુવાનોની મહત્ત્વાકાંક્ષાઓને પૂરી કરવી એ ડેવલપમેન્ટ એજન્ડાનો મુખ્ય આશય છે. અતાર્કિક પદ્ધતિથી સવાલો ઉકેલવાની વિચારસરણી, નવીનતા અને ઔપચારિક નિર્ણયો લેવાની પ્રક્રિયામાં યુવાનોના સમાવેશને પ્રોત્સાહનથી રાષ્ટ્રની વૃદ્ધિ અને સમૃદ્ધિ માટે સક્ષમ વાતાવરણ સર્જાશે. આ બાબત દર્શાવે છે કે નોકરીની માગ અને પુરવઠા વચ્ચેની અસમાનતા દૂર કરવા યુવાનોને રોજગારલક્ષી સ્કિલ્સથી સજ્જ કરવા એક મોટો પડકાર છે. ભારત સરકારે આ અસમાનતા દૂર કરવા માટે મેક ઈન ઈન્ડિયા, સ્કિલ ઈન્ડિયા મિશન, સ્ટાર્ટઅપ ઈન્ડિયા, સ્ટેન્ડ અપ ઈન્ડિયા અને ડિજિટલ ઈન્ડિયા જેવી અનેક વ્યૂહાત્મક પહેલો શરૂ કરી છે. આ પહેલોનો આશય યુવાનોમાં ઉદ્યોગસાહસિક્તાને પ્રોત્સાહન આપવાનો અને રોજગારી ઊભી કરવાનો છે.

### મેક ઈન ઈન્ડિયા

કેન્દ્ર સરકારનો ફ્લેગશિપ પ્રોગ્રામ મેક ઈન ઈન્ડિયા રોકાણ, નવીનતાના સંવર્ધન, બૌદ્ધિક સંપદાના સંરક્ષણની સુવિધા આપે છે અને તે બધા જ ક્ષેત્રોમાં ઉત્પાદન ક્ષેત્રને પ્રોત્સાહન આપીને વર્ષ ૨૦૨૨ સુધીમાં અંદાજે ૧૦ કરોડથી વધુ નવી રોજગારીનું સર્જન કરશે તેવી અપેક્ષા સેવાય છે. મેક ઈન ઈન્ડિયા મિશન બહુસ્તરીય અનિવાર્યતા છે, જે યુવાનો માટે વ્યાપક પ્રમાણમાં રોજગારીની તકો ઊભી કરશે. આ મિશનનો આશય ભારતને વૈશ્વિક ઉત્પાદન હબ બનાવવાનું અને વર્ષ ૨૦૨૨ સુધીમાં જીડીપીમાં તેનો હિસ્સો ૨૫ ટકા સુધી વધારવાનો છે. આ મિશને

બાંધકામ, કાપડ, ફૂડ પ્રોસેસિંગ, ઉડ્ડયન, સંરક્ષણ સાધનોના ઉત્પાદન અને ઈલેક્ટ્રોનિક્સ જેવા ક્ષેત્રોમાં ૨૫ સેક્ટર્સમાં વિવિધ સ્કિલ સેટ્સ ઓળખી કાઢ્યા છે. સરકારે સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય કંપનીઓને ભારતમાં ઉત્પાદન અને વૈશ્વિક સ્તરે તેમના ઉત્પાદનોના વેચાણને પ્રોત્સાહન આપવા માટે એફડીઆઈના નિયમો હળવા કર્યા છે. મેક ઈન ઇન્ડિયાના પરિણામે કામના સ્થળે અત્યાધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ વધશે. આ પરિપ્રેક્ષ્યમાં વર્તમાન અને ભાવી કર્મચારીઓએ તેમની ઉચ્ચસ્તરની કુશળતામાં વધારો કરવાની જરૂર પડશે. તેનાથી શોપ ફ્લોર ટેકનિશિયન્સ, ડિઝાઈનર્સ, પ્રોગ્રામ મેનેજર્સ, પ્રોજેક્ટ પ્લાનર્સ વગેરેને સમાવતા વિવિધ સ્કિલ્ડ વર્કફોર્સ માટે રોજગારીની વિપુલ તકો ઊભી થશે. સૌર ઊર્જા ઉત્પાદન, ગ્રીન બિલ્ડિંગ, સ્માર્ટ સિટીસ જેવા સેક્ટર્સમાં નવી નોકરીઓ ઊભી થશે. આ સાથે મજબૂત પુરવઠા ચેઈન અને લોજિસ્ટિસની આ વ્યાપક ઈકોસિસ્ટમ પણ વિવિધ રોજગારી ઊભી કરશે. આ પહેલ ભારતને સ્પર્ધાત્મક બજાર અને વૈશ્વિક ઉત્પાદનનું કેન્દ્ર બનાવશે.

### સ્કિલ ઇન્ડિયા

ભારત સૌથી વધુ યુવાન વસતીનો લાભ ધરાવતો હોવા છતાં બજારને બળ આપતી સ્કિલ્સની ગુણવત્તા પડકારજનક છે. પ્રત્યેક વર્ષે ૧.૨૦ કરોડ લોકોનો વર્કફોર્સમાં સમાવેશ થાય છે, જેમાંથી માત્ર ૨ ટકા જ સત્તાવાર તાલીમ મેળવે છે. નવા સ્કિલ ડેવલપમેન્ટ એન્ડ આંત્રપ્રિન્યોરશિપ મંત્રાલયના ઉદ્ભવ સાથે કુશળતાનું ક્ષેત્ર ખૂબ જ ઝડપથી વિકસી રહ્યું છે. મેક ઈન ઇન્ડિયા પહેલ અને ૧૦૦ સ્માર્ટ સિટીસ મિશનનો તેને ઘણો લાભ મળ્યો છે. હાઈ-ટેક રોજગારી માટે યુવાનોને તૈયાર કરવા સાથે સફળ સ્કિલ્સ સ્ટ્રેટેજીની ચાવીરૂપ બાબત તરીકે ઉદ્યોગસાહસિક્તાને પ્રોત્સાહન આપવા વર્ષ ૨૦૧૫માં સ્કિલ ડેવલપમેન્ટ અને આંત્રપ્રિન્યોરશિપ માટે પ્રથમ એકીકૃત રાષ્ટ્રીય નીતિ માટે રૂપરેખા તૈયાર કરવામાં આવી છે. તે નવીનતા આધારિત આંત્રપ્રિન્યોરશિપની સંસ્કૃતિને પ્રોત્સાહન અને ઊચ્ચસ્તરના માપદંડો સાથે ઝડપથી વ્યાપક સ્તર પર કુશળતા દ્વારા સશક્તિકરણની ઈકોસિસ્ટમ ઊભી કરવાની કલ્પના કરે છે.

આ ઈકોસિસ્ટમ સમૃદ્ધિ અને રોજગારીનું સર્જન કરી શકે છે, જેથી દેશના બધા જ નાગરિકો માટે યોગ્ય આજીવિકાની ખાતરી મળી શકશે. આ પહેલ હેઠળ તાલીમ બાદ પ્લેસમેન્ટ પર ભાર આપવા સાથે વિવિધ ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રીત કરતાં અનેક સ્કિલ ડેવલપમેન્ટ યોજનાઓ અને કાર્યક્રમો તૈયાર કરાશે.

ટેક્નોલોજી અને ઉદ્યોગોમાં વિક્ષેપની અસર રોજગારી પર પડે છે. આ પરિસ્થિતિમાં યોગ્ય રોજગારીનું સર્જન કામદાર અથવા વ્હાઈટ કોલર જોબ અંગે નથી, પરંતુ નવી રોજગારીના સર્જન અંગે છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ઓટોમેશન, ઈન્ટરનેટ ઓફ થિંગ્સ, ડેટા એનાલિસિસિ વગેરે જેવી નવી સિસ્ટમ્સ ઉચ્ચસ્તરની ટેકનિકલ નોકરીઓ છે અને તેના માટે ઉચ્ચસ્તરની કુશળતાની તાલીમની જરૂર પડશે. કંપનીઓ કુશળ કર્મચારીઓની માગ કરશે, જેના માટે સ્કિલિંગ અંગે નવો અભિગમ અપનાવવાની જરૂર છે. રોજગારીની બદલાતી પેટર્નને અનુરૂપ યુવાનોને યોગ્ય તાલીમ આપવાની જરૂર છે. ભારતને વિશ્વમાં કુશળતાની રાજધાની બનાવવા માટે સ્કિલિંગ આંતરરાષ્ટ્રીય માપદંડોને અનુરૂપ હોવી જોઈએ.

નેશનલ સ્કિલ ડેવલપમેન્ટ કોર્પોરેશને ઉદ્યોગોના નેતૃત્વમાં સેક્ટર સ્કિલ કાઉન્સિલ્સની રચના કરી છે, જે નેશનલ ઓક્યુપેશન સ્ટાન્ડર્ડ્સ (એનઓએસ) રચવા પર કામ કરે છે. એનઓએસ કામગીરીના માપદંડના સંકેત આપે છે, જે કોઈએ પણ કામના સ્થળે કામ કરતી વખતે હાંસલ કરવા જ જોઈએ. તાલીમ પૂરી પાડનારાઓએ હવે સ્કિલ સર્ટિફિકેશન માટે આ એનઓએસને વળગી રહેવું પડશે. ભારત માટે નેશનલ સ્કિલ્સ ક્વૉલિફિકેશન ફ્રેમવર્ક (એનએસક્યુએફ) એકીકૃત કરાઈ છે અને તે વોકેશનલ શિક્ષણ અને સામાન્ય શિક્ષણ વચ્ચે જોડાણ પૂરું પાડે છે. તે પરિણામ આધારિત અભિગમ પર નિર્ભર છે જ્યાં પ્રત્યેક લેવલ કાર્યક્ષમતાના લેવલ દ્વારા અભિવ્યક્ત થાય છે. આ બાબત યુવાનોને વૈશ્વિક સ્તરે યુવાનો સાથે સ્પર્ધા કરવા સક્ષમ બનાવે છે.

### ઈનોવેશન, ઈન્ક્યુબેટર્સ, સ્ટાર્ટઅપ અને સ્ટેન્ડ અપ ઈકોસિસ્ટમ

ભારત હંમેશા મહાન સંશોધનોનું ઉદ્ગમ સ્થળ રહ્યું છે. સ્વદેશી બનાવટના મંગળયાનની સફળતા કરકસરીયા ઈનોવેશનની કથા રજૂ કરે છે, જ્યાં મંગળ સુધીના ૬૫ કરોડ કિ.મી.ના અંતરને આવરી લેવાનો ખર્ચ પ્રતિ કિ.મી. માત્ર રૂ. ૭ આવ્યો હતો. આ બાબત નવીન ટેક્નોલોજી અને નેતૃત્વમાં ભારતની દૂરદર્શિતા દર્શાવે છે. 'વૈવિધ્યતા નવીનતાનો ઉછેર' કરે છે અને ભારત વ્યાપક સ્તરે વૈવિધ્યતાથી ભરેલો દેશ છે. અલગ અલગ રાજ્યોના આપણા યુવાનો અનેક પ્રકારના નવીન વિચારો ધરાવે છે અને તેમના વિચારોને સહયોગની જરૂર છે. નવીનતાની સંસ્કૃતિ સ્કૂલથી જ શરૂ થવી જોઈએ. અનેક બિઝનેસ ઈન્ક્યુબેટર્સ શૈક્ષણિક સંસ્થાઓ અને નાણાકીય સંસ્થાઓના પ્રારંભિક તબક્કામાં કાર્યરત છે, તેમાંથી કેટલાકને મોટા ઔદ્યોગિક જૂથોનો ટેકો સાંપડેલો છે. વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ (ડીએસટી) આવા બિઝનેસ

ઈન્ક્યુબેટર્સને નવીનતાના પોષણ માટે પ્રોત્સાહન આપે છે. આરએન્ડડી હવે ગ્રામીણ યુવાન સંશોધકો અને એમએસએમઈ તરફ વળવી જોઈએ, કારણ કે મોટાભાગના નવીન વિચારો અહીંથી જ ઉદ્ભવે છે. ડીએસઆઈઆર, સીએસઆઈઆર, ડીએસટી, એનએસટીઈડીબી, ડીબીટી જેવા વિવિધ સરકારી વિભાગો અને ખાનગી ક્ષેત્રની કેટલીક કંપનીઓ ભારતમાં વિજ્ઞાન, ટેક્નોલોજી અને નવીનતાના ક્ષેત્રને સહાય અને ભંડોળ પૂરા પાડે છે. કેટલાક વેન્ચર કેપિટલ, ખાનગી ઈક્વિટી ફંડ્સ અને એન્જલ ઈન્વેસ્ટર્સ યુવાનોને ટેક્નોલોજી અને ધિરાણ પૂરું પાડી નવીનતા માટે સહયોગ કરે છે.

ઈન્ક્યુબેટર્સ સ્ટાર્ટઅપ્સને તેમના પ્રારંભિક તબક્કામાં ટકી રહેવામાં મદદ કરે છે. આ સ્ટાર્ટઅપ્સ શરૂઆતમાં તેમના પરિવાર અને મિત્રો પાસેથી જ ભંડોળ મેળવતા હોય છે. સ્ટાર્ટઅપ્સ માટે ઈન્ક્યુબેટર્સ ખૂબ જ મહત્ત્વના છે, કારણ કે ગ્રાન્ટ્સ ફાળવવા ઉપરાંત તેઓ તેમને કામ કરવાની તક આપે છે અને તેઓ નેટવર્કિંગ પ્લૅટફૉર્મ તરીકે કામ કરે છે. તેઓ ગ્રાહકોની સુવિધા પણ પૂરી પાડે છે, તેમને બજારની માગ અનુસાર કસ્ટમાઈઝ્ડ ઉત્પાદનો અને ઉકેલો અંગે માર્ગદર્શન આપે છે. ઉપરાંત મૂડી અને મૂડી બજારમાંથી ભંડોળ મેળવવામાં મદદરૂપ પણ થાય છે. ભારતમાં મોટાભાગના ઈન્ક્યુબેટર્સ શૈક્ષણિક સંસ્થાઓમાં કાર્યરત છે. તેમાંથી ૧૧૮ને વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે સ્ટાર્ટઅપ ઈન્ડિયા યોજના હેઠળ ઓળખી કાઢી છે. સ્ટાર્ટઅપ આંત્રપ્રિન્યોરશિપ કારકિર્દીની પસંદગી માટે યુવાનોમાં ફેવરીટ છે. ભારતમાં ૧૦,૦૦૦થી વધુ સ્ટાર્ટઅપ્સ છે અને વર્ષ ૨૦૨૦ સુધીમાં આ આંકડો ૧૧,૫૦૦ને વટાવી જશે તેમ મનાય છે. ભારત વિશ્વમાં ઉજા ક્રમની સૌથી મોટી સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ ધરાવે છે.

સ્કૂલોમાં વિદ્યાર્થીઓ તરીકે અને ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં રચાયેલી ઈ-ક્લબ્સ તથા સોસાયટીસમાં નવીનતાની સંસ્કૃતિ યુવાન ઉદ્યોગ સાહસિકોમાં વ્યાપક સ્તરે ફેલાયેલી છે અને અનેક સંસ્થાઓ સમાન જગ્યાએ કામ કરે છે. આ ક્લબ્સ અને કો-વર્કિંગ સ્પેસ યુવાનોમાં ઉદ્યોગ સાહસિક્તાની ભાવનાને પ્રોત્સાહન આપે છે.

કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી ફંડ્સમાં ઉદ્યોગ અને ટેક્નોલોજી બિઝનેસ ઈન્ક્યુબેટર્સ વચ્ચે કડી બનવાની ક્ષમતા છે. ભારતીય કંપનીસ એક્ટની કલમ ૧૩૫ના શેડ્યુલ ૭ મુજબ ભારતીય કંપનીઓ તેમના ૨ ટકા સીએસઆર ખર્ચના ભાગરૂપે ઈન્ક્યુબેટર્સના વિકાસમાં આ ભંડોળનો ઉપયોગ કરી શકે છે.

સ્ટેન્ડ અપ ઈન્ડિયા યોજના મહિલાઓ અને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના સભ્યોના ઉદ્યોગ સાહસિક્તાના પ્રોજેક્ટ્સ માટે સમર્પિત છે. મહિલા અને એસસી/એસટી ઉદ્યોગસાહસિકોને રૂ. ૧૦ લાખથી રૂ. ૧ કરોડની લોન આપવામાં આવે છે, જે તેમણે સાત વર્ષના સમયમાં ચૂકવવાની હોય છે. આ યોજનાઓ યુવાન ઉદ્યોગસાહસિકોને સર્વિસીસ, ઈ-માર્કેટ પ્લેસ અને ઓનલાઈન પ્લેટફોર્મ્સ પર રજિસ્ટ્રેશનથી પરીચિત કરાવે છે.

## યુવાશક્તિને નિયંત્રણોથી મુક્ત કરવી

ભારત એવા ચાર રસ્તા પર છે જ્યાં તેણે યુવાનોની મહેચ્છાઓને પોષણ આપવું પડશે. ઉત્સાહિત યુવાનોની ઊર્જા અને ગુણવત્તાપૂર્ણ જીવન માટેની ભૂખ વિકસિત ભારત માટેની આશા પ્રબળ બનાવે છે. વિકસિત અર્થતંત્રોમાં આગામી ૨૦ વર્ષમાં કાર્યબળમાં ચાર ટકા જેટલો ઘટાડો આવશે, જ્યારે ભારતમાં તેમાં ૩૨ ટકાનો વધારો થશે. યુવાનોના સશક્તિકરણ અને ક્ષમતા વિસ્તરણ ભારત સરકારની પ્રેરણાદાયી પહેલોમાં સહાયક બને છે, જે વૈશ્વિક સ્તરે ઉત્પાદન હબ અને વિશ્વની સ્કિલ મૂડી બનવામાં ભારતની સ્થિતિ મજબૂત કરશે. સ્કિલ ઇન્ડિયા અને સ્ટાર્ટઅપ ઇન્ડિયા મિશન યુવાનો માટે શિક્ષણમાંથી રોજગારીનું પરિવર્તન સરળ બનાવશે જ્યારે તેમની ઈનોવેટીવ માનસિક્તાને પણ પોષણ આપશે. નોકરી માગનારને બદલે નોકરી પૂરી પાડનાર તરીકેની યુવાનોની માનસિક્તામાં પરિવર્તન ટકાઉ વૃદ્ધિ માટે સૌથી મહત્ત્વપૂર્ણ છે. યુવાનોમાં ઉદ્યોગ સાહસિક્તા સમાવેશ વૃદ્ધિનો પાયો છે. તેના માટે સંયુક્ત પ્રયાસો અને દૂરંદેશી નેતૃત્વ જરૂરી છે. માત્ર સરકાર જ નહીં, પરંતુ ખાનગી ક્ષેત્ર અને શૈક્ષણિક સંસ્થાઓએ પણ આ દિશામાં કામ કરવું જોઈએ અને 'નવા ભારત'ના સર્જનના પ્રવાસમાં પડકારોને હળવા બનાવવા આગળ આવવું જોઈએ, જેથી નવું ભારત આત્મવિશ્વાસથી સભર, વૈશ્વિક પડકારોનો સામનો કરવાની ક્ષમતા સાથે પ્રતિભાશાળી બનશે.

**લેખક નવી દિલ્હીમાં સ્થિત પીએચડી ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીમાં સેક્રેટરી અને એચઆર હેડ છે, જેઓ શિક્ષણ, કૌશલ્ય વિકાસ, સીએસઆર, ઈનોવેશન અને સ્ટાર્ટઅપ્સ ક્ષેત્રમાં વેલ્યુ ક્રિએશન અને સ્ટાર્ટઅપ્સમાં વિવિધ પહેલોમાં ૧૮ વર્ષનો અનુભવ ધરાવે છે. તેઓ ભારત સરકારનાં વિજ્ઞાન અને ટૅકનોલૉજી મંત્રાલયમાં ડીએસઆઈઆર ટેકનિકલ એડવાઈઝરી કમિટી (ટીએસી)નાં સભ્ય છે. તેમણે બે પુસ્તકો લખ્યાં છે. ઈ-મેલઃ jatinder@phdcci.in**

# સ્વચ્છ ભારત મિશનઃ દરેકની ફરજ

**પરમેશ્વરન ઐયર**




*સ્વચ્છ ભારત મિશન (SWM) ના અડધે રસ્તે ઘણી બધી ગતિશિલતા અને નોંધપાત્ર પ્રગતિનું નિર્માણ થયું હોય તેમ લાગે છે. આ મિશન ક્રમશઃ જન આંદોલનમાં રૂપાંતરિત થતું જાય છે. પ્રધાનમંત્રી જ્યારે સૌ પ્રથમ વખત લાલકિલ્લા પરથી પ્રવચન આપી રહ્યા હતા ત્યારે તેમણે આ મિશનની વાત કરી હતી. આ કાર્યક્રમ ઓક્ટોબર ૨૦૧૪માં શરૂ કરાયો ત્યાર પછી ગામડાંમાં સફાઈનું ૪૨ ટકાથી વધીને ૬૩ ટકા જેટલું સ્તર ઉંચે ગયું છે. ગ્રામ્ય વિસ્તારોમાં ખુલ્લામાં શૌચ કરવા જતા લોકોની સંખ્યા ૫૫૦ મિલિયનથી ઘટીને ૩૩૦ મિલિયન થઈ છે. ૧૯,૦૦૦ ગામડાં, ૧૩૯ જિલ્લા ખુલ્લામાં શૌચ કરવાથી મુક્ત થયાં છે. આ કાર્યક્રમ હવે સારી રીતે પાટા ઉપર આવ્યો છે અને ૨ ઓક્ટોબર, ૨૦૧૯ સુધીમાં ખુલ્લામાં શૌચ મુક્ત(ODF) બનવા તરફ આગળ ધપી રહ્યું છે. સ્વચ્છતાને અગ્રતા આપવી તે ઘણાં બધા કારણથી મહત્ત્વનું છે. સ્વચ્છતાનો અભાવ એ ૫ વર્ષથી ઓછી ઉંમરના બાળકોના મરડાનું મુખ્ય કારણ છે અને તે બાળકોને નબળા પાડે છે તથા અટકાવી શકાય તેવા ઘણાં રોગોનું મૂળ બને છે. સ્વચ્છતા, એ મહિલાઓના ગૌરવ અને સલામતિ માટે પણ ઘણી મહત્ત્વની છે. ભારત જ્યારે આર્થિક સુપર પાવર બનવા તરફ મોટા ડગ ભરી રહ્યું છે ત્યારે ખૂલ્લામાં શૌચ કરવાની પદ્ધતિનો અંત આવે તે અત્યંત જરૂરી છે.*

સ્વચ્છ ભારત મિશન (SWM) ના અડધે રસ્તે ઘણી બધી ગતિશિલતા અને નોંધપાત્ર પ્રગતિનું નિર્માણ થયું હોય તેમ લાગે છે. આ મિશન ક્રમશઃ જન આંદોલનમાં રૂપાંતરિત થતું જાય છે. પ્રધાનમંત્રી જ્યારે સૌ પ્રથમ વખત લાલકિલ્લા પરથી પ્રવચન આપી રહ્યા હતા ત્યારે તેમણે આ મિશનની વાત કરી હતી. આ કાર્યક્રમ ઓકટોબર ૨૦૧૪માં શરૂ કરાયો ત્યાર પછી ગામડાંમાં સફાઈનું ૪૨ ટકાથી વધીને ૬૩ ટકા જેટલું સ્તર ઉંચે ગયું છે. ગ્રામ્ય વિસ્તારોમાં ખુલ્લામાં શૌચ કરવા જતા લોકોની સંખ્યા ૫૫૦ મિલિયનથી ઘટીને ૩૩૦ મિલિયન થઈ છે. ૧૯,૦૦૦ ગામડાં, ૧૩૯ જિલ્લા ખુલ્લામાં શૌચ કરવાથી મુક્ત થયાં છે. આ કાર્યક્રમ હવે સારી રીતે પાટા ઉપર આવ્યો છે અને ૨ ઓકટોબર, ૨૦૧૯ સુધીમાં ખુલ્લામાં શૌચ મુક્ત(ODF) બનવા તરફ આગળ ધપી રહ્યું છે.

સ્વચ્છતાને અગ્રતા આપવી તે ઘણાં બધા કારણથી મહત્ત્વનું છે. સ્વચ્છતાનો અભાવ એ ૫ વર્ષથી ઓછી ઉંમરના બાળકોના મરડાનું મુખ્ય કારણ છે અને તે બાળકોને નબળા પાડે છે તથા અટકાવી શકાય તેવા ઘણાં રોગોનું મૂળ બને છે. સ્વચ્છતા, એ મહિલાઓના ગૌરવ અને સલામતિ માટે પણ ઘણી મહત્ત્વની છે. ભારત જયારે આર્થિક સુપર પાવર બનવા તરફ મોટા ડગ ભરી રહ્યું છે ત્યારે ખૂલ્લામાં શૌચ કરવાની પદ્ધતિનો અંત આવે તે અત્યંત જરૂરી છે.

અગાઉના સમયના સ્વચ્છતાના કાર્યક્રમોથી અલગ રીતે સ્વચ્છ ભારત મિશન એ ટોયલેટના બાંધકામનો પ્રોગ્રામ નથી, પરંતુ લોકોની વર્તણુંકમાં પરિવર્તન લાવવાની મહા ચળવળ છે. એક રોડ, પૂલ કે એરપોર્ટ બાંધવું સહેલું છે, પરંતુ માનવીની વર્તણુંક બદલવી તે ખૂબ જ કપરૂં કામ છે અને તમારે જ્યારે અડધા અબજ જેટલી વસતિની વર્તણુંક બદવાની હોય ત્યારે, તેમણે સમગ્ર જીવન દરમિયાન જે કર્યું હોય, તેમને આવું કશુંક કરતાં રોકવા એટલે કે ખૂલ્લાંમાં હાજત કરતાં હોય તેમને ટોયલેટનો ઉપયોગ કરતા કરવા તે એક જંગી કામગીરી છે. મિડિયામાં રાષ્ટ્ર વ્યાપી ઝૂંબેશ ઉપાડાય તે ઉપયોગી છે, પણ પાયાના સ્તરે વર્તણુંકમાં બદલાવ લાવવો એટલે કે નીચેના સ્તરે લોકોને તાલીમ આપીને તેમને પરસ્પર ચર્ચા દ્વારા ગામડાંના પરિવારોમાં ટોયલેટ અને સ્વચ્છતા અંગેની ઝૂંબેશ માટે પ્રોત્સાહિત કરવા જરૂરી છે. દેશભરમાં રાજયો અને જિલ્લાઓમાં મોટીવેટર્સની સંખ્યા વધતી જાય છે, પરંતુ આમાં હજુ ઘણો વધારો કરવાની જરૂર છે, કારણ કે અડધા અબજ જેટલા લોકોને આ વાસ્તવિકતા સમજાવવાની છે. આથી ગામ દીઠ એક મોટીવેટર્સ હોય તે દેશમાં જરૂરી છે.

પીવાનું પાણી અને સ્વચ્છતા મંત્રાલય રાજયોને સ્વચ્છ ભારત મિશનના બહેતર અમલીકરણ માટે ક્ષમતા નિર્માણની પહેલ હાથ ધરીને, માનવ સંસાધન દ્વારા, વર્તણુંક પરિવર્તનની સમજ દ્વારા, જ્ઞાનના આદાન-પ્રદાન દ્વારા અને જે કાંઈ થઈ રહ્યું છે તેના મૂલ્યાંકન દ્વારા મંત્રાલય પ્રોત્સાહિત કરતું રહ્યું છે. સ્વચ્છ ભારત મિશન (એસબીએમ) માં જિલ્લા અને રાજ્ય સ્તરે જે ઉત્તમ પ્રણાલિઓ અપનાવાય છે તે સ્વચ્છ સંગ્રહ નૉલેજ પોર્ટલ

પર મૂકવામાં આવી રહી છે અને વર્ચ્યુઅલ ક્લાસરૂમ દ્વારા સેંકડો મોટીવેટર્સને ટૅકનોલૉજીનો સમન્વય કરીને આ કાર્યક્રમ સાથે જોડવામાં આવે છે. વધુમાં દેશ તથા રાજ્ય સ્તરે વિવિધ વર્કશોપ્સ અને સમારંભો યોજવામાં આવે છે, જેમાં આ કામગીરી સાથે જોડાયેલા લોકોને પ્રેરણા આપવાનો પ્રયાસ થઈ રહ્યો છે. પાયાના સ્તરે કામ કરતા સરપંચો જેવા લોકો, ખાસ કરીને મહિલાઓ આ ક્ષેત્રની ગતિ વધારવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી રહ્યા છે. સ્વચ્છ ભારત મિશન (એસવીએમ)ના સંદર્ભમાં તાજેતરમાં તા.૮ માર્ચ એટલે મહિલા દિનના દિવસે દેશભરમાંથી ૬૦૦૦ મહિલા સરપંચોનું સંમેલન યોજીને સ્વચ્છ ભારત મિશનને તેમણે અપાવેલી સફળતાને બિરાદાવવામાં આવી હતી. આ સમુદાયને ગાંધીનગરમાં સંબોધન કરતાં પ્રધાનમંત્રીશ્રીએ સ્વચ્છ ભારત મિશનમાં તથા બેટી બચાવો, બેટી પઢાવો જેવા અન્ય ફ્લેગશીપ પ્રોગ્રામોમાં મહિલા સરપંચોના નેતૃત્વની ભૂમિકાની પ્રશંસા કરી હતી. આવા લોકો અન્ય લોકો માટે તેમના સમુદાયમાં પણ પ્રેરણાનું કારણ બનતાં હોય છે.

સ્વચ્છ ભારત મિશનને લોકોની ચળવળ બનાવવા ઉપરાંત ટોયલેટ ટૅકનોલૉજી અને પદ્ધતિ અંગે કેટલાક ભ્રમ ભાંગવાનું ખૂબ જ મહત્ત્વનું છે. ગામડાંઓ માટે ખર્ચ, ટકાઉપણાં અને ફેરઉપયોગી દ્રષ્ટિએ ટ્વીન-પીટ મોડલ ખૂબ જ મહત્ત્વનું છે. ગ્રામ્ય વિસ્તારોમાં આ મોડલ ખૂબ જ પ્રભાવી બન્યું છે અને તે ઘણાં સંદર્ભોને કારણે અસરકારક છે. ગામડાંના પરિવારો આવા ટોયલેટ અપનાવે તે ખૂબ જ મહત્ત્વનું છે. આવું ટોયલેટ પરિવાર દ્વારા ખાલી કરવું (તે જ્યારે બંધ હોય ત્યારે) તે ખૂબ સરળ બાબત છે અને પર્યાવરણલક્ષી પણ છે. ઑર્ગેનિક કમ્પોસ્ટ પેદા કરીને તે ખેતી માટે પણ ઉપયોગી નિવડે છે. ઘણીવાર વરિષ્ઠ અધિકારીઓ અને પ્રતિષ્ઠીત વ્યક્તિઓ બીજા લોકોને દાખલો બેસાડવા માટે જાતે ટોયલેટ ખાલી કરતાં હોય છે. વધુને વધુ લોકોને આવું કામ કરવા ઝડપથી પ્રેરીને ટ્વીન-પીટ ટૅકનોલૉજી અપનાવવાનું આસાન બનાવી શકાય તેમ છે.

વર્તણુંકમાં પરિવર્તન અને યોગ્ય ટૅકનોલૉજી પ્રણાલી પણ ખૂબ જ મહત્ત્વની છે, કારણ કે સ્વચ્છતા દરેક વ્યક્તિની ફરજ બની રહે છે. આ માટે ખાનગી ક્ષેત્રો સહિત તમામ ક્ષેત્રો વધુને વધુ પ્રમાણમાં સ્વચ્છતાના મુખ્ય પ્રવાહ તરફ આગળ વધી રહ્યા છે અને ખાનગી ક્ષેત્રમાં એક કદમ આગળ વધીને ટાટા ટ્રસ્ટવાળા ૬૦૦ યુવા પ્રોફેશનલ્સની સ્વયં સેવકો તરીકે ભરતી કરવામાં આવી છે, જે ભારતના દરેક જિલ્લામાં એક વ્યક્તિ કામ કરે તે પ્રકારે નિમણૂંક કરવામાં આવશે. આ દ્વારા કલેક્ટરોને સ્વચ્છ ભારત મિશનના અમલમાં સહાય થશે. જાહેરક્ષેત્રમાં વડાપ્રધાનની પહેલ દ્વારા સ્વચ્છતા પખવાડિયા મનાવવા ઉપરાંત દરેક પખવાડિયે કેન્દ્રનું દરેક મંત્રાલય સ્વચ્છતા એક્શન પ્લાન (એસએપી) તૈયાર કરે છે, જેમાં સ્વચ્છતાને મુખ્ય ધ્યેય ગણીને બજેટ અંગે વિચારણા કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૭-૧૮માં તમામ મંત્રાલયોએ મળીને સ્વચ્છતા સંબંધી પ્રવૃત્તિઓ માટે રૂ.૫,૦૦૦ કરોડ સુનિશ્ચિત કર્યા છે. ગોલ્ડન ટેમ્પલ અને તિરૂપતિ ટેમ્પલ જેવા યાત્રાધામોને આંતરરાષ્ટ્રિય ધોરણોથી સ્વચ્છ રાખવા અને ગંગા નદીની આસપાસના ગામોને સ્વચ્છતા સાથે જોડીને અન્ય ક્ષેત્રોને પ્રેરણા મળે તેવું કામ થઈ રહ્યું છે.

સ્વચ્છ ભારત મિશનના અત્યંત મહત્ત્વના ઘટકોમાં પરિણોમોની ચકાસણી અને સાતત્ય જાળવી રાખવાની કામગીરી મહત્ત્વની છે. આ પ્રોગ્રામની ભરોંસાપાત્રતા વધે તે માટે પણ આ કામ મહત્ત્વનું બની રહે છે. હાલમાં એક મલ્ટી-ટાયર પ્રક્રિયા હાથ ધરાઈ છે, જેમાં જિલ્લા સ્તરે, રાજ્ય સ્તરે અને રાષ્ટ્રિય સ્તરે ત્રાહિત પક્ષ દ્વારા ચકાસણી કરવામાં આવે છે. આવા પ્રયાસોને મજબૂત બનાવવાની અને મુખ્ય પ્રવાહમાં લાવવાની ઘણી જરૂર છે. ખૂલ્લામાં શૌચ કરવાનું બંધ થાય તે મહત્ત્વનું છે, પણ આવી પદ્ધતિ ચાલુ રહે તે અંગે સતત ધ્યાન આપવાની જરૂર છે, કારણ કે અગાઉની સરકારમાં બન્યું છે તે લક્ષ્ય સિદ્ધ થયા પછી આગળ વધવાનું અટકી જવાય છે. ખૂલ્લામાં શૌચ મુક્ત બનવાની પ્રક્રિયામાં સ્થાનિક વ્યવસ્થા અને પ્રોત્સાહનો મહત્ત્વની ભૂમિકા ભજવે છે. રાજ્યો સાથે મળીને એમડીડબ્યુએફ એક પ્રોટોકોલ નક્કી કરવામાં આવ્યો છે. તેનું અસરકારક અમલીકરણ થાય તે જરૂરી છે. આ મંત્રાલય વ્યક્તિગત પરિવારના સ્તરે સ્થિતિ શું છે તેનું ધ્યાન રાખે છે અને એમઆઈએસની સાથે સાથે સ્વચ્છ એપ્પ પણ પબ્લિક ડોમેઈનમાં મૂકવામાં આવી છે.

અસરકારક ઘન અને પ્રવાહી કચરાની વ્યવસ્થા પણ આ મિશનમાં ખૂબ જ મહત્ત્વનો હિસ્સો બની રહે છે. દેશના ઘણાં ગામોમાં ઘન અને પ્રવાહી કચરાના નિકાલની વ્યવસ્થા ગોઠવાઈ છે અને ખૂલ્લામાં શૌચ મુક્તિ હાંસલ કરવાની સાથે સાથે આ પ્રવૃત્તિ આગળ વધી છે. મંત્રાલય દ્વારા એક વિલેજ ઈન્ડેક્સ નક્કી કરાયો છે, જેમાં એકંદર સ્વચ્છતા અંગે જાતે સ્કોર આપવામાં આવે છે અને પોતે જેટલી પ્રગતિ કરી હોય તેની માપણી થઈ શકે છે. આ ઈન્ડેક્સમાં ઓડીએસ સ્ટેટસ, ઘન અને પ્રવાહી કચરાના નિકાલની સ્થિતિ તથા સામાન્યપણે દેખાતી સ્વચ્છતાને ધ્યાનમાં લઈ ઓડીએફ પછીનો કુદરતી તબક્કો હાંસલ કરવા આગળ વધવામાં આવે છે.

આપણે અડધે રસ્તે છીએ. સ્વચ્છ ભારત મિશન સારી પ્રગતિ કરી રહ્યુ છે, પરંતુ કેન્દ્ર અને રાજ્ય સ્તરે સંપૂર્ણ સભાનતા પ્રવર્તે છે કે આગળનો માર્ગ ખૂબ જ લાંબો અને પડકારયુક્ત છે. પ્રધાનમંત્રીશ્રીના નેતૃત્વ હેઠળ, રાજ્યોના રાજકીય નેતાઓના સહયોગથી, સિવિલ સર્વન્ટસ અને અત્યંત મહત્ત્વના ગણાય તેવા પાયાના સ્તરે એટલે કે સરપંચના સ્તરે ખાસ કરીને મહિલા સરપંચો તરફથી એક સ્પષ્ટ ભાવના વ્યક્ત થઈ રહી છે કે આ જન આંદોલન સફળ થશે.

**લેખક ૧૯૮૧ની બેચનાં આઈએએસ અધિકારી છે અને અત્યારે ભારત સરકારનાં પેયજલ અને સફાઈ મંત્રાલયનાં સેક્રેટરી છે. તેઓ સ્વચ્છ ભારત મિશન અને રાષ્ટ્રીય ગ્રામીણ પેયજલ કાર્યક્રમનું સુકાન સંભાળી રહ્યાં છે તથા પાણી પુરવઠા અને સફાઈ ક્ષેત્રમાં ૨૦ વર્ષનો અનુભવ ધરાવે છે. તેમણે સ્વજલ પ્રોગ્રામની શરૂઆત અને અમલ કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.**

**ઈ-મેલ : param.iyer@gov.in**

## સ્વચ્છ અર્થતંત્ર તરફ ગતિ

# સ્વચ્છ અને પારદર્શક અર્થતંત્ર તરફ આગેકૂચ

**એમ. એસ. ભાનુમથી અને રોહિત દેવ જહા**




*સરકારે ભ્રષ્ટાચાર સામે લડત આપવા અને અર્થતંત્રને સ્વચ્છ બનાવવા માટે જે હિંમત દર્શાવતાં પગલાં ભર્યાં છે તેનાં પ્રશંસાજનક પરિણામો મળી રહ્યાં છે. જો આ ઝુંબેશને એટલી જ તીવ્રતાથી અને બુદ્ધિગમ્ય રીતે આગળ ધપાવવામાં આવશે તો તેનાથી આર્થિક માળખાને અને ગરીબથી માંડીને અમિરોને માટે તથા ગરીબી નિવારણની દિશામાં, ઘણા લોકો માટે રોજગાર નિર્માણમાં, તથા જેની અત્યંત જરૂર છે તે કૌશલ્ય વિકાસમાં ખૂબ જ લાભદાયી બનશે. આવી પ્રક્રિયા અમુક દર્દ વગર થઈ શકે તેમ નથી, અને પરિવર્તનની દરેક પ્રક્રિયામાં થોડુ દર્દ થાય તે અનિવાર્ય બની રહે છે. ત્યાગ વગર કશું હાંસલ થઈ શકતું નથી. અને આ કેસમાં પણ સ્વચ્છ અને પારદર્શક અર્થતંત્ર માટે ઘણી નાની કીમત ચૂકવવાની છે.*

સમૃદ્ધ શાસક રાજ્યમાં સારી રીતે શાસન કરે છે, લોકો માટે કલ્યાણ પ્રવૃત્તિઓ હાથ ધરી શકે છે અને વ્યાપારી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપતા હોવાથી લોકો પણ ટૂંક સમયમાં સમૃદ્ધ બને છે. - **ચાણક્ય**

યુનોના માનવ વિકાસ ઈન્ડેક્સમાં ભારત ગરીબ તથા જરૂરિયાતમંદ લોકોને કારણે મહદ અંશે નીચા સ્થાને રહ્યું છે. ગયા વર્ષે (HDI-૨૦૧૬) માં ભારતને ૧૮૮ દેશોમાં ૧૩૧મા સ્થાને મૂકવામાં આવ્યું હતું. સુધારાઓને હવે પછીના ઉચ્ચસ્તરે લઈ જવા માટે જે લોકો અત્યાર સુધી આર્થિક વિકાસના પરિઘ પર ઉભા છે તેમને લાભ આપવાના ધ્યેય સાથે ગંભીર પ્રયાસો હાથ ધરાઈ રહ્યા છે. આ વ્યૂહરચનાના મુખ્ય સ્થંભોમાં સમાવેશીતા, પારદર્શકતા અને વિકેન્દ્રિકરણનો સમાવેશ થાય છે. આ ત્રણ સ્તંભોના કાર્યક્ષમ અમલને કારણે સૌ પ્રથમ વખત વિકાસના લાભ સીધો લોકો સુધી પહોંચશે. કદાચ, આ ત્રણ ક્ષેત્રોમાં પારદર્શકતા એ ધર્મનિરપેક્ષ આર્થિક વિકાસ માટે ખૂબ જ મહત્ત્વની પૂર્વ ધારણા છે. આ સ્થિતિની ઊંડાણભરી તપાસ કરીએ તો ભ્રષ્ટાચાર એ એક એવો આરોપી છે કે જે શુભ ઈરાદા ધરાવતા દરેક કાર્યક્રમને નિષ્ફળ બનાવી મૂકે છે. ભ્રષ્ટાચાર કાળા નાણાંને જન્મ આપે છે અને તેની સાથે સાથે કલ્યાણ કાર્યક્રમોને અવળા માર્ગે લઈ જાય છે. સરકાર તરફ આવતા નાણાંના પ્રવાહને અવરોધે છે અને કાર્યક્રમોના ઘડતર અને તેના અમલીકરણને નિયંત્રિત કરીને વિદેશી મૂડી રોકાણને પણ અવરોધે છે, જેથી આર્થિક વિકાસ માટે જરૂરી નાણાં અને ટૅકનોલૉજી તથા દેશમાં યુવાનો માટે રોજગાર નિર્માણની પ્રવૃત્તિના દ્વાર ખોલવાની સ્થિતિ ડગમગી જાય છે.

વિશ્વ બૅન્કના જણાવ્યા મુજબ ભ્રષ્ટાચાર એ વિકસતી દુનિયા માટે એક નંબરનો જાહેર શત્રુ છે અને ગરીબ લોકોએ તેમની આવકના સૌથી વધુ ટકા રકમ લાંચ ચૂકવવામાં ગુમાવવી પડે છે. આ બાબતે ભારત પણ કોઈ અપવાદ નથી. રસપ્રદ બાબત એ છે કે સરકાર એક તરફ કાળા નાણાં સંઘરનાર લોકો સામે આક્રમક બની રહી છે તેમજ સમાંતરપણે ગરીબોને ભ્રષ્ટાચાર અને લાંચ- રૂશવતથી બચાવવા માટે પગલાં લે છે અને એ રીતે પરિણામોમાં નવીનતા લાવવા પ્રયાસ કરી રહી છે. આ હેતુથી હાથ ધરાયેલી વિવિધ પ્રકારની પહેલ (initiatives)ની આ લેખમાં ચર્ચા કરવાની છે.

**સ્વચ્છ અર્થતંત્ર તરફ ગતિ**

ભારતનો કરવેરા અને જીડીપીનો ગુણોત્તર માત્ર ૧૬.૬ ટકા છે. ૫.૫ કરોડ વ્યક્તિઓ ધરાવતા કર બેઝમાં કંપનીઓ, વ્યક્તિઓ તથા બિઝનેસના અન્ય સ્વરૂપોનો સમાવેશ થાય છે. વર્ષ ૨૦૧૬-૧૭ના આર્થિક સર્વેક્ષણમાં જણાવ્યા પ્રમાણે ભારતમાં દર ૧૦૦ મતદારોમાંથી માત્ર ૭ કરદાતા છે. ઉડીને આંખે વળગે તેવી બાબત એ છે કે છેલ્લા ૫ વર્ષમાં ૧.૨૫ કરોડથી વધુ કાર વેચાઈ છે અને માત્ર ૨૦૧૫માં જ ૨ કરોડથી વધુ વ્યક્તિઓએ વિદેશ પ્રવાસ કર્યો છે. આમ

છતાં, માત્ર ૧.૭૨ લાખ વ્યક્તિઓએ કરવેરાના હેતુથી રૂ.૫૦ લાખથી વધુ આવક બતાવી છે.

કરવેરો ભરવાનું ટાળીને ઉભા કરાયેલા કાળા નાણાં એક આર્થિક પડકાર હોવાની સાથે સાથે સામાજિક દૂષણ પણ છે. તેનાથી લાંચ-રૂશવત, ચૂંટણીઓમાં ભ્રષ્ટાચાર, સંગઠીત ગુનાખોરી અને શાહમૃગ જેવી નીતિ અપનાવીને ચીજ-વસ્તુનો ધૂમ વપરાશ કરવામાં આવે છે. તેનાથી દેશનું આર્થિક આયોજન અને દેશની નાણાકીય નીતિમત્તાને માઠી અસર થાય છે. સમગ્રપણે જોઈએ તો આવી પ્રવૃત્તિઓથી આર્થિક અસમાનતા વધે છે અને દેશના સામાજિક તાણાવાણા વિખરાય છે. સરકારે છેલ્લા ૩ વર્ષમાં કેટલાક પગલાં ભર્યા છે અને કાળા નાણાં સામે લગભગ યુદ્ધ છેડાયું હોય તેવી સ્થિતિ ઊભી કરી છે. આ પગલામાં કાનૂની અને વહીવટી કદમ દ્વારા નીતિ વિષયક સુધારાઓ, અસરકારક અમલીકરણ, ક્ષમતા નિર્માણ અને ડેટા માઈનીગ દ્વારા હાથ ધરાતી તપાસનો સમાવેશ થાય છે.

**સ્વચ્છ અર્થતંત્ર માટે કર વ્યવસ્થા**

કાળા નાણાંના દૂષણને ડામવા માટે નીચે મુજબના પથદર્શક પગલાં હાથ ધરવામાં આવ્યા છે:

● સુપ્રિમ કોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધિશ એમ.બી. શાહની આગેવાની હેઠળ સ્પેશ્યલ ઈન્વેસ્ટીગેશન ટીમ (SIT) ની રચના કાળા નાણાં શોધવાના હેતુથી કરવામાં આવી છે.

● કાળા નાણાં (નહી જાહેર કરાયેલી વિદેશની આવક અને અસ્કયામતો) તથા કરવેરા લાદતો કાયદા-૨૦૧૫ હેઠળ ૩ થી ૧૦ વર્ષની આકરી સજા સહિતના કડક દંડનીય પગલાં ભરવાની જોગવાઈ ધરાવતો અને અસરકારક પરિણામો આપી શકે તેવો કાયદો વિદેશમાં નાણાં એકઠાં કરવા સામે પગલાં લેવા માટે ઘડવામાં આવ્યો છે. કર ચોરીને પ્રિવેન્શન ઓફ મની લોન્ડરીંગ એક્ટ (PMLA) હેઠળ ગંભીર પ્રકારનો ગુનો ગણવામાં આવ્યો છે.

● ઘણાં અવરોધો છતાં વિદેશમાં ગેરકાયદે રખાયેલા રૂ.૮,૧૮૬ કરોડને કર માળખા હેઠળ આવરી લેવાયા છે.

● પનામા પેપર લીક્સના કેસમાં સંકલન અને ઝડપી તપાસ માટે મલ્ટી એજન્સી ગ્રૂપ (MAG)ની સ્થાપના કરવામાં આવી છે.

● અન્ય દેશો સાથે ડબલ ટેક્સેશન એવોઈડન્સ એગ્રીમેન્ટસ (DTAAs)/ ટેક્સ ઈન્ફોર્મેશન એગ્રીમેન્ટસ (TIEAs)/ મલ્ટીલેટરલ કન્વેન્શન્સ કરવામાં આવ્યા છે.

● આપમેળે માહિતીનું આદાન-પ્રદાન થાય તે હેતુથી કાળા નાણાં નિવારવાના વૈશ્વિક પ્રયાસોમાં સહયોગ આપવા માટે મલ્ટી લેટરલ કોમ્પિટન્ટ ઓથોરિટીમાં ભારત જોડાયું છે.

● અમેરિકા સાથે ફોરેન એકાઉન્ટ ટેક્સ કોમ્પલાયન્ટસ એક્ટ (FATCA) હેઠળ માહિતીના આદાન-પ્રદાન માટે કરાર કરાયો છે.

● મોરેશિયસ, સિંગાપુર અને સાયપ્રસ સાથે થયેલા કરારના ભંગ, કર ચોરી અને નાણાં બહાર લઈ જવાની પ્રવૃત્તિ નિવારવા કરાર અંગે ફરીથી વાટાઘાટો હાથ ધરાઈ છે.

● SIT દ્વારા પાર્ટિસિપેટરી નોટિસ (PN) મારફતે વિદેશી રોકાણ લાવવા માટે દેશમાં નાણાં પાછા લાવવાની છૂટ આપવામાં આવી છે. સેબીએ આ અંગે જાહેરાતોની જરૂરિયાતો ફરજીયાત બનાવી છે અને મનીલોન્ડરીંગ નિયંત્રિત કરવા માટે PN દ્વારા તબદીલી પર નિયંત્રણ મૂક્યું હોવાથી તેના લાભાર્થી માલિકોનો પીછો થઈ શકે.

● અન્ય વ્યક્તિના નામે કે બનાવટી નામથી થયેલા બેનામી વ્યવહારોના કિસ્સામાં બેનામી (નિયંત્રક) સુધારા ધારો-૨૦૧૬ ઘડવામાં આવ્યો છે, જે સરકારને બેનામી અસ્કયામતો- મિલકતો (કોઈપણ જાતનું વળતર આપ્યા વગર) જપ્ત કરવાની સત્તા આપે છે. આ કાયદામાં ૭ વર્ષ સુધીની સજાની જોગવાઈ કરવામાં આવી છે. મહેસૂલ વિભાગના જણાવ્યા પ્રમાણે ૨૪૫ થી વધુ બેનામી વ્યવહારો શોધી કાઢવામાં આવ્યા છે અને ૧૨૪ કિસ્સામાં રૂ.૫૫ કરોડ જેટલી રકમની મિલકતો કામચલાઉ જપ્ત કરાઈ છે.

● રૂ.૧.૩૭ લાખ કરોડ જેટલી કરચોરી પકડી પાડવા માટે ૨૩૦૬૪ સર્ચ/ સર્વે હાથ ધરવામાં આવ્યો છે, જેમાં આવક વેરા કાયદા હેઠળ ૧૭૫૨૫, કસ્ટમના કાયદા હેઠળ ૨૦૫૦૯, સેન્ટ્રલ એક્સાઈઝ હેઠળ ૧૯૧૩, સર્વિસ ટેક્સ હેઠળ ૧૧૨૦ નો સમાવેશ થાય છે.

● ૨૮૧૪ કેસમાં ફરિયાદો દાખલ કરીને ૩૮૯૩ વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી છે.

● એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા ૫૧૯ કેસમાં ૩૯૬ સર્ચ હાથ ધરાઈ છે અને ૭૯ કેસમાં ધરપકડ કરાઈ છે અને રૂ.૧૪,૯૩૩ કરોડની મિલકતો જપ્ત કરવામાં આવી છે.

● આવક જાહેર કરવાની યોજના (IDS) હેઠળ ૬૪,૨૭૫ કેસમાં રૂ.૬૫,૨૫૦ કરોડની જાહેરાત કરવામાં આવી છે અને એ દ્વારા કાળા નાણાં ધરાવતા સ્થાનિક લોકોને સ્વચ્છ બનવા માટે તક અપાઈ છે.

**બજેટ ૨૦૧૭-૧૮ Transfrom, Energise and Clean India'**

કાળા નાણાં સામેની લડત આગળ ધપાવીને નાણાંપ્રધાને નીતિ મુજબના મુખ્ય સુધારા સૂચવ્યા છે:

● માત્ર રૂ.૧૦,૦૦૦ સુધીના રોકડ ખર્ચની વિવિધ બિઝનેસને કપાત માટે છૂટ આપવામાં આવી છે.

● સખાવતી ટ્રસ્ટો એક જ સ્ત્રોત પાસેથી માત્ર રૂ.૨૦૦૦ની રોકડ રકમ સ્વિકારી શકશે.

● એક જ આર્થિક વ્યવહારમાં રૂ.૨ લાખ સુધીના રોકડ ખર્ચને મર્યાદિત કરાયું છે અને આ નિયમનો ભંગ થાય તો એટલી જ રકમનો દંડ કરવામાં આવશે.

● પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓનો ઉપયોગ કાળા નાણાં રાખવા માટે થતો હતો. આ મંડળીઓને કોમ્પ્યુટરાઈઝ કરીને જિલ્લા

મધ્યસ્થ સહકારી બૅન્કોની કોર બૅન્કીગ સિસ્ટમ સાથે જોડવામાં આવેલ છે.

●જે શેરની ખરીદી ઉપર સિક્યોરિટી ટ્રાન્ઝેક્શન ટેક્સ ચૂકવવામાં આવ્યો હોય (અને પબ્લિક ઓફર જેવા અન્ય જેન્યુઈન કિસ્સામાં) તેવા શેરના સોદાઓમાં જ લોંગ ટર્મ કેપિટલ ગેઈન ટેક્સમાંથી મુક્તિ અપાશે. આને કારણે નકલી સોદાઓ દ્વારા થતી કર ચોરી ઘટશે.

●ગુનો કરીને પરદેશ ભાગી જનારા આર્થિક ગુનેગારો સહિતના ગુનેગારોની દેશમાં આવેલી સંપત્તિ, દેશના કાયદા મુજબ તે હાજર ન થાય ત્યાં સુધી જપ્ત કરવા માટે કાયદો લાવવામાં આવશે.

●આવક વેરાના રિટર્ન ભરવા માટે અને સાથે સાથે પાન કાર્ડ મેળવવા અને જાળવવા માટે આધાર કાર્ડ ફરજીયાત બનાવવામાં આવ્યું છે. આને કારણે એક થી વધુ અને બોગસ પાન કાર્ડની સમસ્યા હલ થશે અને બૅન્કમાં ખાતા ખોલવા સહિતના વિવિધ વ્યવહારોમાં કેવાયસી વેરિફિકેશન મજબૂત બનશે.

● **પ્રમાણિક કરદાતાઓને વળતર**

સરકારનો ઉદ્દેશ કરવેરાનો પાયો વિસ્તૃત બનાવીને સુગ્રથિત સ્થિર વ્યવસ્થા ઊભી કરવાનો છે, જેનાથી કરદાતા માટે મૈત્રીપૂર્ણ અને વૃદ્ધિ માટે પોષક વ્યવસ્થા સ્થાપી શકાય. આ હેતુથી કર વ્યવસ્થા અંગે લેવામાં આવેલા કેટલાક નોંધપાત્ર પગલાં/નીતિ વિષયક ફેરફારો નીચે મુજબ છેઃ

●પાછલી અસરથી કાયદો ઘડવાની સત્તા અકબંધ રાખીને સરકારે સ્પષ્ટતા કરી છે કે સરકાર ખૂબ જ સાવચેતીથી અને વિવેક બુદ્ધિથી આ જોગવાઈનો ઉપયોગ કરશે.

●૭ શહેરોમાં કરદાતાઓ અને કર વિભાગ વચ્ચે ભૌતિક પરામર્શ થાય તે માટે તથા ખર્ચ અને સમય બચાવવા માટે ઈ-એસેસમેન્ટ હાથ ધરાયા છે.

●જે કરદાતાઓના રિટર્નમાં તેમની આવક મિસ-મેચ થતી હોય તેવા રિટર્ન પસંદ કરીને કરવામાં આવતી સ્ક્રૂટીની વિસ્તારવા અને નાના કરદાતાઓ માટે નિયમપાલનના ખર્ચમાં ઘટાડો થાય તે માટે ૨૦૧૫માં ઈ-સહયોગની રજૂઆત કરવામાં આવી છે.

●કરવેરાના કાયદાઓ અંગે સીબીડીટી અને સીબીઈસી સમયાંતરે સ્પષ્ટતાઓ કરશે અને આ હેતુથી રચાયેલી ઉચ્ચસ્તરીય સમિતિની ભલામણો અંગે વેપાર અને ઉદ્યોગ સાથે પરામર્શ કરાશે.

●સ્થાનિક કરદાતાઓ તેમની આવક વેરાની જવાબદારી નિર્ધારિત મર્યાદા કરતાં વધારે હોય ત્યારે એડવાન્સ રૂલીંગ મેળવી શકશે.

●ઈન્કમ-ટેક્સ સેટલમેન્ટ કમિશનનો વ્યાપ વિસ્તારવામાં આવ્યો છે કે જેથી કરદાતાને તક મળી શકે.

●પ્રધાનમંત્રીશ્રીની કચેરી દ્વારા મોનિટરીંગ થતું હોય તેવી મધ્યસ્થ જાહેર ફરિયાદ નિવારણ અને મોનિટરીંગ સિસ્ટમ (CPGRM) અને ઈ-નિર્માણ પોર્ટલની રચના કરવામાં આવી છે.

●પસંદગીના કરદાતાઓ માટે એક પાનાનું ઈન્કમ ટેક્સ રિટર્ન ફોર્મ સહજ બહાર પાડવામાં આવ્યું છે.

●કરવેરો ભરવાનું વલણ વધે અને ઝડપી તપાસ હાથ ધરી શકાય તે માટે આવક વેરા વિભાગ પ્રોજેક્ટ ઈનસાઈટ રચવા માટેની કામગીરી કરી રહ્યો છે, જેનાથી માહિતીને આધારે ભરાતાં પગલાં મજબૂત બનાવી શકાશે.

**નોટબંધી**

રૂ.૫૦૦ અને ૧૦૦૦ની મોટી કિંમતની ચલણી નોટો ઉપર પ્રતિબંધ મૂકીને સરકારે કર ચોરીના દૂષણને ડામવા અને ભ્રષ્ટાચારના મૂળ ઉપર ત્રાટકવાનો પ્રયાસ કર્યો છે. આ પ્રયાસનો ઉદ્દેશ નકલી નોટો બંધ કરવાનો, અર્થતંત્રનું વધુ ડીજીટાઈઝેશન કરવાનો, નાણાકીય બચતનો પ્રવાહ વધારવાનો અને અર્થતંત્રને બહેતર સ્વરૂપ આપવાનો હતો. આ બધા હેતુઓ સર થાય તો જીડીપીની ઉંચી વૃદ્ધિ પ્રાપ્ત થાય, કરવેરો ભરવાનું વલણ સુધરે અને કર આવકમાં વધારો થાય.

નોટબંધી પહેલાં લગભગ તમામ રોકડ રકમ બૅન્કીંગ પદ્ધતિમાં નાંખવામાં આવી હતી, જેથી કાયદાનું પાલન કરાવતી સંસ્થાઓ નાણાંની હેરફેર ઉપર નજર નાંખી શકે. જે રોકડ રકમો જમા કરાવાઈ તેને કારણે પાછલી તારીખથી વેચાણો, બેનામી થાપણો, જ્વેલરી, સોના-ચાંદી, લક્ઝરી માલ-સામાન અને વિદેશી હૂંડિયામણનું (પાન નંબર વગર) અજાણ્યા લોકો દ્વારા વેચાણ જેવી ઘણી કૌભાંડી પ્રવૃત્તિઓ છતી થઈ હતી. પાન કાર્ડ દર્શાવવું ન પડે તે માટે વેચાણનું વિભાજન કરવું, સહકારી બૅન્કોમાં (જ્યાં કેવાયસીના આકરાં ધોરણો અનુસરાતા નથી) નાણાં જમા કરાવવા, એક જ પાન નંબરનો ઉપયોગ કરવાને બદલે એક થી વધુ ખાતાઓમાં થાપણો રાખવા જેવી બાબતોનો સમાવેશ થાય છે.

મળેલા આંકડાઓને આધારે જાણવા મળ્યું છે કે નોટબંધી દરમિયાન રૂ.૨ લાખથી માંડીને રૂ.૮૦ લાખ સુધીની થાપણો મૂકવામાં આવી હતી, જેનો સરવાળો રૂ.૫.૪૮ લાખ કરોડ થાય છે, જેમાં ૪.૮૯ લાખ કરોડની થાપણો રૂ.૮૦ લાખથી ઉપરની હતી અને તે ૧.૪૮ લાખ ખાતાઓમાં મૂકવામાં આવી હતી. ઓપરેશન ક્લિન મનીના ભાગ તરીકે આવક વેરા વિભાગે પ્રથમ તબક્કામાં ૧૮ લાખ વ્યક્તિઓને ઈમેલ અને ટેક્સ મેસેજ મોકલાવ્યા છે. ડિપાર્ટમેન્ટની ઈ-ફાઈલીંગ વેબસાઈટ ઉપર ૧૨ લાખ ખાતાઓમાંથી પ્રતિભાવ મળ્યો છે. આ વિગતને આધારે આવક વેરા વિભાગ વધુ તપાસ કરીને સાચા કિસ્સા અલગ તારવશે. રાજ્યસભામાં અપાયેલા એક લેખિત જવાબમાં નાણાં પ્રધાને જણાવ્યું હતું કે નોટબંધી પછી હાથ ધરાયેલા સર્વે ઓપરેશનમાં આવક વેરા વિભાગે ૧૧૦૦ સર્ચમાં કુલ રૂ.૬૦૦ કરોડની રોકડ અને મૂલ્યવાન ચીજો જપ્ત કરી છે.

કર ચોરી કરતાં લોકોને સ્વચ્છ બનવાની તક આપીને સરકારે પ્રધાનમંત્રી

ગરીબ કલ્યાણ યોજનાનું આયોજન કર્યું છે. આ યોજના હેઠળ જે લોકોએ (૩૧ માર્ચ, ૨૦૧૭ સુધીમાં) રોકડ થાપણો જાહેર કરી છે તે ૫૦ ટકા કર ભરશે અને જાહેર કરેલી રકમમાંથી ૨૫ ટકા રકમ વ્યાજ વગરની પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ ડિપોઝીટ સ્કીમમાં ૪ વર્ષ માટે મૂકશે. પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના અંગે કોઈ અધિકૃત વિગતો પ્રાપ્ત થઈ નથી, પરંતુ જે કોઈ આંકડા હોય, એ બાબત મહત્ત્વની છે કે સામાન્ય લોકો પાસે અજાણતાં પડેલી રોકડ નિયમિત કરવા માટેનું માળખુ પૂરું પાડવામાં આવ્યું છે.

**ડીજીટલ ઈકોનોમી**

અર્થતંત્રમાં રોકડ રકમનું પ્રભુત્વ એ મોટા પાયે કર ચોરીનું કારણ બની રહે છે. ૨૦૧૫ના પીડબલ્યુસીના એક અહેવાલ મુજબ તમામ આર્થિક વ્યવહારોના ૯૮ ટકા અને આર્થિક વ્યવહારોના મૂલ્યના ૬૮ ટકા જેટલા વ્યવહારો ભારતમાં રોકડ દ્વારા થાય છે. નોટબંધીને કારણે ડીજીટલ આર્થિક વ્યવહારોને ભારે ગતિ પ્રાપ્ત થઈ છે. ડીજીટલ ઈકોનોમીના ઘણાં લાભ છે, પરંતુ તેના દ્વારા પારદર્શકતા ઊભી થાય છે તે મુખ્ય બાબત છે. ટ્રાન્સપરન્સી ઈન્ટરનૅશનલ દ્વારા જાહેર કરાયેલા કરપ્શન પર્સેપ્શન ઈન્ડેક્સમાં જણાવાયું છે કે કુલ આર્થિક વ્યવહારોના ૧૦ ટકાથી ઓછા વ્યવહારો રોકડેથી થાય છે. ભારત આ રેંકીંગમાં ઘણા દૂરના ૭૯મા ક્રમે છે.

નૅશનલ પેમેન્ટસ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાએ યુનિફાઈડ પેમેન્ટસ ઈન્ટરફેસ પ્લેટફોર્મનો સફળ અમલ કર્યો છે, જે ઈન્ટર-ઓપરેબિલીટી ધરાવે છે. ભીમ (૧૯૯ લાખ લોકોએ) એપ્પ ડાઉનલોડ કરી છે. આ એપ્પ અને આધાર પે વડે એકથી બીજી વ્યક્તિ સાથે અને ઓવર ધ કાઉન્ટર આર્થિક વ્યવહારો થઈ શકે છે. રિઝર્વ બૅન્ક ઓફ ઈન્ડિયાના ડેટામાં દર્શાવાયું છે કે યુપીઆઈ આધારિત આર્થિક વ્યવહારો માર્ચ ૨૦૧૭માં ૨૦ ટકા વધીને રૂ.૨૦૦૦ કરોડ થયા છે.

ડીજીટલ આર્થિક વ્યવહારોને પ્રોત્સાહિત કરવા માટે નાના અને મધ્યમ કદના રૂ.૨ કરોડ સુધીનું ટર્ન ઓવર ધરાવતા કરદાતાઓ માટે વેરાનો દર ૮ ટકાથી ઘટાડીને ૬ ટકા કરવામાં આવ્યો છે. આ ઉપરાંત સરકારે એસએડી અને પીઓએસ મશીન માટેની તથા માઈક્રો એટીએમની બીસીડી, એક્સાઈઝ/ સીવી ડ્યુટી નાબૂદ કરી છે.

સરકારે જયારે પાન કાર્ડ સાથે આધારને જોડવાનો આદેશ આપ્યો છે ત્યારે હવે પછીના પગલાં તરીકે ઘણાં લોકો હવે રૂ.૫૦,૦૦૦ થી વધુ રકમના રોકડ વ્યવહારોને આધાર દ્વારા અધિકૃત કરાશે તેવું માની રહયા છે.

**ગુડઝ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી)**

આઝાદી પછીના સૌથી મોટા કર સુધારા તરીકે જેની ગણના થાય છે તે જીએસટીનો ઉદ્દેશ અટપટી આડકતરા વેરાની વ્યવસ્થાને સરળ બનાવવાનો છે. તેનાથી એક કોમન ઈન્ડિયન માર્કેટ ઉભુ થશે, કર વહીવટ સુગમ બનશે, કરવેરો ભરવાનું વલણ વધશે, મૂડીરોકાણો અને વૃદ્ધિને વેગ મળશે તથા મહેસૂલી આવકમાં વધારો થશે. કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા લેવાતા દરેક પ્રકારના આડકતરા વેરા (કસ્ટમ ડ્યુટી સિવાયના) દૂર કરીને જીએસટી અમલમાં આવશે. સંસદમાં જીએસટી સંબંધી ૪ વિધેયકોને મંજૂરી મળતાં જીએસટી તા.૧ જુલાઈથી અમલમાં મૂકવાના લક્ષ્યાંકથી એક કદમ નજીક પહોંચાયું છે. જીએસટી માટે ઈન્ફોર્મેશન ટૅકનોલૉજી તૈયાર થઈ રહી છે અને આકરો દંડ કરવાની જોગવાઈઓ તથા કર ચોરી કરનારની ધરપકડ જેવી જોગવાઈઓને કારણે ભારતમાં કરવેરા અને જીડીપી વચ્ચનો ગુણોત્તર મધ્યમથી લાંબા ગાળામાં ઉંચો આવશે. આ ઉપરાંત બિઝનેસના આર્થિક વ્યવહારોનું સાચુ ચિત્ર પ્રાપ્ત થશે, જે સીધા કરવેરા પ્રાપ્ત થવામાં તેજી તરફ દોરી જશે.

**ચૂંટણી માટેના ભંડોળ અંગે સુધારાઃ**

વર્ષ ૨૦૦૪-૦૫ થી વર્ષ ૨૦૧૪-૧૫ સુધીમાં રાજકીય પક્ષોને અજાણ્યા સ્રોતો પાસેથી રૂ. ૭,૮૩૩ કરોડનું ભંડોળ પ્રાપ્ત થયું હતું, જે તેમની આવકનો ૬૯ ટકા હિસ્સો ધરાવે છે. એસોસિએશન ઓફ ડેમોક્રિટિક રિફોર્મની થીંક ટૅંકનો અહેવાલ આપણને વિચારતા કરી મૂકે છે. ઔદ્યોગિક અને બિઝનેસ ગૃહો દ્વારા રાજકીય ભંડોળ પૂરું પાડવામાં આવે છે. આમ છતાં આવા ગુપ્ત રાખવામાં આવતા દાનને કારણે સ્થાપિત હિતો ઉભા થાય છે. આ ભંડોળને કારણે રાજકારણીઓ અને બિઝનેસ વચ્ચે અપવિત્ર ગઠબંધન ઉભુ થાય છે, જેને કારણે રાજકારણીઓ લોકશાહીના સિદ્ધાંતો અને લોકોની ઈચ્છાને નેવે મૂકીને વળતો લાભ આપે છે. આ રીતે જોઈએ તો સ્વચ્છ અર્થતંત્ર માટે રાજકીય ભંડોળમાં પારદર્શકતા અનિવાર્ય છે.

**ભ્રષ્ટાચાર ટાળવા માટે**

આઝાદી પછી વિપુલ પ્રમાણમાં કલ્યાણ યોજનાઓ હાથ ધરાઈ હતી, જેનો ઉદ્દેશ વિકાસના ફળ ગરીબ અને જરૂરિયાતમંદ લોકો સુધી પહોંચાડવાનો હતો, પરંતુ વર્ષોથી છવાઈ ગયેલા ભ્રષ્ટાચારને કારણે આવી યોજનાઓમાં છીદ્રો જોવા મળ્યા હતા અને નાણાં અયોગ્ય લોકોના ખિસ્સામાં જતા હતા. નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ના આર્થિક સર્વેક્ષણમાં દર્શાવવામાં આવ્યું હતું કે છીદ્રોને કારણે જાહેર વિતરણ વ્યવસ્થાની ફ્લેગશીપ યોજનાઓના લાભ ગુમાવવા પડે છે. સરકારે એક નવતર યોજના શરૂ કરી છે, જે ડાયરેક્ટ બેનિફીટ ટ્રાન્સફર (ડીબીટી) તરીકે ઓળખાય છે, જેમાં નાણાં સીધા લાભાર્થીના ખાતામાં જ જમા થાય છે અને કરપ્શનને કોરાણે રાખીને યોગ્યતા ધરાવતા ગરીબ સુધી પહોંચે છે. વર્ષ ૨૦૧૪માં બૅન્કીગ સિસ્ટમને ગરીબો અને વંચિતો સુધી લઈ જવા માટે મોટી ઝૂંબેશ ચલાવાઈ હતી, તેની ઉપર ડાયરેક્ટ બેનિફીટ સ્કીમ (ડીબીટી)નું માળખું ઉભુ કરાયું છે. જનધન (તેના ૨૫.૭ કરોડ ખાતા ખોલાયા છે), આધાર (નોંધણી ૧૧૨ કરોડનો આંક વટાવી ગઈ છે) અને મોબાઈલની ત્રિપુટી દ્વારા પારદર્શકતાનો અને સમાવેશિતાનો પાયો રચાયો છે. એક

અહેવાલમાં જણાવાયું છે કે વર્તમાન સમયમાં ૧૭ મંત્રાલયોની ૮૪ યોજનાઓને ડાયરેક્ટ બેનિફીટ સ્કીમ હેઠળ આવરી લઈને રૂ.૫૦,૦૦૦ કરોડથી વધુ રકમની છેલ્લા ૩ વર્ષમાં બચત કરાઈ છે. લાભાર્થીઓની યાદી અપલોડ કરીને કોઈપણ વ્યક્તિ પારદર્શિતાનું પ્રમાણ જોઈ શકે છે.

સરકારી ખાતા/ વિભાગો, જાહેર ક્ષેત્રના એકમો તથા સ્વાયત્ત સંસ્થાઓ પાસેથી માલ-સામાન અને સર્વિસીસ મેળવવા માટે માઈન્સ એન્ડ મિનરલ્સ (ડેવલપમેન્ટ એન્ડ રેગ્યુલેશન) એક્ટ મારફતે ગવર્નમેન્ટ ઈ-માર્કેટ પ્લેસ કુદરતી સ્ત્રોતો ફાળવવાના એક માત્ર રૂટ તરીકે હરાજીને પસંદ કરીને મોટા ભ્રષ્ટાચારની શક્યતા નિવારીને કામગીરીનું સરલીકરણ કર્યું છે. આ પ્રકારના પગલાંથી ભ્રષ્ટાચારનો સ્ત્રોત નાબૂદ થયો છે અને રાષ્ટ્ર નિર્માણની પ્રવૃત્તિઓ માટે સાધનો પ્રાપ્ત થયા છે.

**અધૂરા એજન્ડા**

ક્લિન ઈન્ડિયાની રચના માટે હિંમત અને દ્રઢ નિશ્ચય દર્શાવીને સરકારે પ્રશંસાપાત્ર કામ કર્યું છે. ભ્રષ્ટાચાર નિવારણના સતત અને પદ્ધતિસરના ઉપાય તરીકે કેટલાંક પગલાં અહી દર્શાવ્યા છે તે સૂચક છે, પરંતુ તેનાથી યાદી પૂરી થતી નથી.

● અસરકારક અને ભ્રષ્ટાચાર મુક્ત કર વહીવટ માટે કરવેરાના કાયદા અને પ્રક્રિયાઓનું સરલીકરણ કરવું એ અતિ આવશ્યક શરત છે. તેમાં મુનસફી કે કાનૂની વિવાદ માટેની કોઈ સંભાવના હોવી જોઈએ નહી. વર્ષ ૨૦૧૬-૧૭ના અંદાજ પત્ર પ્રવચનમાં જણાવવામાં આવ્યું હતું કે કરવેરા અંગેના ૩ લાખ કેસ ફર્સ્ટ એપેલેટ ઓથોરિટી સમક્ષ પડતર પડેલા છે. અને એમાં વિવાદિત રકમનો આંકડો ૫.૫ કરોડે પહોંચ્યો છે.

● કાનૂની વ્યક્તિઓનો દુરૂપયોગ રોકવાનું મજબૂત કદમ ઉઠાવવાની કામગીરીનું સરલીકરણ કરવાની જરૂર છે. સમય જતાં નકલી કંપનીઓ મશરૂમની જેમ ફૂટી નીકળી છે, જે સરળ કોર્પોરેટ પ્રક્રિયાનો ગેરલાભ ઉઠાવે છે. એક જ સરનામે હજારો કંપનીઓ નોંધાવવામાં આવી છે. આવી કંપનીઓની લાક્ષણિકતા એ છે કે તેમાં એક જ કર્મચારી હોય છે અથવા તો જવાબદાર ગણી શકાય તેવો કોઈ કર્મચારી કે ડિરેક્ટર હોતો નથી. સમય જતાં આવી કંપનીઓએ ખોટાં બિલ રજૂ કરવાની, બોગસ શેર મૂડી પૂરી પાડવાની, બોગસ લોન લેવાની સુવ્યવસ્થિત પદ્ધતિ આદરી છે. તેમનો ઉપયોગ કોઈ પણ નાણાકીય વ્યવહારને ખોટો ઠરાવવા માટે થઈ શકે છે. આવી કંપનીઓને શોધવી મુશ્કેલ છે, પણ એમની સંખ્યા ઘણી મોટી છે અને આવી કંપનીઓ પકડાય તો પણ વર્તમાન પદ્ધતિમાં તેમને પૂરાવાનાં વર્તમાન ધોરણો દ્વારા કસૂરવાર ઠરાવવી મુશ્કેલ છે. ૨૦૧૩-૧૪ થી ૨૦૧૫-૧૬ દરમિયાન આવકવેરા વિભાગ દ્વારા કરાયેલી તપાસમાં ૧૫૫૫થી વધુ બોગસ કંપનીઓ /સંસ્થાઓનો ૨૨,૦૦૦થી વધુ લાભાર્થીઓએ રૂ. ૧૩,૩૦૦ કરોડથી વધુ રકમના બોગસ આર્થિક વ્યવહારો કરીને નાણાં વગે કરતાં પકડી પાડી હતી. આમ છતાં આવી કંપનીઓ સામે ફાઈલ કરાયેલી કોર્ટ અપીલનાં મિશ્ર પરિણામો મળ્યાં હતાં. આવી કંપનીઓની વ્યાખ્યા કરીને તથા તેમને ઓળખી કાઢીને તેમના દ્વારા કરાયેલા આર્થિક વ્યવહારોને આયોજનપૂર્વકનો ગુનો ગણી તેમની સામે કામ પાર પાડવા માટે સજા કરી શકાય તેવો કાયદો ઘડવાની જરૂર છે.

● કરવેરા વિભાગના કર્મચારીઓ તથા કરદાતાઓ વચ્ચે માનવ સંપર્ક ઘટાડી દેવાની જરૂર છે. જે લઘુત્તમ પરામર્શની છૂટ આપવામાં આવે તેનાં ધોરણો નક્કી થવાં જોઈએ અને તેની ઉપર જવાબદાર ઉપરી અધિકારીની નજર રહેવી જોઈએ. આવકવેરા વિભાગ દ્વારા હાથ ધરવામાં આવતુ ઈ-એસેસમેન્ટ એ યોગ્ય દિશાનું પગલું છે.

● ભારત જેમાં સભ્ય છે તે ફાયનાન્સિયલ એકશન ટાસ્ક ફોર્સ (FATF) દ્વારા એવી ભલામણ કરવામાં આવી છે કે રાષ્ટ્રોએ તેમની નાણાકીય સંસ્થાઓ સાથે રાજકીય વ્યક્તિઓ (politically exposed persons) એટલેકે જેમને મહત્ત્વની જાહેર કામગીરીની જવાબદારી સોંપાઈ હોય તેવા લોકોના બિઝનેસ અંગેના સંબંધો પારખી લઈને તેને એક દૂષણ અટકાવવાના પગલા તરીકે જાહેર કરવા જોઈએ અને તેનું યોગ્ય રિસ્ક મેનેજમેન્ટ થાય તેવા પગલાં લેવાં જોઈએ

● કેન્દ્ર સરકારમાં તથા રાજ્ય સરકારના સ્તરે કાયદાનો અમલ કરતી એજન્સીઓ વચ્ચે અત્યંત સંકલન હોવું જરૂરી છે.

**સાતત્યપૂર્વક પ્રયાસો ચાલુ રાખવા જોઈએ**

સરકારે ભ્રષ્ટાચાર સામે લડત આપવા અને અર્થતંત્રને સ્વચ્છ બનાવવા માટે જે હિંમત દર્શાવતાં પગલાં ભર્યાં છે તેનાં પ્રશંસા જનક પરિણામો મળી રહ્યાં છે. જો આ ઝુંબેશને એટલી જ તીવ્રતાથી અને બુદ્ધિગમ્ય રીતે આગળ ધપાવવામાં આવશે તો તેનાથી આર્થિક માળખાને અને ગરીબથી માંડીને અમિરોને માટે તથા ગરીબી નિવારણની દિશામાં,ઘણા લોકો માટે રોજગાર નિર્માણમાં, તથા જેની અત્યંત જરૂર છે તે કૌશલ્ય વિકાસમાં ખૂબ જ લાભદાયી બનશે. આવી પ્રક્રિયા અમુક દર્દ વગર થઈ શકે તેમ નથી, અને પરિવર્તનની દરેક પ્રક્રિયામાં થોડુ દર્દ થાય તે અનિવાર્ય બની રહે છે. ત્યાગ વગર કશું હાંસલ થઈ શકતું નથી. અને આ કેસમાં પણ સ્વચ્છ અને પારદર્શક અર્થતંત્ર માટે ઘણી નાની કીમત ચૂકવવાની છે.

**એમ વી ભાનુમતી વરિષ્ઠ ઈન્ડિયન રેવેન્યૂ સર્વિસ (આઈઆરએસ) ઓફિસર છે અને વર્ષ ૨૦૧ ૩થી દિલ્હીમાં ઈન્કમ ટેક્ષ (ઈન્વેસ્ટિગેશન)નાં પીઆર. ડિરેક્ટરની જવાબદારી સંભાળે છે. તેમણે આઈટી વિભાગમાં વિવિધ પદ પર કામ કર્યું છે.**


ઈ-મેલ:**bhanumathi@incometax.gov.in**

**રોહિત દેવ જ્હા ઈન્ડિયન રેવેન્યૂ સર્વિસ (આઈઆરએસ) ઓફિસર છે, જેઓ અત્યારે દિલ્હીમાં ઈન્કમ ટેક્ષ (ઈન્વેસ્ટિગેશન)માં આસિસ્ટન્ટ ડિરેક્ટર છે.**

ઈ-મેલ: **rohit.d.jha@incometax.gov.in**

# મજબૂત નાણાં વ્યવસ્થા માટેનાં વિવિધ પગલાં

**શિશિર સિંહા**




*નાણાં મંત્રીએ અંદાજપત્ર રજૂ કરતી વખતે એ બાબત સ્વીકારી હતી કે હવે આ 'Escape Clause નો ઉપયોગ કરવાનો સમય પાકી ગયો છે, પણ તે એવું કરવાથી દૂર રહ્યા હતા. આમ છતાં, ખાનગી ક્ષેત્રના રોકાણોમાં ઢીલાશ અને ધીમી વૈશ્વિક વૃદ્ધિના સંદર્ભમાં સરકારે વર્ષ ૨૦૧૭-૧૮ માટે ઉંચા જાહેર ખર્ચની જરૂરિયાતને ધ્યાનમાં લઈને જીડીપીના ૩.૨ ટકા જેટલી નાણાકીય ખાધનો અંદાજ મૂક્યો છે. એવી અપેક્ષા છે કે સરકાર આ દર ૩ ટકા સુધીનો રાખશે. આમ છતાં, વિશ્લેષકોએ ભવાં ઉંચા કર્યા નથી, કારણ કે આ સરકારનો ઈતિહાસ સ્પષ્ટપણે દર્શાવે છે કે તે લક્ષ્યાંક મુજબ જ નાણાકીય સ્થિતિને વળગી રહેશે. આ સરકારે મે, ૨૦૧૪માં સત્તા સંભાળી ત્યારથી મજબૂત નાણાં વ્યવસ્થા માત્ર અપનાવી નથી, પણ તેનું અનુસરણ પણ કર્યું છે અને તેને કારણે નાણાકીય ખાધ વર્ષ ૨૦૧૩-૧૪માં જીડીપીના ૪.૫ ટકા જેટલી હતી તે વર્ષ ૨૦૧૪-૧૫માં ૪.૧ ટકો અને વર્ષ ૨૦૧૫-૧૬માં ૩.૯ ટકા તથા વર્ષ ૨૦૧૬-૧૭માં ૩.૫ ટકા રહી છે. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે સરકાર નાણાકીય ખાધને વર્ષ ૨૦૧૮-૧૯માં ૩ ટકા સુધીની રાખી શકશે અને એ મુજબ ગતિવિધિ આગળ ધપશે.*

ચૂંટાયેલી સરકારે ઘણાં જૂથોને સંતોષ આપવાનો હોય છે. આમાંનું એક જૂથ મતદારો (જેમાં શાસક પક્ષ/જોડાણની તરફેણમાં મત આપનાર અને મત નહીં આપનાર પણ હોઈ શકે છે)નું પણ હોઈ શકે છે. બીજુ એક જૂથ અર્થશાસ્ત્રીઓ, રેટીંગ એજન્સીઓ, વિશ્લેષકો વગેરેનું હોઈ શકે છે. આમાંનું પહેલું જૂથ વધુને વધુ કલ્યાણલક્ષી પ્રવૃત્તિઓ ઈચ્છતું હોય છે, જ્યારે બીજું જૂથ સરકાર નાણાકીય ખર્ચ ઉપર વધુ ધ્યાન આપે તેવું ઈચ્છતું રહે છે. આ ઉપરાંત કંપનીઓનું (Corporate) એક ત્રીજુ જૂથ પણ છે. આ જૂથ વધુને વધુ કર લાભ / રાહતો માંગતુ રહે છે અને તે માને છે કે કલ્યાણલક્ષી પગલાંઓ માટે કરાતો ખર્ચ એ લોકરંજક પગલાં કરતાં કશું વિશેષ નથી.

હવે નાણાં મંત્રી માટે આ ત્રણેય જૂથોને સંતોષ આપવાનું કામ આસાન નથી. તેમણે લોકોનું તુષ્ટિકરણ કરવાનું હોય છે, કારણ કે તેમનો પક્ષ ટર્મ પૂરી થયા પછી લોકો પાસે મત માંગવા જવાનો હોય છે. તેમણે વિશ્લેષકોના જૂથ અને રેટીંગ એજન્સીઓને પણ સંતોષ આપવાનો હોય છે, કારણ કે તેમના દ્વારા જે રેટીંગ અપાય કે વિશ્લેષણ કરવામાં આવે તેને આધારે મૂડીરોકાણ આકર્ષાતું હોય છે. કૃપા કરીને એ બાબત યાદ રાખવાની રહે છે કે મૂડી રોકાણ ઠીક છે પણ તમારે તમારા પોતાના ઉદ્યોગસાહસિકો અને તમારા પોતાના ઉદ્યોગકારો ઉભા કરવા જોઈએ અને તેમના પૈસાથી ઉદ્યોગો સ્થાપવા જોઈએ. જો આવું થાય તો ત્રીજા જૂથને પણ ખુશ રાખી શકાશે. આથી આ ત્રણેય જૂથોને સંતુષ્ટ રાખવાની કોઈ સામાન્ય વ્યવસ્થા ન હોઈ શકે! આવી વ્યવસ્થાને મજબૂત નાણાં વ્યવસ્થા (Sound Fiscal Management) નીતિ તરીકે ઓળખવામાં આવે છે અને તેને નાણાકીય એકીકરણ (Consolidation) તરીકે ઓળખવામાં આવે છે.

યાદ રાખો કે મજબૂત નાણાં વ્યવસ્થા માટે માત્ર ગણિત અને આકરાં પગલાંની જરૂર પડતી નથી, પણ પરિણામલક્ષી તંત્ર વ્યવસ્થા ઉપરાંત એક વાસ્તવિક અભિગમ, માનવીય ચહેરો આવશ્યક બની રહે છે. આ બધુ ધ્યાનમાં રાખીને અહીં સરકારની મજબૂત નાણાં વ્યવસ્થા નીતિ અંગે મહત્ત્વના ૭ મુદ્દાઓ દર્શાવવામાં આવ્યા છે.

**એ. કોલસા અને વિવિધ ખનિજો તથા સ્પેક્ટ્રમની હરાજી**

અગાઉ કુદરતી સ્રોતોની ફાળવણી માટે 'ફર્સ્ટ કમ-ફર્સ્ટ સર્વ' ની નીતિ અનુસરવામાં આવી હતી, પણ જ્યારે ભારતની સુપ્રિમ કોર્ટે તેના તા.૨૫

ઓગષ્ટ, ૨૦૧૪ના ચૂકાદામાં ૨૦૪ જેટલા કોલ બ્લોકની ફાળવણીને રદ કરી ત્યારે આ વ્યવસ્થા ભ્રષ્ટાચારના વમળમાં ફસાઈ હતી. આને કારણે એવો નિર્ણય લેવામાં આવ્યો ત્યારે આ ખાણો હરાજીથી અથવા તો સરકારી કંપનીઓને ફાળવણી કરીને આપવી જોઈએ. આથી એક વટહુકમ બહાર પાડવામાં આવ્યો અને પ્રક્રિયા સરળ બને તે હેતુથી તેનું કાયદામાં રૂપાંતર કરવામાં આવ્યું અને સરકારી કંપનીઓ માટે હરાજીની પ્રથા દાખલ થઈ. અત્યાર સુધીમાં કોલસાની ૮૨ ખાણો (જેમાં કોલસાના વેચાણ માટે રાજય સરકારના સાહસોને ફાળવાયેલી કોલસાની ૬ ખાણોનો પણ સમાવેશ થાય છે) હરાજી/ ફાળવણી કરીને આપવામાં આવી. કોલસાની ૮૨ ખાણોમાંથી ૩૧ ખાણો ઈ-ઓક્શન મારફતે આપવામાં આવી અને ૫૧ ખાણોની ફાળવણી કરવામાં આવી.

આ પ્રક્રિયાને કારણે સરકારી તિજોરીને કઈ રીતે લાભ થયો ? સરકારે ૨૦૦૪ થી ૨૦૧૪ દરમિયાન ફાળવાયેલી ખાણોને કારણે પોતાની તિજોરીને થયેલી ખોટનો કોઈ અંદાજ મૂક્યો નથી, પરંતુ કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઓફ ઈન્ડિયાએ તેના અહેવાલમાં જણાવ્યું છે કે ખાનગી કંપનીઓને કોલસાની ખાણોની ફાળવણી અને ઉત્પાદનને કારણે સરકારને રૂ.૧.૮૬ લાખ કરોડનો નાણાકીય લાભ થવાનો અંદાજ છે. (કોલ ઈન્ડિયા લિમિટેડની વર્ષ ૨૦૧૦-૧૧ની ઓપનકાસ્ટ ખાણોમાં ઉત્પાદનનો સરેરાશ ખર્ચ અને સરેરાશ વેચાણ કિંમતને ધ્યાનમાં લેતાં)

હવે એવો અંદાજ મૂકવામાં આવી રહ્યો છે કે હરાજી/ફાળવણીને કારણે રૂ.૪ લાખ કરોડ જેટલી રકમ મળશે અને તેનો લાભ પશ્ચિમ બંગાળ, ઝારખંડ, મધ્ય પ્રદેશ અને છત્તીસગઢ જેવા કોલસાથી સમૃદ્ધ રાજ્યોને મળશે.

અન્ય ખનીજોની વાત કરીએ તો રાજ્ય સરકારોને માઈન્સ એન્ડ મિનરલ્સ (ડેવલપમેન્ટ એન્ડ રેગ્યુલેશન) એમેન્ડમેન્ટ એક્ટ-૨૦૧૫ હેઠળ ખાણો/ મિનરલ બ્લોકસની હરાજી હાથ ધરવાની સત્તા આપવામાં આવી છે. અત્યાર સુધીમાં આંધ્ર પ્રદેશ, છત્તીસગઢ, ઝારખંડ, કર્ણાટક, ઓડીશા, રાજસ્થાન અને મધ્ય પ્રદેશના ખનિજોના ૨૧ બ્લોકની સફળતાપૂર્વક હરાજી કરવામાં આવી છે. એવો અંદાજ મૂકવામાં આવે છે કે રાજ્યોને આ હરાજીઓ દ્વારા રૂ.૫૦,૦૦૦ કરોડથી વધુની કમાણી થશે. વધુ ૭૧ ખાણો/ ખનિજ બ્લોક્સની ૧૦ રાજયોમાં હરાજી હાથ ધરવામાં આવશે. સ્પેક્ટ્રમ એ હરાજીના સારા પરિણામો મળવાનું વધુ એક ઉદાહરણ છે. એ માટે હરાજીની પ્રથાની શરૂઆત વર્ષ ૨૦૧૨માં થઈ હતી, પરંતુ વર્તમાન સરકારે સત્તા સંભાળી તે પછી તેમાં ગતિશીલતા આવી છે. સરકારનો દાવો છે કે તેના ૩ વર્ષના શાસનકાળ દરમિયાન કોઈ તંગી પડી નથી. ૨૦૧૪-૧૫માં શૂન્ય રકમના લક્ષ્યાંક સામે સરકારે રૂ.૧૦,૭૯૧.૦૮ કરોડ મેળવ્યા છે. ૨૦૧૭ થી ૨૦૧૯ દરમિયાન રૂ.૨૧,૫૮૭ કરોડના લક્ષ્યાંક સામે રૂ.૩૩,૧૯૬.૮૭ કરોડની રકમ મળવાનો અંદાજ મૂકાયો છે.

એ બાબત સુવિદિત છે કે કુદરતી સ્રોતો ફાળવવાની પરંપરાગત પદ્ધતિને બદલે હરાજીને વધુ મહત્ત્વ આપવામાં આવ્યું છે. અત્યંત મહત્ત્વની બાબત એ છે કે ઈ-ઓક્શનનો પ્રારંભ થતાં આ પ્રક્રિયા વધુને વધુ પારદર્શક બની છે. હરાજીની પ્રક્રિયાની પ્રશંસા કરતાં ફોર્બ્ઝ મેગેઝીન જણાવે છે કે કુદરતી સ્રોતો મેળવવા માટે શારકામ અને ફાળવણીનો અધિકાર આપવાનો આ ઉત્તમ પ્રકાર છે. આ એક એવો વધુ માર્ગ છે, જેના દ્વારા ભારત વધુ સમૃદ્ધ દેશ બની શકે છે અને તેણે બનવું જ જોઈએ અને આ પ્રકારે જ હરાજીઓ હાથ ધરાવી જોઈએ.

## બી. JAM ત્રિપૂટી

મજબૂત નાણાં નીતિ માટે હરાજી એ વ્યવહારૂ અભિગમ હોય તો 'JAM' તેને માનવીય ચહેરો પૂરો પાડે છે. 'JAM' નો અર્થ જનધન, આધાર અને મોબાઈલ થાય છે. 'JAM' અંગે ઊંડાણપૂર્વક વાત કરીએ તે પહેલાં એ બાબત સમજવાની જરૂર છે કે આપણને શા માટે તેની જરૂરિયાત છે. સરકાર જન સમુદાયનું જીવનધોરણ ઊંચુ લાવવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરે છે. આવા ખર્ચ માટેનું એક અત્યંત મહત્ત્વનું સાધન સબસીડી છે. ધ ઈકોનોમિક સર્વે-૨૦૧૫-૧૬ માં જણાવવામાં આવ્યું છે કે ભારતમાં કિંમતમાં અપાતી સબસીડી ગરીબ વિરોધી ચર્ચાઓમાં અને સરકારના પોતાના ટુલકીટમાં મહત્ત્વનું સ્થાન પામી છે. કેન્દ્ર અને રાજ્ય સરકાર બંને વિવિધ પ્રોડક્ટસની કિંમતમાં રાહત આપવા માટે અને આ ચીજો ગરીબો માટે પોસાય તેવી બને તેના વ્યક્ત ઈરાદાથી સબસીડી આપે છે. ચોખા, ઘઉં, ખાંડ, કેરોસીન, એલપીજી, નેપ્થા, પાણી, વીજળી, ડીઝલ, ફર્ટિલાઈઝર, આયર્નઓર, રેલવેઝ આ બધી એવી કેટલીક ચીજો અને સેવાઓ છે કે જેમાં સરકાર સબસીડી આપે છે.

જેને માટે સબસીડી અપાય છે તેવી ચીજોનો અંદાજીત સીધો નાણાકીય ખર્ચ

આશરે રૂ.૩૭૮,૦૦૦ કરોડ અથવા તો જીડીપીના ૪.૨૪ ટકા જેટલો થાય છે. હવે મોટો સવાલ એ છે કે તેનો મહત્તમ લાભ કોને મળે છે, ગરીબોને કે અન્યને. બીજો સવાલ એ છે કે શું ગરીબોને ખરેખર લાભ મળે છે?

પ્રથમ સવાલનો જવાબ આપતાં ધ ઈકોનોમિક સર્વે- ૨૦૧૫-૧૬ માં જણાવવામાં આવ્યું છે કે સબસીડીઓ ઘણીવાર વિપરીત રીતે કામ કરે છે. આનો અર્થ એ થાય કે ગરીબ પરિવારની તુલનામાં અમીર પરિવારને સબસીડીનો વધુ લાભ મળે છે. લિક્વીફાઈડ પેટ્રોલિયમ ગેસ (એલપીજી)નું ઉદાહરણ લઈએ તો એવું કહેવામાં આવે છે કે સૌથી વધુ ગરીબ પરિવારોના ૫૦ ટકા લોકો જ એલપીજીનો ઉપયોગ કરે છે. એવું પણ કહેવામાં આવે છે કે ઘણી ઓછી આવક ધરાવતા લોકો કલ્યાણના લાભ તરીકે એલપીજી સબસીડીઓમાં માથાદીઠ ૧૦ ટકાથી ઓછો હિસ્સો મેળવે છે, જ્યારે વધુ આવક ધરાવતા લોકો કલ્યાણ યોજનાના લાભ તરીકે માથાદીઠ લગભગ ૮૦ ટકા જેટલો લાભ મેળવે છે.

કેરોસીનના કિસ્સાની વાત કરીએ તો પણ ધ ઈકોનોમિક સર્વે- ૨૦૧૫-૧૬ માં જણાવાયું છે કે સબસીડી ધરાવતા કેરોસીનના કુલ વપરાશનો માત્ર ૪૬ ટકા જ હિસ્સો ગરીબીની જીવનરેખા (બીપીએલ) હેઠળ જીવતા લોકો અથવા તો અંત્યોદય અન્ન યોજના (એએવાય) કાર્ડ ધરાવતા લોકો તથા ખર્ચ વિતરણના તળિયે પડેલા માત્ર ૪૯ ટકા પરિવારો ઉપયોગ કરે છે. આ સ્પષ્ટતા દર્શાવે છે કે સબસીડી વાળા કેરોસીનનો બહુમતિ (૫૧ ટકા) હિસ્સો બિન-ગરીબ અને લગભગ સબસીડીવાળા કેરોસીનનો ૧૫ ટકા હિસ્સો, હકિકતમાં પ્રમાણમાં સંપન્ન લોકો (૪૦ ટકા સૌથી સમૃદ્ધ) ઉપયોગ કરે છે. આનો અર્થ એ થયો કે મજબૂત નાણાં વ્યવસ્થા નીતિ વિરૂદ્ધ ઘણાં બધા છીદ્રો જોવા મળે છે. આથી હવે રસ્તો શું છે? જવાબ એ છે કે એવા લોકોને લક્ષમાં રાખો કે જેમને સરકારના ટેકા અથવા સહાયની જરૂર હોય. કેટલીક લક્ષિત યોજનાઓ છે, પણ તેમાં લક્ષિત લોકોને ઓળખવાની વૈજ્ઞાનિક અને પારદર્શક તંત્ર વ્યવસ્થાનો અભાવ હોવાથી તે સફળ પૂરવાર થઈ શકી નથી. પરિણામે ગરીબો ગરીબ રહે છે, જ્યારે સરકારનો સબસીડીનો ખર્ચ હવામાં ઉડી જાય છે.

અહીં મુખ્ય આર્થિક સલાહકાર અરવિંદ સુબ્રમણ્યમે ‘JAM‘ શબ્દ કોઈન કર્યો ત્યારે તેમણે ‘JAM‘ ને દરેકની આંખમાંથી દરેક આંસુ લૂછવાનો તેને ઉપાય ગણાવ્યો છે. હવે આપણે જોઈશું કે તે કઈ રીતે કામ કરે છેઃ

જનધન- વર્તમાન સરકારે આ યોજનાની પહેલ પ્રધાનમંત્રી જનધન યોજના હેઠળ દરેક પરિવારને બૅન્કનું ઓછામાં ઓછુ એક ખાતુ પૂરું પાડવાના ઉદ્દેશથી રજૂ કરી હતી. અત્યાર સુધીમાં ૨૮ કરોડથી વધુ ખાતા ખોલાયા છે. લક્ષિત લાભાર્થીઓ સુધી પહોંચવાનું આ પ્રથમ કદમ છે.

આધાર- આ ૧૨ આંકડાનો નંબર વ્યક્તિને અનોખી ઓળખ પૂરી પાડે છે. એવું માનવામાં આવે છે કે લગભગ દરેક પુખ્ત વ્યક્તિ પાસે આધાર નંબર છે. દરેક વ્યક્તિ એક જ આધાર નંબર રાખી શકતી હોવાથી લક્ષિત લાભાર્થીને ઓળખવાનું આસાન તો બની જ જાય છે, પણ તેને સીધો લાભ પહોંચવાની ખાત્રી પણ મળે છે. આધાર નંબરને બૅન્કના એક સક્રિય ખાતા સાથે જોડવાથી તે આવક તબદીલ કરવામાં મહત્ત્વનું બની જાય છે. આ બાબત ધ્યાનમાં રાખીને સરકારે આધાર નંબર સાથેના બૅન્કના ખાતાઓ માટે પૂરા જોશથી પ્રયાસો હાથ ધર્યા છે.

મોબાઈલ - દેશમાં એક અબજથી વધુ મોબાઈલ જોડાણો છે. ડીજીટલ પ્લૅટફૉર્મ ઉપર નાણાં વ્યવસ્થા પૂરી પાડવામાં તે મહત્ત્વના બની રહે છે. લાભાર્થીને તેના આધાર નંબર ધરાવતા બૅન્કના ખાતા સુધી લાભ પહોંચ્યો છે કે નહી તે તપાસવા મોબાઈલ સહાયક બનતો હોય તો તે તેના નાણાકીય વ્યવહારો માટે પણ તેનો ઉપયોગ કરી શકે છે. ટૅકનોલૉજીમાં પ્રગતિની સાથે સ્માર્ટ ફોન નાણાકીય વ્યવહારો માટે આવશ્યક બન્યો છે. બેઝીક અથવા તો ફીચર ફોન દ્વારા પણ વ્યક્તિ તેના બૅન્કના ખાતામાં નાણાં મોકલી કે મેળવી શકે છે.

સરકાર વર્ષ ૨૦૧૪-૧૫ થી ‘JAM‘ નો સક્રિયપણે ઉપયોગ કરતી રહી છે અને અત્યાસ સુધી તેના સારા પરિણામો મળ્યા છે. સરકારે ઘણાં પ્રસંગોએ જણાવ્યું છે કે છેલ્લા અઢી વર્ષ દરમિયાન ‘JAM‘ ત્રિપુટીનો ઉપયોગ કરીને ડાયરેક્ટ બેનિફીટ ટ્રાન્સફર દ્વારા અંદાજે રૂ.૫૦,૦૦૦ કરોડની બચત થઈ છે. જાહેર વિતરણ વ્યવસ્થામાં રૂ.૧૪,૦૦૦ કરોડની અને મનરેગામાં રૂ.૭૬૦૦ કરોડની બચત થઈ છે તથા LPG PAHAL માં રૂ.૨૬,૪૦૦ કરોડની બચત થઈ છે. આ બધાનો અર્થ એ થાય કે સરકારે કાપ મૂકીને નહી, પરંતુ અસરકારક વિતરણ વ્યવસ્થા દ્વારા ખર્ચમાં ઘટાડો કર્યો છે.

### સી. ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ

ઉપરના બે સ્તંભો નાણાં વ્યવસ્થાને વ્યવહારૂ અભિગમ અને માનવ ચહેરો પૂરો પાડતા હોય તો બિઝનેસ કરવામાં આસાની માટે પણ આવી વ્યવસ્થા ગોઠવવાની જરૂર છે અને આપણે તે જીએસટીમાં જોઈ શકીએ છીએ. જીએસટી અથવા તો ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ દ્વારા ૧ જુલાઈ, ૨૦૧૭થી નવી પરોક્ષ કર વ્યવસ્થા રજૂ કરવા સરકાર સંપૂર્ણ સજ્જ બની છે. આ નવી પદ્ધતિ એ એવી તંત્ર વ્યવસ્થા છે કે જે ભારતને એક સમાન માર્કેટનો દરજ્જો આપે છે અને અનેક એસેસમેન્ટ નાબૂદ કરે છે, કર ચોરી અટકાવે છે અને સરકારમાં વધુ આવક લઈ આવે છે. ટેક્સ - જીડીપી ગુણોત્તરને વેગ આપવા માટે પણ આ જરૂરી છે. ભારતનો પરોક્ષ ટેક્સ - જીડીપી ગુણોત્તર નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ દરમિયાન હાલની બજાર કિંમતે (કેન્દ્રના કરવેરાઓને આધારે) ૫.૨ ટકા હતો. આ ઓછા ગુણોત્તર માટે ઘણાં પરિબળો છે, જેમાં ઘણાં ક્ષેત્રોને સર્વિસ ટેક્સના માળખાથી દૂર રાખવાનું, ખેતી અને સંલગ્ન ક્ષેત્રોમાં કરવેરા નહીં લાદવાનું, નાના કદના ઉદ્યોગો માટે શરૂઆતમાં ઉંચો વેરો તથા આર્થિક-સામાજિક કારણોથી રાહત તરીકે નાણાકીય કન્સેશન પૂરાં પાડવાનો તથા અન્ય ઘણાં કારણોનો સમાવેશ થાય છે. જો કે ઘણી બધી કૃષિ પેદાશો અને ખાસ કરીને અનાજને જીએસટીની વ્યવસ્થા હેઠળ મુક્તિ આપવામાં આવે તેવી સંભાવના છે. અન્ય ઘણી બધી પ્રોડક્ટસ જીએસટી હેઠળ આવી જાય તેવી પણ સંભાવના છે. આમ છતાં આ તમામ મુક્તિઓનું ભાવિ શું હશે તે બહુ સ્પષ્ટ નથી, પરંતુ કેટલીક આશાઓ છે. આદર્શ દ્રષ્ટિકોણથી વાત કરીએ તો, તમામ નહીં, પણ મોટાભાગની કર રાહતોને જીએસટીમાંથી તબક્કાવાર દૂર કરાશે અને તેનાથી પરોક્ષ વેરાનો જીડીપી ગુણોત્તર વિકૃતિ પેદા ન થાય તે રીતે અને તટસ્થ રીતે વધશે.

જીએસટીનો ઉદ્દેશ દેશમાં એક સરખુ કર માળખું પૂરું પાડવાનો છે, કે જે કંપની ક્ષેત્રને બિઝનેસમાં આસાની ઊભી કરવામાં સહાયરૂપ બની શકે. સાથે સાથે આ નવી કર વ્યવસ્થાને કારણે કરવેરાનો પાયો વિસ્તૃત થવાની અપેક્ષા છે, જેનાથી સરકારને કરવેરાની વધુ આવકો મેળવવામાં સહાય થશે.

### ડી. Outcome બજેટ

એક સામાન્ય ફરિયાદ એ રહી છે કે ફાળવણીઓ થાય છે તેનો ખૂબ મોટો અવાજ થાય છે, પરંતુ તેનું પરિણામ ખાસ સાંભળવામાં આવતું નથી. આશા રાખીએ કે હવે પછી આવી કોઈ ફરિયાદ સાંભળવા નહી મળે અને સંસદમાં અંદાજો, પરિણામો અને નિષ્કર્ષો માપી શકાય તેવી પરિભાષામાં રજૂ થશે અને સરકારી યોજનાઓ અને પ્રોજેક્ટસના અમલ સાથે સંકળાયેલી એજન્સીઓની જવાબદેહિતા ઘણી વધી જશે. 'outlay' એ એવી રકમ છે કે જે ચોક્કસ યોજના કે પ્રોજેક્ટ માટે બજેટમાં ફાળવવામાં આવે છે, જ્યારે 'output' નો અર્થ પ્રોગ્રામની પ્રવૃત્તિઓનું સીધું અને માપી શકાય તેવું પરિણામલક્ષી પરિબળ થાય છે, જેને ભૌતિક પરિભાષામાં યુનિટસ તરીકે ઓળખવામાં આવે છે. 'outcomes' સર્વિસીસ પૂરી પાડવાથી પ્રાપ્ત થતા સુધારાઓના સંયુક્ત પરિણામો છે, જેને ઘણીવાર અગાઉના નિર્દેશકો (indicatros) અને માપદંડો (bench-marks) માં સુધારા તરીકે વ્યક્ત કરવામાં આવે છે.

એવો નિર્ણય કરવામાં આવ્યો છે કે ૬૮ મંત્રાલયો અને વિભાગોના નવા નાણાકીય output અને outcomes, બજેટના દસ્તાવેજોના ભાગ તરીકે નાણાકીય અંદાજોની સાથે જ ઉપલબ્ધ બનશે. આથી દરેક લોકો, દરેક યોજના માટે નક્કી કરાયેલા ઉદ્દેશો અને ધ્યેય સ્પષ્ટપણે જોઈ શકશે. આવી સ્થિતિને કારણે સરકારને તંત્રમાં વધુ જવાબદેહિતા લાવવામાં સહાય થશે અને આખરે લક્ષ્યાંકોને પહોંચી વળવામાં નિષ્ફળતાના મુદ્દાઓ નક્કી કરી શકશે અને તે બાબતે યોગ્ય નિર્ણય લઈ શકશે.

### ઈ. ખર્ચનું પુનઃવર્ગીકરણ

આ બજેટથી (૨૦૧૭-૧૮) ખર્ચને આયોજીત અને બિન આયોજીત એવા ભાગોમાં વર્ગીકૃત નહી કરાય. આ તફાવતને દૂર કરવામાં આવ્યો છે અને દરેક ખર્ચનું વર્ગીકરણ 'મૂડી' (Capital) અને 'આવક' (Revenue) તરીકે કરવામાં આવશે. સરકારને એવું લાગે છે કે ખર્ચના આયોજીત/બિન આયોજીત ખર્ચ તરીકે વિભાજન કરવામાં આવશે તો વિવિધ યોજનાઓ માટે ફાળવાયેલા સ્રોતોનો ત્રૂટક ત્રૂટક દ્રષ્ટિકોણ મળશે અને તેનાથી એક સર્વિસ આપવાનો ખર્ચ નક્કી કરવાનું મુશ્કેલ તો બનશે જ, પણ આઉટલેટ સાથે આઉટકમ જોડાઈ જશે. આયોજીત ખર્ચની તરફેણમાં કેન્દ્ર અને સાથે સાથે રાજ્યો દ્વારા પૂર્વગ્રહ રખાતો હોવાના કારણે અસ્કયામતોની જાળવણી અંગેના આવશ્યક ખર્ચને તથા આવશ્યક સેવાઓ પૂરા પાડવા માટેના અન્ય એસ્ટાબ્લિસમેન્ટ સંબંધી (પ્રસ્થાપિત) ખર્ચાઓને અવગણાતું

હોય તેમ જણાય છે. આયોજીત અને બિન આયોજીતને ભેગા કરવાથી, આવક અને મૂડી ખર્ચ ઉપર ધ્યાન કેન્દ્રિત કરીને બજેટલક્ષી અપેક્ષિત માળખું પૂરું પાડે તેવી અપેક્ષા છે.

**એફ. રેલવે બજેટની સાથે સામાન્ય બજેટ સંયુક્ત રાખવું**

સરકારે રેલવે બજેટ અલગ રીતે રજૂ કરવાની ૯૨ વર્ષ જૂની પરંપરાનો અંત આણ્યો છે અને હવે રેલવે બજેટ અને સામાન્ય બજેટને ભેગા કરી દેવામાં આવ્યા છે. સંયુક્ત બજેટની રજૂઆતથી રેલવેની બાબતો કેન્દ્રમાં આવશે અને સરકારની નાણાકીય સ્થિતિનું એક સમગ્રલક્ષી ચિત્ર પ્રાપ્ત થશે. આ પ્રકારે સંયુક્ત રજૂઆતથી કેટલીક પ્રક્રિયાલક્ષી જરૂરિયાતો ઘટશે અને સુશાસન તથા વિવિધ સેવાઓ પૂરી પાડવાનું પાસુ કેન્દ્રમાં રહેશે. આ પ્રક્રિયાથી રેલવે ઉપરની ડિવિડન્ડની જવાબદારી પણ પૂર્ણ થાય છે. તેનાથી ભારત સરકારને વાર્ષિક રૂ.૯૭૦૦ કરોડના ડિવિડન્ડની બચત થશે.

**જી. બજેટની તારીખ આગળ લંબાવવી**

આ વર્ષનું બજેટ તા.૧ ફેબ્રુઆરીના રોજ રજૂ કરવામાં આવ્યું હતું અને નાણાં બિલને કાયદામાં રૂપાંતરિત કરવાની પ્રક્રિયા ૩૧ માર્ચ સુધીમાં પૂર્ણ કરાઈ છે. અગાઉ આ પ્રક્રિયા મે-જૂનમાં પૂરી થતી હતી અને આખરે વિવિધ મંત્રાલયો અને વિભાગોને ૧૨ મહિનામાં ખર્ચવાના નાણાં માટે ૯ માસથી વધુ સમય મળતો ન હતો. હવે બજેટ એક મહિને વહેલુ રજૂ કરવાના કારણે તથા બજેટ સંબંધી કાનૂની કામગીરી ૩૧ માર્ચ પહેલાં પૂરી થવાથી બજેટ સાયકલ વહેલી પૂર્ણ થશે અને મંત્રાલયો તથા વિભાગો નાણાકીય વર્ષની શરૂઆતથી જ યોજનાઓના અમલીકરણ અંગે બહેતર આયોજન થાય તેની ખાત્રી રાખી શકશે તથા પ્રથમ ત્રિમાસિક ગાળા સહિત સંપૂર્ણ વર્કિંગ સેશનનો ઉપયોગ કરી શકશે. આ પ્રક્રિયાને કારણે 'લેખાનુદાન' (Vote on Account) દ્વારા નાણાં મેળવવાની જરૂરિયાત રહેશે નહી અને કરવેરા, વેરા અંગેના નવા કાનૂની પગલામાં કાનૂની ફેરફારોનું અમલીકરણ નાણાકીય વર્ષની શરૂઆતથી જ થઈ શકશે.

એ જોગાનુજોગ છે કે એ વખતની સરકાર (૧૯૯૯ થી ૨૦૦૪) દ્વારા નાણાકીય જવાબદેહિતા અને બજેટ મેનેજમેન્ટ (FRBM) અંગેનો કાયદો વર્ષ ૨૦૦૩માં ઘડી કાઢવામાં આવ્યો હતો અને તેનો ઉદ્દેશ મજબૂત નાણાં વ્યવસ્થાપન નીતિનો હતો. આ જ કાયદો વર્તમાન સરકાર દ્વારા ફરીથી લખવામાં આવ્યો છે. FRBM રિવ્યુ કમિટિ દ્વારા અહેવાલ રજૂ કરવાને પગલે પ્રક્રિયા શરૂ થઈ ચૂકી છે. આ કમિટિએ વર્ષ ૨૦૨૩ સુધીમાં સરકાર માટે દેવા સામે જીડીપી ૬૦ ટકા રખાય તેવી તરફેણ કરી છે, જેમાં ૪૦ ટકા કેન્દ્ર સરકાર માટે અને ૨૦ ટકા રાજ્ય સરકારો માટે રહેશે. આ માળખાની અંદર રહીને કમિટિએ આગામી ૩ વર્ષ સુધી ૩ ટકા નાણાકીય ખાધ થશે તેવો અંદાજ મૂક્યો છે. કમિટિએ નિર્ધારિત નાણાકીય ખાધની તુલનામાં જીડીપીમાં ૦.૫ ટકા સુધીનો ફેરફાર રહી શકે તેવું 'Escape Clauses' રાખ્યું છે. આ 'Escape Clauses' ને ધ્યાનમાં લેવા માટે કમિટિએ 'far-reaching structural refroms in economy with un-anticipated fiscal implication' (અર્થતંત્રમાં દૂરગામી માળખાગત સુધારા કે જેની નાણાકીય અસરો અંગે ચોકકસ ધારણા ન હોય) નો એક પરિબળ તરીકે સમાવેશ કરાયો છે.


નાણાં મંત્રીએ અંદાજપત્ર રજૂ કરતી વખતે એ બાબત સ્વીકારી હતી કે હવે આ 'Escape Clause નો ઉપયોગ કરવાનો સમય પાકી ગયો છે, પણ તે એવું કરવાથી દૂર રહ્યા હતા. આમ છતાં, ખાનગી ક્ષેત્રના રોકાણોમાં ઢીલાશ અને ધીમી વૈશ્વિક વૃદ્ધિના સંદર્ભમાં સરકારે વર્ષ ૨૦૧૭-૧૮ માટે ઉંચા જાહેર ખર્ચની જરૂરિયાતને ધ્યાનમાં લઈને જીડીપીના ૩.૨ ટકા જેટલી નાણાકીય ખાધનો અંદાજ મૂક્યો છે. એવી અપેક્ષા છે કે સરકાર આ દર ૩ ટકા સુધીનો રાખશે. આમ છતાં, વિશ્લેષકોએ ભવાં ઉંચા કર્યા નથી, કારણ કે આ સરકારનો ઈતિહાસ સ્પષ્ટપણે દર્શાવે છે કે તે લક્ષ્યાંક મુજબ જ નાણાકીય સ્થિતિને વળગી રહેશે. આ સરકારે મે, ૨૦૧૪માં સત્તા સંભાળી ત્યારથી મજબૂત નાણાં વ્યવસ્થા માત્ર અપનાવી નથી, પણ તેનું અનુસરણ પણ કર્યું છે અને તેને કારણે નાણાકીય ખાધ વર્ષ ૨૦૧૩-૧૪માં જીડીપીના ૪.૫ ટકા જેટલી હતી તે વર્ષ ૨૦૧૪-૧૫માં ૪.૧ ટકા અને વર્ષ ૨૦૧૫-૧૬માં ૩.૯ ટકા તથા વર્ષ ૨૦૧૬-૧૭માં ૩.૫ ટકા રહી છે. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે સરકાર નાણાકીય ખાધને વર્ષ ૨૦૧૮-૧૯માં ૩ ટકા સુધીની રાખી શકશે અને એ મુજબ ગતિવિધિ આગળ ધપશે.

**લેખક છેલ્લાં ૨૧ વર્ષથી ઈકોનોમિક અને બિઝનેસ જર્નાલિસ્ટ છે અને અત્યારે એબીપી ન્યૂઝમાં બિઝનેસ એડિટર છે.**

**ઈ-મેલ : hblshishir@gmail.com**

# સરકાર દ્વારા માળખાગત સુવિધાઓના ક્ષેત્રને ગતિશીલતા મળી

**કે.આર સુધામન**




*છેલ્લા ૧૫ વર્ષમાં માળખાગત સુવિધાઓના જે પડકાર ઉભા થયા તેમાંથી બોધપાઠ લઈને સરકારે આધુનિકિકરણ હાથ ધર્યું છે. ભારતની ૧.૨૫ અબજની વસતિમાંથી ૩૫ વર્ષથી ઓછી વય ધરાવનારા લોકોનો બે તૃતિયાંશ જેટલો હિસ્સો હોવાથી મોટા પાયે માળખાગત સુવિધાઓ વિકસાવવા સિવાય કોઈ બહેતર વ્યૂહરચના કામ આવે તેમ નથી. ભારત આર્થિક વૃદ્ધિ દર બાબતે સારી સ્થિતિ ધરાવે છે અને ચાલુ નાણાકીય વર્ષે ૭.૫ ટકા આસપાસનો વૃદ્ધિ દર રહેવાની ધારણા છે. આવું એવા સમયે બની રહયું છે કે જ્યારે ચીન જેવા દેશમાં પણ મંદીની માઠી અસર છે અને વિશ્વમાં માંગની સ્થિતિ પ્રોત્સાહક નથી. આ પરિસ્થિતિ વચ્ચે સરકાર માટે માળખાગત સુવિધાઓની ગતિને વેગ આપવાનું ખૂબ જ યોગ્ય જણાય છે. કોઈપણ સબળ અર્થશાસ્ત્રી સૂચન કરશે કે આ પ્રકારની ગતિવિધિથી જ્યારે વિશ્વના અર્થતંત્રની માંગમાં વૃદ્ધિ થશે ત્યારે જે પ્લૅટફૉર્મ રચાયું હશે તેના દ્વારા ધારણા મુજબના પરિણામો આપી શકાશે.*

નાણાં મંત્રીએ તાજેતરમાં જણાવ્યું હતું કે ભારતમાં માળખાગત સુવિધાઓની ઊણપ એટલી મોટી છે કે આ અંતર પૂરવા જતાં બે દાયકા જેટલો સમય લાગશે. સાથે સાથે વિકાસમાં આ મોટા અવરોધને કારણે જંગી મૂડીરોકાણની તકો ઊભી થઈ છે. આથી સરકારે યોગ્ય રીતે જ માળખાગત સુવિધાઓના વિકાસ તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

ખૂબ જ દેખીતી રીતે માળખાગત સુવિધાઓના વિકાસને વેગ અપાઈ રહ્યો છે. છેલ્લા ૩ વર્ષમાં આ ક્ષેત્રે જે મહત્ત્વની ગતિવિધિઓ હાથ ધરાઈ છે તે અંગે જાણકારી મેળવી લેવી જોઈએ. રેલવે, રોડ, બંદરો, શિપીંગ, નાગરિક ઉડ્ડયન, ઈનલેન્ડ વોટરવેઝ , રિન્યૂએબલ સહિતની ઉર્જા ક્ષેત્રે અદ્દભૂત પ્રગતિ સધાઈ છે અને તે કારણે કનેક્ટિવિટીમાં સહાય થઈ છે. આઝાદી પછીના ૭૦ વર્ષના ગાળામાં જરૂરિયાતની તુલનામાં આટલી નોંધપાત્ર પ્રગતિ માળખાગત સુવિધા ક્ષેત્રે સધાઈ ન હતી.

ભૌતિક માળખાગત સુવિધાઓના નિર્માણ માટે ભારતે જરૂરી શ્રમ કૌશલ્ય અને ડિજિટાઇઝેશન કરવું જરૂરી બન્યું છે. સરકારને એ બાબતનો યશ મળે છે કે સ્કિલ ઈન્ડિયા, ડિજિટલ ઈન્ડિયા અને સ્વચ્છ ઈન્ડિયા જેવી ઝુંબેશોની સાથે સાથે મેક ઈન ઈન્ડિયા દ્વારા હાથ ધરાયેલી પહેલને કારણે ભારત વિશ્વસ્તરની માળખાગત સુવિધાઓનું નિર્માણ કરીને ગ્લોબલ મૅન્યુફેક્ચરિંગ હબ બન્યું છે.

વર્ષ ૨૦૧૭માં પૂરી થતી ૧૨મી પંચવર્ષીય યોજનામાં સરકાર ૧ ટ્રિલિયન ડૉલર જેટલું મૂડીરોકાણ માળખાગત સુવિધાઓના વિકાસ માટે ખર્ચે તેવી દરખાસ્ત છે. આમાંથી મૂડીરોકાણનો નોંધપાત્ર હિસ્સો ખાનગી ક્ષેત્ર તરફથી આવી રહ્યો છે. ભારતમાં માળખાગત સુવિધા ક્ષેત્રની જે સ્થિતિ છે તે અર્થતંત્રને વૃદ્ધિના ઉંચા દર તરફ લઈ જશે. સરકારની વ્યૂહરચનામાં એક મહત્ત્વનો અને ખૂબ જ નોંધપાત્ર ફેરફાર કરાયો છે અને અત્યાર સુધીમાં પુરવઠા આધારિત વિકાસને બદલે માંગ આધારિત વિકાસ ઉપર ઝોક મૂકાયો છે. પુરવઠાને આધારે જે વ્યૂહરચના ગણાતી હતી તેને કારણે ભારતના કૃષિ ક્ષેત્રને પણ માઠી અસર થઈ છે. આવું એટલા માટે બન્યું છે કે માંગને આધારે સુવિધાઓ ઊભી થવાને કારણે રસ્તાઓ, કોલ્ડ સ્ટોરેજ અને સિંચાઈ સુવિધાઓ જેવી જરૂરિયાતો નબળી માળખાગત સુવિધાઓને કારણે ઊભી થઈ શકી નથી.

છેલ્લા ૧૫ વર્ષમાં માળખાગત સુવિધાઓના જે પડકાર ઉભા થયા તેમાંથી

બોધપાઠ લઈને સરકારે આધુનિકિકરણ હાથ ધર્યું છે. ભારતની ૧.૨૫ અબજની વસતિમાંથી ૩૫ વર્ષથી ઓછી વય ધરાવનારા લોકોનો બે તૃતિયાંશ જેટલો હિસ્સો હોવાથી મોટા પાયે માળખાગત સુવિધાઓ વિકસાવવા સિવાય કોઈ બહેતર વ્યૂહરચના કામ આવે તેમ નથી. ભારત આર્થિક વૃદ્ધિ દર બાબતે સારી સ્થિતિ ધરાવે છે અને ચાલુ નાણાકીય વર્ષે ૭.૫ ટકા આસપાસનો વૃદ્ધિ દર રહેવાની ધારણા છે. આવું એવા સમયે બની રહયું છે કે જ્યારે ચીન જેવા દેશમાં પણ મંદીની માઠી અસર છે અને વિશ્વમાં માંગની સ્થિતિ પ્રોત્સાહક નથી. આ પરિસ્થિતિ વચ્ચે સરકાર માટે માળખાગત સુવિધાઓની ગતિને વેગ આપવાનું ખૂબ જ યોગ્ય જણાય છે. કોઈપણ સબળ અર્થશાસ્ત્રી સૂચન કરશે કે આ પ્રકારની ગતિવિધિથી જ્યારે વિશ્વના અર્થતંત્રની માંગમાં વૃદ્ધિ થશે ત્યારે જે પ્લૅટફૉર્મ રચાયું હશે તેના દ્વારા ધારણા મુજબના પરિણામો આપી શકાશે. વિશ્વમાં સ્ટીલ, સિમેન્ટ વગેરે જેવા વિવિધ કોમોડિટીના ભાવ તૂટી રહ્યા છે ત્યારે માળખાગત સુવિધા ક્ષેત્ર માટે આ સ્થિતિમાં ખર્ચની દ્રષ્ટિએ ખૂબ જ ફાયદો રહેશે. પેન્શન ફંડઝ ઉપરાંત વિકસેલા અર્થતંત્રો તથા અન્ય ગ્લોબલ ઈન્વેસ્ટર પણ મૂડીરોકાણની તક માટે પ્રતિક્ષામાં છે. હાલની સ્થિતિમાં અન્ય કોઈ દેશમાં આવા જંગી અને લાંબા ગાળાના મૂડીરોકાણની ભૂખ હોય તેવી સ્થિતિ જણાતી નથી. વિશ્વના ઈન્વેસ્ટરો આ સુવર્ણ તકનું રોકડમાં રોકાણ કરવા માટે પ્રતિક્ષામાં છે.

જ્યારે ચીન જેવું ઉભરતું અર્થતંત્ર તકલીફમાં છે ત્યારે ભારતના મેક્રો-ઈકોનોમિક માપદંડો મજબૂત છે અને માળખાગત સુવિધાઓના ક્ષેત્રને ઉદ્દીપક બની રહ્યા છે. ફૂગાવાનો દર ૫ ટકાથી ઓછો છે ત્યારે, નાણાકીય ખાધ નિયંત્રણમાં લઈ શકાય તેવા સ્તરે છે. મૂડીરોકાણના દર ઘટી રહ્યા છે અને કૃષિ ક્ષેત્ર ફરીથી જોશમાં આવ્યું છે ત્યારે વિકાસના ક્ષેત્રે હરણફાળ ભરવા માટેની યોગ્ય આર્થિક સ્થિતિ જણાય છે. આગામી ૩ વર્ષમાં સરકારે ઓછામાં ઓછા અન્ય ૧ ટ્રિલિયન ડૉલર ખર્ચવાની મહત્ત્વાકાંક્ષી યોજના ઘડી કાઢી છે. આ વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં મૂડી ખર્ચ વધીને ૧૮ ટકા સુધી પહોંચી ગયો છે અને અટવાઈ પડેલા પ્રોજેક્ટસને વધુને વધુ ગતિમાં લવાઈ રહ્યા છે. ઉર્જા મંત્રાલયના જણાવ્યા મુજબ વિદેશી રોકાણકારો ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે લાંબાગાળાના મૂડી રોકાણ ક્ષેત્રે ખૂબ જ રસ દર્શાવી રહ્યા છે.

જુલાઈ ૨૦૧૪માં સરકારે અધિકૃત રીતે એવી જાહેરાત કરી હતી કે દેશમાં રેલવેની માળખાગત સુવિધાઓ અપગ્રેડ કરવાના ભાગરૂપે ૧૨૮ અબજ ડૉલર ખર્ચાશે, જેમાં નવા ટ્રેક, ૪૦૦ સ્ટેશન્સ તથા બુલેટ ટ્રેન સર્વિસ માટે ૧૫ અબજ ડૉલર અને ડેડીકેટેડ ફ્રેઈટ કોરિડોર માટે ૧૨.૫ અબજ ડૉલર ખર્ચાશે. રેલવે અને પોર્ટની કનેક્ટિવિટી દેશમાં ખૂણે ખૂણે વિકાસ પામે તે માટે વધુ ફ્રેઈટ કોરિડોરની ગયા વર્ષના રેલવે બજેટમાં જાહેરાત કરવામાં આવી છે. મુંબઈ-દિલ્હી અને લુધિયાણા-કોલકત્તા ફ્રેઈટ કોરિડોર્સની કામગીરી ઝડપભેર શરૂ થઈ ચૂકી છે. જે વધુ ફ્રેઈટ કોરિડોરની જાહેરાત કરાઈ છે તેમાં કોલકત્તા- વિજયવાડા, દિલ્હી- ચેન્નાઈ અને કોલકત્તા- મુંબઈની કામગીરી હાથ ધરાઈ છે.

સરકાર દ્વારા ૬ અબજ ડૉલરનું નૅશનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઈન્વેસ્ટમેન્ટ ફંડ સ્થાપવામાં આવ્યું છે, જેનાથી વિદેશી રોકાણકારોને માળખાગત સુવિધાના ક્ષેત્રો માટે વિશ્વાસનું નિર્માણ થશે. એનઆઈઆઈએફ એ ફંડ-ઓફ-ફંડનું પ્લૅટફૉર્મ છે, જેમાં સરકાર ૪૯ ટકા હિસ્સો ધરાવે છે. રોકડની અછત ધરાવતા જાહેરક્ષેત્રના એકમો તથા વિદેશી રોકાણકારોને નિયંત્રક હિસ્સો આપી શકાશે. એનઆઈઆઈએફ દ્વારા વિદેશના અને પ્રોફેશનલ ઈન્વેસ્ટમેન્ટ મેનેજર્સને સીડ ફંડ આપવાની ગોઠવણ થઈ છે.

માળખાગત સુવિધાઓના વિકાસ બાબતે એક મોટી સમસ્યા એ છે કે આર્થિક ઉદારીકરણ હાથ ધરાયું તે પહેલાં ૧૯૯૦ની આસપાસ સરકાર નાણાકીય સંસ્થાઓ વિકસાવવાની કામગીરીથી અળગી રહી હતી. આ ઉપરાંત તે સમયની સરકાર ગતિશીલ એવા કોર્પોરેટ બોન્ડ માર્કેટ અને ઈન્ફ્રાસ્ટ્રકર ફંડઝ જેવા લાંબાગાળાના ફંડીગથી પણ દૂર રહી હતી. આને કારણે વ્યાપારી બૅન્કોને માળખાગત સુવિધા ક્ષેત્રમાં જંગી રોકાણો કરવાની ફરજ પડી હતી. વ્યાપારી બૅન્કો તેમની પ્રકૃતિ મુજબ ટૂંકાથી મધ્યમગાળાની થાપણો મેળવે છે અને આ કારણે તે માત્ર ટૂંકા અને મધ્યમગાળા માટે ધિરાણ આપી શકે છે. માળખાગત સુવિધાઓના પ્રોજેક્ટ અંગે લાક્ષણિક બાબત એ છે કે તેમને લાંબો પ્રતિક્ષા ગાળો જરૂરી બને છે અને રોકાણનું વળતર આપવામાં આ પ્રોજેકટ ધીમા રહે છે. આથી આવી યોજનાઓ માટે ઓછા વ્યાજ દર ધરાવતા લાંબા ગાળાના ભંડોળની જરૂરિયાત ઊભી થાય છે. આ જરૂરિયાત મહદ અંશે પેન્શન અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડઝ, કોર્પોરેટ બોન્ડઝ અને ઈન્ફ્રા ફંડ્ઝ દ્વારા પૂરી પાડવામાં આવે છે.

દેશમાં આવી વ્યવસ્થાઓ નહીં હોવાના કારણે વ્યાપારી બૅન્કોને અસ્કયામતો અને જવાબદારીઓ વચ્ચે અસમતુલા છતાં સંચાલન થઈ શકે નહીં તેવી નોન-પર્ફોર્મિંગ એસેટ માટે પાયો નાંખવો પડ્યો હતો.

વર્ષ ૨૦૧૪ પછી ભારત હવે માળખાગત સુવિધાઓના વિકાસના બીજા પ્રવાહમાં ગતિ કરી રહ્યું છે અને ક્રીસીલ રેટીંગ એજન્સીના મત મુજબ ભારતને આગામી ૫ વર્ષમાં રૂ.૪૩ લાખ કરોડની જરૂરિયાત ઊભી થશે.

આનો અર્થ એ થયો કે ભારતને દર વર્ષે લગભગ ૮.૬ લાખ કરોડ જેટલા નાણાંની માળખાગત સુવિધાના હેતુ માટે જરૂર પડશે. રૂ.૪૩ લાખ કરોડમાંથી અંદાજે ૭૦ ટકાની જરૂરિયાત ઉર્જા, પરિવહન અને શહેરી સુવિધાઓ જેવા માત્ર ત્રણ જ ક્ષેત્રો માટે વપરાશે. ૧૦ થી ૧૫ વર્ષ પહેલાં જે મૂડી રોકાઈ હતી તે હવે એક્ઝીટના માર્ગે છે. આથી વિદેશી રોકાણકારોને દાખલ થવા માટે ઘણી તકો રહે છે.

રિન્યએબલ એનર્જી ક્ષેત્રે પણ રસ વધી રહ્યો છે, કારણ કે સરકારે હાલમાં દેશમાં ૩૦ ગીગા વોટની ક્ષમતા છે તેને વિસ્તારીને વર્ષ ૨૦૨૨ સુધીમાં ૧૦૦ ગીગા વોટ સુધી લઈ જવાના આયોજનોનું અમલીકરણ શરૂ કર્યું છે.

હકિકત એ છે કે માળખાગત સુવિધાઓના તમામ વર્ગોમાંથી રિન્યુએબલ એનર્જી, ધોરી માર્ગો અને રેલવેના પ્રોજેકટસ મહદ અંશે કેન્દ્ર સરકારના નિયંત્રણમાં છે અને સરકાર તેમાં નવેસરથી ધ્યાન કેન્દ્રિત કરીને પારદર્શકતા દર્શાવવાં વિશેષ ઝોક આપી શકી છે. સરકારે તાજેતરમાં માળખાગત સુવિધાઓના સોદાઓમાં મૂડીરોકાણના મુદ્દે અગાઉ જે મુનસફી આપી હતી, તે પાછી ખેંચી લીધી છે અને નિયમને આધારે વધુ પ્રમાણમાં ખાનગી અને વિદેશનું મૂડીરોકાણ મેળવવા માટે સક્રિય બની છે.

એ બાબત પણ દેખીતી રીતે સ્પષ્ટ બની છે કે હવે જાપાન, કોરીયા, અમેરિકા અને ઓસ્ટ્રેલિયા જેવા દેશો સાથે સરકારને વાતચીત થાય તે માટે ઉત્સાહ દાખવી રહી છે અને આ નીતિનું વળતર મળતું શરૂ થઈ ગયું છે.

જાપાનની કંપનીઓ ડેડીકેટેટ ફ્રેઈટ રેલ કોરીડોરમાં ૫ અબજ ડૉલરનું , કેનેડાના ૨૬૮ અબજ ડૉલરના પેન્શન ગ્રૂપ દ્વારા અંદાજે ૨ અબજ ડૉલરનું મૂડીરોકાણ કરી દેવામાં આવ્યું છે અને યુએઈ ઈન્વેસ્ટમેન્ટ ઓથોરિટી પણ એટલો જ રસ દર્શાવે છે તેમ શ્રી ગોયલે જણાવ્યું હતું.

છેલ્લા ૩ વર્ષ દરમિયાન સરકારે સર્વગ્રાહી વિકાસ હાંસલ કરવા માટે સહયોગકારી અને સ્પર્ધાત્મક ફેડરાલિઝમ તરફ ઝોક દર્શાવ્યો છે. ઘણા લાંબા સમયથી રાજ્ય અને કેન્દ્ર સરકારો વચ્ચે બીગ બ્રધર જેવા સંબંધો રહેતા હતા. વર્ષોથી એક જ સાઈઝ બધાને અનુકૂળ નિવડશે તેવો અભિગમ ભિન્ન પ્રકારે અપનાવાઈ રહ્યો હતો. આવા કારણથી જ નીતિ આયોગની સ્થાપના થઈ અને રાજ્યોને ફરીથી મજબૂત બનાવવામાં આવ્યાં.

સરકારે જનધન, આધાર અને મોબાઈલ (જામ) દ્વારા પરિસ્થિતિ પલટી શકે તેવા આર્થિક સુધારા હાથ ધર્યા. આ ત્રણના અનોખા સમન્વય વડે લાભાર્થીઓને સીધા નાણાં તબદિલ કરવાની સુવિધા ઊભી થઈ. આના વડે જેની તંગી છે તે નાણાકીય સ્ત્રોતોનું લીકેજ અટક્યું અને જાહેર ખર્ચ માટે નાણાંની ફાળવણીમાં વધારો કરી શકો. આ બાબત જાહેર ખર્ચ માટે વધેલી ફાળવણી જોતાં સ્પષ્ટ બને છે. વર્તમાન સમયની તાતી જરૂરિયાત અર્થતંત્રને અને ખાસ કરીને જયારે સ્થાનિક ખાનગી મૂડી આવી રહી નથી ત્યારે ગતિમાં લાવવાની જરૂર છે. ગુડઝ એન્ડ સર્વિસ ટેક્સ આ વર્ષે ૧ જુલાઈથી લાગુ પડશે ત્યારે સરકારની આવકોમાં વધારો થશે અને માળખાગત સુવિધાઓના ક્ષેત્રે વાર્ષિક ધોરણે ખર્ચ વધારી શકાશે. કેટલાક અભ્યાસોમાં એવો નિર્દેશ આપવામાં આવ્યો છે કે જીએસટી લાગુ પડવાથી જીડીપીની વૃદ્ધિ વધીને વાર્ષિક ૧૫.૨ ટકા સુધી પહોંચશે. આ રકમ મહદ અંશે માળખાગત સુવિધાના મૂડીરોકાણમાંથી પ્રાપ્ત થશે. જો અર્થતંત્ર વાર્ષિક ૮ થી ૯ ટકાના દરે વૃદ્ધિ પામે તો રેલવે સહિતનું લોજીસ્ટીક ક્ષેત્ર ઓછામાં ઓછા ૧ થી ૨ ટકા જેટલા વધુ દરથી વિકસી શકે તેમ છે. રેલવે દ્વારા યોગ્યપણે મૂડી ખર્ચ વધારીને વાર્ષિક ૧ લાખ કરોડના વિક્રમ સ્તરે લઈ જવામાં આવ્યું છે. રેલવે તંત્રમાં જે મૂડી ખર્ચ થઈ રહ્યો છે. તે ૩ વર્ષ પહેલાં રૂ.૪૦,૦૦૦ કરોડ હતો તે ક્રમશઃ વધી રહ્યો છે.

માર્ગ પરિવહન, ધોરીમાર્ગો અને વાહણવટા મંત્રાલય દ્વારા જાહેરાત કરવામાં આવી છે કે આગામી ૩ વર્ષના ગાળામાં સરકારનો લક્ષ્યાંક મૂડીરોકાણને રૂ.૨૫ ટ્રિલિયન (૩૭૬.૫૩ અબજ ડૉલર) સુધી લઈ જવાનો છે, જેમાં રૂ.૮ ટ્રિલિયન (૧૨૦.૪૯ અબજ ડૉલર) ૨૭ ઔદ્યોગિક ક્લસ્ટર્સ માટે અને વધારાના રૂ.૫ ટ્રિલિયન (૭૫.૩૦ અબજ ડૉલર) માર્ગો, રેલવે અને પોર્ટ કનેક્ટિવિટીના પ્રોજેક્ટસ માટે

વપરાશે. વર્ષ ૨૦૧૬માં વિશ્વ બૅન્કના લોજીસ્ટીક પર્ફોર્મન્સ ઈન્ડેક્સ (એલટીઆઈ) ૧૬૦ દેશોમાં ૩૫મા નંબરે હતો.

ભારતનું વીજ ક્ષેત્ર આગામી ૪ થી ૫ વર્ષના ગાળામાં ૨૫૦ અબજ ડૉલરનું મૂડીરોકાણ થવાની ક્ષમતા ધરાવે છે અને તે દ્વારા વીજ ઉત્પાદન, વિતરણ, પરિવહન અને સાધનોમાં મૂડીરોકાણની મોટી તકો રહેશે.

ભારતનો કન્સ્ટ્રક્શન ઈક્વિપમેન્ટ ઉદ્યોગ ૪ વર્ષના ગાળા પછી તે હાલના તેના ૨.૮ અબજ યુએસ ડૉલર સુધી પહોંચીને પુનઃજીવિત થઈ રહ્યો છે. આનો અર્થ એ થયો કે ભારતને વિદેશી રોકાણકારો તરફથી માળખાગત સુવિધાના ક્ષેત્રે મૂડીરોકાણ માટે નોંધપાત્ર રસ પેદા થઈ રહ્યો હોવાનું જણાય છે. ઘણી સ્પેનિશ કંપનીઓ માળખાગત સુવિધાઓ, હાઈસ્પીડ ટ્રેન્સ, રિન્યુએબલ એનર્જી અને સ્માર્ટ સીટીઝ વિકસાવવા અને સહયોગ કરવા માટે તત્પર છે. સ્કાયટ્રાન આઈએનસી કે જે નાસાની ટૅકનોલૉજી પાર્ટનર છે તે શહેરી પરિવહન માટે પોડ કાર સિસ્ટમ્સ વિકસાવવામાં નિપુણતા ધરાવે છે. તે સરકારની જરૂરિયાત મુજબ ભારતમાં પાયલોટ ટ્રેક પોતાના ખર્ચે બાંધવા માંગે છે. તેણે સ્કાયટ્રેનને પોડ કારના ટ્રાયલ માટે ૩માંની ૧ કંપની તરીકે શોર્ટલીસ્ટ કરી છે. ગ્લોબલ પ્રાઈવેટ ઈક્વિટી ફર્મ્સ, ઈક્વિવીટ હેજ ફંડઝ, ગ્લોબલ નોન-બૅન્કીંગ કંપનીઓ, સોવરીન વેલ્થ ફંડઝ અને ગ્લોબલ પેન્શન ફંડઝ ભારતના માળખાગત સુવિધાઓના ક્ષેત્રોમાં અબજો ડૉલરનું મૂડીરોકાણ કરવા માટે લાઈન લગાવીને ઉભા છે. દિલ્હી-મુંબઈ, લુધિયાણા-કોલકતા, કોલકતા-વિશાખાપટ્ટનમ-વિજયવાડા, ચેન્નાઈ-તુતીકોરીન, ચેન્નાઈ-બેંગલૂરૂ, બેંગલૂરૂ-મુંબઈ આ બધા ઈન્ડસ્ટ્રિયલ કોરિડોર્સ વિશ્વબૅન્ક, એડીબી અને બ્રિટીશ સહાયથી આકાર પામી રહ્યા છે. ૧૦૦ સ્માર્ટ સીટીઝના વિકાસની સાથે સાથે ટેલિકોમ સેક્ટર સહિત માળખાગત સુવિધાઓના ક્ષેત્રોમાં ભારે મૂડીરોકાણો થવાની સંભાવના છે.

પ્રધાનમંત્રીના સ્વચ્છ ભારત મિશનને કારણે મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતિ પ્રસંગે દેશમાં પીવાના શુદ્ધ પાણીની ઉપલબ્ધિ વધારવા ઉપરાંત વર્ષ ૨૦૧૯ સુધીમાં ભારતમાં ખૂલ્લામાં હાજતે જવાનો અંત આવશે. આ ઘટના પોતે પણ સ્યુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટસ, લાખો સામુદાયિક અને વ્યક્તિગત ટોયલેટસ, ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં બાયોગેસ પ્લાન્ટસમાં મોટું મૂડીરોકાણ લાવશે.

જાપાન, બ્રિટન, ફ્રાન્સ, અમેરિકા અને ચીને સરકારના સ્માર્ટ સીટી પ્રોજેક્ટસમાં રસ દાખવ્યો છે અને અબજો ડૉલર આ ક્ષેત્રોમાં રોકવાની તત્પરતા દાખવી છે.

કન્સ્ટ્રક્શન ઈન્ડસ્ટ્રી ડેવલપમેન્ટ બોર્ડ (સીઆઈડીબી) ઓફ મલેશિયાએ ભારતમાં શહેરી વિકાસ અને હાઉસિંગ ક્ષેત્રે રસ દાખવીને નવી દિલ્હી રેલવે સ્ટેશન નજીક મિની સ્માર્ટ સીટી, એક નવો ગ્રીન સીટી પ્રોજેક્ટ ઉત્તર પ્રદેશમાં ગ્રહ મુક્તેશ્વર ખાતે તથા ગંગા સ્વચ્છતા પ્રોજેક્ટમાં મૂડીરોકાણ કરવામાં રસ દર્શાવ્યો છે.

માર્ગ પરિવહન અને ધોરીમાર્ગોના મંત્રાલયે રૂ.૩.૧૭ ટ્રિલિયન (૪૭.૭ અબજ ડૉલર) નું રોકાણ કર્યું છે, જ્યારે વહાણવટા મંત્રાલયે રૂ.૮૦ હજાર કરોડ (૧૨.૦ અબજ ડૉલર) જેટલું મૂડીરોકાણ દેશમાં વિશ્વસ્તરના ધોરીમાર્ગો અને શિપીંગ ક્ષેત્રે માળખાગત સુવિધાઓ સ્થાપવા માટે કર્યું છે. વર્ષ ૨૦૧૬-૧૭ના અંત સુધીમાં ૧૫,૦૦૦ કિ.મી.ના નક્કી કરાયેલા નૅશનલ હાઈવેઝના ટાર્ગેટ સામે ફેબ્રુઆરી ૨૦૧૭ના અંત સુધીમાં કુલ ૬૬૦૪ કિ.મી.નું કેન્દ્ર સરકારના વર્ષ ૨૦૧૭-૧૮ના બજેટમાં સરકારે દેશમાં માળખાગત સુવિધાઓના ક્ષેત્રે મૂડીરોકાણને વધુ વેગ મળે તે માટે સંખ્યાબંધ પગલાં લીધા છે. માળખાગત સેવાઓ માટેના ખર્ચમાં તથા સંરક્ષણ માટેના મૂડી ખર્ચમાં અનુક્રમે ૧૦ ટકા અને ૧૫ ટકાનો વધારો કરવામાં આવ્યો છે અને એ દ્વારા ૨૦.૬ ટકા વધારા સાથે અનુક્રમે રૂ.૩,૯૬,૧૩૫ કરોડ (૫૯.૧૮ અબજ ડૉલર) તથા રૂ.૮૬.૪૮૮ કરોડ (૧૩.૧ અબજ ડૉલર) નો ખર્ચ થશે. રેલવે ખર્ચ માટેની ફાળવણી ૮ ટકા વધીને રૂ.૧,૩૧,૦૦૦ કરોડ (૧૯.૫૮ અબજ ડૉલર) થઈ છે. એ દ્વારા વર્ષ ૨૦૧૭-૧૮માં ૩૫૦૦ કિ.મી.ની રેલવે લાઈનો નંખાશે. એફોર્ડેબલ હાઉસિંગને ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો દરજ્જો, લાંબા ગાળાના કેપિટલ ગેઈન્સમાં લોક-ઈન પિરિયડ તથા જમીન અને મકાનો માટેનો કેપિટલ ગેઈન ૩ વર્ષથી ઘટાડીને ૨ વર્ષનો કરવામાં આવ્યો છે.

ભારતીય રેલવે પણ ૫ અબજ ડૉલરનું રેલ્વેઝ ઓફ ઈન્ડિયા ડેવલપમેન્ટ ફંડઝ (આરઆઈડીએફ) ની સ્થાપના કરવા માંગે છે, જેના દ્વારા રેલવેને વિવિધ માળખાગત સુવિધાઓના પ્રોજેક્ટ માટે નાણાં ઉભા કરવા બજારમાંથી ફંડની વ્યવસ્થા થશે.

રૂ.૫૯,૯૭૮.૨૯ કરોડ (૮.૯૬

અબજ ડૉલર) નો વધારાનો ખર્ચ સરકારની ગ્રામ્ય રોજગાર યોજનાને સહયોગ માટે, ગ્રામ્ય વિસ્તારમાં માળખાગત સુવિધાઓ સ્થાપવા માટે, શહેરી વિકાસ તથા ફાર્મ ઈન્સ્યોરન્સ માટે ફાળવવાની જાહેરાત કરવામાં આવેલ છે.

વહાણવટા મંત્રાલય ૩૭ નૅશનલ વોટર વેઝનો વિકાસ હાથ ધરવા માંગે છે, જેમાંથી ૧૧ નૅશનલ વોટર વેઝનું એક્ટ-૨૦૧૬ હેઠળ આગામી ૩ વર્ષમાં નિર્માણ કરવાની જાહેરાત કરાઈ છે, તેનાથી એકંદર લોજીસ્ટીક ખર્ચમાં ઘટાડાની હકારાત્મક અસર થવાની સંભાવના છે. પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના (પીએમકેએસવાય) અને એસીલરેટેડ ઈરિગેશન બેનીફિટ પ્રોગ્રામ (એઆઈબીપી) હેઠળ ૨૩ પ્રાયોરિટી-૧ પ્રોજેક્ટસ વર્ષ ૨૦૧૬-૧૭માં, ૩૧ પ્રાયોરિટી-૨ પ્રોજેક્ટસ વર્ષ ૨૦૧૭-૧૮ સુધીમાં અને બાકીના ૪૫ પ્રાયોરિટી-૩ પ્રોજેક્ટસ ડીસેમ્બર, ૨૦૧૯ સુધીમાં પૂરા કરાશે.

સરકાર શહેરી વિસ્તારોમાં કાર્બન ફૂટ પ્રિન્ટ ઘટાડવા માટે આગામી ૫ વર્ષમાં રૂ.૮૦,૦૦૦ કરોડ (૧૧.૯૪ અબજ ડૉલર) ના મૂડીરોકાણથી ૮૦૦૦ કિ.મી.ની ફૂટપાથ અને ૧૦૬ શહેરોમાં વધુ સાયકલ ટ્રેક ઉભા કરશે.

સેન્ટ્રલ ઈલેક્ટ્રીસીટી ઓથોરિટી (સીઈએ) ભારતના પાવર ટ્રાન્સમિશન ક્ષેત્રમાં ૧૩મી યોજના (૨૦૧૭-૨૨) દરમિયાન રૂ.૨.૬ લાખ કરોડનું રોકાણ કરીને ઈન્ટર રિજીયોનલ લીંક દ્વારા ૪૫,૭૦૦ મેગા વોટની ક્ષમતા ઊભી કરવા માંગે છે.

રૂ.૩૫,૬૦૦ કરોડ (૫.૩૨ અબજ યુએસ ડૉલર) ટોલ-ઓપરેટ-ટ્રાન્સફર ધોરણે ભંડોળ ઉભું કરવા માટે વપરાશે અને તેનાથી ૨૭૦૦ કિ.મી.ની લંબાઈના માર્ગ બાંધકામ માટે ભંડોળ પૂરું પાડવા નાણાં મળી રહેશે.

શહેરી વિકાસ મંત્રાલયે અટલ મિશન ફોર રિજુવેનેશન અને અર્બન ટ્રાન્સફોર્મેશન (અમૃત) યોજના હેઠળ રૂ.૨,૮૬૩ કરોડ (૪૩૩ મિલિયન ડૉલર) વર્ષ ૨૦૧૭ થી ૨૦૨૦ સુધીમાં શહેરી માળખાગત સુવિધાઓમાં સુધારા માટે ફાળવાયા છે.

એરપોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (એએઆઈ) વર્ષ ૨૦૧૭-૧૮માં તેના મૂડી ખર્ચમાં ૨૫ ટકા વધારો કરીને રૂ.૨૫૦૦ કરોડ (૦.૩૭ અબજ ડૉલર) મુખ્યત્વે ૧૨ એરપોર્ટસ ઉપર વધેલા એર ટ્રાફિકને પહોંચી વળવા ક્ષમતા વિસ્તરણ માટે વપરાશે તેવું એએઆઈના ચેરમેન જણાવે છે. એએઆઈ સીટી-સાઈડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ભારતના ૧૩ રિજીયોનલ એરપોર્ટસ પર ખાનગી કંપનીઓના સહયોગથી હોટેલ્સ, કાર પાર્કસ અને અન્ય સુવિધાઓ માટે ખર્ચવાની યોજના ધરાવે છે તથા એ દ્વારા નોન- એરોનોટિકલ આવકોને ગતિ આપશે.

ભારત સરકારે દેશમાં ૧૦૦ સ્માર્ટસીટીના નિર્માણ માટે રૂ.૫૦,૦૦૦ કરોડ (૭.૩૪ અબજ ડૉલર) ફાળવ્યા છે. સરકારે ૯૩ અબજ યુએસ ડૉલરના હાઈવે પ્રોજેક્ટસની જાહેરાત કરી છે, જેમાં સરકારના ફ્લેગશીપ નૅશનલ હાઈવેઝ બિલ્ડીગ પ્રોજેક્ટ (એનએચડીપી) આગામી ૩ વર્ષમાં ૪૫ અબજ ડૉલરના મૂડીરોકાણ દ્વારા હાથ ધરાશે.

આ બધા આંકડાઓ દર્શાવે છે કે અંદાજપત્રમાં માળખાગત સુવિધાના ક્ષેત્રને વેગ આપવામાં આવ્યો છે, જે છેલ્લા ૩ વર્ષ દરમિયાન સરકારે કરેલા પ્રયાસોનું સમાપન કરશે. આમાં જરૂરી કાનૂની માળખું ઉભુ કરવાના નિર્ણયોમાં પારદર્શકતા અને પ્રોજેક્ટસને ઝડપી મંજૂરીનો સમાવેશ થાય છે.

હવે ભારતનું પોર્ટ સેક્ટર આગામી વર્ષોમાં ઘણો વિકાસ કરવા માટે સજ્જ બન્યું છે. આ વિભાગ દ્વારા અંદાજ મૂકાયો છે કે વર્ષ ૨૦૧૭ના અંત સુધીમાં મેજર પોર્ટ ઉપર પોર્ટ ટ્રાફિક ૯૪૩.૦૬ મિલિયન ટન જેટલો રહેશે અને માઈનોર પોર્ટસ ઉપર ૮૧૫.૨૦ મિલિયન ટન જેટલો રહેશે.

આ બધાની સાથે એવિએશન બજાર વર્ષ ૨૦૨૦ સુધીમાં ૩૩૬ મોટા અને અંદાજે ૧૨૦ અબજ ડૉલરના નિર્ધારિત મૂડીરોકાણ દ્વારા ઈન્ટરનૅશનલ પેસેન્જર્સને રૂ.૮૫ મિલિયનનો લાભ થશે. દેશમાં માળખાગત સુવિધાઓનો વિકાસ ગળાકાપ સ્પર્ધાથી છેલ્લા ૩ વર્ષથી આગળ વધી રહ્યો છે અને અર્થતંત્રને ટેક-ઑફ તબક્કેથી હાઈ ગ્રોથ ટ્રેજેક્ટરી તરફ લઈ જશે.

રોડ સેક્ટર દૈનિક ૨ થી ૩ કિ.મી.ના હાઈવે બાંધતું હતું અને આજે દરરોજ ૪૦ કિ.મી.ના હાઈવેનું નિર્માણ થાય છે અને તેમાં આગામી મહિનાઓમાં વધુ સુધારો થવાની સંભાવના છે. માર્ગો, રેલવે, પોર્ટસ, મેટ્રો તેમજ રેલવેના અન્ય પ્રોજેક્ટસ હોય તો પણ આ માળખાગત વિકાસનું ચિત્ર હવે દ્રશ્યમાન બન્યું છે.

**લેખક પત્રકારત્વમાં ૪૦ વર્ષનો બહોળો અનુભવ ધરાવે છે, જેમાં પ્રેસ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા, ફાઈનાન્સિયલ ક્રોનિકલમાં ઈકોનોમિક એડિટર્સની ભૂમિકા સામેલ છે.**

ઈ-મેલ : **sudhaman23@gmail.com**

# ડિજિટલ ઈન્ડિયા કાર્યક્રમઃ ભારતની ડિજિટલ સક્ષમ સમાજ અને નૉલેજ આધારિત અર્થતંત્રમાં કાયાપલટ કરવી

ડૉ. ઓમકાર રાય

Digital India
Power To Empower

*જ્યારે ભારત જેવા પ્રગતિશીલ દેશમાં મોટા ભાગની વસતિ યુવા છે, ત્યારે રાષ્ટ્રનાં સામાજિક-આર્થિક સૂચકાંકને વેગ આપવા તેની નવેસરથી કાયાપલટ કરવાની જરૂર છે અને આ માટે તર્કબદ્ધ રીતે આયોજન કરવું આવશ્યક છે.*

*જ્યારે વૈશ્વિક સ્થિતિસંજોગોમાં સમાજ બદલાઈ રહ્યો છે, ત્યારે આ તબક્કે ટૅકનોલૉજી, ખાસ કરીને ઈન્ફોર્મેશન ટૅકનોલૉજી (આઈટી)માં ઝડપથી પરિવર્તનનો પવન ફૂંકાઈ રહ્યો છે, જેણે સરકારને શાસનમાં દરેક નાગરિકને સહભાગી બનાવવા તેમને ડિજિટલ માધ્યમો થકી જોડીને આઈટીને વિકાસનું મુખ્ય સંચાલક પરિબળ બનાવવા વિચારતી કરી છે. હાલની સરકાર નાગરિકોને ડિજિટલ સિટીઝન બનાવવા અને વ્યવસ્થામાં પારદર્શકતા સાથે કુશળ શાસન માટે માહિતીની સુલભતા પ્રદાન કરવા પ્રયાસરત છે. આ ધનિક અને ગરીબ એમ તમામ નાગરિકો માટે સુશાસન લાવી ડિજિટલ ઈન્ડિયા કાર્યક્રમને અસરકારક બનાવવાનું મહત્ત્વપૂર્ણ પરિબળ છે.*

સહભાગી, સર્વસમાવેશક, જવાબદાર અને પારદર્શક સરકારનું નિર્માણ કરવા ડિજિટલ ઈન્ડિયા નાગરિકોને ડિજિટલ માધ્યમોમાં સક્ષમ બનાવીને દુનિયાની સૌથી મોટી લોકશાહીને મજબૂત બનાવવા નવી પદ્ધતિઓને આગળ વધારે છે

**ડિજિટલ ઈન્ડિયા કાર્યક્રમની જરૂરિયાત**

દરેક શરૂઆતનું એક કારણ હોય છે – જેના માટે સમાજના મૂળભૂત સિદ્ધાંતોનાં વિશેષ અધિકારોને આધુનિક સ્વરૂપ આપવા ક્રાંતિકારી વિચારોની જરૂર હોય છે. ભારત વિશ્વની સૌથી વધુ ઝડપથી વૃદ્ધિ પામતું અર્થતંત્ર બની રહ્યું છે, ત્યારે તે સહભાગી લોકશાહી તરફ પ્રગતિ કરે એ જરૂરી છે. તેમાં દરેક નાગરિકોને સરકારી માહિતી સુલભ થવી જોઈએ, સરકારી નીતિઓ પર ચર્ચા થવી જોઈએ તથા આર્થિક અને સામાજિક વિભાજનને ધ્યાનમાં રાખ્યા વિનાં નીતિનિર્માણમાં નાગરિકોએ પ્રદાન કરવું જોઈએ. અત્યારે શાસન એકમાર્ગીય પ્રક્રિયા નથી, પણ તે સર્વસમાવેશક, હેતુપૂર્વકની અને સહસર્જનાત્મક પ્રક્રિયા વધારે છે.

જ્યારે ભારત જેવા પ્રગતિશીલ દેશમાં મોટા ભાગની વસતિ યુવા છે, ત્યારે રાષ્ટ્રનાં સામાજિક-આર્થિક સૂચકાંકને વેગ આપવા તેની નવેસરથી કાયાપલટ કરવાની જરૂર છે અને આ માટે તર્કબદ્ધ રીતે આયોજન કરવું આવશ્યક છે.

જ્યારે વૈશ્વિક સ્થિતિસંજોગોમાં સમાજ બદલાઈ રહ્યો છે, ત્યારે આ તબક્કે ટેકનોલૉજી, ખાસ કરીને ઈન્ફોર્મેશન ટેકનોલૉજી (આઈટી)માં ઝડપથી પરિવર્તનનો પવન ફૂંકાઈ રહ્યો છે, જેણે સરકારને શાસનમાં દરેક નાગરિકને સહભાગી બનાવવા તેમને ડિજિટલ માધ્યમો થકી જોડીને આઈટીને વિકાસનું મુખ્ય સંચાલક પરિબળ બનાવવા વિચારતી કરી છે. હાલની સરકાર નાગરિકોને ડિજિટલ સિટીઝન બનાવવા અને વ્યવસ્થામાં પારદર્શકતા સાથે કુશળ શાસન માટે માહિતીની સુલભતા પ્રદાન કરવા પ્રયાસરત છે. આ ધનિક અને ગરીબ એમ તમામ નાગરિકો માટે સુશાસન લાવી ડિજિટલ ઈન્ડિયા કાર્યક્રમને અસરકારક બનાવવાનું મહત્ત્વપૂર્ણ પરિબળ છે.

**ડિજિટલ ઈન્ડિયા પ્રોગ્રામનું સંચાલન કરતાં ત્રણ વિઝન**

દરેક કાર્યક્રમ તેનાં મુખ્ય વિઝન દ્વારા સંચાલિત હોય છે. ડિજિટલ ઈન્ડિયા પણ આઈટીની ક્ષમતાનો ઉપયોગ કરીને શાસન અને સરકારી સેવાઓની વર્તમાન ઈકોસિસ્ટમ બદલવાનું વિઝન ધરાવે છે. હકીકતમાં ઈન્ડિયન ટેલેન્ટ (આઈટી – ભારતીય પ્રતિભા) + ઈન્ડિયન ટૅકનોલૉજી (આઈટી – ભારતીય ટૅકનોલૉજી) = ઈન્ડિયન ટૂમોરો (આઈટી) – ભારતને

ડિજિટલ રીતે જોડાયેલ દેશ બનાવવા ભાર મૂકે છે. જ્યારે ડિજિટલ ઇન્ડિયા પ્રોગ્રામ લૉંચ કરવામાં આવ્યો, ત્યારે ભારત સરકારે આ કાર્યક્રમ માટેનું સ્પષ્ટ વિઝન રજૂ કર્યું હતું. તેનો આશય ભારતને ડિજિટલ સમાજ અને નૉલેજ આધારિત અર્થતંત્ર બનાવવાનો છે. ડિજિટલ ઇન્ડિયા ત્રણ મુખ્ય બાબતો ધરાવે છેઃ દરેક નાગરિકોનાં મુખ્ય વપરાશ તરીકે ડિજિટલ માળખું, માગ પર શાસન અને સેવાઓ, તથા નાગરિકોનું ડિજિટલ સશક્તિકરણ.

વિઝન પૉઇન્ટ તરીકે "દરેક નાગરિકને મુખ્ય યુટિલિટી તરીકે ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર" ડિજિટલ ઇન્ડિયાનાં વિસ્તૃત લક્ષ્યાંકોને હાંસલ કરવામાં મદદરૂપ થશે. પારદર્શક અને સુશાસિત દેશનું નિર્માણ કરવાની પૂર્વશરત સારી રીતે જોડાયેલ રાષ્ટ્ર છે. સરકારનો હેતુ અંતરિયાળ વિસ્તારોમાં રહેતાં ભારતીય ગ્રામીણજનોને બ્રૉડબેન્ડ અને હાઈ સ્પીડ ઇન્ટરનેટ મારફતે ડિજિટલ માધ્યમથી જોડવાનો છે. તેનાથી દરેક નાગરિકને ઇગવર્નન્સ સેવાઓ સુલભ થશે, સામાજિક લાભ મળશે અને નાણાકીય સર્વસમાવેશકતા હાંસલ થઈ શકશે.

"માગ પર શાસન અને સેવાઓ" બીજું વિઝન છે, જે શાસનની પ્રક્રિયામાં પારદર્શકતા અને ઝડપ લાવવા પર કેન્દ્રિત છે. ઘણી રાજ્ય સરકારોએ દાયકાથી ઇગવર્નન્સની પહેલ શરૂ કરી છે, છતાં સરકારી યોજનાઓ અને કાર્યક્રમોમાં નાગરિકોની સર્વસમાવેશકતા હજુ પણ પ્રગતિનાં તબક્કામાં છે. જ્યારે રાજ્ય અને કેન્દ્ર સરકારોએ પેપર-વર્ક્સનું કમ્પ્યુટરાઇઝેશન અને નીતિનિર્માણની પ્રક્રિયાનું ઓટોમેશન શરૂ કર્યું, ત્યારે ઇગર્વનન્સની શરૂઆત થઈ હતી.

ત્રીજું વિઝન "નાગરિકોનું ડિજિટલ સશક્તિકરણ" પર કેન્દ્રિત છે. ડિજિટલ જોડાણ તમામ નાગરિકો માટે સમાન ક્ષેત્ર ઊભું કરે છે. અત્યારે ભારતમાં તમામ સામાજિક-આર્થિક તબક્કાઓનાં લોકો ડિજિટલ માધ્યમોનો ઉપયોગ કરવાથી વાકેફ છે, જે માટે ઇન્ટરનેટ અને મોબાઇલ ફોનની ક્રાંતિ જવાબદાર છે. ડિજિટલ ઇન્ડિયા કાર્યક્રમનો ઉદ્દેશ ડિજિટલ સાક્ષરતા, ડિજિટલ સંસાધનો અને સહયોગાત્મક ડિજિટલ પ્લેટફોર્મ્સ પર ધ્યાન કેન્દ્રિત કરીને ભારતને ડિજિટલ સક્ષમ સમાજમાં પરિવર્તિત કરવાનો છે.

### ડિજિટલ ઇન્ડિયા પ્રોગ્રામનાં મુખ્ય આધારસ્તંભો

કોઈ પણ કાર્યક્રમને સફળ બનાવવા નક્કર માળખાની જરૂર હોય છે. ડિજિટલ ઇન્ડિયા કાર્યક્રમને સૌથી કાર્યદક્ષ પહેલ બનાવવા ભારત સરકારે ડિજિટલ ઇન્ડિયાનાં નવ આધારસ્તંભ વ્યાખ્યાયિત કર્યા છે. દરેક સ્તંભ કાર્યક્રમની કાર્યસીમાઓને સહકાર આપવાની સાથે કાર્યક્રમની સતત સફળતામાં વિસ્તૃત પ્રદાન પણ કરે છે.

"બ્રોડબેન્ડ હાઇવે" – ડિજિટલ ઇન્ડિયાનો પ્રથમ સ્તંભ છે. તેમાં નૅશનલ ઓપ્ટિકલ ફાઇબર નેટવર્ક (એનઓએફએન) મારફતે ૨.૫ લાખ ગ્રામ્ય પંચાયતોને જોડવાની યોજના છે. આ ગ્રામીણ લોકોને સરકારી કાર્યક્રમોનો સરળતાપૂર્વક અને અસરકારક રીતે લાભ લેવા સક્ષમ બનાવશે. એનઓએફએનનો લક્ષ્યાંક પાર પાડવા ભારત સરકારે રૂ. ૧૦૦૦ કરોડની અધિકૃત મૂડી સાથે ભારત બ્રોડબેન્ડ નેટવર્ક લિમિટેડ (બીબીએનએલ) સ્થાપિત કરી છે. બીબીએનએલને ૬,૬૦૦ તાલુકાઓ અને ૬૪૧ જિલ્લાઓમાં આશરે ૨,૫૦,૦૦૦ ગ્રામ્ય પંચાયતોને જોડીને એનઓએફએન ઊભું કરવાની કામગીરી સુપરત કરવામાં આવી છે. આ પ્રોજેક્ટ પંચાયતોમાં તમામ નાગરિકોને સંપૂર્ણ સુલભતા પ્રદાન કરશે.

"મોબાઇલ જોડાણની સાર્વત્રિક સુલભતા" – આ બીજો સ્તંભ છે, જેનો આશય દેશમાં સુલભ ન હોય તેવા તમામ વિસ્તારોમાં મોબાઇલ જોડાણ પ્રદાન કરવાનો છે. અત્યારે ભારતમાં ૪૨,૦૦૦ ગામડાઓ મોબાઇલ કવરેજ ધરાવતાં નથી. નોડલ એજન્સી તરીકે ટેલીકમ્યુનિકેશન વિભાગ આ પ્રોજેક્ટનું સંચાલન કરે છે અને વર્ષ ૨૦૧૪થી ૨૦૧૮ દરમિયાન રૂ. ૧૬,૦૦૦ કરોડનો ખર્ચ થશે તેવો અંદાજ છે. આ સૂચવે છે કે, વર્ષ ૨૦૧૮ સુધીમાં ભારતમાં તમામ વિસ્તારોમાં મોબાઇલ કવરેજ હશે.

"પબ્લિક ઇન્ટરનેટ એક્સેસ પ્રોગ્રામ" – આ ત્રીજો સ્તંભ છે. સરકારે ૨.૫ લાખ કોમન સર્વિસ સેન્ટર્સ (સીએસસી) ઊભા કરવાની યોજના બનાવી છે, જેમાં દરેક ગ્રામ્ય પંચાયતમાં એક સીએસસી હશે. અત્યારે ભારતમાં ૧.૬૨ લાખ પંચાયતોમાં ૨.૪૨ લાખ સીએસસી કાર્યરત છે. સીએસસી સરકારી અને વ્યાવસાયિક સેવાઓ પ્રદાન કરવા એકથી વધારે પ્રકારની કામગીરીઓ કરે છે.

"ઇ-ગવર્નન્સ – ટૅકનોલૉજી મારફતે સરકારી સુધારા" – આ ચોથો સ્તંભ છે, જે સરકારને સરકારી પ્રક્રિયાઓ વધારે સરળતાપૂર્વક હાથ ધરવા, વધુ અસરકારક રીતે કરવા અને તેની પદ્ધતિમાં પરિવર્તન કરવા સક્ષમ બનાવે છે, જેથી વિવિધ સરકારી વિભાગોની સરકારી સેવાઓ વધારે અસરકારક રીતે પ્રદાન કરી શકાશે.

"ઇ-ક્રાંતિ – સેવાઓની ઇલેક્ટ્રોનિક ડિલિવરી" – ડિજિટલ ઇન્ડિયા પ્રોગ્રામનો આ પાંચમો સ્તંભ છે. ભારતમાં તમામ નાગરિકોને સુશાસન પ્રદાન કરવા ઇગવર્નન્સ અને એમગવર્નન્સનાં ઉપયોગમાં વધારાને ધ્યાનમાં લઈને ઇ-ક્રાંતિ "સુશાસનની કાયાપલટ કરવા ઇ-ગર્વનન્સમાં ફેરફાર"નું

વિઝન ધરાવે છે. ઇ-ક્રાંતિ હેઠળ ૪૪ પ્રોજેક્ટ્સ યુદ્ધનાં ધોરણે ચાલુ છે. અત્યારે ઇ-ક્રાંતિ ૩૩૨૫ ઇસેવાઓ ઓફર કરે છે, જેથી તેને સારી સફળતા મળી છે.

"તમામ માટે માહિતી" – ડિજિટલ ઇન્ડિયા પ્રોગ્રામનો આ છઠ્ઠો સ્તંભ છે, જે શાસનમાં પારદર્શકતા લાવશે. ઓપન ડેટા પ્લૅટફૉર્મ હેઠળ જનતાનાં ઉપયોગ માટે મંત્રાલયો/વિભાગો સક્રિયપણે માહિતી આપે છે. માહિતી અને દસ્તાવેજોનું ઓનલાઇન પ્રકાશન માહિતી સરળતાપૂર્વક સુલભ કરાવશે.

"ઇલેક્ટ્રોનિક્સ ઉત્પાદન" – ડિજિટલ ઇન્ડિયા પ્રોગ્રામનો આ સાતમો અને સૌથી મહત્ત્વપૂર્ણ આધારસ્તંભ છે. સરકારનો એક અભ્યાસ સૂચવે છે કે ઇલેક્ટ્રોનિક ચીજવસ્તુઓ માટેની માગમાં ૨૨ ટકાનાં વાર્ષિક ચક્રવૃદ્ધિ દરે વધારો થયો છે અને વર્ષ ૨૦૨૦ સુધીમાં આ માગ ૪૦૦ અબજ ડૉલરને આંબી જાય તેવી અપેક્ષા છે. ઇલેક્ટ્રોનિક્સ ઉત્પાદનને પ્રોત્સાહન આપવા સરકારે દેશમાં ઇલેક્ટ્રોનિક્સ ક્ષેત્રનાં વિકાસ માટે કેટલીક પહેલો શરૂ કરી છે. છેલ્લાં બે વર્ષમાં ઇલેક્ટ્રોનિક્સ ઉત્પાદન માટે કુલ રૂ. ૧.૨૮ લાખ કરોડનું રોકાણ ધરાવતી ૨૫૦થી વધારે રોકાણ દરખાસ્તો મળી છે.

"રોજગારી માટે આઇટી" – આ આઠમો સ્તંભ છે. તેમાં આઇટી/આઇટીઇએસ સેક્ટરમાં રોજગારીની તકોનો લાભ લેવા નાનાં શહેરો અને નગરોમાં યુવાનોને જરૂરી તાલીમ પ્રદાન કરવા ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. સરકારે આગામી પાંચ વર્ષમાં આઇટી ક્ષેત્રમાં રોજગારીનું સર્જન કરવા નાનાં શહેરો અને નગરોમાં ૧૦ મિલિયન વિદ્યાર્થીઓને તાલીમ આપવાનો લક્ષ્યાંક નિર્ધારિત કર્યો છે. સરકારે વ્યવહારિક વ્યાવસાયિક ડિલિવરિંગ આઇટી સેવાઓનું સંચાલન કરવા કૌશલ્ય વિકાસનાં ભાગરૂપે ત્રણ લાખ સર્વિસ ડિલિવરી એજન્ટોને તાલીમ આપવાનો લક્ષ્યાંક પણ નિર્ધારિત કર્યો છે. આ કાર્યક્રમ હેઠળ કલ્પિત ઇન્ડિયન બીપીઓ પ્રમોશન સ્કીમ (આઇબીપીએસ) સમગ્ર દેશમાં ગ્રામીણ વિસ્તારો અને નાનાં શહેરોમાં ૧૫૦,૦૦૦ યુવાનોની રોજગારીની સંભવિતતા સાથે બીપીઓ/આઇટીઇએસ કામગીરીમાં ૪૮,૩૦૦ બેઠકો સ્થાપિત કરી ઉદ્યોગસાહસિકોને પ્રોત્સાહન આપવાનો આશય ધરાવે છે. આ પ્રોજેક્ટ માટે રૂ. ૪૯૩ કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું છે. આ યોજના માળખાગત સુવિધા અને માનવઊર્જાની દ્રષ્ટિએ નાનાં શહેરોમાં ક્ષમતા નિર્માણમાં મદદરૂપ થશે, જે દેશમાં આઇટી/આઇટીઇએસ સંચાલિત વૃદ્ધિનાં આગામી તબક્કા માટે આધાર બનશે. તે જ રીતે નોર્થ ઇસ્ટ બીપીઓ પ્રમોશન સ્કીમ (એનઇબીપીએસ) આઇટી/આઇટીઇએસ ઉદ્યોગની વૃદ્ધિ અને યુવાનો માટે રોજગારીની તકોનું સર્જન કરવા ઉત્તર પૂર્વ વિસ્તારમાં બીપીઓ/આઇટીઇએસને પ્રોત્સાહન આપશે. ૫૦૦૦ બેઠકોનાં લક્ષ્યાંક સાથે એનઇબીપીએસ ઉત્તર પૂર્વ વિસ્તારમાં ૧૫,૦૦૦ યુવાનોને રોજગારીની તક પ્રદાન કરી શકે છે. આ ઉપરાંત સરકારે ટેલીકોમ અને ટેલીકોમ સંબંધિત સેવાઓ પર ગ્રામીણ યુવાનોને તાલીમ આપવાની યોજના બનાવી છે તથા આ હેતુ માટે પાંચ લાખ ગ્રામીણ યુવાનોને તાલીમ આપવાનો લક્ષ્યાંક નિર્ધારિત કર્યો છે.

છેલ્લે, "અર્લી હાર્વેસ્ટ પ્રોગ્રામ" – આ નવમો સ્તંભ છે. તે ટૂંકા સમયગાળાની અંદર અમલ કરી શકાય તેવા પ્રોજેક્ટ્સ ધરાવે છે. આ પ્રોગ્રામ હેઠળ કેટલાંક પ્રોજેક્ટ્સમાં મેસેજીસ માટે આઇટી પ્લેટફૉર્મ, તમામ યુનિવર્સિટીઓમાં વાઇ-ફાઇ, સરકારની અંદર સિક્યોર ઇમેલ, પબ્લિક વાઇ-ફાઇ હોટસ્પોટ્સ, અને એસએમએસ-આધારિત હવામાનની માહિતી સામેલ છે.

### સુશાસન માટે ડિજિટલ ઇન્ડિયાની પહેલો

સુશાસનનાં મૂળ પારદર્શકતા અને નાગરિક સક્ષમતામાં રહેલાં છે. સંપૂર્ણ દેશ માટે ડિજિટલ ઇન્ડિયાને ક્રાંતિકારી કાર્યક્રમ બનાવવા અને સુશાસન સુનિશ્ચિત કરવા ભારત સરકારે અનેક પહેલો હાથ ધરવા બહુપાંખીય વ્યૂહરચનાઓ અપનાવી છે. તેમાંથી કેટલીક પહેલો ડિજી ધન અભિયાન, આધાર પે, ભીમ, સીએસસી, ડિજિલોકર, દિશા, ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર અને ઇ-પંચાયત છે. સરકારે કાળાં નાણાં સામે લડવા ડિમોનેટાઇઝેશનનું પગલું ઉઠાવ્યું છે અને લોકોને રોકડ વ્યવહારો ઓછા કરવા પ્રોત્સાહન આપ્યાં છે, ત્યારે ડિજી ધન અભિયાનની પહેલ સાતત્યપૂર્ણ રીતે રિયલ ટાઇમ ડિજિટલ વ્યવહારો હાથ ધરવા નાગરિકો અને વેપારીઓને સક્ષમ બનાવવાનો સરસ કાર્યક્રમ હતો. સમગ્ર દેશમાં ડિજિધન મેળાઓનું આયોજન કરીને સરકારનો ઉદ્દેશ ડિજિટલ વ્યવહારો હાથ ધરવા વિવિધ ડિજિટલ પેમેન્ટ સિસ્ટમ ડાઉનલોડ કરવા, ઇન્સ્ટોલ કરવા અને તેનો ઉપયોગ કરવા નાગરિકોને સક્ષમ બનાવવાનો છે. સાથે સાથે સરકારે ભારત ઇન્ટરફેસ ફોર મની (ભીમ) જેવાં ડિજિટલ પ્લૅટફૉર્મ પણ પ્રસ્તુત કર્યા હતાં. ભીમ યુનિફાઇડ પેમેન્ટ ઇન્ટરફેસ (યુપીઆઇ)નો ઉપયોગ કરીને સરળ અને ઝડપી પેમેન્ટ વ્યવહારો કરવાની સુવિધા આપે છે. ભીમ ૩૦ ડિસેમ્બર, ૨૦૧૬નાં રોજ લોંચ થઈ ત્યારથી તેના વપરાશમાં અનેકગણો વધારો થયો છે. તાજેતરમાં એક અહેવાલમાં સૂચવવામાં આવ્યું છે કે ભીમ એપ ૧૭ મિલિયન વખત ડાઉનલોડ થઈ છે અને ફેબ્રુઆરી, ૨૦૧૭ સુધીમાં ૧૯.૩૭ લાખ વ્યવહારો હાથ

ધરવામાં આવ્યાં છે. જાન્યુઆરી અને ફેબ્રુઆરી, ૨૦૧૭ સુધીમાં કુલ બે મહિનામાં ભીમ એપ મારફતે કુલ રૂ. ૯૫૦ કરોડનાં વ્યવહારો હાથ ધરવામાં આવ્યાં છે.

ભારત સરકારે નાણાકીય સર્વસમાવેશકતા, સરકારી ક્ષેત્રની ડિલિવરી માટે સુધારો કરવા, રાજકોષીય અંદાજપત્રનું વ્યવસ્થાપન કરવા, અનુકૂળતા વધારવા અને અવરોધમુક્ત નાગરિક-કેન્દ્રિત શાસનને પ્રોત્સાહન આપવા દુનિયામાં સૌથી મોટી બાયોમેટ્રિક્સ આધારિત ઓળખ વ્યવસ્થા આધારનો ઉપયોગ કર્યો હતો. અત્યારે ૧.૧૩ અબજ ભારતીય નાગરિકો આધાર કાર્ડ ધરાવે છે. આધાર કાર્ડ બૅન્કમાં ખાતું ખોલાવવા અને બૅન્ક ખાતામાં ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફરનો લાભ મેળવવા મુખ્ય માધ્યમ બન્યું છે. બાયોમેટ્રિક ઓળખ પ્રક્રિયા પર આધારિત આધાર પે અંગૂઠાની છાપ દ્વારા જ બૅન્કનાં તમામ વ્યવહારો હાથ ધરવા આધાર સાથે જોડેલા ખાતા અને તેના ખાતાધારકને સક્ષમ બનાવશે. આધાર પે ૧૪ એપ્રિલ, ૨૦૧૭નાં રોજ લોંચ થશે, જે એક અબજથી વધારે ભારતીયો માટે સૌથી વધુ સર્વસમાવેશક પેમેન્ટ પ્લૅટફૉર્મ બનશે તેવું જણાય છે.

જ્યારે ભારત સરકારે ડિજિટલ સમાજનું નિર્માણ કરવા મોટા પાયે વિવિધ પહેલો કાર્યરત કરી છે, ત્યારે છેવાડાનાં સ્તરે નાગરિક-કેન્દ્રિત સેવાઓ સુનિશ્ચિતત કરવી જરૂરી છે અને આ અભિયાન ગ્રામ્ય પંચાયત સ્તરે ૨.૫ લાખ કોમન સર્વિસ સેન્ટર્સ (સીએસસી)નાં સ્વ-નિર્ભર નેટવર્ક મારફતે વિવિધ નાગરિક-કેન્દ્રિત સેવાઓ પ્રદાન કરવા સીએસસીને સક્ષમ બનાવે છે. સીએસસી નાણાકીય વ્યવહાર આધારિત અને સેવા પ્રદાન કરવા પર આધારિત મોડલ તરીકે કામ કરે છે, જે એક ડિલિવરી પ્લૅટફૉર્મ મારફતે મોટી સંખ્યામાં ઇ-સેવાઓ પ્રદાન કરે છે.

ભારતને ડિજિટલ સમાજ અને નૉલેજ આધારિત અર્થતંત્ર બનાવવા ભારત સરકાર કોઈ કસર છોડવા ઇચ્છતી નથી. સરકારે જાહેર ક્લાઉડ પર વહેંચી શકાય તેવી ખાનગી સ્પેસ પ્રદાન કરવા ડિજિટલ ઇન્ડિયા હેઠળ મુખ્ય કાર્યક્રમ ડિજિલોકર પ્રસ્તુત કર્યો હતો અને આ ક્લાઉડ પર તમામ સરકારી દસ્તાવેજો/પ્રમાણપત્રો ઉપલબ્ધ કરાવ્યાં છે. પરિપક્વ ઇગવર્નન્સનાં વિચારને લક્ષ્યાંક બનાવીને ડિજિલોકર સુવિધાઓ ઇશ્યૂ કરવામાં આવી છે તથા ફિઝિકલ દસ્તાવેજોનો ઉપયોગ બંધ કરીને દસ્તાવેજો અને પ્રમાણપત્રોની ખરાઈ ડિજિટલ રીતે કરવાની સુવિધા આપવામાં આવી છે. અત્યારે નાગરિકો દ્વારા ૪૦ લાખથી વધારે ડિજિટલ લોકર્સ ઊભા કરવામાં આવ્યાં છે. સરકારે નાગરિકોને ૨૦ લાખથી વધારે ઇસાઇન ઇશ્યૂ કરી છે. ડિજિલોકરને પણ આધાર સાથે જોડી શકાય છે. આ તમામ બાબતો સૂચવે છે કે, ડિજિટલ ઇન્ડિયા પ્રોગ્રામ ભારતને ડિજિટલ સમાજમાં પરિવર્તિત કરવા અનેક પ્લેટફોર્મ્સનું નિર્માણ કરે છે.

### બજેટ ૨૦૧૭-૧૮માં ડિજિટલ ઇન્ડિયા પ્રોગ્રામને મહત્ત્વ

ડિજિટલ ઇન્ડિયા પ્રોગ્રામને આગળ વધારવા સરકારે વર્ષ ૨૦૧૭-૧૮નાં બજેટમાં અનેક પગલાંઓની જાહેરાત કરી છે. સરકારે ઇન્ટરનેટ જોડાણ અને સુલભતા વધારવા ગ્રામીણ વિસ્તારોમાં ઓપ્ટિકલ ફાઇબર નેટવર્ક સુધારવાની સાથે દેશમાં ડિજિટલ પેમેન્ટ વધારવા માટે નોંધપાત્ર પગલાંઓ જાહેર કર્યા છે. સરકારે યુપીઆઈ, યુએસએસડી, આધાર ચુકવણી, આઇએમપીએસ અને ડૅબિટ/ક્રૅડિટ કાર્ડ્સ સહિત વિવિધ ડિજિટલ પેમેન્ટનાં માધ્યમો મારફતે ૨૦૧૭-૧૮ માટે રૂ. ૨,૫૦૦ કરોડનાં ડિજિટલ વ્યવહારોનો લક્ષ્યાંક પણ નિર્ધારિત કર્યો છે. સરકારે માર્ચ, ૨૦૧૭ સુધીમાં બૅન્કો માટે વધુ ૧૦ લાખ નવા પીઓએસ ટર્મિનલ સ્થાપિત કરવાનો લક્ષ્યાંક પણ નિર્ધારિત કર્યો છે. બૅન્કોને સપ્ટેમ્બર, ૨૦૧૭ સુધીમાં ૨૦ લાખ આધાર-આધારિત પીઓએસ પ્રસ્તુત કરવા પણ પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. બજેટમાં જાહેરાત કરવામાં આવી છે કે, ૧.૫ લાખ ગ્રામ્ય પંચાયતોને હોટસ્પોટ સાથે ઓપ્ટિકલ ફાઇબર સાથે હાઇ-સ્પીડ બ્રોડબેન્ડ ઉપલબ્ધ કરાવવામાં આવશે અને વર્ષ ૨૦૧૮ સુધીમાં ઓછા ટેરિફ પર ડિજિટલ સેવાઓ સુલભ કરાવવામાં આવશે.

### ઉપસંહાર

સરકારની પહેલો સાથે ડિજિટલ ઇન્ડિયા કાર્યક્રમ નોંધપાત્ર સફળતા સાથે લક્ષ્યાંક હાંસલ કરશે એ નિશ્ચિત છે. નાગરિકો આ કાર્યક્રમમાં સહકાર સ્થાપિત કરવા આતુર હોવાથી ભારત માટે દુનિયામાં સૌથી વધુ ડિજિટલ સક્ષમ સમાજ બનવામાં કોઈ અવરોધ આવવાનો નથી. ડિજિટલ ઇન્ડિયા કાર્યક્રમ ભારતને ભવિષ્યમાં ડિજિટલ રીતે વિકસિત રાષ્ટ્ર બનાવશે અને તેના થકી સરકાર અને ભારતનાં નાગરિકો ઘણાં નવાં લક્ષ્યાંકો હાંસલ કરી શકશે.

**લેખક સોફ્ટવેર ટૅકનોલૉજી પાર્ક્સ ઑફ ઇન્ડિયા (એસટીપીઆઈ)માં ડિરેક્ટર જનરલ છે. તેઓ આઇટી/ઇએસડીએમમાં ૨૫ વર્ષનો બહોળો અનુભવ ધરાવે છે તથા તેમણે મંત્રાલય, એકેડેમિક અને આઇટી/ઇએસડીએમ વચ્ચે યોગ્ય ઇન્ટરફેસ બનાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.**

**ઇ-મેલ : rai@stpi.in**

# ભારતઃ વૈશ્વિક અર્થતંત્રમાં ઘટાડાનાં સંદર્ભમાં મુખ્ય દેશો વચ્ચે આશાનું કિરણ

ડી.એસ.મલિક




*જ્યારે વૈશ્વિક અર્થતંત્રમાં ઘટાડો થઈ રહ્યો છે, ત્યારે મોટા અર્થતંત્રોમાં ભારતનું ભાવિ ઉજ્જવળ છે. ભારતે ૨૦૧૫-૧૬માં ૭.૯ ટકાની વૃદ્ધિ નોંધાવી હતી, જે ૨૦૧૪-૧૫માં ૭.૨ ટકા અને ૨૦૧૩-૧૪માં ૬.૫ ટકા હતી. ૨૦૧૪-૧૫ અને ૨૦૧૫-૧૬માં ચોમાસું સાધારણ કરતાં નબળું રહેવા છતાં વૃદ્ધિએ સારો એવો વેગ પકડ્યો છે. મધ્યમથી લાંબા ગાળાના આર્થિક લાભના ઉદ્દેશ સાથે ઊંચા મૂલ્યની ચલણી નોટો પરત ખેંચવા છતાં ભારત ૨૦૧૬-૧૭માં ૭.૧ ટકાની ઊંચી વૃદ્ધિ કરે તેવો અંદાજ છે. નિષ્ણાત સંસ્થાઓ દ્વારા ધારણા વ્યક્ત કરવામાં આવી છે કે ભારતનો વૃદ્ધિ દર ૨૦૧૭-૧૮માં વધારે વધશે. વર્લ્ડ ઈકોનોમિક ફોરમ દ્વારા ૧૩૮ દેશો માટે તૈયાર કરવામાં આવેલા ગ્લોબલ કોમ્પિટિટિવનેસ ઈન્ડેક્સ (જીસીઆઇ)માં ભારતે ૨૦૧૬-૧૭માં ૩૯મું સ્થાન મેળવ્યું હતું, જ્યારે ૨૦૧૩-૧૪માં જીસીઆઈમાં ભારતનું સ્થાન ૬૦મું (૧૪૮ દેશો વચ્ચે) હતું.*

જ્યારે વૈશ્વિક અર્થતંત્રમાં ઘટાડો થઈ રહ્યો છે, ત્યારે મોટા અર્થતંત્રોમાં ભારતનું ભાવિ ઉજ્જવળ છે. ભારતે ૨૦૧૫-૧૬માં ૭.૯ ટકાની વૃદ્ધિ નોંધાવી હતી, જે ૨૦૧૪-૧૫માં ૭.૨ ટકા અને ૨૦૧૩-૧૪માં ૬.૫ ટકા હતી. ૨૦૧૪-૧૫ અને ૨૦૧૫-૧૬માં ચોમાસું સાધારણ કરતાં નબળું રહેવા છતાં વૃદ્ધિએ સારો એવો વેગ પકડ્યો છે. મધ્યમથી લાંબા ગાળાના આર્થિક લાભના ઉદ્દેશ સાથે ઊંચા મૂલ્યની ચલણી નોટો પરત ખેંચવા છતાં ભારત ૨૦૧૬-૧૭માં ૭.૧ ટકાની ઊંચી વૃદ્ધિ કરે તેવો અંદાજ છે. નિષ્ણાત સંસ્થાઓ દ્વારા ધારણા વ્યક્ત કરવામાં આવી છે કે ભારતનો વૃદ્ધિ દર ૨૦૧૭-૧૮માં વધારે વધશે. વર્લ્ડ ઈકોનોમિક ફોરમ દ્વારા ૧૩૮ દેશો માટે તૈયાર કરવામાં આવેલા ગ્લોબલ કોમ્પિટિટિવનેસ ઈન્ડેક્સ (જીસીઆઇ)માં ભારતે ૨૦૧૬-૧૭માં ૩૯મું સ્થાન મેળવ્યું હતું, જ્યારે ૨૦૧૩-૧૪માં જીસીઆઈમાં ભારતનું સ્થાન ૬૦મું (૧૪૮ દેશો વચ્ચે) હતું.

છેલ્લાં ત્રણ વર્ષ દરમિયાન ભારતીય અર્થતંત્રએ નીચેનાં માપદંડોનાં બળે અર્થતંત્રની વિસ્તૃત સ્થિરતામાં સુધારો કર્યો

| | ૨૦૧૧-૧૨થી ૨૦૧૩-૧૪ (૩ વર્ષની સરેરાશ) | ૨૦૧૪-૧૫થી ૨૦૧૫-૧૬ (૨ વર્ષની સરેરાશ) | ૨૦૧૬-૧૭ ★ |
|---|---|---|---|
| ફુગાવો સીપીઆઇ (એનએસ) | ૯.૮ | ૫.૪ | ૪.૬ |
| ફુગાવો ડબલ્યુપીઆઇ | ૭.૪ | -૦.૨ | ૩.૫ |
| સીએડી (જીડીપીની %) | -૩.૬ | -૧.૨ | -૦.૭ |
| જીડીપી વૃદ્ધિ (%) | ૬.૦ | ૭.૬ | ૭.૧ |
| વૈશ્વિક જીડીપીમાં વૃદ્ધિ (%) | ૩.૭ | ૩.૩ | ૩.૧ |
| વિદેશી હૂંડિયામણ (અબજ ડૉલરમાં) | ૨૯૬.૯ | ૩૫૦.૯ | ૩૬૨.૮ |
| ચોખ્ખું એફડીઆઇ (અબજ ડૉલર) | ૨૧.૧ | ૩૩.૬ | ૨૧.૩ |
| રાજકોષીય ખાધ (જીડીપીના %) | ૫.૧ | ૪.૦ | ૩.૫ |

(★): ૨૦૧૬-૧૭ માટે સીપીઆઈ ફુગાવો ફેબ્રુઆરી, ૨૦૧૭ સુધી, ડબલ્યુપીઆઇ ફુગાવો ડિસેમ્બર, ૨૦૧૬ સુધી, સીએડી ડિસેમ્બર, ૨૦૧૬ સુધી, ચોખ્ખું એફડીઆઇ ૨૦૧૬-૧૭નાં પ્રથમ અર્ધવાર્ષિક ગાળા સુધી, વિદેશી હૂંડિયામણ ફેબ્રુઆરી, ૨૦૧૭ સુધી, જીડીપી વૃદ્ધિ પ્રથમ આગોતરા અંદાજ મુજબ અને રાજકોષીય ખાધ બજેટ અંદાજ ૨૦૧૬-૧૭ મુજબ





છે.

**રાજકોષીય સ્થિતિ**

ભારતમાં રાજકોષીય સ્થિતિ અનુકૂળ છે, જેમાં જીડીપીમાં રાજકોષીય ખાધનો રેશિયો ૨૦૧૩-૧૪માં ૪.૫ ટકાથી સતત ઘટી રહ્યો છે. ભારત સરકારની રાજકોષીય ખાધ ૨૦૧૪-૧૫માં જીડીપીની ૪.૧ ટકા, ૨૦૧૫-૧૬માં ૩.૯ ટકા અને ૨૦૧૬-૧૭ માટે ૩.૫ ટકા (સંશોધિત અંદાજ) હતી. ૨૦૧૭-૧૮માં રાજકોષીય ખાધ જીડીપીની ૩.૨ ટકા રહેવાની ધારણા છે.

**ફુગાવો**

વર્તમાન સરકારે ઊંચા ફુગાવા સાથે મે, ૨૦૧૪માં સત્તા સંભાળી હતી, ખાસ કરીને ખાદ્ય કિંમતોમાં મોંઘવારી વધારે હતી. છેલ્લાં ત્રણ વર્ષમાં સરકાર દ્વારા કુશળ ખાદ્ય વ્યવસ્થાપન અને કિંમત નિયંત્રણથી ફુગાવાને સારી રીતે અંકુશમાં રાખવામાં સફળતા મળી છે. સીપીઆઇ ફુગાવો સતત ત્રીજા નાણાકીય વર્ષ માટે નિયંત્રણમાં રહ્યો હતો. સરેરાશ સીપીઆઇ (સંયુક્ત) ફુગાવો ૨૦૧૩-૧૪માં ૯.૫ ટકાથી ઘટીને ૨૦૧૪-૧૫માં ૫.૯ ટકા અને ૨૦૧૫-૧૬માં ૪.૯ ટકા થયો હતો. તે ચાલુ નાણાકીય વર્ષમાં વધુ ઘટીને ૪.૬ ટકા થયો હતો, જે ફેબ્રુઆરી, ૨૦૧૭માં ૩.૭ ટકા હતો, જે માટે ખાદ્ય ચીજવસ્તુઓની કિંમતમાં તીવ્ર ઘટાડો જવાબદાર હતો. કન્ઝ્યુમર ફૂડ પ્રાઇઝ ઇન્ડેક્સ (સીએફપીઆઇ) પર આધારિત ખાદ્ય ફુગાવો ૨૦૧૨-૧૪ દરમિયાન ૧૦ ટકાથી વધારે હતો, જે ૨૦૧૪-૧૫માં ઘટીને ૬.૪ ટકા અને ૨૦૧૫-૧૬માં ૪.૯ ટકા થયો હતો. તે ચાલુ નાણાકીય વર્ષમાં વધારે ઘટીને ૪.૪ ટકા થયો હતો અને ફેબ્રુઆરી, ૨૦૧૭માં ૨.૦ ટકા હતો.




સ્ત્રોત: સીએસઓ

સરકારે આરબીઆઈ સાથે ચર્ચા કરીને ૫ ઓગસ્ટ, ૨૦૧૬થી ૩૧ માર્ચ, ૨૦૨૧ સુધીના ગાળા માટે ફુગાવાનો લક્ષ્યાંક ચાર ટકા નક્કી કર્યો હતો, જેમાં ૨ ટકાની વધઘટ ચલાવી લેવામાં આવશે.

**વેપાર**

વૈશ્વિક વૃદ્ધિ અને વેપારમાં ઘટાડાની સાથે ભારતની નિકાસ ૨૦૧૪-૧૫ અને ૨૦૧૫-૧૬માં અનુક્રમે ૧.૩ ટકા અને ૧૫.૫ ટકા સુધી ઘટી હતી. ૨૦૧૬-૧૭ (એપ્રિલથી ફેબ્રુઆરી) દરમિયાન નકારાત્મક વૃદ્ધિનાં આ પ્રવાહમાં થોડો સુધારો થયો હતો, જેમાં નિકાસ ૨.૫ ટકાની વૃદ્ધિ સાથે ૨૪૫.૪ અબજ ડૉલર થઈ હતી, જે ૨૦૧૫-૧૬ (એપ્રિલથી ફેબ્રુઆરી)માં ૨૩૯.૪ અબજ ડૉલર હતી. સપ્ટેમ્બર, ૨૦૧૬થી અત્યાર સુધી માસિક નિકાસ વૃદ્ધિ દરમાં વધારો થયો છે.


૨૦૧૫-૧૬ દરમિયાન ભારતની આયાત ૧૫ ટકા ઘટીને ૩૮૧.૦ અબજ ડૉલર થઈ હતી, જે ૨૦૧૪-૧૫માં ૪૪૮.૦ અબજ ડૉલર હતી, જે માટે મુખ્યત્વે આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડ ઓઇલની કિંમતોમાં ઘટાડો જવાબદાર હતો. ૨૦૧૬-૧૭ (એપ્રિલથી ફેબ્રુઆરી) દરમિયાન આયાત ૩.૭ ટકા ઘટીને ૩૪૦.૭ અબજ ડૉલર થઈ હતી, જે અગાઉનાં વર્ષનાં સમાન ગાળામાં ૩૫૩.૭ અબજ ડૉલર હતી.

ભારતની વેપારી ખાધ ૨૦૧૨-૧૩માં સૌથી વધુ ૧૯૦.૩ અબજ ડૉલર હતી. જોકે ૨૦૧૫-૧૬માં ૧૩.૮ ટકા ઘટીને ૧૧૮.૭ અબજ ડૉલર થઈ હતી, જે ૨૦૧૪-૧૫માં ૧૩૭.૭ અબજ ડૉલર કરતાં ઓછી

હતી. ૨૦૧૬-૧૭ (એપ્રિલથી ફેબ્રુઆરી) દરમિયાન વેપારી ખાધ ઘટીને ૯૫.૩ અબજ ડૉલર થઈ હતી, જે અગાઉનાં વર્ષનાં સમાન ગાળામાં ૧૧૪.૩ અબજ ડૉલર હતી.

**બેલેન્સ ઓફ પેમેન્ટ**

ભારતીય નિકાસમાં મધ્યમ સુધારો થવા છતાં ભારતની બાહ્ય સેક્ટર પોઝિશન અનુકૂળ છે, જેમાં ચાલુ ખાતાની ખાધ (સીએડી) તબક્કાવાર રીતે ઓછી થઈ રહી છે, જે ૨૦૧૨-૧૩માં ૮૮.૨ અબજ ડૉલર (જીડીપીનો ૪.૮ ટકા હિસ્સો)થી ઘટીને ૨૦૧૫-૧૬માં ૨૨.૨ અબજ ડૉલર (જીડીપીનો ૧.૧ ટકા હિસ્સો) થઈ હતી. સંયુક્ત આધારે સીએડી એપ્રિલથી ડિસેમ્બર, ૨૦૧૬માં ઘટીને જીડીપીનાં ૦.૭ ટકા થઈ હતી, જે ૨૦૧૫-૧૬નાં સમાન ગાળામાં ૧.૪ ટકા હતી, જે માટે વેપારી ખાધમાં ઘટાડો જવાબદાર હતો.




સ્ત્રોતઃ આરબીઆઈ

**વિદેશી રોકાણ**

૨૦૧૩-૧૪માં પ્રત્યક્ષ વિદેશી રોકાણનો પ્રવાહ ૪૩.૬ અબજ ડૉલરથી વધીને ૨૦૧૪-૧૫માં ૫૧.૮ અબજ ડૉલર અને ૨૦૧૫-૧૬માં ૫૯.૫ અબજ ડૉલર થયો હતો. ૨૦૧૬-૧૭ (એપ્રિલથી ડિસેમ્બર) દરમિયાન ચોખ્ખું એફડીઆઇ ૩૧.૨ અબજ ડૉલર હતું, જે ૨૦૧૫-૧૬ (એપ્રિલથી ડિસેમ્બર)માં ૨૭.૨ અબજ ડૉલર હતું. ૨૦૧૬-૧૭નાં પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં વિદેશી પોર્ટફોલિયો રોકાણ (શુદ્ધ) વધીને ૮.૨ અબજ ડૉલર થયું હતું, જે ૨૦૧૫-૧૬નાં પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં (-) ૩.૫ અબજ ડૉલર હતું. જોકે ડિસેમ્બર, ૨૦૧૬ અને જાન્યુઆરી, ૨૦૧૭માં વિદેશી પોર્ટફોલિયોનો ચોખ્ખો આઉટફ્લો અનુક્રમે ૫.૮ અબજ ડૉલર અને ૦.૫ અબજ ડૉલર હતો, જે મુખ્યત્વે અમેરિકન ફેડરલ રિઝર્વનાં વ્યાજદરમાં વધારાની ફેડની નીતિનું પરિણામ હતું. એફઆઇપી આઉટફ્લો ભારતીય બજારો સાથે જ સંકળાયેલ નથી, કારણ કે વિકસિત અર્થતંત્રોમાં ઊંચા વળતરને કારણે એફપીઆઇ મોટા ભાગની ઇએમઇમાંથી બહાર ખેંચાયું હતું.


**વિદેશી હૂંડિયામણ**

વિદેશી હૂંડિયામણ સપ્ટેમ્બર, ૨૦૧૬નાં અંતે ૩૭૧.૯ અબજ ડૉલરની અત્યાર સુધીની સર્વોચ્ચ સપાટીએ પહોંચી ગયું હતું. જોકે તે નવેમ્બર, ૨૦૧૬નાં અંતે ઘટીને ૩૬૧.૧ અબજ ડૉલર થયું હતું, જે માટે આરબીઆઈ દ્વારા રૂપિયાને સ્થિર કરવા વિદેશી વિનિમય એક્સચેન્જ બજારમાં હસ્તક્ષેપ મુખ્યત્વે જવાબદાર કારણ હતું અને આંશિક રીતે એનઆરઆઈ માટે ખોલવામાં આવેલ સ્પેશ્યલ સ્વેપ વિન્ડો દરમિયાન સપ્ટેમ્બરથી નવેમ્બર, ૨૦૧૩ વચ્ચે સંચિત એફસીએનઆર (બી)ની પાકતી રકમની પુનઃચુકવણી જવાબદાર હતી. જાન્યુઆરી, ૨૦૧૭નાં અંતે વિદેશી હૂંડિયામણ ૩૬૩.૦ અબજ ડૉલર હતું, જે ડિસેમ્બર, ૨૦૧૬નાં અંતે ૩૫૮.૯ અબજ ડૉલર હતું. હાલની સ્થિતિ આંતરરાષ્ટ્રીય સ્તરે કોઈ પણ અનિશ્ચિતતાને પગલે વિનિમય દરની ચડઊતરમાં રાહત પ્રદાન કરવા અનુકૂળ સ્તરે છે.

**રુપીનો વિનિયમ દર**

૨૦૧૬-૧૭ (એપ્રિલ-ફેબ્રુઆરી) માટે રુપીનો સરેરાશ માસિક વિનિમય દર અમેરિકન ડૉલરદીઠ રૂ. ૬૭.૨ હતો, જે અગાઉનાં વર્ષનાં સમાન ગાળાની સરખામણીમાં ૨.૮ ટકાનો ઘસારો સૂચવે છે. આ માટે મુખ્યત્વે અમેરિકાનાં રાષ્ટ્રપ્રમુખની ચૂંટણીનાં પરિણામો પછી વૈશ્વિક સ્તરે અમેરિકન ડૉલર મજબૂત થવો અને ફેડરલ રિઝર્વ દ્વારા નાણાકીય નીતિનાં અંકુશ જવાબદાર હતો. તેમ છતાં અત્યાર સુધી ૨૦૧૬૧-૭માં રુપીએ મોટા ભાગનાં અન્ય ઇએમઇની સરખામણીમાં સારી કામગીરી કરી છે.

જયારે અમેરિકન ડૉલરની સરખામણીમાં રુપીનો ઘસારો સાધારણ છે, ત્યારે અર્થતંત્ર પર અસરનું મૂલ્યાંકન વાસ્તવિક અસરકારક વિનિમય દર (આરઇઇઆર) દ્વારા થાય છે, જે કિંમતમાં પ્રસ્તુત ફરક માટે એડજસ્ટેડ વિદેશી ચલણની દ્રષ્ટિએ સ્થાનિક ચલણનાં સાધારણ વિનિમય દરની જીઓમેટ્રિક સરેરાશ તરીકે વ્યાખ્યાયિત થાય છે. આરઇઇઆરની દ્રષ્ટિએ ૨૦૧૫-૧૬ (એપ્રિલથી જાન્યુઆરી)ની સરખામણીમાં ૨૦૧૬-૧૭ (એપ્રિલથી જાન્યુઆરી)માં ૧.૭ ટકાનો સુધારો થયો છે.




**સ્ત્રોતઃ આરબીઆઈ**

**બાહ્ય ઋણ**

સપ્ટેમ્બર, ૨૦૧૬નાં અંતે ભારતનું બાહ્ય ઋણ ૪૮૪.૩ અબજ ડૉલર હતું, જેમાં માર્ચ, ૨૦૧૬નાં અંતનાં સ્તરની સરખામણીમાં ૦.૮ અબજ ડૉલર (૦.૨ ટકા) ઓછું હતું.

મોટા ભાગનાં મુખ્ય બાહ્ય ઋણ સૂચકાંકો સપ્ટેમ્બર, ૨૦૧૬માં સુધારાનો સંકેત દર્શાવે છે. કુલ બાહ્ય ઋણમાં ટૂંકા-ગાળાનાં ઋણનો હિસ્સો સપ્ટેમ્બર, ૨૦૧૬નાં અંતે ઘટીને ૧૬.૮ ટકા થયો હતો, જે માર્ચ, ૨૦૧૬નાં અંતે ૧૭.૨ ટકા હતો. ભારતની વિદેશી વિનિયમ હૂંડિયામણ સપ્ટેમ્બર, ૨૦૧૬નાં અંતે કુલ બાહ્ય ઋણનાં ૭૬.૮ ટકા હતું, જે માર્ચ, ૨૦૧૬નાં અંતે ૭૪.૩ ટકા હતું.

ભારતે ઋણ ધરાવતાં અન્ય વિકાસશીલ દેશોની સરખામણીમાં મુખ્ય ઋણ સૂચકાંકોની દ્રષ્ટિએ ઓછાં નબળાં દેશોમાં સ્થાન જાળવી રાખ્યું છે. વિશ્વ બૅન્કનાં ૨૦૧૫ માટે વિકાસશીલ દેશોનાં બાહ્ય ઋણનાં ડેટા સૂચવતાં "ઈન્ટરનૅશનલ ડેટ સ્ટેટિસ્ટિક્સ, ૨૦૧૭"ના જણાવ્યા મુજબ, કુલ રાષ્ટ્રીય આવક (જીએનઆઇ)માં ભારતનાં કુલ બાહ્ય ઋણનો રેશિયો ૨૩.૪ ટકા હતો, જે પાંચમો સૌથી ઓછો હતો. બાહ્ય ઋણનાં વિદેશી અનામત ભંડોળ દ્વારા પ્રદાન કવરની દ્રષ્ટિએ ભારતની સ્થિતિ ૬૯.૭ ટકા સાથે છઠ્ઠી સૌથી વધારે હતી.

**કૃષિ અને અનાજનું વ્યવસ્થાપન**

૨૮ ફેબ્રુઆરી, ૨૦૧૭નાં રોજ જાહેર થયેલાં રાષ્ટ્રીય આવકનાં બીજા આગોતરા અંદાજ મુજબ, કૃષિ અને આનુષંગિક ક્ષેત્રોનાં કુલ મૂલ્ય સંવર્ધન (જીવીએ)માં વૃદ્ધિદર ૨૦૧૬-૧૭માં ૪.૪ ટકા, ૨૦૧૫-૧૬માં ૦.૮ ટકા, ૨૦૧૪-૧૫માં (-) ૦.૨ ટકા હતો. અનાજનાં ઉત્પાદનનો બીજા આગોતરા અંદાજ મુજબ, ૨૦૧૬-૧૭ દરમિયાન કુલ અનાજનું ઉત્પાદન અંદાજે ૨૭૧.૯૮ મિલિયન ટન હતું, જે ૨૦૧૫-૧૬માં ૨૫૧.૫૭ મિલિયન ટન (અંતિમ) અને ૨૦૧૪-૧૫માં ૨૫૨.૦૨ મિલિયન ટન હતું.

**ઔદ્યોગિક ક્ષેત્ર**

સીએસઓએ ૨૮ ફેબ્રુઆરી, ૨૦૧૭નાં રોજ જાહેર કરેલ રાષ્ટ્રીય આવક ૨૦૧૬-૧૭નાં બીજા આગોતરા અંદાજ મુજબ, ઔદ્યોગિક ક્ષેત્રનાં કુલ મૂલ્ય સંવર્ધન (જીવીએ)માં વૃદ્ધિદર ૨૦૧૬-૧૭માં ૫.૮ ટકા, ૨૦૧૫-૧૬માં ૮.૨ ટકા અને ૨૦૧૪-૧૫માં ૬.૯ ટકા હતો. ઉત્પાદન ક્ષેત્રમાંથી જીવીએમાં વૃદ્ધિ ૨૦૧૬-૧૭માં ૭.૭ ટકા હતી, જે ૨૦૧૫-૧૬માં ૧૦.૬ ટકા અને ૨૦૧૪-૧૫માં ૭.૫ ટકા હતી.

આઠ મુખ્ય ઉદ્યોગો (ક્રૂડ ઓઇલ, કુદરતી ગેસ, પેટ્રોલિયમ રિફાઇનરી ઉત્પાદનો, કોલસો, વીજળી, સિમેન્ટ, સ્ટીલ અને ખાતર) માટે સૂચકાંકમાં ૨૦૧૬-૧૭ (એપ્રિલથી જાન્યુઆરી)માં ૪.૮ ટકાની વૃદ્ધિ નોંધાઈ હતી, જે ૨૦૧૫-૧૬માં ૩.૪ ટકા અને ૨૦૧૪-૧૫માં ૪.૫ ટકા હતી.

વર્ષ ૨૦૧૫માં વીજ ક્ષેત્રમાં ઉદય યોજનાની શરૂઆત સાથે મોટા ભાગનાં રાજ્યોએ એટીએન્ડસી નુકસાન ઘટાડવાનાં નોંધપાત્ર પ્રયાસો કર્યા છે. યોજના ડિસ્કોમનાં ૬૨ ટકા ઋણને સંબોધે છે, જે ૨૦૧૪-૧૫નાં અંતે હતું.

માર્ગ પરિવહન અને હાઇવેઝ મંત્રાલય દ્વારા જાહેર કરાયેલ ૨૦૧૬ની વર્ષાંત સમીક્ષા મુજબ નવેમ્બર, ૨૦૧૬ સુધી કુલ ૫૬૮૮ કિલોમીટરની લંબાઈનાં હાઇવેનું નિર્માણ કરવાનાં કોન્ટ્રાક્ટ અપાયા હતાં અને નવેમ્બર, ૨૦૧૬ સુધીમાં કુલ ૪૦૨૧ કિલોમીટરનાં હાઇવેનું નિર્માણ થયું હતું, જ્યારે ૨૦૧૫-૧૬માં ૬૦૨૯ કિલોમીટર અને ૨૦૧૪-૧૫માં ૪૪૧૦ કિલોમીટર હાઇવેનું નિર્માણ થયું હતું.

ભારતીય અર્થતંત્રમાં વિવિધ ક્ષેત્રોની કથિત સિદ્ધિઓ અને ૧ જુલાઈ, ૨૦૧૭થી ભારતીય કરવેરાનાં ઐતિહાસિક સુધારાની પ્રસ્તાવિત શરૂઆતને ધ્યાનમાં રાખીએ તો કોઈ પણ વ્યક્તિ સરળતાપૂર્વક સમજી શકે છે કે ભારતીય અર્થતંત્ર આગામી વર્ષોમાં ઘણી સફળતા મેળવશે.

**લેખક ભારત સરકારનાં ફાઈનાન્સ, કોર્પોરેટ અને કોમ્પિટિશન કમિશન ઓફ ઈન્ડિયા મંત્રાલય, પ્રેસ ઈન્ફોર્મેશન બ્યૂરો, માહિતી અને પ્રસારણ મંત્રાલયનાં એડિશન ડિરેક્ટર જનરલ (એમએન્ડસી) છે.**

ઈ-મેલ : **dprfinance@gmail.com**

# સામાજિક પ્રગતિ : આર્થિક વૃદ્ધિ ઉપરાંતનો વિકાસ

નટાશા ઝા ભાસ્કર



*ભારત હાલમાં એના કુલ જીડીપીના ૪ ટકાથી ઓછી રકમ શિક્ષણ પાછળ ખર્ચે છે. કુલ ૧૪ લાખથી વધુ શાળાઓ, ૪૫૦૦૦ કોલેજો અને ૭૦ થી વધુ યુનિવર્સિટીઓ સાથે ભારતનું શૈક્ષણિક માળખું દુનિયાનું એક સૌથી મોટું માળખું છે. આ માળખું ૩૦ કરોડ ઉપરાંત વિદ્યાર્થીઓને શિક્ષણ પૂરું પાડે છે, જે લોકો દેશ એની માનવ મૂડીનો લાભ ઉઠાવે એ માટે મદદરૂપ થાય છે.*

*શૈક્ષણિક ક્ષેત્રે નીતિઓના ઘડતરમાં અને શૈક્ષણિક સુધારાનો અસરકારક અમલ કરવામાં દેશનાં રાજ્યોનું સવિશેષ મહત્ત્વ સ્વીકારીને કેન્દ્રીય માનવ વિકાસ મંત્રાલય, શિક્ષણ અંગેના મધ્યસ્થ સલાહકાર બોર્ડની બેઠકો નિયમિત યોજે છે. જે એક સહુને સમાવતી વિશાળ સંસ્થા છે તેમજ શિક્ષણ અંગે દેશની સૌથી ટોચની સલાહકાર સંસ્થા છે.*

*શિક્ષણ ક્ષેત્રે સુધારાની બધી જ પહેલ કેન્દ્ર અને રાજ્યો વચ્ચે, ઉપર જણાવેલા સલાહકાર બોર્ડની મદદથી વ્યાપક સર્વસંમતિથી ઘડવામાં આવે છે.*

વર્તમાન સરકારે જ્યારે સત્તાનાં સૂત્રો સંભાળ્યાં ત્યારે એની પાસેની અગણિત અપેક્ષાઓ પાછળની મુખ્ય અપેક્ષા કે માંગણી સુશાસનની હતી. પ્રજાની અપેક્ષાઓમાં ફુગાવો અને ભાવવધારો, રોજ-બરોજના વ્યવહારોમાં વ્યાપેલો ભ્રષ્ટાચાર અને મૂડીવાદના સાથની તરફદારી જેવી સળગતી સમસ્યાઓ ઉકેલવાનો સમાવેશ થતો હતો. નાણાંમંત્રીએ એમના ૨૦૧૭-૧૮ના કેન્દ્રીય અંદાજપત્ર ઉપરના સંબોધનમાં જણાવ્યું એમ, સરકારનાં મુખ્ય ધ્યેય નીચે મુજબ છેઃ

- મુન્સફી વહીવટી તંત્રના સ્થાને સુવહીવટી ઉપર આધારિત નીતિ અને પદ્ધતિ
- પક્ષપાતના સ્થાને પારદર્શિતા અને નિર્ણયો લેવામાં નિષ્ઠા
- વ્યાપક અને અનિશ્ચિત અધિકારો બક્ષવાને બદલે લક્ષિત સેવાઓ
- અવિધિસરના અર્થતંત્રમાંથી વિધિસરનું અર્થતંત્ર.

છેલ્લા કેટલાંક ગણતરીના વર્ષોમાં ભારતના વિકાસ માર્ગનું પૃથક્કરણ ઉપર જણાવેલા પરિપ્રેક્ષ્યમાં કરવાનું રહે છે. વિકાસની વ્યાખ્યા શી ? શું આપણો વિકાસ સર્વસમાવેશક અને સમાન ન્યાયી છે ? શું આપણા વિકાસના વ્યૂહને વધુ વ્યાપક અને સર્વગ્રાહી બનાવવા એને નવેસરથી ઘડવાની જરૂર છે. દેખીતી રીતે જ આનો ઘણો બધો આધાર જાહેર મૂડીરોકાણની ગુણવત્તા અને દિશા ઉપર રહેલો છે.

નોબેલ પારિતોષિક વિજેતા અર્મત્ય સેન એમની એ માન્યતાને એકધારા વળગી રહ્યાં છે કે, "આર્થિક પ્રગતિનો ક્યાસ કાઢવામાં વૃદ્ધિ દર ઘણો મૂર્ખામીભર્યો અને અસંગત છે." બેલ્જિયમમાં જન્મેલા ભારતીય અર્થશાસ્ત્રી જીન ડ્રેઝ અને અર્મત્ય સેને છેક ૧૯૯૫માં એવી ચેતવણી આપી હતી કે, વિકાસને વેગ આપતાં સુધારાઓ મહત્ત્વના હોવા છતાં, નાત-જાત અને જાતિના ભેદભાવો દૂર કરવાનું અને રોજગારીનું નિર્માણ કરવાનું તો બાજુએ રહ્યું પણ, સૌથી ગરીબ લોકોનું જીવન ધોરણ સુધારવા માટે પણ પૂરતા નથી. એમના મતે સુધારાની સાથોસાથ શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રમાંની જાહેર નીતિમાં જલદ ફેરફાર કરવાનું આવશ્યક છે.

### માનવ વિકાસનું મહત્ત્વ

પ્રત્યેક વ્યક્તિનો માનવ વિકાસ થાય એ માટે વિકાસ સર્વસમાવેશક હોવો જ જોઈએ અને એને, પરસ્પરને ટેકારૂપ ચાર આધાર સ્થંભનો ટેકો હોવો જોઈએ, જેમાં રોજગારલક્ષી વિકાસ વ્યૂહરચના, નાણાકીય સર્વસમાવેશકતામાં વધારો, માનવ વિકાસના સૌથી મહત્ત્વનાં ક્ષેત્રો શિક્ષણ અને આરોગ્યમાં રોકાણ અને ભારે પ્રભાવ ધરાવતી અનેકવિધ દરમિયાનગીરીનો સમાવેશ થાય છે.

માનવ વિકાસ, તંદુરસ્ત અને શિક્ષિત નાગરિકો તરીકે પ્રત્યેક વ્યક્તિઓની પૂરેપૂરી ક્ષમતા વિકસાવી શકે એ માટેની શક્તિ સૂચવે છે. વિશ્વ સંસ્થા યુનોનો, યુએનડીપીનો માનવ વિકાસ અહેવાલ જે માનવ વિકાસ ઈન્ડેક્ષના આધારે દેશોનું મૂલ્યાંકન કરે છે એમાં "મીડિયમ એચડીઆઈ"ના ૧૮૮ દેશોમાં ભારતનો ક્રમાંક ૧૩૦, ભુતાન ૧૩૨ જ્યારે બંગ્લાદેશનો ક્રમાંક ૧૪૨ છે. શ્રીલંકાનો ક્રમ ૭૩ અને ચીનનો ૯૦ (વેરીહાઈ એચડીઆઈ) જ્યારે નેપાળનો ૧૪૫ અને પાકિસ્તાનનો ૧૪૭ (લો એચડીઆઈ)મો છે. આમ માનવ વિકાસના ક્ષેત્રે ઉદાહરણ દેશોથી ભારત ઘણું દૂર જણાયું છે. આ માનવ વિકાસ ઈન્ડેક્ષ શિક્ષણ, આરોગ્ય અને આવક ઉપર આધારિત છે અને એમાં બાળકો તથા પુખ્તવયની વ્યક્તિનાં શિક્ષણનાં વર્ષો, સરેરાશ જીવન આયુષ્ય તથા કુલ રાષ્ટ્રીય આવક ગણત્રીમાં લેવાયાં છે.

અસાધારણ વૃદ્ધિ દરની વાતોમાં-દાવામાં આપણા દેશમાંની અસમાનતા અને ગરીબીના ઉંચા પ્રમાણને છુપાવવામાં આવે છે. "ક્રેડિટ સુઈસે ગ્લોબલ વેલ્થ ડેટાબુક ૨૦૧૪" મુજબ આપણા દેશમાં, સૌથી શ્રીમંત એવા એક ટકા જેટલા લોકોનો દેશની કુલ સંપત્તિમાંનો હિસ્સો, વિશ્વના બાકીના ભાગથી વિપરીત રીતે, વધતો જ જાય છે અને આ ૧ ટકા જેટલા સૌથી શ્રીમંત લોકો, દેશની લગભગ અડધી સંપત્તિના માલિક છે. દેશના ટોચના ૧૦ ટકા શ્રીમંતોનો સંપત્તિમાંનો હિસ્સો ૨૦૦૦ પછી દસ ટકા જેટલો વધ્યો છે.

ઉપરોક્ત હકીકત એ સમજાવે છે કે માનવ વિકાસમાં મૂડીરોકાણ સિવાયનો આર્થિક વિકાસ ટકી શકે એવો નથી અને એ અનૈતિક છે. શિક્ષણ ક્ષેત્રે વિદ્યાર્થીઓની નોંધણી વધતી જાય છે, પણ વાર્ષિક એએસઈઆર હેવાલ એવું જણાવે છે કે, પ્રાથમિક શિક્ષણના વિદ્યાર્થીઓમાં પણ શિક્ષણ - ભણતરના કોઈ પરિણામો જોઈ શકાતા નથી. સરકારે આ સંબંધમાં પરિણામલક્ષી યોજનાઓ હાથ ધરી હોવા છતાં આ દિશામાં હજી ઘણું કરવાની જરૂર છે.

**દુનિયાનું એક સૌથી મોટું માળખું**

ભારત હાલમાં એના કુલ જીડીપીના ૪ ટકાથી ઓછી રકમ શિક્ષણ પાછળ ખર્ચે છે. કુલ ૧૪ લાખથી વધુ શાળાઓ, ૪૫૦૦૦ કોલેજો અને ૭૦ થી વધુ યુનિવર્સિટીઓ સાથે ભારતનું શૈક્ષણિક માળખું દુનિયાનું એક સૌથી મોટું માળખું છે. આ માળખું ૩૦ કરોડ ઉપરાંત વિદ્યાર્થીઓને શિક્ષણ પૂરું પાડે છે, જે લોકો દેશ એની માનવ મૂડીનો લાભ ઉઠાવે એ માટે મદદરૂપ થાય છે.

શૈક્ષણિક ક્ષેત્રે નીતિઓના ઘડતરમાં અને શૈક્ષણિક સુધારાનો અસરકારક અમલ કરવામાં દેશનાં રાજ્યોનું સવિશેષ મહત્ત્વ સ્વીકારીને કેન્દ્રીય માનવ વિકાસ મંત્રાલય, શિક્ષણ અંગેના મધ્યસ્થ સલાહકાર બોર્ડની બેઠકો નિયમિત યોજે છે. જે એક સહુને સમાવતી વિશાળ સંસ્થા છે તેમજ શિક્ષણ અંગે દેશની સૌથી ટોચની સલાહકાર સંસ્થા છે.

શિક્ષણ ક્ષેત્રે સુધારાની બધી જ પહેલ કેન્દ્ર અને રાજ્યો વચ્ચે, ઉપર જણાવેલા સલાહકાર બોર્ડની મદદથી વ્યાપક સર્વસંમતિથી ઘડવામાં આવે છે.

**પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ**

હાલમાં આ ક્ષેત્રે, જે વિવિધ પહેલ કરાઈ છે એમાં, મફત અને ફરજીયાત શિક્ષણ માટે બાળકોના હકનો ૨૦૦૯નો કાયદો, સર્વશિક્ષા અભિયાન, શાળાઓમાં આઈસીટી, શિક્ષકોના શિક્ષણ માટે કેન્દ્ર પુરસ્કૃત યોજના, શાળા સિદ્ધિ, રાષ્ટ્રીય આવિષ્કાર અભિયાન મુખ્ય છે, જેનો અમલ કરાઈ રહયો છે. આ વિવિધ પહેલનો ઉદ્દેશ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ ક્ષેત્રે વિવિધ સુધારા કરવાનો છે.

**ઉચ્ચતર શિક્ષણ**

ઉચ્ચતર શિક્ષણ ક્ષેત્રે શિક્ષણની ગુણવત્તા સુધારવા જેનો અમલ થઈ રહયો છે એવી મહત્ત્વની યોજના કે કાર્યક્રમોમાં, રાષ્ટ્રીય ઉચ્ચતર શિક્ષા અભિયાન, શૈક્ષણિક નેટવર્ક માટે વૈશ્વિક પહેલ, સંશોધન, શોધખોળ અને ટેકનોલોજી ઉપર પ્રભાવ પાડવો, ટેકનિકલ શિક્ષણ ગુણવત્તા સુધારણા કાર્યક્રમ, શિક્ષકો અને શિક્ષણકાર્ય અંગે પંડિત મદન મોહન માલવિયા રાષ્ટ્રીય મિશન, અપેક્ષા સેવી યુવાવર્ગ માટે સ્ટડી વેબ્સ ફોર એક્ટિવ લર્નીંગ (સ્વયમ) નેશનલ ડિજીટલ લાઈબ્રેરી, કેમ્પસ કનેક્ટ પ્રોગ્રામ, ઉચ્ચતર આવિષ્કાર અભિયાન અને ઉન્નત ભારત અભિયાનનો સમાવેશ થાય છે. ઉચ્ચતર અને ટેકનિકલ શિક્ષણ ક્ષેત્રે ગુણવત્તા સુધારણા માટે યુજીસી તથા એઆઈસીટીઈ દ્વારા પણ સંખ્યાબંધ પહેલ કરવામાં આવી છે.

સ્વયમ એ એક સ્વદેશી આઈટી પ્લૅટફૉર્મ છે જેનો ઉપયોગ, માધ્યમિક શાળાઓ, કોલેજો અને યુનિવર્સિટીઓમાં જે વિશાળ શ્રેણીના વિષયો અને અભ્યાસક્રમોનું શિક્ષણ પૂરું પાડવામાં આવે છે અને જેનો દેશના સૌથી દૂર્ગમ ખૂણામાં રહેતા વિદ્યાર્થીઓ પણ લાભ મેળવી શકે છે, એને લગતું શ્રેષ્ઠ ગુણવત્તાવાળું ઓન લાઈન શિક્ષણ પૂરું પાડવા માટે વ્યાપક ધોરણ ઓપન ઓન લાઈન અભ્યાસક્રમો લોન્ચ કરવા માટે થાય છે. ભારત સરકારે દેશની ઉચ્ચતર શિક્ષણ સંસ્થાઓમાં વિવિધ અભ્યાસક્રમો શિખવવા માટે વિદેશી શિક્ષણ શાસ્ત્રીઓની સેવા મેળવી આપણી શિક્ષણ વ્યવસ્થામાં શ્રેષ્ઠ આંતરરાષ્ટ્રીય અનુભવો સમાવવાના ઉદ્દેશથી ગ્લોબલ ઈનીશીએટિવ ફોર એકેડેમિક નેટવર્ક (ગ્યાન - GIAN) શરૂ કરી છે. ધી નેશનલ ડિજીટલ લાયબ્રેરી (એનડીએલ) એ એક તાજેતરની પહેલ છે, જેનો હેતુ, દેશમાંના તથા વિદેશોમાંના

તમામ ડિજીટલ લાયબ્રેરી સાધનોને જોડી દેશમાંની તમામ ઉચ્ચતર શૈક્ષણિક સંસ્થાઓ માટે ઓનલાઈન સંપર્ક જોડાણ પૂરું પાડી ઓનલાઈન શૈક્ષણિક સાધનોનો ભંડાર પૂરો પાડવાનો છે. આ એનડીએલ દેશમાં જ્ઞાનનો સૌથી વિશાળ અને સમૃદ્ધ ભંડાર બની રહે એવી સંભાવના છે. હાલમાં એનડીએલમાં ભારતની અને વિદેશની ૭૦ ભાષાઓમાં ૬૪.૨૩ લાખથી વધુ પુસ્તકો / સામયિકો / ઓડિઓ બૂક્સ તથા ૧૮૦૦૦ ઈ-સામયિકોનો વિપુલ ભંડાર છે અને એ ૫.૭૫ લાખ રજીસ્ટર્ડ વિદ્યાર્થીઓ સાથેની ૩૬૧૭ સંસ્થાઓ સાથે સંલગ્ન છે. આ પહેલનું ધ્યેય ગુણવત્તાસભર શિક્ષણ પૂરું પાડવા માટે આવશ્યક શિક્ષણશાસ્ત્રીઓ તથા લાયબ્રેરીનાં સાધનોની તંગીનો ઉકેલ પૂરો પાડવાનું છે.

ઉચ્ચતર શૈક્ષણિક સંસ્થાઓની સ્પર્ધાત્મકતા વધારવાના દૃષ્ટિબિંદુથી નેશનલ ઈન્સ્ટિટ્યૂશનલ ફ્રેમવર્ક (એનઆઈઆરએફ) ના શ્રી ગણેશ કરાયા છે. તાજેતરમાં કેન્દ્રીય અંદાજપત્રમાં થયેલી જાહેરાતોમાં યુજીસીમાં કરાયેલા કેટલાક સુધારાનો ઉલ્લેખ છે. એના પરિણામો આધારિત માન્યતા (એક્રેડિટેશન) અને ક્રેડિટ આધારિત કાર્યક્રમો માટે, વધુ પ્રમાણમાં વહીવટી અને શૈક્ષણિક સ્વાયત્તતા અને સુધારેલા માળખાનો પ્રોત્સાહન પૂરું પાડવાનો છે. વધુમાં ઈન્ફોર્મેશન ટેકનોલોજીની પ્રભાવની શક્તિ ધ્યાનમાં લઈ સ્વયમ પ્લૅટફૉર્મ મારફત ૩૫૦ ઓનલાઈન અભ્યાસક્રમો શરૂ કરવાની તથા ઉચ્ચતર શૈક્ષણિક સંસ્થાઓ માટે પ્રવેશની તમામ પરીક્ષાઓ યોજવા એક રાષ્ટ્રીય ટેસ્ટીંગ એજન્સી સ્થાપવાની મહત્ત્વની જાહેરાતો પણ થઈ છે.

### નવી શૈક્ષણિક નીતિ

હાલમાં દેશની નવી શિક્ષણ નીતિ ઘડવા માટેની પ્રક્રિયા ચાલુ છે જેમાં, પરીક્ષાઓ, શાસનવ્યવસ્થા, નિયમનો, શાળાના ધોરણો, શિક્ષકો અને ફેકલ્ટી, સાક્ષરતા અને આજીવન શિક્ષણ, કૌશલ્ય અને નોકરી મોટેની યોગ્યતા, ગુણવત્તાની ખાત્રી, આંતરરાષ્ટ્રીયકરણ, સંશોધન, અભ્યાસક્રમો, શોધખોળ વગેરે અંગે કેટલાક સુધારા સૂચવવામાં આવે એવી સંભાવના છે, કે જેથી દેશમાં સમાજના તમામ વર્ગોને ગુણવત્તાયુક્ત શિક્ષણ મેળવવા માટે સમાન તકાને પ્રોત્સાહન પૂરું પાડે એવી શિક્ષણ પ્રકૃતિનું નિર્માણ થઈ શકે.

આર્થિક વિકાસ અને સામાજિક પરિવર્તન માટે શિક્ષણ નિર્ણાયક મહત્ત્વ ધરાવે છે. વૈશ્વિકરણના વર્તમાન યુગમાં, શિક્ષણ સશક્તિકરણ અને સામાજિક ન્યાયના એક સાધનના રૂપમાં જ નહીં પણ વ્યક્તિઓ અને રાષ્ટ્રો માટે ટકી રહેવા સંબધમાં એક મૂળભૂત જરૂરિયાત રૂપ લેવાય છે.

### આરોગ્ય ક્ષેત્રની સિદ્ધિઓ

આરોગ્ય ક્ષેત્રે પરિણામોના સંદર્ભમાં આપણી સિદ્ધિઓ સફળતા-નિષ્ફળતાનું મિશ્રણ રહી છે. વૈશ્વિક સરખામણીએ, ભારતની સિદ્ધિ જન્મ સમયે આયુષ્યની સરેરાશ અપેક્ષા 'ઠીકઠીક સારી' રહી છે, જ્યારે પ્રજનન શક્તિમાં ઘટાડા સંબંધમાં આપણી સિદ્ધિ 'અપવાદરૂપ સારી' રહી છે. ગમે એમ પણ આરોગ્ય વિષષક પરિણામોના મહત્ત્વનાં - હાર્દરૂપ સંકેતો જોતાં બાળ મૃત્યુ દર અને પ્રસૂતિ દરમ્યાન મૃત્યુદર ઘટાડવા માટે આપણે હજી લાંબી મજલ કાપવાની છે. શિક્ષણનો અભાવ, સ્ત્રી-પુરુષ અસમાનતા અને વિશાળ વસ્તીના ભારણને કારણે દેશમાં રોગનો બોજ વધતો રહ્યો છે.

ભારતમાં રોગોનું પ્રમાણ - બોજો વધુ હોવાનાં કારણોમાં પર્યાવરણીય સ્વચ્છતા-સેનિટેશન અને પીવાનું શુદ્ધ પાણીનો અભાવ, અપૂરતું પોષણ, અસ્વચ્છ રહેણાંકો તથા નિષેધાત્મક અને ઉપચારની આરોગ્ય સેવાઓ મેળવવાની મર્યાદાનો સમાવેશ થાય છે. જોકે, ભારતની તબીબી સંભાળની પદ્ધતિમાં પાયામાંથી સુધારા કરવા સ્વચ્છ ભારત અભિયાન, રાષ્ટ્રીય આરોગ્ય મિશન, મિશન ઈન્દ્રધનુષ જેવી રોગપ્રતિકારક શક્તિ વધારતી પહેલ મહિનાના ચોક્કસ દિવસોએ ગર્ભવતી સ્ત્રીઓની સંભાળ, તમાકુ નિયંત્રણ અને ડેન્ગ્યુ નિવારવાના કાર્યક્રમો જેવી ઘણી બધી મહત્ત્વની પહેલ કરાઈ છે.

કેન્દ્રના ૨૦૧૭-૧૮ના અંદાજપત્રમાં વિવિધ રોગોની નાબૂદી માટે મહત્ત્વકાંક્ષી એકશન પ્લાનની રૂપરેખા આપવામાં આવી હતી. આ મુજબ કાલા - અઝર અને ફાઈલારીઆસીસ ૨૦૧૭ સુધીમાં, રક્તપિત્ત ૨૦૧૮ સુધીમાં, ઓરી ૨૦૨૦ અને ક્ષય ૨૦૨૪ સુધીમાં નાબૂદ કરવાનું લક્ષ્ય રખાયું છે. આવા ચેપી રોગોના દેશ સમક્ષના પડકારો જોતાં એની નાબૂદી માટેના કાર્યક્રમો કેટલા વાસ્તવિક છે ? શું આ માટેની જાહેર ફંડની ફાળવણી લક્ષ્યાંક સિદ્ધ કરવા અને એ પછીનાં આવશ્યક પગલાં ભરવા માટે પૂરતી છે ? આપણા દેશમાં આરોગ્ય વિષય કાર્યક્રમોનાં નબળાં પરિણામો માટેનું એક મુખ્ય કારણ નબળી સેવા - ડીલિવરી સીસ્ટમ છે. બીજું કારણ સરકાર દ્વારા એકધારા અપૂરતા ફંડની ફાળવણી છે. આરોગ્ય ક્ષેત્ર માટે જાહેર ફંડની ફાળવણી જીડીપીના ૧.૨ ટકા જેટલી રહી છે. આરોગ્ય વિષયક યોજનાઓ માટે છેલ્લાં પાંચ વર્ષમાં કેન્દ્ર સરકારની ફંડની ફાળવણી, વાસ્તવિક સંદર્ભમાં, એકધારી ઘટી છે.

### નવી આરોગ્ય નીતિ

વર્ષોના વહેણ સાથે, ટેકનોલોજીમાં વિકાસના પરિણામે, દેશમાં આરોગ્ય વિષયક સગવડોમાં સુધારો થયો હોઈ શકે, પરંતુ એ હજી પણ તમામ લોકોને

પરવડી શકે એવી કિંમતે પ્રાપ્ય નથી. છેલ્લી આરોગ્ય નીતિ માન્ય થઈ એનો ૧૫ વર્ષ પછી હવે સરકારની હમણાંની છેલ્લી રાષ્ટ્રીય આરોગ્ય નીતિનું ધ્યેય, દેશના તમામ લોકોને ''પરવડી શકે એવા દરેક ગુણવત્તા યુક્ત આરોગ્ય સંભાળ'' પૂરી પાડવાનું છે. નવી આરોગ્ય નીતિ ૨૦૧૭ માં આરોગ્ય સેવામાં મૂડીરોકાણ અને નાણાંની ફાળવણીને અગ્રતાક્રમ આપવામાં આવ્યો છે. નવી નીતિ જાહેર આરોગ્ય વ્યવસ્થાની દિશા બદલી એને સુદ્રઢ કરવા તેમજ દેશમાંના સામાજિક, આર્થિક અને ટેકનોલોજીકલ પરિવર્તનોને ધ્યાનમાં લેતાં ભારતની આરોગ્ય સંભાળની વ્યવસ્થાને મજબૂત કરવા માંગે છે. એમાં ખાનગી ક્ષેત્ર સાથેની ભાગીદારીને વધુ મજબૂત કરવાનું વિચારાયું છે.

રાષ્ટ્રીય આરોગ્ય નીતિ, ૨૦૧૭નું મુખ્ય ધ્યેય આરોગ્ય પદ્ધતિના ઘડતર અંગે તમામ મહત્ત્વની બાબતોમાં આરોગ્યમાં રોકાણ, આરોગ્ય સંભાળની સેવાઓનું સંગઠન તેમજ એના માટેની નાણાંપૂર્તિ, રોગો થતા અટકાવવા અને સમાજના વિવિધ ક્ષેત્રોમાં સારા આરોગ્યને પ્રોત્સાહન, ટેકનોલોજીનો લાભ મેળવવો, માનવ સંસાધનોનો વિકાસ, તબીબી ક્ષેત્રે વિવિધ મંતવ્યો વગેરેને પ્રોત્સાહન, વધુ સારા આરોગ્ય માટે જ્ઞાનના આધારનું નિર્માણ, નાણાકીય સુરક્ષાની વ્યૂહરચના અને આરોગ્ય માટે નિયમન અને પ્રગતિશીલ બાહેધરી વગેરે સરકારની ભૂમિકા અંગે લોકોને માહિતગાર કરવાનું એને સુસ્પષ્ટ કરવાનું, સુદ્રઢ કરવાનું અને અગ્રતાક્રમ આપવાનું છે. આ નીતિમાં દેશભરમાં જાહેર આરોગ્યની વિવિધ સંસ્થાઓની દિશા બદલવા તથા એને મજબૂત કરવા ઉપર ભાર મૂકવામાં આવ્યો છે કે જેથી લોકોને માટે સાર્વત્રિક ધોરણે મફત દવા, નિદાનની સગવડ તથા અન્ય આવશ્યક આરોગ્ય સંભાળને સુલભ બનાવી શકાય.

## મુખ્ય સિદ્ધાંતો

આ નીતિના મુખ્ય-વિશાળ સિદ્ધાંતો, વ્યાવસાયિકતા, પ્રામાણિકતા અને નીતિશાસ્ત્ર, સમાનતા, પરવડી શકે એવા દામ, સાર્વત્રિકતા, દર્દીલક્ષી અને ગુણવત્તાપૂર્ણ સંભાળ, જવાબદારી તથા વિવિધમત - અનેક મતોના આદર ઉપર કેન્દ્રિત થયેલા છે. એનો ઉદ્દેશ-પ્રયાસ, ગુણવત્તાયુક્ત વૈકલ્પિક (સેકન્ડરી) અને ત્રીજી પંક્તિની તબીબી સેવાઓની પ્રાપ્યતાને સુધારવાનો તથા એ પરવડી શકે એવી હોય એ સુનિશ્ચિત કરવાનો છે. આ માટે જાહેર હોસ્પિટલોની સેવા તથા આવી હોસ્પિટલોમાં જે આરોગ્ય સંભાળની સગવડ ન હોય એવી સગવડો માટે સરકાર દ્વારા માન્ય બિન-સરકારી આરોગ્ય સંભાળની સંસ્થાઓ વચ્ચે સંકલન ઉભું કરવાનું વિચારાયું છે. વધુમાં આરોગ્ય સંભાળના ખર્ચામાં લોકોના પોતાના ખર્ચામાં નોંધપાત્ર ઘટાડો થાય, જાહેર આરોગ્ય સંભાળની સેવામાં લોકોનો વિશ્વાસ વધે, ખાનગી આરોગ્ય સંભાળ ઉધોગના સંચાલન અને વૃદ્ધિ ઉપર પ્રભાવ પાડવાનું તથા ખાનગી તબીબી સંસ્થાઓ તેમજ તબીબી ટેકનોલોજીને જાહેર આરોગ્યના ધ્યેયોને સહાયક બનાવવામાં આવશે.

નવી આરોગ્ય નીતિમાં, બાળકો અને કિશોરોના આરોગ્યની મહત્તમ સપાટી સિદ્ધ કરવા માટે અગમચેતીભરી સંભાળ (રોગો નિવારવા માટે) પરત્વેની પ્રતિબદ્ધતા દોહરાવવામાં આવી છે. શાળા આરોગ્ય કાર્યક્રમો ઉપર આ નીતિમાં ખાસ ધ્યાન આપવાનું વિચારાયું છે તેમજ આરોગ્ય અને સ્વચ્છતાને શાળાના અભ્યાસક્રમનો એક ભાગ બનાવવાનું વિચારાયું છે.

આ નીતિમાં વિભિન્ન આરોગ્ય ઉપચાર પદ્ધતિઓને મુખ્યપ્રવાહમાં લાવવાની ભલામણ થઈ છે. 'આયુષ' ની સંભવિત શક્તિને મુખ્ય પ્રવાહમાં લાવવા માટે આરોગ્યની જાહેર સગવડોની સાથો સાથ 'આયુષ' દ્વારા ઉપચારની સુવિધા પ્રાપ્ય બનાવવાનું વિચારાયું છે. સારા આરોગ્યને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશથી શાળાઓમાં ખૂબજ વ્યાપક ધોરણે તેમજ કામકાજનાં સ્થળોએ 'યોગ' નું શિક્ષણ - તાલીમ દાખલ કરવામાં આવશે.

નવી આરોગ્ય નીતિમાં, દેશના ગ્રામીણ વિસ્તારો તથા આરોગ્યની અપૂરતી સેવા ધરાવતા વિસ્તારોમાં સરકાર દ્વારા માન્ય આરોગ્ય સંભાળના વ્યાવસાયિકો દ્વારા સમાજનું ઋણ અદા કરવાની પહેલના રૂપમાં સ્વૈચ્છિક સેવાઓને ટેકો પૂરો પાડવામાં આવ્યો છે. આ નીતિમાં આરોગ્ય સંભાળની સીસ્ટમની કાર્યક્ષમતા તથા પરિણામો સુધારવા માટે વ્યાપક ધોરણે ડિજીટલ સાધનો ગોઠવવાની હિમાયત થઈ છે અને આરોગ્ય સંભાળના સમગ્ર માળખામાં ડિજીટલ આરોગ્યના નિયમન, વિકાસ અને ગોઠવણ માટે રાષ્ટ્રીય ડિજીટલ આરોગ્ય ઓથોરિટીની સ્થાપના કરવાની દરખાસ્ત થઈ છે. રાષ્ટ્રીય આરોગ્ય સંભાળ ધોરણોનું સંગઠન રચવાનો આદેશ પણ અપાયો છે, જે દેશમાં આરોગ્ય સંભાળ સંસ્થાઓ માટે ધોરણો મુકરર કરશે. આરોગ્ય એ રાજ્યોનો વિષય હોઈ, આ સંગઠન અસરકારક કામગીરી માટે જરૂરી સત્તાથી સુસજ્જ હશે કે કેમ એ નિશ્ચિત નથી.

## અમલનો પડકાર

નવી આરોગ્ય નીતિનો અમલ એક પડકારરૂપ બની રહેશે, જેનું કારણ દેશમાં, ખાસ કરીને ગરીબ રાજ્યોમાં આરોગ્ય વિષયક માળખામાં સંકલનનો અભાવ તેમજ રાજ્યોની આરોગ્યની વર્તમાન સીસ્ટમ - સેવાઓને રાષ્ટ્રીય એકશન પ્લાન સાથે જોડવાની સમસ્યા છે. ૨૦૧૭ની આરોગ્ય નીતિમાં જ જણાવાયું

છે કે "એક નીતિ માત્ર એના અમલ જેટલી જ સારી હોઈ શકે છે" આરોગ્ય ક્ષેત્ર કે એની નીતિમાં હિત ધરાવતાં બહુવિધ કાર્યદળો અથવા કાર્યજૂથો, જો આ નવા વિચારો અને અગ્રતાક્રમોમાંથી કેટલા વિચારો વગેરેના સંદર્ભમાં એના અમલ માટે રચવામાં આવે તો આ નીતિનો વધુ સારો અમલ થઈ શકે.

ભારતને હોસ્પિટલોમાં ૩૫ લાખ પથારીની, ૩૦ લાખ ડોક્ટરો અને ૬૦ લાખ નર્સોની આગામી ૨૦ વર્ષના ગાળામાં જરૂર પડશે એમ પ્રાઈસવોસ્ટહાઉસ કૂપર્સના હેવાલમાં જણાવાયું છે. ભારતમાં હાલના તબક્કે પ્રતિ ૧૦૦૦ની વસ્તીએ હોસ્પિટલોમાં માત્ર ૧.૩ પથારીની સગવડ છે, જે, વિશ્વ આરોગ્ય સંસ્થાની ગાઈડલાઈન્સ મુજબ આવશ્યક ૩.૫ પથારીની સગવડ કરતાં પણ ઘણી ઓછી છે.

**જંગી મૂડીરોકાણની જરૂર**

આમ દેશની વિશાળ જનસંખ્યાનો યોગ્ય લાભ મેળવવા માટે દેશની પ્રજા એના આરોગ્ય અને શિક્ષણ માટે ઘણું મોટું મૂડી રોકાણ કરવાનું જરૂરી છે. શિક્ષણ ક્ષેત્રમાં નીચેની સમસ્યાઓ ઉપર ખાસ ધ્યાન આપવાની જરૂર છે.

● **શૈક્ષણિક ક્ષેત્રનું નાણાકીય આરોગ્ય :** સરકારી અને ખાનગી શાળાઓ વચ્ચેનું અંતર

**ઉકેલ :** કેન્દ્ર તેમજ રાજય સરકારે શિક્ષણને અગ્રતાક્રમ આપવો જ રહયો અને વિવિધ યોજનાઓનો અમલ સુનિશ્ચિત કરવા કાર્યવ્યવસ્થા ઘડવી જોઈએ.

● **ગુણવત્તા, એક વાકયતા અને શિક્ષણનો ફેલાવો :** શૈક્ષણિક સ્ટાફની ગુણવત્તા, શિક્ષકોની ખૂબજ મોટા પ્રમાણમાં ખાલી જગાઓ અને લેબોરેટરી વગેરે જેવી સગવડોના અભાવના રૂપમાં માળખાગત સુવિધાઓના અભાવથી પરિસ્થિતિ વધુ ગુંચવાઈ છે.

**ઉકેલ :** યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષકોની ટકાવારી વધારવાની તેમજ યોગ્યતા ધરાવતા અને અન્ય શિક્ષકોને તાલીમ આપવાનું જરૂરી છે. વિવિધ રાજ્યોમાં અને વિવિધ સપાટીએ શાળાઓમાં તથા ઉચ્ચતર શિક્ષણક્ષેત્રે શિક્ષકોની ૧૫ થી ૪૦ ટકા જેટલી તંગી પ્રવર્તે છે. શિક્ષકોની તાલીમ માટે વ્યવસ્થા ઊભી કરવા ઉપરાંત શિક્ષણ સંકલિત અભ્યાસક્રમો અને ક્રેડિટ ટ્રાન્સફરની ગુણવત્તાનો ક્યાસ કાઢવા એક રાષ્ટ્રીય ગુણવત્તા માળખું રચવાની આવશ્યકતા છે.

● **શિક્ષકોની ગેરહાજરી :** શૈક્ષણિક દેખરેખ સુપરવિઝનની આંખે ચઢે એવી ગેરહાજરી વર્તાય છે.

**ઉકેલ :** શિક્ષકો માટે કામગીરી આધારિત સમીક્ષા તથા મધ્યસત્ર પુનઃ મૂલ્યાંકન હાથ ધરાવા જોઈએ (શિખવાની ગુણવત્તા, શિક્ષકોની હાજરી, એમના પ્રયાસો, અભ્યાસક્રમ સાથે સંકળાયેલી તથા મૂલ્યાંકન સંબંધિત પ્રવૃતિઓ, શૈક્ષણિક રેકોર્ડ તથા વિદ્યાર્થીઓની કામગીરીના આધારે સ્કોરની ગણત્રી થઈ શકે) વિધિસરના નહીં પણ વાસ્તવિક (વર્ચ્યુઅલ) વર્ગરૂમના વિચારને પ્રોત્સાહન આપવું જોઈએ. વિદ્યાર્થીઓને પ્રેરવા અને મર્ગદર્શન પૂરું પાડવા માટે વિષયના નિષ્ણાતી જ્ઞાન સાથેના અસાધારણ શિક્ષકોનું સંકલિત નેટવર્ક ઉભું કરવું જોઈએ. ઈન્ડિયન ઍડમિનિસ્ટેટિવ સર્વિસના ધોરણે અખિલ ભારતીય શિક્ષક સેવા શરૂ કરી શકાય.

**પ્રાપ્યતા :** દેશમાં યુવકોની સંખ્યાના વિસ્ફોટ સામે આપણે જોઈતા પ્રમાણમાં ઉચ્ચતર શિક્ષણની સંસ્થાઓ ઊભી નથી કરી શકયા. રાષ્ટ્રીય જ્ઞાન પંચે આવી ૧૫૦૦ સંસ્થાઓની જે જરૂરિયાત જણાવી હતી એની સામે દેશમાં માત્ર ૭૫૦ સંસ્થાઓ છે.

**ઉકેલ :** જરૂરિયાતોનો અગાઉથી ક્યાસ કાઢવા માટેની - પ્રોજેક્શનની કોઈ પણ પદ્ધતિનો અભાવ આનું મૂળ કારણ છે. ભવિષ્યની માંગણી અગાઉથી જાણી શકાય એ માટેની કાર્યપદ્ધતિ વિકસાવવાની તથા જરૂર મુજબના લક્ષ્યાંકની ખાનગી અને જાહેર ક્ષેત્ર વચ્ચે વહેંચણી કરવાની તથા શિક્ષણ માટેનું બજેટ વધારવાની આવશ્યકતા છે. તાજેતરમાં કેન્દ્રીય માનવ સંસાધન મંત્રાલયે દેશની શ્રેષ્ઠ દસ કોલેજોની જે યાદી બહાર પાડી એમાંથી છ કોલેજો દિલ્હીમાં છે. અન્ય ચાર શ્રેષ્ઠ કોલેજોમાં એક કોલકાતામાં, બે ચેન્નાઈમાં અને એક તિરૂચિરાપલ્લીમાં છે. ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરું પાડતી ઉચ્ચતર શિક્ષણ સંસ્થાઓની દેશમાં એક તરફ ઢળતી વહેંચણી ચિંતાનો વિષય છે.

**પરવડી શકે એવું શિક્ષણ :** જાહેર શિક્ષણ સંસ્થાઓની તંગી અને ખાનગી શિક્ષણ સંસ્થાઓની અસહ્ય ફી દેશની વિશાળ બહુમતી વસ્તી માટે શિક્ષણને બહુ મોઘું - પરવડી ન શકે એવું બનાવે છે.

**ઉકેલ :** વિવિધ સપાટીએ શિષ્યવૃત્તિઓ, શૈક્ષણિક લોન અને ઉદ્યોગો દ્વારા પુરસ્કૃત શિક્ષણની વ્યવસ્થા ઊભી કરવા પ્રયાસો કરવાની જરૂર છે. યુનિસેફ દ્વારા વિકસાવવામાં આવેલાં અને કેન્દ્રીય માનવ સંસાધન મંત્રાલય દ્વારા અમલમાં મૂકાએલો, ભારતમાં કન્યાઓના શિક્ષણને આગળ ધપાવવા માટેનો ડિજીટલ જેન્ડર એટલાસ, દેશના જે ભૌગોલિક વિસ્તારોમાં ખાસ કરીને અત્યંત ગરીબ - સીમાંત કુટુંબોમાં કન્યા શિક્ષણનું પ્રમાણ જયાં ખૂબજ ઓછુ છે એની ભાળ મેળવવામાં મદદરૂપ બનશે. અને તમામ પ્રકારની શિષ્યવૃત્તિઓ માટેનું સીન્ગલ વીન્ડો સ્કોલરશીપ પોર્ટલ એક સર્વસમાવેશક સમાજનું નિર્માણ કરવાના સરકારના પ્રયાસોમાં સહાયક બનશે.

**સ્વાયત્તતા :** યુનિવર્સિટીઓમાં રાજકીય નિમણૂંકો અને સરકારની વારંવારની દખલગીરી એની સંશોધનાત્મક સર્જનાત્મક શક્તિને કુંઠિત કરી નાખે છે.

**ઉકેલ :** એક રાષ્ટ્રિય નિમણૂંક પંચ અને આંતરિક મોડેલ ડીઝાઈનમાં સ્વાયત્તા આજની જરૂરિયાત છે.

**રોજગારી માટેની યોગ્યતા :** યુનિવર્સિટીઓથી અલગ કરાએલી સંશોધનની સગવડો અને રોજગારીનું નિર્માણ કરી શકે એવા પ્રસ્તુત શિક્ષણનો અભાવ દેશમાં ઉચ્ચતર શિક્ષણના અભ્યાસને જોખમી બનાવે છે.

**ઉકેલ :** શિક્ષણ ક્ષેત્રે ઈન્ક્યુબેશન કેન્દ્રો, વૈજ્ઞાનિક વિસ્તરણ કાર્યક્રમો તથા શિક્ષણ અને ઉદ્યોગ ક્ષેત્ર વચ્ચે ક્રિયા પ્રતિક્રિયા - વિચારોના આદાન પ્રદાનને ઉત્તેજન અપાવું જોઈએ.

**ભાષાની મર્યાદા :** મોટે ભાગે અંગ્રેજી આધારિત શિક્ષણ વ્યવસ્થા તરફનું વલણ - પ્રવાહ અને ભારતીય ભાષાઓમાં અનુવાદીત પુસ્તકોની ભારે તંગી ઘણીવાર વિદ્યાર્થીઓને એમનું શિક્ષણ ચાલુ રાખવા સંબંધમાં હતોત્સાહ કરે છે.

**ઉકેલ :** તમામ શૈક્ષણિક સામગ્રીનું વિવિધ ભારતીય ભાષાઓમાં ભાષાંતરનું કાર્ય એક મિશનના રૂપમાં હાથ ધરાવું જોઈએ.

વિશ્વના રોગોનો ૨૧ ટકા જેટલો બોજો આપણા દેશ ઉપર છે અને ડોક્ટર સામે દર્દીઓનો રેશિઓ ગુણોત્તર, ૧૭૦૦ લોકોએ એક ડોક્ટરનો છે. કુલ આરોગ્ય વિષયક ખર્ચામાં, ખિસ્સામાંથી થતો ખર્ચ ૬૨ ટકા જેટલો ઉંચો છે. આ જોતાં ભારતને આરોગ્ય ક્ષેત્રના માળખાકીય અને મૂળભૂત પડકારોને પહોંચી વળતા જોરદાર દવાની જરૂર છે.

**આરોગ્ય સંભાળની પ્રાપ્યતા :** જાહેર આરોગ્ય સેવાની ડીલિવરીની ઘટતી જતી ભૂમિકા એ પૂરતા પ્રમાણમાં કૌશલ્ય ધરાવતા લોકોનો અભાવ.

**ઉકેલ :** આરોગ્ય સેવાઓ સંબંધમાં જાહેર તથા ખાનગી ક્ષેત્રે નિયમનકારી કાર્યવ્યવસ્થાનો અમલ કરવો એની પાછળનો ઉદ્દેશ, આ સેવાઓ મેળવવાનું વધુ સુલભ બનાવવું, ગુણવત્તા સુધારવી, આરોગ્ય સેવાઓની ડીલિવરીમાં સુધારો લાવવો, આરોગ્ય વિષયક આંતરમાળખાને ધોરણસરનું બનાવવું, એનું વ્યવસ્થાપન, વહીવટ તેમજ શાસનના સમગ્ર તંત્રમાં સુધારો લાવવો, સેનિટેશન કાર્યક્રમો તથા અન્ય કેન્દ્રીય અને રાજ્યોની યોજનાઓ મારફત રોગ થતાં અટકાવે એવી આરોગ્ય સંભાળ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાનો હોવો જોઈએ.

**આરોગ્ય સેવાની ડીલિવરીનું આંતરમાળખું :** કેપીએમજી હેવાલમાં જણાવાયું છે કે દેશમાં ૬૦ ટકા હોસ્પિટલો, ૭૫ ટકા દવાખાનાં અને ૮૦ ટકા ડોકટરો શહેરી વિસ્તારોમાં આવેલા છે, જે દેશની માત્ર ૨૮ ટકા વસ્તીને સેવા પૂરી પાડે છે.

**ઉકેલ :** દેશમાં તબીબી કોલેજો અને એમાં વિદ્યાર્થીઓની પ્રવેશ સંખ્યામાં વધારો કરવો જોઈએ, ગ્રામીણ ક્ષેત્રમાં ઈન્ટર્નશીપ માટે ઉત્તેજન, જે વિદ્યાર્થીઓએ ઓછામાં ઓછાં ૩ થી ૫ વર્ષ ગ્રામીણ વિસ્તારોમાં કામ કર્યું હોય એમને માટે પોસ્ટગ્રેજ્યુએટ અભ્યાસક્રમમાં અનામત બેઠકો રાખવી જોઈએ, તબીબી કોલેજોમાં શિક્ષકોની નિમણૂંક માટેની વયમર્યાદા વધારવી જોઈએ, કોલેજોમાં તબીબી શિક્ષણ લોકોને પરવડી શકે એવું બનાવવું જોઈએ (ખાનગી કોલેજોંમાં ફીનો ખર્ચ અસહ્ય હોય છે) ચીલાચાલુ નહીં, પણ તદ્દન નવા-વિશિષ્ટ, ટેકનોલોજી પ્રેરિત, શોધખોળ પ્રેરિત, પરવડી શકે એવા, ઓછા ખર્ચના ઉકેલ શોધી કાઢવાની તાતી જરૂર છે. દેશમાં ૨૦૧૫ના માત્ર એક જ વર્ષમાં આરોગ્ય સંભાળ ક્ષેત્રે અંદાજે ૩૦૦ થી વધુ સ્ટાર્ટઅપ ઉદ્યોગ સાહસિક એકમો ઉભા થયા હતા.

**સ્પેશ્યાલિસ્ટોની જરૂરિયાત :** દેશના ગ્રામીણ અને શહેરી વિસ્તારો વચ્ચે, ડોક્ટરો, નર્સ અને પેરામેડિકલ પ્રોફેશનલ્સની પ્રાપ્યતામાં ભારે અસમતુલા પ્રવર્ત છે.

**ઉકેલ :** આરોગ્ય ક્ષેત્રના ચોક્કસ પડકારોનો ઉકેલ લાવી શકે એવા આરોગ્ય સંભાળના શિસ્તબદ્ધ કર્મચારીઓ ડોક્ટરો વગેરેની કેડર ઊભી કરવી જોઈએ. હોસ્પિટલોને એકબીજા સાથે ઈ-નેટવર્કથી જોડવી જોઈએ કે જેથી હોસ્પિટલોમાં પથારીઓ, ડોક્ટરો વગેરેની પ્રાપ્યતા - સુલભતાના આધારે તબીબો તેમજ સગવડોની સુયોગ્ય વહેંચણી થઈ શકે. (તબીબી સંભાળ ક્ષેત્રે સર્વ સમાવેશકતા માટે તથા લોકોને કાર્યક્ષમ સેવાઓ પૂરી પાડવા માટે ટેકનોલોજીનો એક સહાયક સાધન તરીકે ઉપયોગ કરવો જોઈએ)

**પરવડી શકે એવી આરોગ્ય સંભાળ :** દવાઓ તથા વિવિધ પરિક્ષણો - ટેસ્ટ વગેરેનો ખૂબ ભારે ખર્ચ

**ઉકેલ :** જીનેટિકસને પ્રોત્સાહન


વિશાળ સંદર્ભમાં જોઈએ તો, આગામી દાયકાઓમાં "ઉદય પામતાં-નૂતન ભારત" સ્વરૂપનો ઘાટ શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રો ઘડશે.

**લેખિકા ભારતીય સંસદનાં ટેલીવિઝન લોકસભા ટીવીમાં કામ કરવાનાં ૧૧ વર્ષનાં અનુભવ સાથે સીનિયર એનાલિસ્ટ છે. તેમનું કાર્ય રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરની મહત્ત્વપૂર્ણ સરકારી નીતિઓમાં વિશ્લેષણ અને સંશોધન પર કેન્દ્રિત છે.**

ઈ-મેલ : **natashajha@gmail.com**

# ગ્રામીણ વિકાસ અને મનરેગા : ગુજરાતના સંદર્ભમાં

પ્રો. હસ્તીમલ જી. સાગરા




*ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૦૫ માં ગ્રામીણ રોજગાર સર્જન અને વિકાસ માટે મહાત્મા ગાંધી નેશનલ રૂરલ ઈમ્પ્લોયમેન્ટ ગેરેન્ટી એક્ટ (MGNREGA) પસાર કરવામાં આવ્યો હતો. MGNREGA હેઠળ દરેક ગ્રામીણ પરિવારમાંથી કોઈ એક પુખ્તવયના સભ્યને દર વર્ષે ૧૦૦ દિવસનું ગેરન્ટેડ રોજગારી આપવાનું નક્કી થયું. આ યોજનાની શરૂઆત પ્રથમ તબક્કે દેશના ૨૦૦ આર્થિક રીતે સૌથી નબળા જિલ્લાઓમાંથી થઈ અને વર્ષ ૨૦૦૮ થી આખા દેશમાં આ યોજના લાગુ કરવામાં આવી હતી.*

*મનરેગા યોજના હેઠળ છેલ્લા ૧૦ વર્ષોમાં ૧૯૮૬ કરોડ દિવસનું ૨૭.૬ કરોડ ગ્રામીણ લોકો માટે રોજગારી સર્જન થયું છે. જેમાંથી ૫૦ ટકાથી વધુ મહિલાઓ અને લગભગ એક તૃતિયાંશ જેટલા SC અને ST વર્ગોનું સમાવેશ થાય છે. ભારત સરકારના છેલ્લા બજેટ (૨૦૧૭-૧૮)માં મનરેગા યોજના માટે ૪૮,૦૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. દર વર્ષે આ રોજગાર ગેરેન્ટી યોજના હેઠળ લગભગ ૫ કરોડ પરિવારોને રોજગાર મળે છે. મનરેગા યોજનાએ અનેક સિદ્ધિઓ મેળવી છે અને આજે આ ગ્રામીણ રોજગાર ગેરેન્ટી યોજના વિશ્વની સૌથી વિશાળ શ્રમ રોજગાર માટેની સરકારી યોજના છે.*

ભારત ગામડાઓનું દેશ કહેવાય છે. પરન્તુ આજે ભારત દેશ દુનિયાના અત્યંત મહત્વપૂર્ણ અને શક્તિશાળી રાષ્ટ્રોમાં ગણાય છે. ભારત દેશની પ્રગતિમાં હરીયાળી ક્રાંતિ, માહિતી અને કોમ્યુનિકેશન ટેકનોલોજી ક્રાંતિ અને મોબાઈલ ક્રાંતિ વગેરેનું વિશેષ યોગદાન છે. આપણો દેશ સોફ્ટવેર ક્ષેત્રે સુપર પાવર ગણાય છે. ભારતનું હીરા ઉદ્યોગ વિશ્વ વિખ્યાત છે. ભારતનું અર્થતંત્ર દુનિયામાં સૌથી ઝડપી આર્થિક વિકાસ કરનાર અર્થતંત્ર છે.

બીજી બાજું, આજે પણ ભારતમાં ૬ લાખ ગામો છે જેમાં દેશની લગભગ ૫૦ ટકા કરતા વધુ વસ્તી રહે છે. દેશના ગ્રામીણ ક્ષેત્રમાં ગરીબી અને બેકારી જેવી મૂળભૂત સમસ્યાઓ છે. આયોજન સમયગાળામાં સરકારે ગ્રામીણ વિકાસ, ગરીબી નિવારણ અને રોજગારી સર્જન માટે અનેક યોજનાઓ શરૂ કરી હતી જેમ કે JRY, TRYSEM, IAY, MGNREGS વગેરે. એમાંથી સૌથી અસરકારક અને વિસ્તૃત યોજના એટલે મનરેગા.

### મનરેગા યોજનાનું પરિચય

ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૦૫ માં ગ્રામીણ રોજગાર સર્જન અને વિકાસ માટે મહાત્મા ગાંધી નેશનલ રૂરલ ઈમ્પ્લોયમેન્ટ ગેરેન્ટી એક્ટ (MGNREGA) પસાર કરવામાં આવ્યો હતો. MGNREGA હેઠળ દરેક ગ્રામીણ પરિવારમાંથી કોઈ એક પુખ્તવયના સભ્યને દર વર્ષે ૧૦૦ દિવસની રોજગારી આપવાનું નક્કી થયું. આ યોજનાની શરૂઆત પ્રથમ તબક્કે દેશના ૨૦૦ આર્થિક રીતે સૌથી નબળા જિલ્લાઓમાંથી થઈ અને વર્ષ ૨૦૦૮ થી આખા દેશમાં આ યોજના લાગુ કરાવામાં આવી હતી.

### રાષ્ટ્રીય સ્તર પર મનરેગા

મનરેગા યોજના હેઠળ છેલ્લા ૧૦ વર્ષોમાં ૧૯૮૬ કરોડ દિવસનું ૨૭.૬ કરોડ ગ્રામીણ લોકો માટે રોજગારી સર્જન થયું છે. જેમાંથી ૫૦ ટકાથી વધુ મહિલાઓ અને લગભગ એક તૃતિયાંશ જેટલા SC અને ST વર્ગોનું સમાવેશ થાય છે. ભારત સરકારના છેલ્લા બજેટ (૨૦૧૭-૧૮)માં મનરેગા યોજના માટે ૪૮,૦૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. દર વર્ષે આ રોજગાર ગેરેન્ટી યોજના હેઠળ લગભગ ૫ કરોડ પરિવારોને રોજગારી મળે છે. મનરેગા યોજનાએ અનેક સિદ્ધિઓ મેળવી છે અને આજે આ ગ્રામીણ રોજગાર ગેરેન્ટી યોજના વિશ્વની સૌથી વિશાળ શ્રમ રોજગારી માટેની સરકારી યોજના છે.

### મનરેગા યોજના અને ગુજરાત


ગુજરાત રાજ્યમાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજના કુલ ૩૩ જિલ્લાઓ, ૨૪૭ તાલુકાઓ અને ૧૪૩૫૭ ગ્રામ પંચાયતોમાં અમલી થયેલ છે. આ યોજના હેઠળ ગુજરાતમાં કુલ

૩૮,૪૪,૮૮૦ પરિવારોનું કરવામાં આવેલ છે. અને એટલી જ સંખ્યામાં સરકાર દ્વારા જોબકાર્ડ ઉપલબ્ધ કરવામાં આવેલ છે. મનરેગા હેઠળ ગુજરાત રાજ્યમાં ૧૭ લાખ જેટલા શ્રમિકોને નિયમિત શ્રમ રોજગારી મળે છે.

મનરેગા યોજના હેઠળ ગુજરાત રાજ્યમાં કાર્યરત ગ્રામ પંચાયતો દ્વારા લગભગ ૧૦૦ ટકા જેટલું મનરેગા ફંડનું ઉપયોગ થાય છે જે નોંધપાત્ર કહી શકાય. આ યોજના હેઠળ, ગુજરાતમાં મહિલાઓ, SC અને ST ની ભાગીદારી ક્રમશઃ ૪૫.૫૧ ટકા, ૭.૫૨ ટકા અને ૩૭.૦૬ ટકા રહેલ છે. ગુજરાતના ST બહુમતી ધરાવતા પંચમહાલ, ડાંગ અને ભરૂચ જિલ્લાઓમાં આ યોજનાએ વિશેષ સફળતા મેળવી છે. ગ્રામીણ અર્થતંત્રની પ્રગતિમાં મનરેગા યોજનાનું યોગદાન દુષ્કાળગ્રસ્ત અને ડુંગરીયાળ વિસ્તારોમાં મહત્વપૂર્ણ ફાળો છે.

ગુજરાત રાજ્યમાં મનરેગા યોજના હેઠળ ગામોમાં જમીન વિકાસ, સિંચાઈ માટે કેનાલ નિર્માણ, જળ સંરક્ષણ, દુષ્કાળ પ્રૂફિંગ વગેરે વિકાસના મુખ્ય કાર્યો હાથમાં લેવામાં આવેલ છે. ગ્રામ્ય કક્ષાએ, મનરેગા યોજના થકી અનેક ફાયદાઓ થયા છે. જેમ કે, ગામડાથી રોજગારી માટે શહેરો તરફ સ્થળાંતરમાં ઘટાડો જોવા મળ્યો છે. છેલ્લા ૧૦ વર્ષોમાં ખેત મજૂરી દરમાં સતત વધારો થયો છે જેથી ગરીબ પરિવારોની આર્થિક સ્થિતિમાં સુધારો જોવા મળ્યો છે. મહિલાઓ આર્થિક રીતે વધારે સ્વતંત્ર થઈ છે. સ્કૂલોમાં ડ્રોપ આઉટ દરમાં ઘટાડો જોવા મળ્યો છે. ગરીબીનું ટકાવારી પ્રમાણ ઘટ્યું છે અને મનરેગા લાખો પરિવારો માટે લાઈફલાઈન બની ગઈ છે.


***Fig.1: Work Completion Rate under MGNREGS in Gujarat***




મનરેગા હેઠળ ગુજરાત રાજ્યમાં ગ્રામીણ પ્રગતિ થઈ છે. સડકો બની છે. બોરી બંધો, તળાવો અને શૌચાલયો વગેરેનું નિર્માણ થયું છે. અનેક ગામોમાં પર્યાવરણ સુરક્ષા અને વૃક્ષારોપણના પણ કામ થયેલ છે. વર્ષ ૨૦૦૯-૧૦ થી ૨૦૧૪-૧૫ સુધીમાં આ રોજગાર ગેરેન્ટી યોજના હેઠળ ગુજરાત રાજ્યમાં વિકાસના કાર્યોમાં ૯૦ ટકા જેટલી પૂર્ણતા જોવા મળી હતી (Fig1) પરંતુ ત્યાર પછી ઘટીને આ દર લગભગ ૫૦ ટકા જેટલો થઈ ગયો છે. વર્ષ ૨૦૧૬-૧૭માં મનરેગા યોજના હેઠળ વિકાસના કાર્યોમાં સૌથી મોખરે ગ્રામીણ શૌચાલય નિર્માણ (૫૩.૮૫ ટકા) રહેલ છે. ત્યાર પછી કેટેગરી-૪ (૧૯ ટકા), જમીન વિકાસ (૪.૪૭ ટકા), ગામ સડક નિર્માણ (૩.૭૫ ટકા) અને પાણી સંગ્રહ (૫.૨૧ ટકા) જેવા કાર્યોનું સમાવેશ થાય છે એનું કારણ છે કે ગુજરાત રાજ્યને 'ખુલ્લામાં શૌચમુક્ત' રાજ્ય બનાવવાનું સરકારનું એક મુખ્ય હેતુ છે.

મનરેગા યોજના હેઠળ છેલ્લા ૫ વર્ષોમાં ગુજરાત રાજ્યમાં શ્રમ બજેટની સામે રોજગારી દિવસો (persondays) માં વધ-ઘટ જોવા મળી હતી પરંતુ નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં એની પહેલાના ૪ વર્ષોની તુલનામાં રોજગારી દિવસોમાં વધારો જોવા મળેલ છે (Fig. 2)

***Fig.2: Persondays Generated Verse Labour Budget in Gujarat***



રોજગાર ગેરન્ટી યોજના હેઠળ, દરેક ગ્રામીણ કુટુંબ સ્તર પર સરેરાશ ૪૦ અને ૪૫ દિવસનું ક્રમશ : ગુજરાત રાજ્ય અને સમસ્ત રાષ્ટ્ર માટે રોજગારી સર્જન જોવા મળે છે. જોકે વર્ષ ૨૦૧૫-૧૬ની તુલનામાં વર્ષ ૨૦૧૬-૧૭ માં કુટુંબ દીઠ રોજગારી સર્જનમાં ઘટાડો જોવા મળ્યું હતું (Fig. 3) જોકે એજ સમયગાળામાં રાષ્ટ્રીય સ્તરની તુલનામાં ગુજરાત રાજ્યનું પરર્ફોમન્સ ૧૦ દિવસ જેટલું ઓછુ રહેલ છે. જેનું કારણ જાણવું જરૂરી છે. જેમકે, ગુજરાત રાજ્યમાં રોજગાર માટેની સારી વૈકલ્પિક તકો, ઉદ્યોગોમાં ઉચ્ચ વેતન પર શ્રમિકોની માંગ, બહેતર કૃષિ અને કૃષિ વેતન દર વગેરે.

***Fig. 3: Average Persondays per Household in Gujarat***






***Fig. 4: SC and ST Participation in Gujarat***




મનરેગા યોજના હેઠળ, SC અને ST વર્ગોની ભાગીદારી વધારે જોવા મળી છે. ગ્રામીણ સમાજના અશિક્ષિત, રોજગાર વિહીન અને કૃષિ શ્રમિકો માટે મનરેગા યોજના આર્શિવાદરૂપ સાબિત થઈ છે. ઉદાહરણ માટે છેલ્લા ૫ વર્ષોમાં ગુજરાત રાજ્યમાં મનરેગા યોજના હેઠળ, કુલ ગેરન્ટેડ રોજગારીમાંથી SC અને ST નું ટકાવારીમાં પ્રમાણ ક્રમશ : ૩૫ ટકા અને ૪૫ ટકા રહેલ છે. (Fig. 4) મનરેગા યોજના હેઠળ ગ્રામ્ય વિસ્તારમાં મહત્તમ ફાયદો SC અને ST વર્ગના લોકોને થયેલ છે.

ગુજરાત રાજ્યમાં છેલ્લા ૭ વર્ષોમાં મનરેગા યોજના હેઠળ વેતન દરમાં સતત વધારો જોવા મળ્યો છે. વર્ષ ૨૦૦૮-૦૯માં આ વેતન દર માત્ર ૧૦૦ રૂપિયા પ્રતિદિન હતો જે વધીને વર્ષ ૨૦૧૫-૧૬ માં ૧૭૮ રૂપિયા પ્રતિદિન થયેલ છે. (Fig. 5) મનરેગાના વેતનદરમાં વધારાની મનરેગાના શ્રમિકોની પારિવારિક આવકમાં વધારો જોવા મળ્યો છે. એમનું જીવન ધોરણ સુધર્યુ છે. મનરેગા વેતનદરના કારણે કૃષિ અને બાંધકામ વેતનદરમાં પણ નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે.

ગુજરાત રાજ્યમાં છેલ્લા ૫ વર્ષોમાં ગ્રામ પંચાયતો દ્વારા મનરેગા બજેટનું સરેરાશ ૮૦ ટકા જેટલું ઉપયોગ જોવા મળ્યો છે. (Fig. 6) જોકે રાજ્યમાં ૫૦૦૦ જેટલી ગ્રામ પંચાયતો એ મનરેગા પાછળ ઓછુ ખર્ચ કર્યુ છે (Fig. 7) જે ચિંતાજનક છે અને સરકાર એની પાછળના કારણો જાણી સમયસર યોગ્ય પગલા લે તો આવા ગામોમાં ગ્રામીણ વિકાસના કાર્યોને વેગ મળશે.

*Fig. 5: Notified Wage Rate in Gujarat*





*Fig. 6: Expenditure against Available Fund in Gujarat (in per cent)*




*Fig. 7: No. of GPs with Nil MGNREGS Expenditure in Gujarat*




મનરેગા યોજના એક ક્રાંતિકારી યોજના છે. છેલ્લા ૧૦ વર્ષોમાં મનરેગા હેઠળ કરોડો લોકોને ગ્રામીણ ક્ષેત્રોમાં રોજગારી મળી છે અને અસંખ્ય ગ્રામીણ વિકાસના કાર્યો થયા છે. મનરેગા યોજના હેઠળ મહિલાઓ, SC અને ST ને વિશેષ ફાયદો થયો છે. મનરેગા યોજનાની ગુજરાત સ્તર પર અનેક નોંધપાત્ર ઉપલબ્ધીઓ છે. મનરેગા યોજના ગ્રામીણ લોકો માટે લાઈફ લાઈન બની છે.


**લેખક અમદાવાદ સ્થિત જી.એલ.એસ. કૉલેજમાં અર્થશાસ્ત્ર વિષયના પ્રોફેસર છે.**



**યોજના વાંચો**
**યોજના વંચાવો**
**યોજના વસાવો**



**આગામી આકર્ષણ**

**ભારતીય યુવાનોઃ ઉભરતું સામર્થ્ય**

**Indian Youth: Emerging Power**

# ચંપારણ સત્યાગ્રહની શતાબ્દી ઉજવણીઃ
# માહિતી અને પ્રસારણ મંત્રીઓ પબ્લિકેશન ડિવિઝનના પુસ્તકોનું વિમોચન કર્યું

ચંપારણ સત્યાગ્રહને ૧૦૦ વર્ષ પૂરાં થવાને પ્રસંગે માહિતી અને પ્રસારણ વિભાગના મંત્રીશ્રી વેંકૈયા નાયડુએ ગાંધીવાદી વિચારો અને પબ્લિકેશન ડિવિઝનનું સાહિત્ય ધરાવતા ૩ પુસ્તકોઃ 'ચંપારણમાં ગાધી', 'રોમા રોલા અને ગાંધી વચ્ચેનો પત્ર વ્યવહાર' તથા 'મહાત્મા' સિરિઝના ૮ વોલ્યુમનું ૧૦ એપ્રિલ, ૨૦૧૭ના રોજ માહિતી અને પ્રસારણ મંત્રીના વરદ હસ્તે વિમોચન કરાયું હતું. ચંપારણ સત્યાગ્રહ શરૂ કરવા માટે ગાંધીજી ૧૦૦ વર્ષ પહેલાં આ દિવસે બિહાર આવ્યા હતા.




આ પુસ્તકો ૧૯૬૦ અને ૧૯૭૦ના દાયકામાં પ્રસિધ્ધ કરાયા હતા, જેનું પબ્લિકેશન ડિવિઝને નેશનલ ગાંધી મ્યુઝિયમ, નવી દિલ્હીના સહયોગથી પુનઃ પ્રકાશન કર્યું છે, કારણ કે આમાંના ઘણાં પુસ્તકો વર્ષોથી સ્ટોકમાં ઉપલબ્ધ ન હતા. આ પ્રસંગે વાત કરતાં મંત્રીશ્રી એમ. વેંકૈયા નાયડુએ આ પુસ્તકો મારફતે ગાંધીજીનો સંદેશો યુવા પેઢીને પહોંચે અને તેમના મહત્વના સંદેશાઓ પુસ્તકો, લેખો અને મિડિયા મારફતે સમજે તે બાબત પર ભાર મૂક્યો હતો. શ્રી નાયડુએ જણાવ્યું કે ગાંધીજીએ માનવજાતને મૂલ્યવાન શીખ આપી છે, જેમાં યુવાનો માટે ધીરજ અને દ્રઢ નિશ્ચયનો સમાવેશ થાય છે. તેમણે જણાવ્યું હતું કે આ પુસ્તકોની જેમ નવી પેઢીને 'મારૂં જીવન મારો સંદેશ' વિચારધારાનું સત્વ સમજવાની તક મળશે.

પબ્લિકેશન ડિવિઝનના હેરિટેજ અને સંગ્રહલક્ષી સાહિત્ય પુનઃ પ્રકાશિત કરવાના પ્રયાસોને બિરદાવતાં મંત્રીશ્રીએ જણાવ્યું કે સરકારનો ઉદ્દેશ હંમેશા મહાત્મા ગાંધીના વિચારોને કેન્દ્રમાં રાખીને ગરીબોમાં ગરીબ લોકો માટે કામ કરવાનો છે. તેમણે જણાવ્યું કે પબ્લિકેશન ડિવિઝને ગાંધીજી તથા દેશના અન્ય ભાગોમાં આઝાદીની ચળવળના અન્ય વિરલાઓ અંગેનું સાહિત્ય પ્રકાશિત કરવું જોઈએ.

આ હેરિટેજ બુક્સ પબ્લિકેશન ડિવિઝનના રાજ્ય સરકારના વેચાણ કેન્દ્રો અને નવિનીકરણ કરાયેલી સૂચાના ભવન ખાતેની બુક ગેલેરી, સૂચના કોમ્પલેક્સ, નવી દિલ્હી ખાતે ઉપલબ્ધ છે. આ પુસ્તકોને ભારતકોશ ઈ-પેમેન્ટ ગેટવે મારફતે ઓનલાઈન પણ ખરીદી શકાશે. મહાત્મા ગાંધી સિરિઝના ૮ વોલ્યુમ એમેઝોનડોટકોમ, કોબોડોટકોમ અને ગૂગલ પ્લે બુક્સ ઉપર પણ ઉપલબ્ધ છે.

---

**ચંપારણમાં ગાધીજી- ડી. જી તેંદુલકર દ્વારા**




ચંપારણ સત્યાગ્રહ ભારતની આઝાદીની લડતનું એક મહત્વનું પ્રકરણ છે. ડી.જી તેંદુલકર દ્વારા લખાયેલ આ પુસ્તક પ્રથમ અહિંસક ચળવળનો નિકટથી પરિચય આપે છે. લેખક આમાં ખૂબ સરળ અને હકિકતોના આધારે ઉત્તર બિહારના ચંપારણ જીલ્લાની ૧૯૧૭ની પરિસ્થિતિનો ચિતાર આપ્યો છે. ગાંધીજીએ સત્ય અને અહિંસાના સાધનો વડે સામાન્ય ખેડૂતોનું ગળીની ખેતી કરતા બ્રિટીશ પ્લાન્ટર્સ દ્વારા થતા શોષણ અંગેની ફરિયાદો નિવારવા પ્રયાસ કર્યો હતો. આ હેરિટેજ પુસ્તકને તેની ૧૯૫૭માં પ્રકાશિત થયેલી પ્રથમ આવૃત્તિને આધારે તૈયાર કરવામાં આવ્યું છે.

R.N.I. 48778/90
REGD. NO. GAMC 222/2015-2017
VALID UPTO 31-12-2017 ISSUED BY SSP AHMEDABAD
PERMITTED TO POST AT PSO AHMEDABAD ON 1ST OF EVERY MONTH
Licence to Post Without Prepayment No. CPMG/GJ/71/2014-15 VALID UPTO 31-12-2017

પ્રકાશન તા. ૨૫ એપ્રિલ, ૨૦૧૭
પોસ્ટિંગ તા. ૧ મે, ૨૦૧૭

**YOJANA (GUJARATI), May 2017** | **O.I.G.S.**

પ્રતિશ્રી,

પ્રેષક :
તંત્રીશ્રી,
'યોજના' કાર્યાલય
પ્રકાશન વિભાગ, ભારત સરકાર
અંબિકા કોમ્પલેક્ષ, યુ.કો. બૅન્કની ઉપર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭

## પ્રકાશન વિભાગનાં ગુજરાતી પુસ્તકો

| | | | |
|---|---|---|---|
| ડૉ. કેશવ બળિરામ હેડગેવાર | ૧૫૫.૦૦ | ગુજરાતના આદિવાસી નૃત્યો | ૭૦.૦૦ |
| ગાંધી - સચિત્ર જીવનકથા | ૧૨૫.૦૦ | ગુરુનાનક થી ગુરૂગ્રંથ સાહેબ સુધી | ૧૬૦.૦૦ |
| સરદાર વલ્લભભાઈ પટેલ | ૮૦.૦૦ | તત્ત્વજ્ઞાનના આદ્યસ્થાપકો | ૩૮.૦૦ |
| લાલ બહાદુર શાસ્ત્રી | ૭૦.૦૦ | સંતો અને ભક્તકવિઓ (ભાગ-૧) | ૪૫.૦૦ |
| મૌલાના અબુલ કલામ આઝાદ | ૭૫.૦૦ | સંતો અને ભક્તકવિઓ (ભાગ-૨) | ૫૬.૦૦ |
| માદામ ભિખાઈજી કામા | ૬૦.૦૦ | દાર્શનિક અને ધાર્મિક અગ્રેસરો | ૨૮.૦૦ |
| મહાત્મા જ્યોતિબા ફૂલે | ૧૫૦.૦૦ | વૈજ્ઞાનિકો | ૪૫.૦૦ |
| સી. એફ. એન્ડ્રયુઝ | ૧૫૦.૦૦ | સૌંદર્ય મીમાંસકો | ૫૦.૦૦ |
| કાલિદાસ કહાની | ૩૨.૦૦ | વાલ્મીકિ અને વ્યાસ | ૨૨.૦૦ |
| કાકા સાહેબ કાલેલકર | ૨૧૦.૦૦ | રામાયણ, મહાભારત અને ભાગવતના લેખકો | ૮૫.૦૦ |
| સ્વામી દયાનંદ સરસ્વતી | ૮૦.૦૦ | દૃષ્ટાઓ અને ચિંતકો | ૫૦.૦૦ |
| ઠક્કરબાપા | ૮૦.૦૦ | સંગીતજ્ઞો | ૪૫.૦૦ |
| આપણો રાષ્ટ્રધ્વજ | ૧૧૦.૦૦ | કવિઓ, નાટ્યલેખકો અને આખ્યાનકારો | ૭૫.૦૦ |
| ભારતના ગૌરવ ગ્રંથ - ગુજરાતી | ૭૦.૦૦ | રાજકુમારી નિહાલદે | ૧૨.૦૦ |
| ભારતીય જનજાતિઓ અતીતના ઝરૂખેથી | ૧૦૦.૦૦ | સરકતા સર્પગૃહની વાર્તા | ૪૮.૦૦ |
| ભારતીય જનતાના ઈતિહાસની રૂપરેખા | ૭૦.૦૦ | આંગણબાગની માર્ગદર્શિકા | ૧૧૫.૦૦ |
| ગુજરાતમાં જાગૃતિની લહેરો | ૭૨.૦૦ | | |

Printed & Published by **Dr. (Ms) Sadhana Rout,** D.G. and Head on behalf of Publication Division, Soochna Bhawan, C.G.O. Complex, New Delhi-110 003.
Printed by Mirror Image Pvt. Ltd., A-40/41, GIDC Electronics Estate, Sector-25, Gandhinagar-382016. Phone: 079-23287291

**Director & Chief Editor : Deepika Kachhal** **Assistant Director : Ajay Indrekar**

For business queries/subsciption, please email at **pdjucir@gmail.com or call on (011) 24367260 / 24365609 / 24365610**